# વધસ્તંભની વાટે




રેવ. ડૉ. જયાનંદ ભાઈ ચૌહાણ

3BGWE 34

# વધસ્તંભની વાટે

લેખક :
રેવ. ડૉ. જયાનંદ આઈ. ચોહાન
*એમ.એ. (જર્નાલિઝમ), યુ.એસ.એ.*
કનાન, મિશન રોડ, નડિયાદ ૩૮૭ ૦૦૨

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

◆ **વધસ્તંભની વાટે**

◆ *પ્રકાશક :*
**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : ૬૪૪૫૨૮૧

◆ *લેખક :*
**રેવ. ડૉ. જયાનંદ આઈ. ચોહાન**
*એમ.એ. (જર્નાલિઝમ), યુ.એસ.એ.*

◆ **આવૃત્તિ :**
**પાંચમી આવૃત્તિ : ઈ.સ. ૨૦૦૧**


◆ **પ્રત :** ૧૦૦૦

◆ **કિંમત :** રૂા. ૩૦/-

◆ *મુદ્રક :*
**જેન્સન કોમ્પ્યુટર્સ**
એ-૪, બેથલેહેમ ફ્લેટ, પટેલવાડી,
ખોખરા મ્યુ. સ્નાનાગાર સામે,
મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦ ૦૦૮.
ફોન : [illegible]

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# અર્પણ



## સ્વ. ફ્રાન્સિસ મગનલાલ દેસાઈ

શ્રીમતી મૃણાલિનીબહેન એફ્રાઈમ વ્યાસ તરફથી
તેમના પિતાશ્રી સ્વ. ફ્રાન્સિસભાઈ મગનલાલ દેસાઈની
સ્નેહસ્મૃતિમાં આ પુસ્તકના પ્રકાશન પેટે
રૂ. ૧૦,૦૦૦/-
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીને
ભેટ આપવામાં આવ્યા છે,
તેથી આભારસહિત તેમની સ્નેહસ્મૃતિમાં
આ પુસ્તકનું પ્રકાશન કરીએ છીએ.

સ્વ. ફ્રાન્સિસભાઈ મગનલાલ દેસાઈનો જન્મ તા.૧૦-૧-૧૯૧૦ના રોજ થયો હતો. તેમના પિતાશ્રી શ્રી. મગનલાલ એમ. દેસાઈ મેથોડિસ્ટ ચર્ચ, રાયખડમાં આગેવાન અને ખજાનચી હતા. માતા શ્રીમતી એલીઝાબેથબહેન ગીરધરલાલ શાહ પ્રાર્થના પરાયણ બાનુ હતાં.

અમદાવાદમાં અભ્યાસ પૂરો કરી તેઓ પાવરહાઉસ અમદાવાદમાં નોકરીમાં જોડાયા. અને શ્રી. ડી.ડી. જોનનાં પુત્રી શ્રીમતી માર્ગરેટબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. પ્રભુએ તેમના કૌટુંબિક જીવનમાં બે પુત્રો અને એક પુત્રીની ભેટ આપી.

પોતાની નોકરીમાંથી નિવૃત્ત થયા પછી તેમની પુત્રીના મંદબુદ્ધિના બાળકને સાચવવાની સેવા ૧૪ વર્ષ સુધી બજાવી. તેઓ ઓછાબોલા, પ્રભુમાં વિશ્વાસ રાખનાર હતા. તેઓ હમેશાં પોતાના બાળકોને કહેતા કે, "તમને ઈશ્વરે આપેલા આશીર્વાદો તમારી પોતાની માલિકીના નથી. બીજાને વહેંચવા માટે છે, તેથી એમ કરો."

વૃદ્ધાવસ્થાના દિવસો શાંતિમય, આનંદસહિત અને પૂરા વિશ્વાસમાં ગુજારતાં તા. ૨-૫-૧૯૯૬ના દિવસે પ્રભુમાં ઊંઘી ગયા. ૮૬ વર્ષનું લાંબું આયુષ્ય શાંત અને સરળ રીતે પસાર કરી શક્યા તેને માટે ઈશ્વરપિતાનો ખૂબખૂબ આભાર માનીએ છીએ.

◆

# પ્રસ્તાવના

ઈસુ ખ્રિસ્ત એ ખ્રિસ્તી ધર્મનું કેન્દ્ર છે અને ઈસુ ખ્રિસ્તના જીવન અને કાર્યનું કેન્દ્ર વધસ્તંભ અને પુનરૂત્થાન છે. આમ વધસ્તંભની વાટે ખ્રિસ્તી ધર્મનું હાર્દ કેન્દ્ર અને નીચોડનું આલેખન છે. રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાનના હાથે આ મહત્ત્વના અને કેન્દ્રના વિષયની છણાવટ થઈ હોવાથી આ પુસ્તક ખૂબ જ લોકપ્રિય અને લોકભોગ્ય બનેલ છે તેથી પાંચમી આવૃત્તિ પ્રગટ કરતાં ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી પરિવાર ખાસ આનંદ તથા અત્યંત ગૌરવની લાગણી અનુભવે છે. આ પુસ્તક વધસ્તંભનું રહસ્ય સમજાવતાં અનેકવિધ દ્રષ્ટિકોણથી તેની રજૂઆત કરે છે. તેમાં તત્ત્વજ્ઞાન તેમ જ ધાર્મિક દ્રષ્ટિબિંદુઓને જગતની મુખ્ય વિચારધારાના અનુસંધાનમાં પાપ તેમ જ વધસ્તંભનું નિરૂપણ કરીને ખૂબ જ રસપ્રદ રીતે આલેખન કરેલું છે. વધસ્તંભની આવશ્યકતા અને ગેથસેમાનેનો પ્યાલો, સાન્હેદ્રિન સભા તેમ જ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર ચલાવવામાં આવેલો મુકદ્દમો અને વધસ્તંભને જુદી જુદી સંસ્કૃતિ અને કલા મધ્યે કેવી રીતે નિરૂપણ કરવામાં આવે છે તે પણ આલેખેલું હોઈ, આ પુસ્તક દરેક વર્ગના વાચકને માટે ઉપયોગી અને જ્ઞાનમાં વધારો કરનાર બની રહેશે.

બીજી સહસ્ત્રાબ્દિ પૂર્ણ થયેલ છે અને ત્રીજી સહસ્ત્રબ્દિની શરૂઆત થઈ રહી છે. ત્યારે તેને વધાવતા એટલું જ કહેવાનું કે, વધસ્તંભે જડાયેલ ઈસુ ગઈકાલે આજે અને સદાકાળ એવોને એવો જ છે. તેથી ગુજરાતની વિદ્વાન પ્રજાને આ પુસ્તક અર્પણ કરતાં ગૌરવ અનુભવીએ છીએ.

રેવ. ડૉ. જયાનંદ ચૌહાન સાહેબ ભૌતિક દ્રષ્ટિએ ન હોવા છતાં આ પુસ્તક મારફતે આપણી સાથે અવશ્ય વાત કરશે.

આ મહત્ત્વના પ્રકાશનને માટે શ્રી એફ્રાઈમ વ્યાસ અને શ્રીમતી મૃણાલિનીબહેન એફ્રાઈમ વ્યાસ તરફથી શ્રીમતી મૃણાલિનીબહેન એફ્રાઈમ વ્યાસના પિતાશ્રી સ્વ. ફ્રાન્સિસભાઈ મગનલાલ દેસાઈની સ્નેહસ્મૃતિમાં રૂ. ૧૦,૦૦૦/-નું દાન મળ્યું છે તે બદલ આભાર સહિત તેમની સ્નેહસ્મૃતિમાં આ પુસ્તકનું પ્રકાશન કરીએ છીએ.

**જાન્યુઆરી, ૨૦૦૧**

**રેવ. પ્રકાશ એમ. સિંગાડા**
***સેક્રેટરી***
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

# બે બોલ... *(પહેલી આવૃત્તિ)*

☐ હું કોણ ?

- કે આ મહા બલિદાન વિષે લખું !

પણ હૃદયે જે ચાહ્યા જ કર્યું છે

તે લખાઈ જ જાય ને !

એટલે

ભાવના અને મન વર્ષોનાં છતાં

પુસ્તક લખાયું માત્ર ત્રણ જ દિવસમાં.

છપાયું આ ત્રણ, વત્તા એક વધુ, મળી ચાર દિવસમાં.

એને

આ દુ:ખસહન સપ્તાહમાં

ઈસુનાં ચાહકોને ભાવથી ધરું છું.

*(એપ્રિલ ૭, ૧૯૭૪)*

**પ્રકાશક : પુરાવિદ્યા પ્રકાશન મંદિર, કનાન,**
**ખડાયતા કોલોની પાછળ, એલિસબ્રિજ,**
**અમદાવાદ-૩૮૦ ૦૦૬.**

☐

## બે બોલ.....: *(બીજી આવૃત્તિ)*

☐ 'વધસ્તંભની વાટે'ની પહેલી આવૃત્તિ દશ જ દિવસમાં ખલાસ થઈ ગઈ. અને માગણી વધતી જ ચાલી. એટલે આ બીજી આવૃત્તિની જરૂર પડી એને સુધારા વધારા, આઠ પૃષ્ઠ વધુ માહિતી (તેમ જ આનંદ અને સંતોષ સહિત) રજૂ કરવા રજા લઉં છું.

*પ્રકાશક : પુરાવિદ્યા પ્રકાશન મંદિર, કનાન,*
*ખડાયતા કોલોની પાછળ, એલિસબ્રિજ,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૬.*
*પ્રત ૩૫૦૦*

## બે બોલ.... *(ત્રીજી આવૃત્તિ)*

☐ વધતી માગને પહોંચવા ત્રીજી આવૃત્તિ, એને વધુ સુધારા વધારા બીજાં આઠ પૃષ્ઠ, વધુ માહિતી અને નવી સજાવટ સહ, સહુની સેવામાં ધરું છું.

*પ્રકાશક : પુરાવિદ્યા, પ્રકાશન મંદિર, કનાન,*
*ખડાયતા કોલોની પાછળ, એલિસબ્રિજ,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૬.*
*પ્રત ૩૦૦૦*

☐

## બે બોલ.... *(ચોથી આવૃત્તિ)*

☐ 'એવરી હોમ ક્રુસેડ'ની માગણીથી વધુ પૃષ્ઠ વધુ માહિતી ભરી દશ હજાર નકલવાળી આ ચોથી આવૃત્તિ.

*પ્રકાશક : ઈન્ડિયા એવરી હોમ ક્રુસેડ* (મહુ (મ.પ્ર.) પુસ્તકની વધુ માગ અને વધતી લોકપ્રિયતા માટે આભારી છું.

*(ઈસ્ટર : એપ્રિલ ૧૮, ૧૯૭૬)*

***પ્રત : ૧૦૦૦૦***

## બે બોલ.... *(પાંચમી આવૃત્તિ)*

ચોથી આવૃત્તિ પછી આ પાંચમી આવૃત્તિ તૈયાર થઈ છે. જેમાં અનેક વિગતો અને મનનની બાબતો ઉપરાંત ચિત્રો પણ ઉમેરવામાં આવ્યાં છે. આ આવૃત્તિમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ પર ઉચ્ચારેલી સાત વાણીઓ અને તેના ખુલાસા પણ આપવામાં આવ્યાં છે. જુદા આકારના વધસ્તંભનાં ચિત્રો રજૂ કરવામાં આવ્યાં છે. (પૃષ્ઠ ૧૮૮)

આ પાંચમી આવૃત્તિ પ્રભુ ઈસુના દુઃખમય સપ્તાહના સમયમાં મનન કરવા માટે અતિ ઉપયોગી બની શકે તેવી બનાવવામાં આવી છે.

'વધસ્તંભની વાટે'ના પુસ્તક માટે લોકોમાં જે ચાહના ઉત્પન્ન થાય છે, તે માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરતાં સર્વનો આભાર માનીએ

છીએ. હવેથી આ પુસ્તક છપાવવા માટે ટ્રાક્ટ સોસાયટીને સોંપીએ છીએ. આપનાં કાંઈ સૂચનો હોય, તો મારા પર મોકલી આપવા વિનંતી કરું છું.

અત્યાર સુધી આ આવૃત્તિમાં અમારા પોતાના નામથી એટલે "પુરાતત્વ વિદ્યામંદિર" દ્વારા બહાર પાડી હતી. પણ હવેથી પાંચમી આવૃત્તિ બહાર પાડવા માટે ટ્રાક્ટ સોસાયટીને સોંપીએ છીએ. ચોથી આવૃત્તિ સિવાય બધી જ આવૃત્તિ અમે પોતે બહાર પાડતાં હતાં. આ પાંચમી આવૃત્તિથી ટ્રાક્ટ સોસાયટીને સોંપીએ છીએ.

પુસ્તક તૈયાર કરવામાં મને મદદ કરનાર કેરીનબહેન ફ્રેડ્રિકભાઈ ક્રિશ્ચિયન (નડિયાદ) અને તેમના પિતાજી શ્રી. ફ્રેડ્રિકભાઈ ક્રિશ્ચિયન (નડિયાદ)નો હું ખૂબખૂબ આભાર માનું છું.

**ઓગસ્ટ ૨૦૦૦** **રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન**



# હે પ્રભુ, આટલી જ અમારી અરજ

તમારા ક્રૂસથી હું કદિયે દૂર ન જાઉં, તમારા ક્રૂસથી કદિયે ઊંચે ન બઢું. તમારા ક્રૂસ આગળ જગતનાં સૌ મૂલ્યવાન વાનાં મારે મન કચરાસમ બની જાય છે, અને અહીં જ સંસારના કડવા ઘૂંટડા મધુતમ બની રહે છે.


તમારા ક્રૂસ આગળ અમને અમારાં પાપોનું ભાન થાય છે. એ અમારાં પાપોએ જ તમારી પીઠે ક્રૂસ મૂક્યો હતો ને ! વળી અહીં ક્રૂસે નીરખતાં તમારા ગજબ પ્રેમની જાણ પણ થાય છે. એ પ્રેમ જ અમારે માટે ક્રૂસ ખમ્યો !

અહીં તમારા ક્રૂસ આગળ અમે આનંદ કરતાં કરતાં સ્વાર્પણ ધરવાનું અને સેવા કરવાનું શીખીએ છીએ. સાચું જીવન જીવવા અમે અહીં જ પ્રેમ પામીએ છીએ. અને મૃત્યુને ભેટવા અહીં જ શાશ્વત શ્રદ્ધા સ્ફૂરે છે.

જીવનપંથે પ્રયાણ કરતાં કરતાં તમારા ક્રૂસને જ અમે હૈયાના ભીતરી ભાગમાં ભંડારી રાખીએ છીએ, કારણ, અહીં જ અમારી પહેલવહેલી આશાનાં પગરણ મંડાયાં. તેમ જ તમારા ક્રૂસ દ્વારા શુદ્ધ અને શ્વેત બનેલાં અને પરમ મુક્તિ પામેલાં અમે, કોટાનકોટી સ્વર્ગધામીઓ સાથે, અમારા આકાશી મુગટો તમારા ચરણોમાં ધરી દઈશું ત્યારે અમારે આખરી આકાંક્ષાઓ પણ અહીં ક્રૂસ આગળ જ અટકાવાની.

*(ઇલિઝાબેથ રડન્લ ચાર્લ્સના 'નેવર હાયર ધેન ધાય ક્રોસ' પરથી)*

□




**પ્રભુ ઈસુના સમયનો પેલેસ્ટાઈન પ્રદેશ**

# નકશા નં. ૧ની સમજૂતી

મહાન હેરોદના મૃત્યુ (ઈ.સ. પૂર્વે ૪) પછી એના રાજ્યના ચાર ભાગ થયા, અને તેના નીચે પ્રમાણે ચાર શાસક બન્યા :

૧. **આર્ખેલાઉસની સત્તા** નં. ૧ અને ૨ ઉપર એટલે કે યહૂદિયા અને સમરૂન પર.

૨. **આન્તીપાસ** (હેરોદ તેત્રાર્ખ)ની સત્તા નં. ૩ અને ૫ એટલે ગાલીલ અને પેરિયા પર.

૩. **ફિલિપ**ની સત્તા નં. ૯ પર

૪. **લુસાનિયસ**ની સત્તા નં. ૧૩ એટલે કે આબિલેને પર.

આ ઉપરાંત નીચે મુજબની નાની સત્તાઓ તે વખતે અસ્તિત્વમાં હતી.

સાલોમીના હિસ્સે નં. ૮ અને ૧૨ હતાં. સાલોમી હેરોદની બહેન હતી. એ મુલકો સાલોમી પછી ઑગસ્તસની પત્ની લિવિયાના હાથમાં આવ્યા. અને તેના પછી રોમન શહેનશાહ તિબેરિયસના હાથમાં આવ્યા.

નં. ૪ દકાપોલિસ અને નં. ૭ આસ્કલોન સિરિયાના રોમન ગવર્નરની દેખરેખ નીચે સ્વતંત્ર મુલક રહ્યા.

નં. ૧૧ ફિનીકે (ફિનિશ્યા) સિરિયાના રોમન પ્રાન્ત તરીકે.

આર્ખેલાઉસને રોમન સત્તાએ ઈ.સ. ૬માં પદભ્રષ્ટ કર્યો એ પછી એનો મુલક નં. ૧ અને ૨ (યહૂદિયા અને સમરૂન) રોમન સામ્રાજ્યમાં જોડી દેવાયો. રોમન હાકેમો (ગવર્નરો) એ મુલકો પર સત્તા ચલાવતા હતા, જેમાં પોંતિયસ પિલાત અનુક્રમે છઠ્ઠો હાકેમ હતો.

□

# અનુક્રમણિકા


૧. દુઃખમય માનવીજીવન .................... ૧
૨. માનવીના દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરા ? .......... ૪
૩. બાઈબલમાં ઈશ્વરનું પ્રકટીકરણ .................. ૧૦
૪. ઈશ્વર સદેહ થયા .................... ૧૧
૫. ઈશ્વર માનવી જીવનમાં પોતાને સંડોવે છે........... ૧૨
૬. પાપ કેટલું ખતરનાક છે ? .................... ૧૫
૭. ઈસુ ગેથસેમાનેમાં જાય છે. .................... ૧૭
૮. પ્રભુ ઈસુ ગેથસેમાનેમાં કષ્ટાય છે. .................. ૧૮
૯. ગેથસેમાનેમાંના પ્યાલામાં શું હતું ? .................. ૧૯
૧૦. પ્યાલો દૂર કરાયો શું ? .................... ૨૪
૧૧. ગેથસેમાનેનાં જૈતુનવૃક્ષો જ્યાં પ્રભુ ઈસુએ પ્રાર્થના કરેલી .................... ૨૭
૧૨. ગેથસેમાનેમાં લોહીનાં ટીપાં .................... ૨૯
૧૩. ગેથસેમાનેમાં શેતાન દ્વારા પ્રલોભન ................ ૩૧
૧૪. પાસ્ખાનો બલિ .................... ૩૩
૧૫. પ્રભુ ઈસુને રૂપિયા ૩૦માં જ કેમ વેચ્યા ?.......... ૩૫
૧૬. નવો કરાર .................... ૩૭
૧૭. ઈસુની ધરપકડ .................... ૩૮
૧૮. ન્યાયનું નાટક .................... ૪૩
૧૯. સાન્હેદ્રિન કાયદાની કચેરી .................... ૪૬
૨૦. માનવતાભર્યા યહૂદી કાયદા .................... ૪૯
૨૧. ઈસુ પર ઓઢાડેલા આરોપો .................... ૫૩
૨૨. વડા પુરોહિતનો ચુકાદો .................... ૫૪
૨૩. પિતરનો નકાર .................... ૫૯
૨૪. ઈસુ પિલાતની સમક્ષ .................... ૬૨

૨૫. ઈસુ હેરોદ સમક્ષ ........................ ૬૫
૨૬. ફરી પિલાત પાસે ........................ ૬૬
૨૭. વધસ્તંભની સજા ........................ ૬૮
૨૮. કોરડા વડે મારની શિક્ષા ........................ ૭૦
૨૯. કોરડા કેવા હતા ? ........................ ૭૨
૩૦. કોરડાનો માર ........................ ૭૫
૩૧. કાંટાળો તાજ ........................ ૭૮
૩૨. જુઓ, આ માણસ ! ........................ ૭૯
૩૩. કાલવરીનો માર્ગ ........................ ૮૧
૩૪. ખોપરીની ટેકરી પર ........................ ૮૨
   ૧. એને ખોપરીની ટેકરી કેમ કહે છે ?
   ૨. ઈસુના ક્રૂસારોહણની જગાને
      "ખોપરીની જગા" કેમ કહે છે ?
૩૫. વધસ્તંભની વાટે ........................ ૮૬
૩૬. વધસ્તંભે જડયા ........................ ૮૮
   ૧. લોહી અને પાણી કેમ નીકળ્યાં ?
   ૨. ઈસુ ખ્રિસ્તને ક્રૂસ પર ક્યારે જડવામાં આવ્યા ?
   ૩. વધસ્તંભ તો ઈશ્વરના હૃદયમાં સૃજનકાળથી હતો
૩૭. પ્રભુ ઈસુની વધસ્તંભ પરની સાત વાણીઓ ........ ૧૦૪
   ૧. લૂક ૨૩:૩૪
   ૨. લૂક ૨૩:૪૩
   ૩. યોહાન ૧૯:૨૬, ૨૭
   ૪. માથ્થી ૨૭:૪૬
   ૫. યોહાન ૧૯:૨૮
   ૬. યોહાન ૧૯:૩૦
   ૭. લૂક ૨૩:૪૬

૩૮. શું ઈશ્વર વધસ્તંભના મરણ સિવાય એમને
એમ, પાપ માફ ન કરી શકે ? .................... ૧૧૪

૩૯. મૃત્યુંજય પ્રભુ ઈસુ ખ્રિસ્ત અને માણસનું
નવું જીવન .................................... ૧૧૮

૧. પાપના દોષ તેમ જ પાપની શિક્ષાથી
નરકની શિક્ષામાંથી છુટકારો

૨. પાપની પકડમાંથી મુક્તિ

૩. પાપભર્યા વાતાવરણમાંથી મુક્તિ
અને મહિમાવંતા શરીરની પ્રાપ્તિ

૪૦. પ્રભુ ઈસુ કાયમ માટે મહિમાવંત માનવદેહમાં
સ્વર્ગે રહેશે .................................... ૧૨૨

૪૧. જુદા જુદા ક્રૂસનું વર્ણન .......................... ૧૨૫

૪૨. માણસનો ત્રણ પ્રકારનો સ્વભાવ ................ ૧૩૦

૪૩. ઈસુએ 'આવીને પોતાને ખાલી કર્યો એટલે શું ?'... ૧૩૨

૪૪. ઈસુના મૃત્યુનું કારણ ............................ ૧૩૪

૪૫. 'મૂએલાંનો નહિ, પણ જીવતાંનો દેવ" એટલે શું ? . ૧૩૮

૪૬. મૃત્યુ પછી સુવાર્તા સાંભળવાની બીજી
તક મળે ખરી ? .............................. ૧૪૦

૪૭. વધસ્તંભ પર પગ ભાંગવાનું કારણ શું ? .......... ૧૪૨

૪૮. ભાવસીંગની શિક્ષા તેના હોસ્ટેલ
સુપ્રિન્ટેન્ડેન્ટે વેઠી .............................. ૧૪૪

૪૯. ખાલી કબરનો ચુકાદો ............................ ૧૪૮

૫૦. ઈ.સ.૨૦૦૦થી ૨૧૨૪ સુધીની ઈસ્ટરની તારીખો.. ૧૮૧

૫૧. ઝાડની ડાળે ડાળે ફરકતી સફેદ રીબનો ............ ૧૮૪

□

# ૧ દુઃખમય માનવી જીવન

માનવીનું જીવન યાતનાઓથી ભરપૂર ભરેલું છે. જીવનના ઝંઝાવાતો, જીવનનો સંઘર્ષ, સંસારનો ભય, ખેંચ, ચાપ, ઈચ્છેલી વસ્તુઓની અપ્રાપ્તિ કે કમપ્રાપ્તિ, તુચ્છકાર, તિરસ્કાર, બહિષ્કાર, માંદગી, રોગ, જરા, મૃત્યુ, એવાં એવાં પારાવાર દુઃખોના વંટોળિયામાં પોતે સતત ફંગોળાયા કરતો હોય એવું તેને લાગે છે.

પોતાનાં દુઃખ એને પીડે છે, અને આપ્તજનોનાં પણ. આપ્તજનોમાં કોઈ વાર કુટુંબીજનોનો સમાવેશ થાય છે, તો કોઈવાર મિત્રમંડળનો, અને ધર્મમંડળનોય, અને કોઈવાર સમાજનોયે થાય, અને દેશનો પણ થાય. પરિસ્થિતિ પ્રમાણે એ બધાંનાં દુઃખો પણ તેને પીડે છે.

બીજા એક પ્રકારની યાતના પણ માનવીને સતત પીડતી રહે છે. એ યાતનાનું મૂળ કે ખરું કારણ શું છે એની માનવીને મોટે ભાગે ખબર પડતી નથી. ઘણી વાર ખભા અને હાથમાં તીક્ષ્ણ દુખાવો થાય. આપણે માનીએ કે ખભા અને હાથમાં કંઈક નુકસાન થયું અથવા રોગ પેઠો. પણ દાકતર જ પારખે કે ખભા કે હાથમાં ઊપડતી આ વેદના તો હૃદયરોગની સૂચક છે. કેન્સરમાં પણ દરદી કેન્સરનો જીવલેણ રોગ થયો છે એમ સ્વીકારવાને બદલે, મને તો આ દરદ થયું છે કે પેલું દરદ થયું છે, અને આમ દવા કરીશ કે તેમ ઈલાજ કરીશ એટલે મટી જશે, એવી ભ્રામક આશાઓની ભ્રમણામાં અટવાયા કરે છે. એમ જ માનવીને સતત પીડતી આ એક આંતરિક યાતનાના મૂળની માનવીને સમજણ પડતી નથી, અને એનાં બીજાં બીજાં મૂળ તથા કારણો તે કલ્પી કાઢે છે.

એ યાતના છે આત્માના અજંપાની. માણસનો અંતરાત્મા ઊંડે ઊંડે કંઈક ઝંખે છે, પણ એ એને પ્રાપ્ત થતું નથી. માણસ ઈચ્છે છે કંઈક, અને કરી બેસે છે બીજું જ કંઈક. દુર્યોધને સાચું જ કહ્યું છે :"જાનામિ ધર્મમ્ ન ચ મેવ પ્રવૃત્તિઃ જાનામિ અધર્મમ્ ન ચ મેવ નિવૃત્તિઃ" (ધર્મ શું છે એ હું જાણું છું, પણ તેને આચરણમાં મૂકી શકતો નથી. અને અધર્મ શું છે તેયે હું જાણું છું પણ તેનો ત્યાગ કરી શકતો નથી.) બાઈબલમાં સંત પાઉલ એવું જ લખે છે : "જે સારું હું ઈચ્છું છું તે હું કરતો નથી, પણ જે ભૂંડું હું ઈચ્છતો નથી તે હું કર્યા કરું છું...! હું કેવો દુર્ભાગી માણસ છું ! (બાઈબલ : રોમન ૭ : ૨૦) "

પુરાણા સમયના રોમન કવિ ઓવિદનો પણ એ જ અનુભવ છે. એ લખે છે :"મારે જે પર ચાલવું જોઈએ એવો એક માર્ગ મને દેખાય છે, પરંતુ એ પર હું ચાલી શકતો નથી. જે ઉપર મારે ન ચાલવું જોઈએ એવો બીજો માર્ગ પણ મને દેખાય છે. પણ કોણ જાણે કેમ, તેની ઉપર જ હું ચાલ્યે જાઉં છું !" ગુજરાતના કવિશ્રી કરસનદાસ માણેકે પણ પોતાના કાવ્ય "એક સપનું મુજ ખોવાઈ ગયું" માં આવું લખ્યું છે :

કોઈ શત શત યુગથી નીકળયા'તા
નન્દનની શોધ મહીં યાત્રી,
અહીં અનાયાસ રમતાં રમતાં
દોજખ જોને શોધાઈ ગયું !

મુંગાવ્રત છોડીશ ત્યારે હું
આશિષ જગત પે ઉતારીશ-
મનમાં તો એ નિર્ણીત હતું -
પણ શાપ વચન બોલાઈ ગયું !

હું ઝેર હૃદયનું હોઠ પરે

રમતા સ્મિતથી સંતાડી દઉં
સંકલ્પ હતો, પણ આંધી ઊઠી
ને ઢાંકણિયું ખોલાઈ ગયું !

સમજાતું નથી ! સાચું કહું છું !
આ માનવનું મન કે પારો,
જ્યાં હોમવું'તું નિજનું મસ્તક
ત્યાં પરનું શેં હોમાઈ ગયું ?

અમેરિકાના લિંકન (નેબ્રાસ્કા)ના 'બ્રોડવે' પર વાગતી એક રેકર્ડમાં કોઈ છોકરી એવું જ ગાતી હતી, "હાવ કેન આઈ બી વ્હોટ આઈ એયંટ ?" (How can i be what i ain't ?) "હું જે નથી તે હું કેવી રીતે બની શકું ? જે મારા સ્વભાવમાં નથી તે હું કેવી રીતે કરી શકું ? પરીક્ષણ આવે ત્યારે સામે ઝઝૂમવાનું મન મારામાં રહેતું નથી; હું લપસી જ પડું છું." દર જમાનામાં હરેક માનવીની આ જ બૂમ છે. માનવમાત્રનો સ્વભાવ પતિત થયેલો હોઈને એની વૃત્તિ પાપ તરફ જ ઢળેલી-વળેલી રહે છે.

અને આ અનુભવ કોને નથી થયો ? આત્માનું પતન એ જ માનવીના આ અજંપા અને આંતરિક વિભાજિતપણાનું એકમાત્ર કારણ છે. પણ માનવી એ સમજી શકતો નથી. અને સતત અજંપો અનુભવ્યા કરે છે. માનવી પોતે પાપી છે, એની વૃત્તિ પાપને વરેલી છે, એનું ભાન માણસને નથી. માત્ર તે આંતરિક અજંપો ઉરના એકાંતમાં રાતદિન અનુભવ્યા કરે છે. અને અંદરના એ અજંપાને ચૂપ કરવા માટે માનવી બાહ્ય અને ભૌતિક વાનાંમાંથી આનંદ મેળવવા અનેક મથામણો અને પ્રવૃત્તિઓ આદરે છે. પણ એ મૃગજળ પાછળ સતત દોડતા રહ્યા પછી એની આંતરિક તરસ, નિરાશા, અજંપો અને વેદના વધતાં જ જાય છે, ભલે માનવીને એની સમજણ પડતી ન હોય.

□

# ૨ માનવીના દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરો ?

આ દુઃખી માનવજાતમાં ઈશ્વરને કંઈ રસ છે કે કેમ ? માણસનાં દુઃખ જોઈને તે દુઃખની લાગણી અનુભવે છે કે કેમ ? ઈશ્વર માનવીનાં બધાં કષ્ટો, દિલદર્દો અને વેદનાઓ જુએ છે ખરો પણ એ માટે એને કોઈ લાગણી થાય છે કેમ ? કે પછી એમાં ઈશ્વરને કોઈ નિસ્બત જ નથી ?


(૧) ભારતનાં દર્શનશાસ્ત્રો અને ઉપનિષદો આ પ્રશ્નને જુદી જુદી રીતે છણે છે. અને એ મંથનોનો પડઘો ઊઠે છે, ઈશ્વર સગુણ છે કે નિર્ગુણ ?

વેદાંતધર્મ જવાબ વાળે છે : ઈશ્વર તો સત્, ચિત્ અને આનંદ (સચ્ચિદાનંદ) છે. એવો બ્રહ્મ સુખ કે દુઃખની કોઈ પ્રકારની લાગણી અનુભવી શકે નહિ. બ્રહ્મ તો અનુભવ અને લાગણીથી પર છે. વેદાંતના સમર્થ મીમાંસક શ્રીમદ્ શંકરાચાર્ય કહે છે, બ્રહ્મમાં કોઈ અતૃપ્ત અભિલાષા નથી. એટલે તેનામાં કોઈપણ પ્રકારની લાગણીનો તરંગ ઊઠતો નથી. છલોછલ ભર્યા સરોવરમાં કોઈ તરંગો ઊઠતા નથી, તેમ જ સંપૂર્ણ સચ્ચિદાનંદ બ્રહ્મમાં લાગણી કે ભાવનાનો કોઈ તરંગ ઊઠતો નથી.

એવા ઊર્મિરહિત બ્રહ્મને માનવીનાં સુખદુઃખમાં કંઈ જ રસ નથી કે નિસ્બત નથી. ઊલટું વેદાંત તો શીખવે છે કે સંસાર માત્ર સત્ય નથી પણ માયા છે. માનવી હસ્તી ધરાવતો નથી, અને સુખદુઃખની પણ હયાતી નથી. નીતિ-અનિતિ કંઈ જ નથી. પાપ-પુણ્ય પણ નથી, અને એનો બદલો પણ નથી. સ્વર્ગ નથી

# નવા કરારના સમયનું યરૂશાલેમ શહેર

(ઈ.સ. પૂર્વે ૨૦ થી ઈ.સ. ૭૦)



અને નર્ક પણ નથી. એ બધું સત્યને ઢાંકી દેતું માયા-અજ્ઞાનનું આવરણ છે. પણ પાપને અને તેથી પરિણમતા દુઃખને માયા નામ આપી ઢાંકપિછોડો કરવો એ ભીંત ભૂલ્યા બરાબર છે. જંગલને માર્ગે જતાં સામો વાઘ મળે, ને આપણી ઉપર તરાપ ટાંપતો હોય ત્યારે એ તો માત્ર માયા છે, વાઘ નથી. એમ મન સંતોષવાથી પરિણામ શું આવે એ સમજી શકાય તેમ છે. માયાનો ઢાંકપિછોડો એવો જ ખતરનાક છે.

આ વીસમી સદીનું માનસશાસ્ત્ર પણ એવા જ ઢાંકપિછોડા ધરે છે. કેટલાક ઉપરછલા માનસશાસ્ત્રીઓ નૈતિક અધઃપતનને હળવાં હળવાં નામ આપી પાપના કાતિલ ડંખને સંતાડી દે છે. પાપી સ્થિતિને તેઓ "ન્યુરોસીસ,' 'કોમ્પ્લેકસીઝ', 'વિભાજિત વ્યક્તિત્વ' (ડીવાયડેડ પર્સનાલીટી), 'ગુરુગ્રંથિ' (સુપિરિઓરીટી કોમ્પ્લેક્સ), 'લઘુગ્રંથિ' (ઈન્ફીરિયોરીટી કોમપ્લેક્સ) એવાં એવાં નામ આપે છે. પણ ન્યુમોનિયાને માત્ર શરદી નામ આપવાથી ન્યુમોનિયાનું ખતરનાક પરિણામ ઓછું થાય ખરું ?

(૨) 'કર્મ અને જન્માંતર' ના સિદ્ધાંતનું શિક્ષણ પણ કંઈક અંશે એવું જ છે. માણસે કરેલાં કર્મનું ફળ તેણે પોતે અટલ ભોગવવું જ રહ્યું, આ જન્મમાં, કે આવતા જન્મમાં, કે એના પછીના જન્મોમાં. એનાં પાપ-પુણ્યોનાં કર્મનું ફળ ભોગવવા અન્ય કોઈ ભાગીદાર બની શકે નહિ. એણે અને એણે એકલાએ જ એ ભોગવવું રહ્યું, કર્મફળના બંધનમાંથી એને અન્ય કોઈ છોડાવી શકે જ નહિ - માણસેય નહિ, અને ઈશ્વર પણ નહિ. આ શિક્ષણ પ્રમાણે ઈશ્વર માણસનાં દુઃખોમાં દુઃખી થતો નથી, કે એનાં સુખોમાં પ્રસન્ન થતો નથી. મતલબ કે ઈશ્વર માનવીના જીવનમાં સંડોવાતો જ નથી.

(૩) પરમાત્મા અને જીવાત્મા - ઈશ્વર અને માણસ અલગ અલગ

છે એવું શીખવનાર દ્વૈતવાદ જરા જુદો સૂર કાઢે છે. એ કહે છે : ઈશ્વર સગુણ છે, ભક્તની ભક્તિથી ઈશ્વર પ્રસન્ન થાય છે. ઈશ્વર વર (વરદાન) આપે છે, ભક્તના જીવનમાં તે રસ ધરાવે છે. પણ તે માણસનાં દુઃખોમાં દુઃખી થઈને પોતે માણસના જીવનમાં સંડોવાય, એનાં દુઃખો ઉઠાવે એ અસંભવિત છે.

તત્ત્વજ્ઞાન અને દર્શનશાસ્ત્રો મનન કરી કરીને મેળવેલા ઊંડા જ્ઞાનના મહાસાગરો છે એ વાત તદ્દન ખરી પણ માનવ ઈતિહાસમાં ઈશ્વરે માણસજાત માટે કંઈ કર્યુ છે કે નહિ એ વિષે ત્યાં શબ્દ સરખોયે નથી. માણસના દુઃખમાં ઈશ્વર દુઃખી થયો હોય, એમાં પોતાને સંડોવ્યો હોય એવું એકાદ વાક્ય પણ એ દર્શનશાસ્ત્રોમાં ક્યાંયે નોંધેલું નથી. માણસનાં દુઃખ ઉઠાવતો હોય, માણસને બદલે વેઠતો હોય એવા ઈશ્વરને એમાં ચિતર્યો નથી.

(૪) બૌદ્ધ ધર્મ પણ માણસના ઉદ્ધારમાં વચ્ચે ઈશ્વરને સંડોવતો જ નથી. દુઃખનું કારણ 'અજ્ઞાન' અને ઈચ્છા જ છે, અને આ બે અનિષ્ટોમાંથી મુક્ત થઈ જવામાં જ 'નિર્વાણ' સમાયેલું છે એવું તે શીખવે છે. અને માણસે જાતે જ આ નિર્વાણ મેળવી લેવાનું છે. ઈશ્વરને એમાં સ્થાન જ નથી. બૌદ્ધમાર્ગી ચિંતનમાં ઈશ્વરને ક્યાંયે દર્શાવ્યો નથી અને માણસના જીવનમાં સંડોવાયેલો કે રસ લેતો બતાવ્યો નથી.

(૫) 'અલ્લાહો અકબર' - ઈશ્વર મહાન છે, એવું ઈસ્લામી માન્યતામાં શીખવવામાં આવે છે. અલ્લા સર્વનું મહાન 'કારણ' છે, પોતાની ઈચ્છા પ્રમાણે તે સર્વ પર શાસન કરનાર ન્યાયાધીશ છે ! તે પોતાની ઈચ્છા પ્રમાણે પ્રત્યેક માનવીના હક્કમાં કરે છે. કોઈ તેમને હા કે ના કહી શકે નહિ. હા, અલ્લા રહેમાળુ છે એવું ધર્મના વિશ્વાસનામામાં

કહ્યું છે. કોઈ ચક્રવર્તિ રાજાધિરાજ પેઠે તે ચાહે તેની ઉપર રહેમ રાખે છે, અને ચાહે તેને દંડ દે છે. પણ શું આ અલ્લા પોતે બનાવેલા જીવોના હક્કમાં દુઃખ ઉઠાવે? બિલકુલ નહિ. એવો પ્રશ્ન કરવો એ જ ઈશ્વરનિંદા સમાન છે, ઈશ્વર દુઃખ ઉઠાવી શકે જ નહિ. એટલે તો ઈસા આલેસલામ વધસ્તંભે મર્યા જ નહોતા એવું તેઓ કહે છે. જેમ ગ્રીકોને તેમ તેમને પણ ક્રૂસની વાત મૂર્ખતારૂપ લાગે છે. ઈશ્વર દુઃખ ભોગવી શકે જ નહિ મૃત્યુ સહે જ નહિ, માણસોનાં સુખદુઃખમાં તે સંડોવાઈ શકે જ નહિ. કુરાને શરીફમાં અલ્લાના ૯૯ ગુણ ગણાવ્યા છે, પણ એમાં પ્રેમનો ગુણ સમાવેલો નથી. કારણ પ્રેમ તો અન્યના સુખદુઃખમાં સંડોવાયા વગર રહી શકે જ નહિ.

(૬) નસીબવાદ, પ્રારબ્ધવાદ કે કિસ્મતવાદ કહે છે કે ઈશ્વર સૃષ્ટિનો સૃજનહાર ખરો, પણ હવે એની પોતાની સૃષ્ટિ સાથે એને કંઈ સંબંધ નથી. એણે સૃષ્ટિ સરજીને એનાં ચક્કરો ગતિમાન કરી દીધાં છે. સૃષ્ટિ હવે એ યોજાયેલાં ચક્કરો નિર્માણિત યોજના પ્રમાણે જ ચાલ્યા કરે છે. ઈશ્વર હવે એમાં રસ લેતો નથી, સંડોવાતો નથી. કે કોઈ દરમિયાનગીરી કરતો નથી. ઘડિયાળીએ ઘડિયાળ બનાવ્યું, અને ચક્કરોને ગતિમાન કર્યાં કોઈને આમ ફરતાં અને કોઈને તેમ ફરતાં બનાવ્યાં. હવે એ ઘડિયાળ સાથે કાંઈ સંબંધ ધરાવતો નથી. એમ જ પેલામાંનાં કોઈ ચક્કરે ઊલટી દિશામાં ફરવા ઈચ્છી શકે નહિ, કે ફરી શકે પણ નહિ. એમ જ વિધિએ નસીબમાં, કિસ્મતમાં નોંધ્યું - ઠરાવ્યું હોય એમ જ બધું ચાલ્યા કરે. આ જડ યંત્રવાદમાં માણસ માત્ર એ યંત્ર બની રહે છે, અને

ઈશ્વર માણસના સુખદુઃખથી નિરાળો, અલિપ્ત રહે છે, જેમ ઘડિયાળી ઘડિયાળથી અલિપ્ત છે તેમ.

(૭) આજનો જડવાદ અને ઉત્ક્રાંતિવાદ ન તો ઈશ્વરમાં માને છે, ન તો આત્મામાં માને છે. પાપ કે પુણ્યકર્મો જેવું કંઈ છે જ નહિ. માણસ થોડી વાર માટે આ દુનિયામાં હયાત છે, અને પછી કુદરતનાં તત્ત્વોમાં ભળી જશે, અને એનું અસ્તિત્વ કાયમ માટે લોપ થશે. મૃત્યુ એ જ એનો આખરી છેડો છે.

(૮) આ બધાથી ઊલટું બાઈબલમાં ઈશ્વરને શરૂઆતથી માંડીને માનવજાતમાં રસ લેતો અને પોતાને સંડોવતો વર્ણવ્યો છે. સ્વયંભુ ઈશ્વર સૃષ્ટિનો સર્જનહાર છે, માનવીનો બનાવનાર પણ તે જ છે. પણ તેથી આગળ વધીને એ ઈશ્વર માણસના જીવનમાં રસ લેતો આવ્યો છે, માણસના જીવનમાં એના સુખદુઃખમાં પોતાને સંડોવાતો આવ્યો છે. બાઈબલમાં જૂનો કરાર જણાવે છે : "તેમનાં સર્વ દુઃખોમાં તે (ઈશ્વર) દુઃખી થયો" (બાઈબલ : યશાયા ૬૩ : ૯). વળી જૂના કરારમાં ઈશ્વર ઇઝરાયલ પ્રજાને સંબોધતાં કહે છે : "ખરું જોતાં તેં મારા પર તારાં પાપનો બોજો મૂક્યો છે" (બાઈબલ : યશાયા ૪૩ : ૨૪). દુનિયાની જે દુર્દશા છે, તે જોઈને સાચો પ્રેમ દુઃખી થાય જ થાય.

□

# ૩ બાઈબલમાં ઈશ્વરનું પ્રકટીકરણ

બાઈબલ એ ઈશ્વરનું પોતાનું પ્રકટીકરણ છે. પાપી અને દુઃખી માનવજાતને મુક્તિ બક્ષવા ઈશ્વરે પોતે પોતાને પ્રગટ કર્યા. ઈશ્વરની શોધ કરતી, ઝંખતી માનવજાતને ઈશ્વરે પોતે પોતાની ઓળખ આપી. માનવજાતે ફંફોસી ફંફોસીને ઈશ્વરને શોધી કાઢયો, એમ તો નહિ, પણ ઝંખતી-ઢૂંઢતી માનવજાતને ઈશ્વરે પોતે પોતાની ઓળખ આપી. બાઈબલ ઈશ્વરે આપેલી આ ક્રમશઃ ઓળખનો ઈતિહાસ છે. અને સમયની સંપૂર્ણતાએ ઈશ્વરે પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં પોતાની પૂરી ઓળખ આપી દીધી. વધસ્તંભમાં તો ઈશ્વરના જાણે કે ખુલ્લા હૃદયને આપણે જોઈ ઓળખી લીધું. ઈશ્વરના સનાતન હૈયામાં માણસ માટે કેવી લાગણીઓ અને ભાવનાઓ હતી તે આપણે વધસ્તંભે જોઈ શકયા.

"ઈશ્વરે જગત ઉપર એટલો પ્રેમ કર્યો કે તેમણે પોતાનો એકમાત્ર પુત્ર આપી દીધો, એ માટે કે જે કોઈ તેના ઉપર શ્રદ્ધા લાવે તેનો નાશ ન થાય, પણ તે શાશ્વતજીવન પામે." (બાઈબલઃ યોહાન ૩ : ૧૬)

બાઈબલમાં આપેલાં ભવિષ્યકથનો અક્ષરશઃ બતાવે છે કે, બાઈબલનાં વચનો પૂરાં થયાં છે.

□

૪

# ઈશ્વર સદેહ થયા

પાપ અને અનિષ્ટે આપણા ઉપર એવી તો સત્તા જમાવી છે કે આપણે તેમાંથી ચસકવા તદ્દન અશક્તિમાન છીએ. આપણું જીવન જાતે ખતરામાં છે. એવી આશાહીન દુર્દશામાં ન તો કોઈ ધર્મ, કર્મ કે ન તો કોઈ સદ્‌વિચાર કામ લાગવાનો. આવે વખતે તો કોઈ મહા શક્તિશાળી અને નિષ્કલંક વ્યક્તિ વચ્ચે પડીને અપૂર્વ કાર્ય વડે આપણી દશા પલટી નાખે એ જ જરૂરનું છે. અને એમ જ બન્યું. માનવજાતની આવી તદ્દન અસાધ્ય દુર્દશામાં ખુદ ઈશ્વરે જાતે દરમિયાનગીરી કરી, અને મુક્તિના મહાકાર્ય દ્વારા માનવીની દુરાવસ્થાને જડમૂળથી પલટી નાખી.

ઈતિહાસની એક પરમ ઘડીએ ઈશ્વર આ અવનીમાં અવતર્યા, માનવદેહધારી બન્યા અને માણસને પાપના બોજમાંથી તથા પાપના સામ્રાજયમાંથી મુક્તિ આપવા વધસ્તંભે મર્યા. હા, માણસને પવિત્ર અને શાશ્વત જીવન આપવા ઈશ્વર પોતે ક્રૂસે લટકાઈ ગયા. એ જ બાઈબલનો શુભસંદેશ છે. બાઈબલ સદવિચારો અને ધર્મસિદ્ધાંતોનો માત્ર શુભસંગ્રહ નથી, પરંતુ મુક્તિના એક અજોડ મહાકાર્યની વધામણીની વાત છે, શુભ સમાચાર છે, ખુશખબર છે. એટલે જ ખ્રિસ્તી સંદેશો કોઈ તત્ત્વજ્ઞાનની આસપાસ વણાયેલી વાત નહિ, પણ જીવંત વ્યક્તિના એટલે કે દેહધારી ઈશ્વરના અપૂર્વ બલિદાનની આસપાસ - વધસ્તંભની આસપાસ - કેન્દ્રિત એવો શુભ સંદેશ છે. બાઈબલને પાને પાને આ જ શુભ સંદેશ છે. માણસજાતના ઈતિહાસમાં ઈશ્વરે દરમિયાનગીરી કે અંતરાગમન કર્યું.

# ૫ ઈશ્વર માનવી જીવનમાં પોતાને સંડોવે છે

પશ્ચિમના દેશોમાં 'રોબોટ' નામનું યંત્ર બનાવવામાં આવે છે. એને મનુષ્યના આકારનું બનાવાય છે. આ યંત્ર માણસની જેમ પ્રશ્નોના જવાબ આપે છે, ગણિતના દાખલા ગણે છે, કહો તો કવિતા પણ બનાવી શકે છે. માણસના જેવી ઘણી બધી કામગીરી એ 'રોબોટ' બજાવી શકે છે. પણ શું કોઈ યુવતી આવા યંત્ર - માનવ 'રોબોટ'ની સાથે પ્રેમમાં પડે ખરી ? ના, કદિયે નહિ. કેમ ? કારણ, યુવતીના ધબકતા હૈયા જેવું હૈયું આ યંત્ર - માનવને નથી. યુવતીના પ્રેમના પરછંદા ઝીલી શકે એવું આ યંત્રને હૈયું ક્યાં છે ? યુવતીના સુખમાં કે દુઃખમાં ધબકી ઊઠે એવું હૃદય એને ક્યાં છે ? પ્રેમ તો એક તારે ધબકતા હૃદય વચ્ચે જ હોય.

જો ઈશ્વર માનવીનાં સુખદુઃખમાં લાગણી નથી અનુભવતો, જો તે માનવજાતના જીવનમાં પોતાને નથી સંડોવતો, તો એવા ઈશ્વરને કોણ પોતાનું જીવન સમર્પે ? એની સાથે કોણ પ્રેમમાં પડે? પણ ઈશ્વર કંઈ રોબોટ જેવો યન્ત્રવત્ નથી. ઊલટું બાઈબલમાં તો ઈશ્વરને માનવીનાં સુખદુઃખમાં ઊંડો રસ ધરાવતો, અને માનવજાતના જીવનમાં પોતાને સંડોવતો બતાવ્યો છે. પ્રભુ ઈસુ પોતાનો જીવનહેતુ જણાવતાં કહે છે, "ખોવાયેલું શોધવા તથા તારવા સારુ મનુષ્યપુત્ર (પોતે) આવ્યો છે." (બાઈબલ : લૂક ૧૯:૧૦). એ સમજાવવા તેમણે ખોવાયેલી અધેલી, ખોવાયેલું ઘેટું, અને ખોવાયેલા દીકરાનાં દૃષ્ટાંત આપ્યાં.

દશમાંથી ખોવાયેલી એક અધેલીને શોધતી પેલી સ્ત્રીની માફક હા, સોમાંથી ખોવાયેલા એક ઘેટાને શોધવા નીકળેલા

ભરવાડની માફક, અને ભટકેલા પુત્રને ઝંખતા પિતાની માફક પ્રભુ ઈસુ પાપના બિયાબાંમાં ખોવાયેલાં માનવીને શોધવા અને મુક્તિ પમાડવા આવ્યા. આ કેવો અજાયબ શુભસંદેશ ! આ કેવી આનંદની વાત !

ખોવાયેલી અધેલી જડતાં એટલા પૂરતી પેલી સ્ત્રીની મિલકત વધી ગઈ ! ખોવાયેલા ઘેટાને શોધી લાવતાં ભરવાડનું એટલું પશુધન વધી ગયું. ભટકેલા -ખોવાયેલા પુત્રને પાછો મેળવતાં પિતા લાભ્યો જ. પણ જે એક જ શબ્દથી હજારો સૃષ્ટિ બનાવી શકે, અને જેને કોઈ પ્રકારની કશી ખોટ નથી, એવો ઈશ્વર શા માટે માણસને ઝંખે ? શા માટે માણસને શોધવા અને બચાવવા તે નીકળે ? શા માટે માણસજાતને બદલે તે વધસ્તંભના કારૂણ્યભર્યા મોતે મરે ? એ જ કારણે કે તે પોતે પ્રેમ છે. 'ઈશ્વર પ્રેમ છે." (બાઈબલ : ૧ યોહાન ૪ : ૮)

સારુંયે સ્વર્ગ અને આખુંયે વિશ્વ ઈશ્વરનાં જ છે. તોયે તેનું પ્રેમાળ હૈયું માનવને માટે ઝંખે છે. જાણે ભર્યાં ભર્યાં સ્વર્ગ, અને સુમાર વિનાનાં વિશ્વો ભટકેલા - ખોવાયેલા માણસને પાછો ઘેર લાવ્યા વગર ઈશ્વરને ઠાલાં ઠાલાં લાગતાં ન હોય ! અહા, આ પ્રેમ! એટલે જ એદન બાગમાંની પેલી બૂમ : "આદમ, આદમ તું ક્યાં છે" એ ગુનેગારને શોધી ધરપકડ કરવા નીકળેલા પોલિસ અફસર જેવી નહિ, પણ છાપામાં જાહેરખબરો આવે છે તેમ, નાસી ગયેલા પુત્રને ઝંખતા પિતાની વાણી જેવી છે, 'પુત્ર, મારા પ્યારા પુત્ર, તું ક્યાં છે ? તું જલદી પાછો ઘેર આવ'. અને ઈશ્વર પિતા ખોવાયેલા ભટકેલા માનવીને શોધવા અને તારવા છેક કાલવરીની ટેકરી સુધી આવ્યા, તે પર લટકાઈ ગયા."

જાણે મા પોતાના તાવથી તરફડતા બાળકને છાતી સરસું ચાંપી દે અને આંસુભરી આંખે બાળકના ખોવાયેલા મોં સામે જોઈ કહે,

'બેટા, મારા લાડકા દીકરા, તારું દુઃખ મારા પર આવી જાય તો કેવું સારું ! લાખ મથામણ અને હૈયાભર્યો પ્રેમ છતાં મા બાળકનું દુઃખ પોતાના પર લઈ શકતી નથી. પણ ઈશ્વરે તો વધસ્તંભે જાણે કે તમને અને મને હા, આખી માનવજાતને પ્રેમથી છલકાતી છાતીએ ચાંપી દીધી, અને આપણો શાપ અને દંડ પોતાના પર લઈ લીધા !

અમેરિકી પ્રેસિડેન્ટ અબ્રાહામ લિંકને દેશને માટે અને નીગ્રોને માટે ઘણું ઘણું કર્યું હતું. એને કોઈએ ગોળીએ માર્યો. લિંકનના શબને ખાસ રેલવે ટ્રેઈનમાં દેશમાં ફેરવવામાં આવ્યું. એક રેલવે સ્ટેશને આ શબટ્રેઈન થોભી અને શબને બહાર લાવવામાં આવ્યું, ત્યારે એક નીગ્રો માતા ભારે મેદનીમાં પોતાના બાળકને ઊંચું ધરે છે અને આંખમાં આંસુ સાથે કહે છે : "બેટા, જો તારો તારણહાર!" અને ઓ તમે પાપની ગુલામીમાંથી છૂટકારો પામેલા બધા જુઓ, વધસ્તંભે આ તમારો તારણહારો ! આવો, એના ચરણે શીશ નમાવો.

□

# ૬ પાપ કેટલું ખતરનાક છે !

ક્રૂસમાં પાપનું પણ પ્રકટીકરણ થાય છે. જો માનવ ઈતિહાસમાં ક્રૂસ આવ્યો ન હોત તો પાપ કેટલું ભયંકર છે એનો ખ્યાલ માણસને કદી આવ્યો ન હોત. આપણે પાપને હસી કાઢીએ છીએ. પાપને તદ્દન છીછરી રીતે જોઈએ છીએ. પણ પાપ કેવું કારમું છે, પાપ કેવું ભયાનક અને ખતરનાક છે એનું કંઈક ભાન આપણને વધસ્તંભમાં થાય છે. સાચે જ ક્રૂસ પર લટકેલા પ્રભુ ઈસુ ખ્રિસ્તને જોવાથી જ માણસને ભાન થાય છે કે પાપનું બળ કેટલું ભયાનક તથા ખતરનાક છે ! પાપને દૂર કરવા માટે અને પાપના પરિણામને મટાડી દેવા માટે ઈશ્વરને કેવો ભારે ભોગ આપવો પડયો! ઈશ્વરને એનું સર્વોત્તમ આપવું પડયું. ઈશ્વરે અજાયબ એવા આખાયે વિશ્વને માત્ર એક સામર્થ્યવાન શબ્દ વડે બનાવ્યું. પરંતુ માનવની મુક્તિ માટે ઈશ્વરને પોતાના પ્રિય અને એકમાત્ર પુત્રનો ભોગ આપવો પડયો! ઈશ્વર પુત્રને ક્રૂસના ધૃણાજનક અને કારમા મોતે ચોર-ચંડાળની જેમ મરવું પડયું ! પાપનું બળ અને તેની ભયાનકતા કેટલાં બધાં ખતરનાક કહેવાય !

કવિસમ્રાટ રવિન્દ્રનાથ ટાગોર પોતાના “ધી રીલીજિયન ઓફ મેનકાઈન્ડ” (માનવધર્મ)ના પૃષ્ઠ ૪૯, ‘સાધના’ ના પૃષ્ઠ ૩૮, ૮૦માં આ પ્રમાણે લખે છે :

સંસારમાં પાપ અને ભૂંડાઈને કારણે જે વિપ્લવ અને તાણાતાણી થઈ રહ્યાં છે, તે તો “પ્રેમરૂપી અગ્નિ પ્રગટયા પહેલાંનો ધુમાડો છે,” આ વિશ્વની જનન-પીડા છે, જે દ્વારા ભવિષ્યનું ચઢિયાતું જીવન જનમવા માંડયું છે. એ તો અનંતસિદ્ધિનો ક્રમ છે.

પણ કવિસમ્રાટની આ વિચારધારા વાસ્તવથી વેગળી છે, ક્યાંયે વેગળી છે પાપ અને ભૂંડાઈમાંથી પ્રેમરૂપ અગ્નિ પ્રકટવાનો છે એ ભ્રામક, ખતરનાક અને જૂઠો વિચાર છે. યુદ્ધો પર યુદ્ધો, વિશ્વની કથળતી સમાજવ્યવસ્થા, અને કકડભૂસ ભાંગતાં નીતિધોરણો બતાવે છે કે એ ધુમાડામાંથી પ્રેમરૂપ અગ્નિ તો નહિ પણ વિશ્વને ભરખી જનાર અણુભંજનનો ખતરનાક ધુમાડો અને પ્રચંડ પ્રલયકારી અગ્નિ ભભૂકી ઊઠી રહ્યો છે.

ખરેખર પાપ તો ખોટી દિશામાં ભરેલું પ્રાણઘાતક પગલું છે. પાપ ઈશ્વરની પ્રેમભરી પવિત્ર ઇચ્છાનો સામનો કરનાર અને તેના પ્રમભર્યા હેતુઓને નિષ્ફળ બનાવનાર દુષ્ટ ઇચ્છાશક્તિની પ્રવૃત્તિમય ભૂંડાઈ છે. આપણાં પાપ અને પાપમય જીવન ખુદ ઈશ્વરને ઊંડો આઘાત પહોંચાડે છે. અને તેના પ્રેમથી છલકાતા હૃદયને ઘાયલ કરે છે. ક્રૂસ એ એની અમર સાબિતી છે. જો કે આપણે પ્રાર્થના કરતાં હોઈએ કે 'તારું રાજ આવો,' પણ પાપ વડે આપણે શત્રુ શેતાનના રાજને જ વિસ્તારીએ છીએ. પ્રત્યેક પાપ એ ભૂંડાઈની સત્તા સાથેની પક્ષકારી જ છે. પાપ એ માત્ર અપ્રમાણિકપણું, દ્વેષ, હત્યા, ચોરી, સ્વાર્થ વગેરે જ નથી. પાપ તો એથીયે વધીને ઈશ્વર સામે વૈર, વિદ્રોહ અને બળવો છે. યહૂદા ભલે ઈસુની કોટે વળગેલો હોય અને ઈસુને ચુંબન ચોડતો હોય ! યહૂદાનો ગાલ અને ઈસુનો ગાલ ભલેને એકબીજાને સ્પર્શાતા હોય! પણ યહૂદા ઈસુની છાવણીમાં નથી, શેતાનની છાવણીમાં છે. અને તમે ?

□

# ૭ ઈસુ ગેથસેમાનેમાં જાય છે

ભોજન કર્યા પછી ગીત ગાયા બાદ જૈતુન પર્વત ઉપર આવેલી ગેથસેમાને બાગમાં રાતના સાડા નવ ને દશની વચ્ચે ઈસુ શિષ્યોની સાથે ગેથસેમાને બાગમાં આવે છે. શિષ્યોથી દૂર એકાંતમાં જઈ ઈસુ કેવી આગ્રહભરી પ્રાર્થના કરે છે ! તેમના પરસેવા સાથે લોહી પણ બાગની ભૂમિ પર ટપકે છે. ત્યાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત નિયમિત પ્રાર્થના કરવા આવતા હતા.

થાકેલા શિષ્યો વધતી જતી રાતમાં ઊંઘે ઘેરાયા હતા. "તમારે ખાતર મરવું પડે તો મરવાને પણ તૈયાર છું." એવું કહેનારો પિતર પ્રભુ ઈસુના કપરા દુ:ખને સમયે ઘસઘસાટ ઊંઘી ગયો છે. સદા ઈસુની પડખે રહેનાર અને તેમની છાતીએ અઢેલીને બેસનાર યોહાન ઈસુ પર ખૂબ પ્રેમ કરતો હતો. પણ ઈસુને જે ઘડીઓમાં સાથસથવાર અને સહાનુભૂતિની અનહદ જરૂર હતી, એ સમયે યોહાન ઝોકાં ખાય છે ! અને ગર્જનપુત્ર યાકૂબ પણ. આજે ખ્રિસ્તને ખાતર જીવન સમર્પણ કરનારાંની કેટલી બધી જરૂર છે!

આજે ખૂણે ખૂણે ખ્રિસ્તનો પયગામ પહોંચાડવાની અને ઈસુને પડખે ઊભવાની કેટલી બધી જરૂર છે ? ત્યારે મંડળીઓ ઊંઘે છે. લોકો જગતની જંજાળોમાં, વાસનાના વશીકરણમાં, ખુરશીઓની ખેંચતાણમાં, સત્તાના વિગ્રહમાં અને રૂપિયાના માદક રણકારમાં ઝોકાં ખાઈ રહ્યા છે ! ઈસુ આવી આવીને દયાર્દ્ર દિલે કહે છે :"શું તમે મારી સાથે એક ઘડી પણ જાગી શકતા નથી ?" આ કેવી કરુણ કથની ! યાદ છે બાઈબલમાંથી યૂના પયગંબરની વાત ? ગુનેગાર છતાં યૂના વહાણને તળિયે જઈને ઘસઘસાટ ઊંઘતો હતો, જ્યારે બીજા પ્રાર્થનાઓ કરતા જાગતા હતા. ઓ આજના યૂના, તું ક્યારે જાગીશ ?

## ૮ પ્રભુ ઈસુ ગેથસેમાનેમાં કષ્ટાય છે

પાપ એવું ઘૃણાજનક અને ખતરનાક છે, એટલે જ ગેથસેમાને બાગમાં છેલ્લી રાતે પ્રાર્થના કરતાં પ્રભુ ઈસુ એટલું બધું કષ્ટાય છે! પ્રભુ ઈસુ શિષ્યોને કહે છે :"મારો જીવ મરવા જેવો ઘણો શોકાતુર છે (બાઈબલ : માથ્થી ૨૬ : ૩૭, ૩૮). અહીં "ઘણો શોકાતુર" માટે અસલ ભાષા ગ્રીકમાં 'પેરીલુપોસ' શબ્દ વાપર્યો છે. એનો અર્થ થાય છે કે ભારે શોક કે યાતનાએ તેમને ચારેપાસથી ઘેરી લીધા છે. જેમ પાણીનાં મોજાં માણસની આસપાસ ફરી વળે, એમ ભયંકર શોકનાં મોજાં તેમના પગથી માથા સુધી સર્વત્ર ફરી વળ્યાં છે, જાણે કે શ્વાસ પણ ન લેવાય. 'હું શોકમાં ડૂબી ગયો છું' એમ કહીએ તો ચાલે. 'શુભસંદેશ'માં એ શબ્દો આવી રીતે આપ્યા છે : "મને એટલો બધો શોક થાય છે કે જાણે મારા પ્રાણ ચાલ્યા જશે." વળી અન્ય ઠેકાણે લખ્યું છે. "તેમણે (ઈસુએ) કષ્ટ સાથે વિશેષ આગ્રહથી પ્રાર્થના કરી; અને તેમનો પરસેવો ભોંય પર પડતાં લોહીનાં ટીપાં જેવા થયો" (બાઈબલ : લૂક ૨૨ : ૪૪). વળી "તેમના (ઈસુના) દેહધારીપણાના સમયમાં તેમને (ઈસુને) મરણથી છોડાવવાને જે શક્તિમાન હતો, તેની પાસે તેમણે ઊંચા અવાજે અને આંસુ સહિત પ્રાર્થના તથા કાલાવાલા કર્યા, અને તેમણે ઈશ્વરનો ડર રાખ્યો, માટે તેમની પ્રાર્થના સાંભળવામાં આવી" (બાઈબલ : હિબ્રૂઓને પત્ર ૫ : ૭)"

□

# ૯ ગેથસેમાનેમાંના પ્યાલામાં શું હતું ?

**પ્યાલા બે પ્રકારના હતા : પહેલો પ્યાલો :** પિતાએ ધરેલો પ્યાલો. તેમાં બધા લોકોનાં બધાં પાપો હતાં. અને ઈસુએ તે ગટગટાવી જવાનો હતો. એટલે કે એ બધાં પાપો લઈને ઈસુએ વધસ્તંભ પર બલિદાન બની જવાનું હતું. અને પિતાની ઇચ્છા હતી કે, ઈસુ એ પ્યાલો ગટગટાવી જાય. એ પ્યાલો દૂર કરવા માટે ઈસુએ કદી માગણી કરી ન હતી. કારણ કે એ પ્યાલો ઈસુ ગટગટાવી જાય એવી પિતાની ઇચ્છા હતી. અને ઈસુ પિતાની વિરુદ્ધ કદી માગણી કરે નહિ.

ઈસુ એ પ્યાલો ગટગટાવી ગયા, વધસ્તંભ પર બલિ બની ગયા, અને પિતાની ઇચ્છા પૂરી કરી. "મારી ઇચ્છા પ્રમાણે નહિ, પણ પિતા તમારી ઇચ્છા પ્રમાણે થાઓ."

**બીજો પ્યાલો : શેતાને ધરેલો પ્યાલો :** શેતાને ધરેલા પ્યાલામાં ઈસુ મરી જાય તેવો માનસિક ત્રાસ હતો. ઈસુ વધસ્તંભે જડાયા પહેલાં મરી જાય એવી પિતાની ઇચ્છા ન હતી. ઈસુ વધસ્તંભ પર બલિદાન બનીને લોકોને માટે પાપની માફી લાવે તેવી શેતાનની ઇચ્છા ન હતી. પણ શેતાનની ઇચ્છા એવી હતી કે, ઈસુ વધસ્તંભ પર ચઢયા પહેલાં જ મરી જાય, શેતાને આણેલા માનસિક ત્રાસથી ઈસુ મરી જાય એવું શેતાન ઇચ્છતો હતો. એટલે કે વધસ્તંભે ચઢયા પહેલાં જ ઈસુ મરી જાય.

**શેતાને આણેલો માનસિક ત્રાસ :** ઈસુએ કહ્યું "મારો જીવ મરવા જેવો અતિ શોકાતુર છે." (બાઇબલ માર્ક ૧૪:૩૪) આ માનસિક ત્રાસથી વધસ્તંભે ચઢયા પહેલાં ઈસુ મરી જાય, એવું

શેતાન ઈચ્છતો હતો. એ શેતાને ધરેલા માનસિક ત્રાસનો પ્યાલો પિતાએ દૂર કરી દીધો. પિતાએ દૂત મોકલ્યો. "આકાશમાંથી એક દૂત ઈસુને બળ આપતો દેખાયો." (બાઇબલ લૂક ૨૨:૪૪) પિતાએ એ પ્યાલો દૂર કરી દીધો, અને ઈસુને એ પ્યાલો પીવો પડયો નહિ.

આથેસન્સના કારાવાસમાં સોક્રેટીસને ઝેરનો પ્યાલો ધરવામાં આવ્યો, અને સોક્રેટીસ શાંતિથી કોઈ જાતના ઉચાટ વગર એ ગટગટાવી ગયો ! કેવી ગર્વીલી શહીદી ! મેવાડના મહેલમાં મીરાંને રાણાએ ઝેરનો કટોરો ભરી દીધો. મીરાં જાણે રાણાના ગ્રીષ્મગૃહમાં મીઠા શરબતનો જામ પીતી હોય એમ ગટગટાવી ગઈ; તો અહીં ગેથસેમાનેમાં ઈસુ મૃત્યુ પ્યાલો લેતા કેમ કષ્ટાય છે ? કેમ મરવા જેવા શોકાતુર બને છે ?

### ૧. પ્યાલામાં માનવજાતનાં પાપ હતાં

સોક્રેટીસના, મીરાંના અને ઈસુના - એ ત્રણે પ્યાલામાં મોત હતું એ ખરું પણ પિતાએ ઈસુને ધરેલા પ્યાલામાં તફાવત હતો. પોતાના આગામી મૃત્યુ વિષે બોલતાં પ્રભુ ઈસુ પોતે કહે છે : "નવા કરારનું એ મારું લોહી છે, જે પાપોની માફીને અર્થે ઘણાઓને માટે વહેવડાવવામાં આવે છે. (બાઇબલ : માથ્થી ૨૬ : ૨૮) એ પ્યાલામાં માણસોનાં પાપ ઘોળ્યાં હતાં. પયગંબર અગમવાણી દ્વારા સાચું જ કહે છે કે, "આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો... ઈશ્વરે તેના પર આપણા સર્વનાં પાપનો ભાર મૂકયો છે.. તેણે તો ઘણાંના પાપ માથે લીધાં. (બાઇબલ : યશાયા ૫૪ : ૫,૬,૧૨).

આદિ માતપિતા આદમ - હવાથી માંડીને જગતના સૌ લોકોનાં તમામ પાપ ઈસુએ વધસ્તંભે પોતા પર લીધાં. ગલાતીઓના ધર્મસંઘને પાઉલે લખેલા પત્ર પર ભાષ્ય લખતાં માર્ટીન લ્યુથર ઈસુને સંબોધીને લખે છે : ઓ ઈસુ, નકાર કરનાર

પિતર તું થા; સતાવણી કરનારો પાઉલ તું બન. જાણે કે તેં જ નકાર કર્યો છે, જાણે કે તેં જ સતાવણી કરી છે, એવો તું થા. ટૂંકામાં સઘળી માનવજાતનાં સઘળાં પાપ જાણે તેં જ કર્યાં છે તેવો તું બન. જાણે કે તેં જ ખૂન કર્યું છે એમ ખૂનીનાં પાપ તું લે. જાણે તેં જ વ્યભિચાર કર્યો છે, તેં જ અદેખાઈ, ચોરી કર્યાં છે એમ તું વ્યભિચારીની, અદેખાઈની, ચોરની જગા લે. મારું એકેએક પાપ તેં જ કર્યું હોય એમ મારાં પાપ તું તારે શિરે લે.

અતિ પવિત્ર પ્રભુ માટે આ કેટલું ઘૃણાજનક ! લાખોલાખ સૂર્યોના સમગ્ર તેજ કરતાં જેની પવિત્રાઈનાં તેજ-તાપ અદકાં છે, એવો પવિત્ર પ્રભુ બધાં માનવીનાં નરકશાં પાપ પોતાને માથે લેતાં કેમ ધ્રૂજી ન ઊઠે ! પાપને જરાયે સાંખી ન લેનાર, પાપ સામે નજર સરખી પણ ન કરનાર એ પ્રભુ માનવીનાં પાપ પોતાને શિરે લેતાં કેમ મરવા જેવો શોકાતુર ન બને ! બાઇબલમાં લખ્યું છે કે "જેણે પાપ જાણ્યું નહોતું તેને ઈશ્વરે આપણે માટે પાપ (રૂપ) કર્યો" (બાઇબલ : ૨ કોરિંથી ૫ : ૨૧). ગુજરાતીમાં પાપરૂપ મૂકયું છે, પણ ગ્રીક તથા અંગ્રેજીમાં માત્ર 'પાપ' છે. "…..તેને પાપ કર્યો" માનવીઓનાં પાપ અને મુક્તિદાતા એકાકાર બની જાય ! આ કેટલું ભયંકર ! આ કેવી યાતના ! રે મારા ભાઈ, રે મારી બહેન, આ ગહન દુઃખ, આ ગુહ્ય એકાકારીનો ખ્યાલ તને આવે છે ? બધાં પત્તિયાં જનોનાં સડી-ગળી ગયેલાં અંગોએથી પતની બદબો ભરી રસી કાઢી કોઈ માણસ બુંદે બુંદ ગટગટાવી જાય એના કરતાંયે લોકોનાં પાપ પોતાના પર લેવાનું ઈશ્વર માટે અધિક ઘૃણાજનક હતું. એટલે જ પાપની કડવાશનો પ્યાલો લેતાં ઈસુ ધ્રૂજી ઊઠે છે.

ખેડા જિલ્લાનું એક ગામ છે. નાનું છે. બારૈયાની વસ્તીવાળું. આજથી લગભગ ચાલીસેક વર્ષ ઉપર ત્યાં એક ગમખ્વાર બનાવ બની ગયો. બારૈયાના એક કુટુંબમાં કુંવારી દીકરી પાપમાં પડી.

બારૈયો ધૂવાંપૂવાં થઈ ગયો. મારા ઘરમાં આવું પાપ ! કાળઝાળમાં એણે દીકરીને હણી નાખવા નિશ્ચય કર્યો. પણ બાપ પોતાની જ દીકરીને કેવી રીતે સંહારી શકે ? એટલે એ કામ એણે દીકરીના મામાને સોંપ્યું.

ઠરાવેલે દિવસે દીકરીને ભાવતાં ભોજન પીરસ્યાં, સુંદર શણગાર સજાવ્યો, અને વાજતે ગાજતે ગામની ભાગળે આવેલા તળાવને તીરે માતાની દેરીએ દીકરીને લઈ ગયા. દીકરી જાણતી હતી કે એની આખરી ઘડી આવી પહોંચી. એ શું રડી છે, રડી છે! અને મામાના પગોમાં પડી છે ! પણ કંઈ ફાયદો નહિ. માતાની દેરી આવી. મામા બોલ્યા, "બેટા, માતાને પગે લાગો" દીકરીએ માતાને પાયે લાગવા શિર ઝૂકાવ્યું અને મામાના ધારિયાએ દીકરીનું ડોકું ઉડાવી દીધું !

એક પાપી સ્વભાવવાળો આ માણસ પોતાની એકની એક દીકરીનું પાપ સાંખી શક્યો નહિ, અને એના પર ત્રાટકી પડયો. તો અતિ પવિત્ર અને પરમશુદ્ધ ઈશ્વર પાપની સામે કેવી રીતે નજર કરી શકે ? - કેવી રીતે પાપને સાંખી શકે ? અને આ તો દુનિયાનાં બધાં જ પાપ પોતાને શિરે લેવાનાં ! પોતે જ જાણે કે એ બધાં પાપ કરનારો છે એમ અવેજી બની જવાનું! આ કેટલું ઘૃણાજનક ! કેટલું ભયંકર ! એટલે જ ઈસુ ગેથસેમાનેનો પ્યાલો લેતાં કમકમી ઊઠે છે, ધ્રૂજી ઊઠે છે !

## ૨. એ પ્યાલામાં પિતાથી ત્યજાવું હતું

આ પ્યાલામાં બીજું પણ કંઈક હતું. પરમપિતાથી ત્યજાયેલા બનવાનું ! પરમપવિત્ર પરમેશ્વર પિતા પાપને સાંખી શકે જ નહિ, પાપની સામે નજર પણ કરી શકે નહિ. પરમપવિત્રતા અને શેતાનિયતને શો સંબંધ ? પણ જુઓ તો ખરા, અહીં પ્રભુ ઈસુ પોતે ક્રૂસ પર આખી દુનિયાનાં પાપ પોતાને શિરે લઈ પાપમય

બની જવાના છે ! અને એટલે જ ઈશ્વર પિતાથી તે ત્યજાયેલા અને વિમુખ બનવાના છે ! આ વિચાર તેમને મૃત્યુ કરતાંયે કપરો લાગે છે, ડરામણો લાગે છે.

પાપીમાં પાપી માણસને પણ ઈશ્વરે કદી તજી દીધો નથી. માણસ ઈશ્વરને ત્યાગે છે, પણ ઈશ્વર કોઈને કદી ત્યાગતા નથી. એથી ઊલટું પ્રભુ ઈસુએ કોઈ કાળે પણ ઈશ્વર પિતાની સંગત છોડી નથી. પિતાની સંગતમાંથી પળ વારેય અળગા બનવું એ ઈસુને કારમું લાગે. આખા દિવસના કપરા શ્રમ પછી પણ તેઓ રાતોની રાતો પહાડો પર એકાંતમાં પિતાની સંગત સેવતા હતા. પિતાની સંગત એમને મન જીવન કરતાંયે અધિક હતી. પોતે પાપો લઈને ક્રૂસે ચડશે, ત્યારે શું પિતા પોતાનું મુખ અવળું ફેરવી લેશે ? કેવો મહા શોકભર્યો વિચાર !

પણ એમ જ બન્યું ને ! તમારાં અને મારાં પાપો લઈને હા, પાપરૂપ બનીને પ્રભુ ઈસુ ક્રૂસે ચડયા, એ જ ટાણે પિતાએ પોતાનું મુખ અવળું ફેરવી લીધું. એટલે તો ઈસુ પારાવાર માનસિક વેદનામાં પોકારી ઊઠે છે, "મારા દેવ, મારા દેવ, તેં મને કેમ ત્યજી દીધો છે?" આ મારો પ્રિય પુત્ર છે, શું એવું પિતાએ અગાઉ નહોતું કહ્યું ? તો આ લાડીલો પુત્ર જ પિતાથી ત્યજાયો ? ગેથસેમાનેના પ્યાલામાં આ કારમી વેદના પણ ભરેલી હતી !

□

# ૧૦ પ્યાલો દૂર કરાયો શું ?

પ્રભુ ઈસુ છેલ્લું ભોજન કર્યા પછી શિષ્યો સાથે ગેથસેમાને બાગમાં ગયા.

ત્યારે તે તેઓને કહે છે કે, મારો જીવ મરવા જેવો ઘણો શોકાતુર છે, તમે અહીં રહીને મારી સાથે જાગતા રહો.

"પછી તેણે ઊંધે મોઢે પડીને એવી પ્રાર્થના કરી કે ઓ મારા બાપ, જો બની શકે તો આ પ્યાલો મારાથી દૂર કર; તોપણ મારી ઈચ્છા પ્રમાણે નહિ પણ તારી ઈચ્છા પ્રમાણે થાઓ." માથ્થી ૨૬: ૩૭-૩૯.

તો શું એ પ્યાલો દૂર કરાયો, એ પ્રાર્થના સંભળાઈ ?

હા, એ પ્રાર્થના સંભળાઈ.

વાંચો : હિબ્રૂઓને પત્ર ૫ : ૭ તેના દેહધારીપણાના સમયમાં તેને મરણથી છોડાવવાને જે શક્તિમાન હતો, તેની પાસે તેણે મોટે ઘાંટે તથા આંસુસહિત પ્રાર્થના તથા કાલાવાલા કર્યા, અને તેણે (દેવનો) ડર રાખ્યો, માટે તેની (પ્રાર્થના) સાંભળવામાં આવી.

તો આ પ્યાલો દૂર કરાયો, તેમાં શું હતું ?

એ પ્યાલામાં માનસિક ત્રાસ દ્વારા મરણ હતું. શેતનાની ઈચ્છા એ હતી કે, ઈસુ વધસ્તંભ પર મરણ ન પામે, અને માણસજાતનો ઉદ્ધાર ન કરાય. પણ ભયંકર માનસિક ત્રાસથી ઈસુ મરી જાય.

એટલે જ હેરોદે બેથલેહેમનાં તથા તેની સઘળી સીમમાંનાં (માથ્થી ૨ : ૧૬,૧૭) બે વર્ષના તથા તેથી નાનાં બધાં જ બાળકોને મારી નંખાવ્યાં; જેથી તેમાં બાળ ઈસુ પણ માર્યા જાય. અને ઈસુને

વધસ્તંભ પર મરવા માટે પ્રસંગ ઊભો ન થાય અને લોકો તારણરહિત રહે.

શેતાનની ઈચ્છા હતી કે, ઈસુ વધસ્તંભ પર મરણ ન પામે. પણ ભયંકર માનસિક ત્રાસથી મરી જાય.

જુઓ તો ખરા માનસિક ત્રાસ તો કેવો ?

ઈસુએ શિષ્યોને કહ્યું કે, મારો જીવ મરવા જેવો ઘણો શોકાતુર છે માથ્થી ૨૬ : ૩૮.

રોમન કેથલિક બાઈબલમાં તો આમ લખ્યું છે કે, "મને લાગે છે કે મારા પ્રાણ ચાલ્યા જશે."

"ઈસુએ કષ્ટ સાથે વિશેષ આગ્રહથી પ્રાર્થના કરી, અને તેનો પરસેવો ભોંય પર પડતાં લોહીનાં ટીપાં જેવો થયો. લૂક ૨૨ : ૪૪.

ડૉકટરો અને વૈદકીયશાસ્ત્રના વિજ્ઞાનીઓ એમ જણાવે છે કે, જ્યારે માણસનો માનસિક ત્રાસ હદબહાર વધી જાય છે, ત્યારે તેનું લોહી પરસેવા વાટે ટપકે છે, અને પ્રભુ ઈસુ ખ્રિસ્તના સંબંધમાં એમ જ બન્યું.

લૂક ૨૨ : ૪૩માં આપણે વાંચીએ છીએ કે, "આકાશમાંથી એક દૂત તેને બળ આપતો દેખાયો. ભયંકર માનસિક ત્રાસ દૂર કરવા એક દૂતે ઈસુને માનસિક બળ આપ્યું અને માનસિક ત્રાસ જતો રહ્યો. એમ પ્રભુ ઈસુની પ્રાર્થના સંભળાઈ અને આવો માનસિક ત્રાસથી થનાર મૃત્યુનો પ્યાલો દૂર કરાયો.

હવે માનસિક ત્રાસ ગયો અને શેતાનની ઇચ્છા પૂરી ના થઈ, પણ પિતાની ઈચ્છા પ્રમાણે થયું. એમ પ્રભુ ઈસુ રાજીખુશીથી પિતાની ઈચ્છાને આધીન થયા અને લોકોનાં પાપોથી જ ભરેલો પ્યાલો ગટગટાવી ગયા, અને બહુ જ રાજીખુશીથી વધસ્તંભ પર ચઢી ગયા અને લોકોનાં પાપો માટે બલિદાન બની ગયા.

પ્રભુ ઈસુના આવા ગજબ પ્રેમ અને ભવ્ય બલિદાનને માટે મારા પ્રભુને ધન્ય ધન્ય હો ! આમીન.



પ્રભુ ઈસુ ગેથસેમાનેમાં

□

# ૧૧ ગેથસેમાનેનાં જૈતૂન વૃક્ષો જ્યાં પ્રભુ ઈસુએ પ્રાર્થના કરેલી

પ્રભુ ઈસુ યરુશાલેમમાં હોય ત્યારે પોતે એકલા કે શિષ્યોને લઈને, "જૈતૂન પર્વત પર ગેથસેમાને નામે ઓળખાતી વાડીમાં પ્રાર્થના કરવા જતા હતા. લૂક ૨૨:૩૯-૪૦માં આ પ્રમાણે આપ્યું છે કે, "બહાર નીકળીને તે (ઈસુ) પોતાની રીત પ્રમાણે જૈતૂન પહાડ પર ગયા, શિષ્યો પણ તેમની પાછળ પાછળ ગયા. તે (ઈસુ) તે ઠેકાણે (ગેથસેમાનેમાં) આવ્યા, ત્યારે તેમણે તેઓને કહ્યું કે... જૈતૂન પહાડ પર ગેથસેમાનેમાં પ્રાર્થના કરવાની તેમની રીત હતી."

વળી યોહાન ૧૮:૧-૨માં પણ આ પ્રમાણે આપેલું છે કે, "એ વાતો કહીને ઈસુ પોતાના શિષ્યો સહિત કિદ્રોન નાળાને પેલે પાર ગયા. ત્યાં એક વાડી હતી, જેમાં પોતે તથા તેમના શિષ્યો ગયા. "હવે તેને પરસ્વાધીન કરનાર યહૂદા પણ તે ઠેકાણું જાણતો હતો, કેમ કે ઈસુ પોતાના શિષ્યોની સાથે ઘણી વાર ત્યાં જતા હતા." અને ગેથસેમાનેમાં પ્રાર્થના કર્યા પછી તેઓ બેથાનિયામાં માર્થા અને મરિયમને ઘેર રાતવાસો કરતા હતા. ગેથસેમાનેથી એકાદ માઈલ દૂર આ ઘર આવેલું હતું.

ગેથસેમાને વાડી એ તો કોઈ બગીચો નથી, પણ કુદરતી વાડી છે. જૈતૂનનાં ઝાડ અને બીજાં અનેક ઝાડ છે. પિકનિકની જગા જેવું લાગે. બહુ જૂનાં આઠ જૈતૂનનાં ઝાડ હયાત છે. પહેલા વિશ્વયુદ્ધ પછી લગભગ દશ જૈતૂનનાં ઝાડ હતાં. પણ હજારો મુસાફરો યાદગીરીને માટે ડાળો તોડી તોડીને લઈ જતા. એટલે બે ઝાડ આજથી સિત્તેરેક વર્ષ પર સૂકાઈ ગયાં. એમ માનવામાં આવતું હતું

કે પ્રભુ ઈસુનો પરસેવો લોહીરૂપે પડયો તે આ બેમાંથી એક જૈતવૃક્ષ નીચે પડયો હતો. ત્યાં એટલે કે આ બે ઝાડ સુકાઈ ગયાં ત્યાં આજથી સિત્તેરેક વર્ષ ઉપર (૧૯૧૯-૧૯૨૪)માં એક મંદિર બાંધવામાં આવ્યું છે. જેને ચર્ચ ઓફ ઓલ નેશન્સ (સર્વ પ્રજાઓનું મંદિર) કહેવામાં આવે છે. ફ્રાન્સિસ્કન સંપ્રદાયે આ ચર્ચ બાંધ્યું હતું. એની અંદર દુનિયાની જુદી જુદી પ્રજાઓની ભાષામાં "ઓ આકાશમાંના બાપ" એ પ્રભુ પ્રાર્થના આરસમાં કોતરવામાં આવી છે. ભારતની સંસ્કૃત અને હિંદીમાં પણ લખવામાં આવી છે.

આ દશ ઝાડોનાં મૂળોમાંથી થોડાં થોડાં કાપીને, કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં 'કાર્બન ૧૪' દ્વારા એની પરીક્ષા કરતાં ૨૩૦૦ વર્ષનાં અને કેટલાક ૨૨૦૦ વર્ષનાં જૂનાં જાહેર કરવામાં આવ્યાં છે. એમાંથી બે સુકાઈ ગયાં, એટલે આઠ જૂનાં જૈતવૃક્ષ રહ્યાં છે. આ ઝાડો નીચે પણ પ્રભુ ઈસુએ કોઈ કોઈ વાર પ્રાર્થના કરી હશે, એમ માનવામાં આવે છે. ઈ.સ. સાતમી સદીમાં આરબોએ યરુશાલેમ જીતી લીધું હતું ત્યારે તેઓ પણ આ દશ ઝાડોને 'પવિત્ર' માનતા હતા.

□

## ૧૨ ગેથસેમાનેમાં લોહીનાં ટીપાં

આ કેટલી વેદના ! પરસેવા વાટે લોહી ઝર્યું ! શરીરશાસ્ત્ર અને માનસશાસ્ત્રની ભાષામાં આ તો પારાવાર મનોવેદના અને માનવ મનથી ખમી શકાય તે કરતાં અધિક ત્રાસનું આ પરિણામ હોય. હાય, મારા પ્રભુ, મારાં પાપોને કારણે તમને આવું કષ્ટ ! શરમિંદું મારું મુખ હું બીજે ક્યાં સંતાડું ? સિવાય કે તમારા ક્રૂસની ઓથમાં, જેમ માના પ્રેમની સામે ઊઠેલું બાળક પાછું રડતું રડતું માની સોડે સંતાય તેમ.

વૈદકીય ઇતિહાસમાં આવા લોહીભર્યા પરસેવાના કિસ્સા નોંધેલા છે. એને વૈદકીય ભાષામાં "હેમાતીડ્રોસીસ" કહે છે. લાંબી શારીરિક નબળાઈ, તીવ્ર માનસિક યાતના અને મૃત્યુના ઘેરા ઓળા નીચે ક્વચિત માણસોને પરસેવા વાટે જરાતરા લોહી ઝર્યું હોય એવા કિસ્સા નોંધાયેલા છે. સામાન્ય રીતે તો એવા ઘેરા શોકમાં માણસ બેભાન બની જાય છે. અને શોકની પરમ માત્રા અનુભવતો નથી. એવી ઘડીએ તો 'હેમાતીડ્રોસીસ' શક્ય બને. પણ ઈસુનો કિસ્સો અનોખો છે. તે સશક્ત અને પૂર્ણ તંદુરસ્ત હતા. મોતથી પણ ડરતા નહોતા. શું તેમણે ચકમક ખડકની જેમ યરુશાલેમ જવા પોતાનું મુખ દૃઢ રાખ્યું નહોતું ?

અહી 'ટીપાં' માટે મૂળ ગ્રીક ભાષામાં 'થ્રોમ્બોસ' શબ્દ વાપર્યો છે. (બાઈબલ લૂક ૨૨:૪૪). વૈદકીય વિજ્ઞાન પ્રમાણે લોહીની વિકૃત અવસ્થાને કારણે હૃદયમાં, મગજમાં કે અન્યત્ર નસોમાં લોહીનો ગઠ્ઠો બાઝે છે. એ જીવલેણ દરદને 'થ્રોમ્બોસીસ' કહે છે, એટલે કે લોહીના ગઠ્ઠા બાઝવા. ઈસુને પરસેવે પ્રવાહી

લોહીનાં ટીપાં નહિ, પણ બાઝેલા લોહીની કણીઓ કે ગઠ્ઠા ઝર્યા, એવું કંઈક આ ગ્રીક શબ્દ કહે છે. તેથી, અંગ્રેજી ઓથોરાઈઝડ આવૃત્તિમાં અને રીવાઈઝડ સ્ટાન્ડર્ડ આવૃત્તિમાં પણ 'ગ્રેટ ડ્રોપ્સ' (મોટાં ટીપાં), ન્યુ ઈંગ્લીશ બાઈબલ આવૃત્તિમાં 'ક્લોટસ' (ગઠ્ઠા), શુભ સંદેશમાં 'મોટાં ટીપાં' વાપર્યું છે. ભલે આપણી આવૃત્તિમાં 'ટીપાં' વાપર્યું હોય. લૂક સિવાય બીજી સુવાર્તાઓમાં આ બીના આપવામાં આવી નથી. લૂકની સુવાર્તાનો લેખક લૂક ડોકટર હતો. એણે વૈદકીય તપાસની સ્પષ્ટ વિગતો પ્રમાણે રજૂઆત કરી.

રે પાસે થઈને જનાર, તારી નજરમાં આ દુઃખ કંઈ નથી ? રે મુસાફર, જો ને મારો સ્વામી અહીં કેવો કષ્ટાય છે ! રાજાઓનો રાજા અને પ્રભુઓનો પ્રભુ, સારાયે સ્વર્ગ અને વિશ્વનો અધિષ્ટાતા અહીં ગેથસેમાનેના ડુંગરા પર ભારે કષ્ટથી ઊંધે મોઢે રૂદન કરે છે, કષ્ટાય છે !

આ પ્યાલામાં શું હતું એ આપણે જોયું. એટલે જ પ્રભુ ઈસુ એ પ્યાલો સ્વીકારતાં ધ્રૂજી ઊઠે છે. એ રૂદન અને કાલાવાલા સહિત પિતાને પોકારી ઊઠે છે, "ઓ પિતા, જો તારી ઈચ્છા હોય તો આ પ્યાલો મારાથી દૂર કર."

ગેથસેમાનેનો આ પ્યાલો એદનથી જ શરૂ થઈ ગયો હતો. આખી સૃષ્ટિ પર રેડાઈને એનો વિનાશ કરી નાખવાની અણી પર હતો, તે સમયે જ મારો ત્રાતા એ પ્યાલો ગટગટાવી જવા ગેથસેમાનેમાં આવે છે.

□

# ૧૩ ગેથસેમાનેમાં શેતાન દ્વારા પ્રલોભન

પિતાની ઈચ્છા પ્રમાણે નહીં વર્તવા શેતાન ઈસુની પાસે પરીક્ષણ લાવતો હતો. શેતાન પ્રભુ ઈસુ ખ્રિસ્તના જીવનમાં સતત પ્રલોભન કરતો રહ્યો હતો. અને આ ઘડીએ શેતાન પેલો પ્યાલો હડસેલી દેવાનું, પ્યાલો નકારી કાઢવાનું પ્રલોભન લાવે છે. શેતાન જાણી ગયો છે કે આવતી કાલે પોતે હારી જવાનો છે. એટલે જ અત્યારે ગેથસેમાનેમાં તેણે ત્રાતા ઈસુ ઉપર પ્રલોભન દ્વારા ખૂનખાર હુમલો કર્યો, પ્રલોભનનો પૂરો પરચો બતાવી દીધો. પ્રલોભનની ઊંડાઈ એનો ચાપ અને એનો ખૂનખાર હુમલો પ્રભુ ઈસુએ જે અનુભવ્યો, એવો આપણો કદી અનુભવી શકવાનાં જ નથી.

પણ પ્રભુ ઈસુએ તો સ્વેચ્છાથી લોકોનાં પાપનો આ પ્યાલો ગટગટાવી જવાનું, લોકોનાં પાપ માટે બલિ બની જવાનું અને ક્રૂસનું કારુણ્યભર્યું મોત ખમવાનું માથે લીધું હતું. તેઓ આ ઘાતકી તથા ઘૃણાસ્પદ મોતને અનિવાર્ય કમનસીબી નહોતા ગણતા. પણ એને પોતાના જીવનનો પરમપવિત્ર હેતુ ગણતા હતા. એટલે જ જ્યારે શેતાન તેમને તેમના પવિત્ર હેતુમાંથી ચલિત કરવા માગતો હતો ત્યારે મારો ત્રાતા પોતાનું ભયાનક શોકાતુરપણું દબાવીને સ્વીકારી લે છે કે ક્રૂસનું શરમજનક મોત એ જ એમને માટે ઈશ્વરપિતાની સર્વોત્તમ ઈચ્છા છે. એટલે જ તેમણે કારમા પ્રલોભનકાળે વિજયી બનીને ઈશ્વરપિતાને સંપૂર્ણપણે અઢેલતાં પ્રાર્થનામાં પોકાર્યું કે “ઓ પિતાજી, મારી નહિ, પણ તમારી જ ઈચ્છા પ્રમાણે થાઓ” (બાઈબલ માર્ક ૧૪ : ૩૬)

પિતાની ઈચ્છા પ્રમાણે જ હમેશાં કરવું એ પ્રભુ ઈસુને માટે

પ્રાણ સમું હતું. દુનિયાના ભયંકરમાં ભયંકર મૃત્યુ સમયે પણ પિતાની જ ઈચ્છાને આધીન ! આ કેવી ભવ્ય આજ્ઞાંકિતતા ! રે મારા આત્મા, તું કોની ઈચ્છા શોધે છે ! તું કહે છે કે "જેમ સ્વર્ગમાં તેમ પૃથ્વી પર તારી ઈચ્છા પૂરી થાવ." એ તારા હૃદયની પ્રાર્થના છે કે હોઠોની ?

□



# ૧૪ પાસ્ખાનો બલિ

એ સાંજે સોનેરી નગરી યરુશાલેમના અસ્તાચળે ભાણ ડૂબું ડૂબું થઈ રહ્યો હતો. સંગેમરમરના મંદિરમાં વડો પુરોહિત બાઇબલમાંથી નિર્ગમન (મહાપ્રયાણ)નો બારમો અધ્યાય વાંચતો હતો. હવે સૂર્યની રક્તરંગી કિનાર પશ્ચિમાચળે દેખાતી બંધ થઈ. મંદિરેથી વડો પુરોહિત ઉચ્ચારે છે : "અને એ જ માસના (નિશાન માસના) ચૌદમા દિવસ સુધી તમારે તેને (પાસ્ખાના બલિ તરીકેનો ઘેટો) રાખી મૂકવો અને ઇઝરાયલની આખી મંડળીના સમુદાયે તેને સાંજે કાપવો" (બાઇબલ : નિર્ગમન ૧૨ : ૬). અને આજે યહૂદી નિશાન માસનો ચૌદમો દિવસ હતો. એમ યરુશાલેમમાં મંદિરે તેમ જ ઘેર ઘેર પાસ્ખાનો ઘેટો કપાયો હશે. ભૂંજાયો પણ હશે. પાસ્ખાના પર્વટાણે યરુશાલેમમાં આવેલા ત્રણ લાખ યાત્રાળુઓના શહેર બહાર તાણેલા તંબુઓમાં પણ પાસ્ખાનો બલિ વધેરાયો હશે.

'પાસ્ખા' હિબ્રૂ ભાષાનો શબ્દ છે. એનો અર્થ 'પડતું મૂકવું' અથવા 'છુટકારો' થાય છે. હિબ્રૂ (અથવા ઇઝરાયલ) લોકોનો મિસરની ગુલામીમાંથી છુટકારો થયો તે છેલ્લી રાતે પાસ્ખા બલિ કાપવામાં આવ્યો હતો, એની આ યાદગીરી હતી.

ગેથસેમાનેમાં ગયા પહેલાં ઈસુ પણ પોતાના શિષ્યોની સાથે મેડી પર પાસ્ખાનું ભોજન જમવા બેઠા. અનેક સૈકાંથી પાસ્ખાનો ઘેટો - પાસ્ખાનો બલિ - કપાતો આવ્યો હતો. પણ એ તો માત્ર ઉપમારૂપે હતો. ખરા પાસ્ખાનો ખરો બલિ, એટલે પ્રભુ ઈસુ હવે આવી પહોંચ્યો હતો. પાપના બંધનમાંથી માનવજાતને છુટકારો પમાડનાર પ્રભુ ઈસુ જ પાસ્ખાનો ખરો બલિ હતા. સવાર થતાં

થતાં જગતનું પાપ હરણ કરનાર ઈશ્વરનો એ ખરો બલિ વધસ્તંભે વધેરાવાનો હતો. આજે રાતે યરુશાલેમની મેડીએ એ બલિ પોતે જ પોતાના રક્તનો નવો કરાર સ્થાપે છે. અને પોતાના સંભારણા તરીકે આ વિધિ કાયમ પાળવા કરવા પોતાના શિષ્યોને વિનવણી કરે છે.

□



# ૧૫ પ્રભુ ઈસુને રૂ. ૩૦માં જ કેમ વેચ્યા ?

માથ્થી ૨૬:૧૪, ૧૫માં લખવામાં આવ્યું છે કે, મુખ્ય યાજકોએ યહૂદાને રૂપિયા ત્રીસ તોળી આપ્યા. પ્રભુ ઈસુને પરસ્વાધીન કરવાના બદલામાં મુખ્ય યાજકોએ ત્રીસ રૂપિયા યહૂદાને આપ્યા. તો કેમ વધારે કે ઓછા નહિ ? માત્ર રૂ. ૩૦માં જ કેમ પરસ્વાધીન કર્યા ?

યહૂદીઓમાં ગુલામની કીંમત રૂપિયા ત્રીસ ગણાતી. એટલે એટલી કીંમતે પ્રભુ ઈસુને વેચવામાં આવ્યાં. નિર્ગમન ૨૧:૩૨માં આ પ્રમાણે આપ્યું છે : "જો તે બળદ કોઈના ચાકરને કે કોઈની ચાકરડીને શિંગડું મારે, તો (તેનો ધણી) તેમના શેઠને ત્રીસ શેકેલ રૂપું ભરી આપી, ને તે બળદ પથ્થરે મરાય."


વળી યર્મિયા પ્રબોધકે એ વિષે જે ભવિષ્યકથન કર્યું હતું તેને માથ્થીએ પોતાની સુવાર્તામાં આ પ્રમાણે નોંધ્યું છે : "ત્યારે મુખ્ય યાજકોએ તે રૂપિયા લઈને કહ્યું કે, એ લોહીનું મૂલ્ય છે માટે ભંડારમાં એ નાખવા ઉચિત નથી. પછી તેઓએ મનસૂબો કરીને પરદેશીઓને દાટવા સારુ તેનું કુંભારનું ખેતર વેચાતું લીધું. તે માટે આજ સુધી તે ખેતર 'લોહીનું ખેતર' કહેવાય છે. ત્યારે યર્મિયા પ્રબોધકે જે કહ્યું હતું તે પૂરું થયું કે, "જેનું મૂલ્ય ઠરાવવામાં આવ્યું, એટલે જેનું મૂલ્ય ઇઝરાયલપુત્રોએ ઠરાવ્યું તેના મૂલ્યના ત્રીસ રૂપિયા તેઓએ લીધા, અને જેમ પ્રભુએ મને હુકમ કર્યો, તેમ કુંભારના ખેતરને સારુ મેં તે આપ્યા" (માથ્થી ૨૭:૬-૧૦)"

આ ત્રીસ રૂપિયા તે આપણા ભારતના કે એવા કોઈ ચલણી નાણાંના રૂપિયા નહોતા. એ તો યહૂદીઓમાં વજનથી જોખાતા

રૂપાના શેકેલના ચાંદીના ત્રીસ કટકા હતા. ચાંદીનો એક શેકેલ એટલે લગભગ ૧૧ ગ્રામ ચાંદી થાય. એ પ્રમાણે ૩૦ શેકેલ એટલે ૩૩૦ ગ્રામ ચાંદી થઈ. આજના ચાંદીના ભાવ પ્રમાણે ૩૦૦ ગ્રામ ચાંદીનો ભાવ ગણી કાઢી શકાય.

યોસેફને રૂપિયા ૨૦માં વેચવામાં આવ્યો હતો, તે પણ ચાંદીના એક એક શેકેલના એવા ૨૦ કટકા હતા. અગિયાર ગ્રામ લેખે એ ૨૦ શેકેલનું વજન ૨૨૦ ગ્રામ થયું. એ ઉપરથી આજના ભાવ પ્રમાણેની કીંમત કાઢી શકાય. યોસેફની ૩૦ રૂપિયા નહિ, પણ ૨૦ જ રૂપિયા કીંમત ઊપજી એ આ કારણથી કે યોસેફ કાચી વયનો છોકરો હતો, પુખ્ત ઉંમરનો માણસ નહિ.

□



# ૧૬ નવો કરાર

'કરાર' શબ્દને માટે ગ્રીક ભાષામાં બે શબ્દો છે : સુનથેકે અને દિયાથેકે. લગ્નનો કરાર, ધંધાનો કરાર, લેવડદેવડના સોદાનો કરાર, એવા બે માણસ વચ્ચે, બે પક્ષો વચ્ચે થતા કરાર માટે ગ્રીક ભાષામાં 'સુનથેકે' શબ્દ વપરાતો. એમાં બંને પક્ષ શરતો નોંધાવી શકે, અને શરતોમાં ફેરફાર કરાવી શકે. ઈસુના મૃત્યુ પછી અમલી બને છે તે 'દિયાથેકે.' મૃત્યુ ટાણે થતા વસિયતનામા માટે 'દિયાથેકે' શબ્દ વપરાતો. વસિયતનામું જે મરવાનો હોય એ માણસ લખે. વસિયતનામું મેળવનાર વારસદાર એમાં કોઈ જાતનો ફેરફાર કરી શકે નહિ. વારસદાર એ વસિયતનામાનો કાં તો સ્વીકાર કરે, કાં તો એને ફગાવી દે. ઈસુ ખ્રિસ્તે મરતાં પહેલાં એવો કરાર કર્યો, વસિયતનામું કર્યું : "આ મારા રક્તમાંનો નવો કરાર છે." ત્યાં 'કરાર' શબ્દને માટે ઈસુએ 'દિયાથેકે' શબ્દ વાપર્યો છે.

ઈશ્વરે પોતાની નરી દયા અને કૃપાને કારણે આ કરાર કર્યો. આપણી સ્થિત કફોડી અને દયાજનક હતી અને આપણે નાશ પામવા જોગ અવસ્થામાં આવ્યાં હતાં, ત્યારે ઈશ્વરે આપણી પાસે આવીને આપણી સાથે કરાર કર્યો. આ મારા રક્તમાંનો નવો કરાર છે, દિયાથેકે. રે પાપી, તું અહીં આ થંભે દોડી આવ. અને આ કરાર, આ દિયાથેકેનો સ્વીકાર કરી લે. તારા મુક્તિદાતાએ તારે માટે મહા વારસો આપ્યો છે. એ સ્વીકારવો કે નકારવો એ તો તારી મરજીની વાત છે.

□

## ૧૭ ઈસુની ધરપકડ

અને આ દૂર દૂર મશાલો શાની સળગે છે ? આ તરફ જ આવતી લાગે છે ! અરે ! આ લોકો તલવારો, ભાલા, સોટા અને મશાલો લઈને અહીં જ આવે છે ! ફરોશીઓના મોકલ્યા, સાદુકીઓના મોકલ્યા આ બધા આવ્યા છે : ચાકરો, ગુંડાઓ, મંદિરના રક્ષક સિપાઈઓ અને રોમન સોલ્જરો ! આ કેવો શંભુ મેળો ! પરસ્પર વિરોધી એવા ફરોશીઓ અને સાદુકીઓનો મેળ કેમ બેઠો ? અને એ બંને જૂથો જે રોમનોને હાડોહાડ ધિક્કારતા હતા, તે રોમન સોલ્જરો પણ સંઘમાં ? જે પવિત્ર છે, પ્રેમ સ્વરૂપ છે, પરદુ:ખભંજનહાર છે, સત્ય છે, એને પકડવા આ સંઘી ? મંદિરના રક્ષક સિપાઈઓ વડા પુરોહિતે ઘડેલા કાવતરામાં સામેલ થાય કાયદાથી વિરુદ્ધની આ વાત થઈ.

યહૂદીઓના આગેવાનો (ફરોશીઓ, શાસ્ત્રીઓ, અને સાદુકીઓ) ઈસુને પકડવા લાંબા સમયથી મસલતો કરતા હતા, પણ સૂઝતું નહોતું કે શું કરવું. તેઓ ઈસુને પકડતાં બીતા હતા. જનતા ઈસુના પક્ષમાં હતી. આ પાસ્ખા પર્વમાં યહૂદિયા પ્રાંતમાંથી, ગાલીલના પ્રદેશમાંથી તેમ જ દુનિયાના અનેક બધા દેશોમાંથી લાખો યહૂદીઓ યરુશાલેમમાં એકત્ર થયા હતા. જો ઈસુને પકડવામાં આવે તો લોકોમાં ભારે ધાંધળ થાય, તોફાન ફાટી નીકળે. અને જનતા ઈસુનો પક્ષ લઈ યહૂદી આગેવાનો પર તૂટી પડે. કદાચ આ તોફાનો રાજકીય બળવાનું રૂપ પણ ધારણ કરે, અને ગવર્નર પિલાત તથા રોમન સરકાર આ બળવા માટે તેમને એટલે કે આગેવાનોને જવાબદાર ગણે એવી દહેશત આ યહૂદી આગેવાનોની હતી.

બીજો પણ એક ડર તેમના મનમાં છુપાયેલો હતો. કદાચ તેઓ ઈસુને પકડવા જાય અને ઈસુ કંઈક ચમત્કાર કરી દે, તો કદાચ તેમનો નાશ થઈ જાય,ઈસુ ન પકડાય અને આગેવાનોનું નાક અને નાણું બંને જાય, તેમ જ જનતા તેમની કાયમી વિરોધી બને.

એટલે તેમણે ઈસુને પકડવાની જવાબદારી યહૂદાને સોંપી. યહૂદા મોટું ટોળું લઈને ગયો. આમાં ત્રેવડો લાભ હતો. આગેવાનો સીધા ચિત્રમાં આવે નહિ, ઈસુનું સ્થળ ખોળવાની અને તેમને ઓળખવાની માથાકૂટ ન થાય, કદાચ ઈસુ ચમત્કાર કરે અને તેમને પકડવામાં સરિયામ નિષ્ફળતા મળે તો કદાચ તેમનો નહિ પણ યહૂદાનો નાશ થાય યા યહૂદાનું ખોટું દેખાય, કારણ આગેવાનો તો ચિત્રમાં હોય નહિ.

આજ સુધી ઈસુની પકડાઈ જવાની નિર્મિત ઘડી આવી નહોતી, એટલે ઈસુ તેમના હાથમાં આવતા નહોતા. પણ આજે એ ઘડી આવી ચૂકી હતી. ઈસુએ જ નહોતું કહ્યું કે “તે ઘડી પાસે આવી છે, અને માણસનો દીકરો પાપીઓના હાથમાં પરસ્વાધીન કરાય છે (બાઈબલ : માથ્થી ૨૬ : ૪૫). વળી, “તમે સૌ આજ રાત્રે મારા સંબંધી ઠોકર ખાશો કેમ કે લખેલું છે કે હું ઘેટાંપાળકને મારીશ, ને ટોળાનાં ઘેટાં વિખેરાઈ જશે” (બાઈબલ:માથ્થી ૨૬ : ૩૧). આ છેલ્લા અઠવાડિયા દરમિયાનની, અને ખાસ કરીને છેલ્લા ભોજન વખતની ઈસુની લગભગ એકેએક વાત તેમના આગામી મૃત્યુના ઝડપતી ઘેરાતા ઓળાઓ વિષે જ હતી.”

એટલે જ છેલ્લા ભોજન વખતે ઈસુએ યહૂદાને સંબોધીને કહ્યું, “તું જે કરવાનો છે તે જલદી કર” (બાઈબલ : યોહાન ૧૩ : ૨૭). યહૂદાએ આ બધી વાતો પારખી લીધી કે ઈસુનો મૃત્યુ સમય નજદિક

આવ્યો છે, અને આજે ગેથસેમાનેમાં તે લાંબો સમય ગાળવાના છે. એટલે યહૂદાએ જઈને યહૂદી આગેવાનોની સાથે મસલત કરી. યહૂદા આ આગેવાનો પાસે ગયો ત્યારે ગુરુવારની રાતના આઠ-નવ વાગ્યા હશે.

આ મસલત અને યહૂદી આગેવાનોની અંદર અંદરની મસલતો કેવી હશે ? કેવી કેવી શક્યતાઓ તેઓએ ચર્ચી હશે ? સમય કેટલો ટૂંકો હતો ! પાસ્ખા પહેલાં ઈસુને કાયદાકચેરીમાંથી અને પિલાત પાસેથી મૃત્યુદંડ દેવડાવવા વચ્ચે માત્ર થોડા કલાક જ હતા. આટલામાં બધી કાનૂની કામગીરી પતાવી શકશે ? કે નિષ્ફળ તો નહિ જવાય ને ? ઈસુને પકડયા પછી પિલાત તરત ન્યાયચૂકાદો આપશે ? - કે પછી પાસ્ખાપર્વનું એક અઠવાડિયું થંભી જવા કહે તો શું પરિણામ આવે ? વગેરે ચર્ચ્યું હશે. શું આ આગેવાનો પિલાતને એ રાત્રે મળ્યા હશે ? - એની સાથે મસલત કરી હશે ?

ગમે તેમ પણ આખરે આ આગેવાનોએ આવેલી તકને તરત પારખી લીધી, અને ઈસુને પકડવાની તાબડતોબ તરકીબ રચી કાઢી અને વ્યવસ્થા કરી દીધી.

યરુશાલેમના આરસ - મઢયા મંદિરની પાસે જ શહેરનો સુવર્ણ દરવાજો આવ્યો હતો. મંદિર પાસેથી શરૂ થઈ, સુવર્ણ દરવાજે પ્રવેશી, ટોળાએ કિદ્રોન નાળું ઓળગ્યું, 'અપરાધનો ટિંબો' વટાવ્યો, અને જૈતુનના પહાડ પર ચઢી એના યરુશાલેમ તરફના ઢોળાવ પર આવેલા ગેથસેમાને બાગમાં આવ્યા. અને પછી પેલાં ઘરડા પીલુડા જેવાં જૈતવૃક્ષો તરફ વળ્યા.

યહૂદાએ સંકેત કર્યો હતો ને ! નિશાની આપી હતી ને કે, "હું જેને ચૂમીશ તે જ તે છે, તેને પકડી લેજો" આ ટોળામાં ઈસુને

ઓળખનાર કોઈ નહિ હોય એટલે નિશાની આપવી પડી હશે ? જાણે બહારવટિયાને પકડવા નીકળ્યું હોય એવું આ ટોળું હવે પાસે આવ્યું. યહૂદા આગળ આવ્યો, ઈસુની સામે સ્મિત (?) ફરકાવ્યું, હાથ પહોળા કર્યા, ઈસુને વળગી પડયો-ભેટયો, અને....અને... ઓ પાસ્ખાના પૂર્ણ પ્રકાશિત ચાંદ, તું કેમ છુપાઈ જતો નથી ? ઓ આકાશ, તું રૂદનની ધારે ધારે કેમ ચૂઈ પડતું નથી ? ઓ જૈતફળોથી લચી પડેલાં જૈતવૃક્ષો, તમે બેથાનિયાના રસ્તાની કોર પરની પેલી અંજીરીની જેમ કેમ એકદમ સુકાઈ જતાં નથી ? અને ઓ જૈતુન પહાડના ખડકો, તમે કેમ ધ્રૂજી ઊઠતા નથી ? પ્રેમની નિશાનીને વિશ્વાસઘાતની એંધાણી બનાવી યહૂદા ઈસુને ચુંબન કરે છેય ખરો, ત્યારે ઓ પહાડો, તમે કેમ ફાટી પડતા નથી ? બાઈબલ : માર્ક ૧૪ : ૪૫ માં 'ચૂમ્યો' શબ્દ માટે જે ગ્રીક શબ્દ છે તેમાં વિશેષાર્થ છે. એમાં ચુંબન કર્યુંયે ખરું એવો વિશેષાર્થ છે. તેણે વિરોધીઓને ચુંબનની નિશાની આપી તો આપી, પણ આ ઘડીએ ચુંબન કર્યુંયે ખરું ! કેટલું નિષ્ઠુર હૈયું ! રે પતિ, રે પત્ની, રે મિત્ર, રે સાથીદાર, નિર્દોષ પરમ વિશ્વાસને પાસમાં લઈ તું દગો દે છે શું ? બેવફાની જીભ મીઠી હોય છે ! આવી મીઠી જબાન અને ઠાલાં (કે ઝેર ભરેલાં) હૃદય ઈશ્વરને કંટાળો ઉપજાવે છે.

સિપાઈઓએ ઈસુને પકડી લીધા. અને તેમના હાથ પાછળ બાંધી દીધા. એમ આ આખુંય સરઘસ બાગમાંથી નીકળી બેથાનીના રસ્તે પડયું. પછી અધવચથી ફંટાઈને યરુશાલેમના એન્ટોનિયો બૂરજ તરફ આગળ વધ્યું. એન્ટોનિયોના દરવાજે રોમન સોલ્જરો અટકી ગયા, અને બાકીનું ટોળું વડા પુરોહિતો કાયાફાસ અને આન્નાસના મહેલ તરફ વળ્યું.

રાત્રિનાં બે ક્યારનાયે વાગી ગયા હતા. ઈસુને આન્નાસની

પાસે લઈ ગયા. વિસેક વર્ષ ઉપર તે વડો પુરોહિત હતો. અત્યારે તો તે ઘણો ઘરડો થઈ ગયો હતો. ખરેખર તો એનો જમાઈ કાયાફાસ હાલ વડો પુરોહિત હતો. મંદિરમાં આ સસરા-જમાઈનો ધીકતો ધંધો ચાલતો હતો. એ ધંધો નાણાં-વિનિમય, બલિદાનનાં પશુ-પંખીના સોદા, વગેરેનો હતો. ખંધાઈથી ચાલતા આ ધંધામાં આવકનો પાર નહોતો. ઈસુએ એ જ બધા વેપારીઓને કોરડાથી મંદિર બહાર કાઢ્યા હતા.

□



# ૧૮ ન્યાયનું નાટક

શાસ્ત્રીઓ, ફરોશીઓ અને સાદુકીઓએ ઈસુનું કાસળ કાઢવા નિરધાર કર્યો હતો. અનેક પ્રકારના અટપટા પ્રશ્નો પૂછી ઈસુને રોમન રાજ્યના દ્રોહી, યહૂદીઓના નિયમશાસ્ત્રના દ્રોહી, અને ઈશ્વરનિંદક ઠરાવવા તેઓએ બહુ પ્રયત્નો કર્યા, પણ ન ફાવ્યા. એટલે ઈસુને છાનામાના પકડી આ કે તે બહાને ગુનેગાર ઠરાવી મારી નાખવા, એવું તેઓએ નક્કી કર્યું હતું. એટલે જ યહૂદીઓની સુપ્રિમ કોર્ટ સરખી સાન્હેદ્રિન આગળ ઈસુની થયેલી તપાસ માત્ર એક નાટક જ હતું. એમાં યહૂદીઓના બધા અદાલતી કાયદાને નેવે મૂકવામાં આવ્યા.

આન્નાસ વડો પુરોહિત નહોતો છતાં ઈસુને તેની પાસે લઈ જવામાં આવ્યા. આન્નાસને ન્યાય કરવાનો શો અધિકાર ? વડો પુરોહિત આ સુપ્રિમ કોર્ટ સરખી સાન્હેદ્રિનનો પ્રમુખ ગણાતો. યહૂદી કાનૂન પ્રમાણે આરોપ મૂકાયા પહેલાં આ રીતે કોઈની પ્રાથમિક તપાસ કરી શકાય નહિ. વળી રાતને સમયે સાન્હેદ્રિન સભા બોલાવી શકાય નહિ, અને રાતે માત્ર નાણાંને લગતા કેસ જ હાથ ધરી શકાય, પણ મરણલાયક કેસની તપાસ પણ થઈ શકે નહિ. પણ અહીં તો રાત્રિના અઢી-ત્રણ વાગે ઈસુને બાંધીને આન્નાસ પાસે અને આશરે આડા ત્રણ-ચારને સુમારે કાયાફાસની પાસે લઈ જાય છે. કાયાફાસ તે વર્ષે વડો પુરોહિત હતો. કેટલાકને એમ પણ હશે કે રાત હોવાને કારણે કાયદા પ્રમાણે કાયાફાસ ઈસુનો કેસ નહિ ચલાવે, અને સવાર સુધી મુલતવી રાખશે. પણ તેણે તો રાતોરાત માણસો દોડાવીને વડી સાન્હેદ્રિનના સભ્યોને તેડી

મંગાવ્યા. કેટલાક તો કાવતરા પ્રમાણે ક્યારનાયે હાજર જ હતા. મૃત્યુદંડ દેવા જેવો કેસ ચલાવવા વડી સાન્હેદ્રિનના ઓછામાં ઓછા ત્રેવીસ સભ્યો હાજર હોવા જોઈએ. રાત્રીના ૩ઃ૩૦ કે ૪ ના સુમારે કેટલા સભ્યો હાજર થયા હશે ! કોણ ગણવા બેઠું હતું ? જ્યાં ચૂકાદો અગાઉથી જ ઘડી રાખ્યો હતો !

આ સાન્હેદ્રિનના આગેવાનોએ જ એટલે કે વડા પુરોહિત કાયાફાસે જ યહૂદાને રૂપાના ત્રીસ કટકાની લાંચ આપી હતી, અને ઈસુની ધરપકડ કરાવી હતી. અને હવે એ જ કાયાફાસ મુખ્ય ન્યાયાધીશની ખુરશી પર બેઠો ! ફરિયાદી (અરે, કાવતરાખોર અને ગુનેગાર) પોતે ન્યાયાધીશ બને ! આ કેવી અદાલતી તપાસ ? સાન્હેદ્રિનના અન્ય કેટલા બધા સભ્યો આ કાવતરામાં સામેલ હતા? અને તેઓ જ ન્યાય કરવા એકઠા મળ્યા હતા ! એટલે ન્યાય કેવો ઊતરે એ તો તમે જ કહો.

કાયાફાસ યહૂદીઓની સૌથી વડી અદાલત (સુપ્રિમ કોર્ટ) સાન્હેદ્રિનને ટોચનો ન્યાયાધીશ હતો. તે જ વડો પુરોહિત પણ હતો. એની સત્તા ભારે હતી. પણ રાજા હેરોદ આન્તીપાસ અને યહૂદીયાના રોમન રાજ્યપાલ (ગવર્નર)ની મહેરબાનીથી તેમ જ પુષ્કળ પૈસો વેરીને તે આ પદ પામ્યો હતો. તેઓ ધારે તો એને એ પદ પરથી ખસેડી નાખી શકે. સૌથી વધુ રકમ લાંચમાં આપનારને આ પદે બેસાડવામાં પિલાત અને હેરોદ આન્તીપાસ ઠીક ઠીક કમાણી કરી લેતા. આમ કાયાફાસને આ પદ મેળવવા અને ટકાવી રાખવા અનેક આડીઅવળી રીતે પૈસો મેળવવો પડતો. મંદિરમાં ચાલતો વેપાર એને ઠીક કમાણી કરી આપતો. પુરોહિતો (યાજકો)ને પોષણ પૂરું પાડવા માટેનાં દશાંશોનો વિપુલ જથ્થો વડા પુરોહિતના તાબે જ રહેતો ને ! પુરોહિતોને એમાંથી થોડુંક મળતું, બાકીનો મોટો હિસ્સો વડો પુરોહિત ઓહિયાં કરી જતો. પાછળથી

પિલાતની જગાએ આવેલા વિતેલિયસ ગવર્નરે કાયાફાસને પદ પરથી ઊતારી નાખ્યો હતો,અને આન્નાસના દીકરાને (કાયાફાસના સાળાને) એ પદે બેસાડયો હતો. પૈસા અને લાગવગને લીધે રાજકીય વર્તુળોમાં અને ધર્મનાં વર્તુળોમાં આન્નાસની લાગવગ અને પકડ એવી હતી કે એના પાંચેય દીકરા અને જમાઈ કાયાફાસ કોઈને કોઈ સમયે વડા પુરોહિત થયા ! આન્નાસના ચાકરો પણ ગુંડાગીરી કરનારા હતા, અને આન્નાસને નામે બળજબરીથી કે ગુંડાગીરીથી પ્રજા પાસેથી પૈસો ઓકાવતા. કાન કપાયેલો માલ્ખસ પણ એમાંનો જ એક ચાકર હતો ને !

દશાંશો અને પ્રથમ ફળોની આવક ઉપરાંત વડા પુરોહિતના અને આન્નાસના કુટુંબના અનેક ધંધા ધીકતા રહેતા. મંદિરનો કર ભરવાને માટે અર્ધા શેકેલનો સિક્કો મંદિરનું નાણું હતું. રોમન નાણાંમાં કે અન્ય દેશોનાં નાણાંમાં મંદિરનો કર ભરી શકાય નહિ. કારણ એ પરદેશી નાણું ગણાતું. આ વિનિમય કરવાના, અને વટાવ ખાવાના ધંધાની ઠેકાગીરી એમની જ હતી.

મંદિરમાં અર્પણ માટે ઘેટાં, બકરાં, ગોધા, કબૂતર, હોલાં વગેરે પ્રાણીઓ અને પંખીઓનું અર્પણ ચઢાવવામાં આવતું. પણ નિયમશાસ્ત્ર પ્રમાણે આ પ્રાણીઓ અને પંખીઓ શુદ્ધ તથા ખોડખાંપણ વગરનાં હોવાં જોઈએ. આન્નાસના કુટુંબે મંદિરનાં આંગણાંમાં જ આવાં પશુ પંખીની કોઢો અને ખાનાં રાખ્યાં હતાં. દેશ દેશાવરથી યહૂદીઓ અર્પણને માટે યરુશાલેમમાં આવતા. એવાં બહારગામથી લાવવામાં આવેલાં પશુ-પંખી અને જાનવરોને આન્નાસના હાથ નીચેના પુરોહિતો એબ અને ખોડખાંપણવાળાં જ ઠેરવતા. પછી મોંઘામૂલે પોતાનાં પશુપંખી તેમને વેચતાં. આ પણ ધીકતો ધંધો હતો.

□

# ૧૯ સાન્હેદ્રિન (કાયદાની કચેરી, ન્યાયસભા)

ઉપર જોયું તમે યહૂદીઓની 'સુપ્રિમ કોર્ટ' સાન્હેન્દ્રિન હતી. 'સાન્હેદ્રિન' ગ્રીક શબ્દ છે. અને એનો અર્થ 'સભા' થાય છે. એ ન્યાય ચૂકવનાર સભા હતી, અને સાથે સાથે કાયદા ઘડનારી સભા પણ હતી. કાયદા ઘડવા, એમનો અમલ કરાવવો, અને ન્યાય તોળવો એ બધું એનું જ કામ હતું. એનું હિબ્રૂ નામ હતું : "બેતદિન - હાગાદલ (=હાઈકોર્ટની વડી કાઉન્સિલ). એમાં સિત્તેર સભ્યો અને એક વડો પુરોહિત મળી એકોતેર જણ બેસતા. આ વડી સાન્હેદ્રિન યરુશાલેમમાં મળતી."

પ્રભુ ઈસુના સમયમાં સાન્હેદ્રિન એ યહૂદીઓની વરિષ્ઠ અદાલત (સુપ્રિમ કોર્ટ) હતી. એની પાસે ધાર્મિક, સામાજિક અને અમુક અંશે રાજકીય સત્તા પણ હતી. એ છેક રાજા યહોશાફાટના સમયથી આવી ન્યાયસત્તાની કામગીરી બજાવતી આવી હતી. જો કે એ શરૂઆતના સમયમાં એનું સ્વરૂપ, એનું બંધારણ અને એની ન્યાય તોળવાની પદ્ધતિ કંઈક અંશે જુદી હતી, પણ એ મૂળમાંથી જ સાન્હેદ્રિન ઊતરી આવી હતી. યહોશાફાટે ગામડાંઓ, શહેરો અને યરુશાલેમમાં આવી ન્યાયસભાઓ સ્થાપી હતી, (૨ કાળવૃત્તાંત ૧૯:૫-૧૧). એઝરા - નહેમ્યાના સમયમાં (૪૫૦-૪૦૦ ઈ.પૂર્વે) જે "મહાસભાગૃહ" તરીકે ઓળખાતું હતું, તેને સાન્હેદ્રિનનું પૂર્વજ અથવા પૂર્વસ્વરૂપ ગણી શકાય.

એ 'મહાસભાગૃહ' મંડળનું અસ્તિત્વ ઈ.પૂ. ૨૫૦માં મટી ગયું. અને એની જગાએ 'સાન્હેદ્રિન' અસ્તિત્વમાં આવી. સાન્હેદ્રિનમાં ૭૦ જણા ન્યાય તોળવા બેસતા. આરિમથાઈનો

યોસેફ જેની નવી જ કબરમાં ઈસુના શબને દાટવામાં આવ્યું હતું તે યોસેફ પણ આ ન્યાયસભાનો એક સભ્ય હતો (માર્ક ૧૫:૪૨). 'સાન્હેદ્રિન' શબ્દ ગ્રીક શબ્દ સુનેદ્રિયોન (=ભેગા બેસવું, યા સભા)નું અરામી ભાષાનું રૂપ છે. એનું હિબ્રૂ નામ 'બેતદ્દિન હોમાદલ' હાઈકોર્ટની વડી કાઉન્સિલ. પ્રમુખ યાજક હોદ્દાની રૂએ એનો પ્રમુખ બનતો. આ સાન્હેદ્રિન તે તમામ યહૂદીઓ માટેની ન્યાયસભા હતી, અને યરુશાલેમમાં એની બેઠકો યોજાતી. ગામડે ગામડે પણ આવી નાની નાની ન્યાયસભાઓ સ્થાનિક ચુકાદાઓ માટે હતી. વરિષ્ઠ સાન્હેદ્રિનમાં જે ૭૦ જણ બેસતા તેમાંના મોટા ભાગના યાજકો, સાદુકીપંથી અમીરો, કેટલાક ફરોશીઓ, શાસ્ત્રીઓ અને કુળના અથવા કુટુંબના વડા વડીલો તરીકે હતા.

એ વડી અદાલતની નીચે બીજી કેટલીક ઊતરતી કક્ષાની સાન્હેદ્રિન હતી અને એમાં કુલ ૨૩ સભ્યો બેસતા. એમાંની બે સાન્હેદ્રિન યરુશાલેમમાં બેસતી, અને એવી અન્ય સાન્હેદ્રિનો દેશના મોટાં મોટાં શહેરોમાં બેસતી અને ન્યાય ચલાવતી. એનાથીયે ઊતરતી એટલે કે ત્રીજી કક્ષાની સાન્હેદ્રિનો ગામડાઓમાં બેસતી. એ ગામડાંની કચેરીઓ ગણાતી અને એમ ત્રણ ત્રણ સભ્યો બેસતા.

ઈસ્વીસન પૂર્વે ૫૫મા ગોબનિયસે આખા યહૂદી પ્રદેશને એવી રીતે વિભાગી નાખ્યો કે પાંચ સાન્હેદ્રિનો એ બધા પર સત્તા ચલાવે, અને ચુકાદા આપે. આમાંની યહૂદિયા પ્રદેશ માટેની ત્રણ સાન્હેદ્રિનો યરુશાલેમમાં, ગઝારામાં અને યરેખોમાં હતી.

બીજાં દશ વર્ષ પછી રોમન કૈસરે મહાન હેરોદને રાજા નીમ્યો, અને બીજી સત્તા એને સોંપી, અગાઉ એક સમય ખૂનના કેસમાં એ હેરોદનો કેસ સાન્હેદ્રિનમાં ચાલ્યો હતો. હેરોદ રાજા નીમાતાં એણે પહેલું કામ એ કર્યું કે સાન્હેદ્રિનના બધા સભ્યોને મારી નાખ્યા.

એ પછી જે સાન્હેદ્રિન નીમવામાં આવી તેના સભ્યો લગભગ

હેરોદના વગના કે એનું 'હા' ભણનારા હતા. પણ હેરોદના અને તેના પછી ગાદીએ આવેલા આર્ખેલાઉસના મૃત્યુ બાદ જે સાન્હેદ્રિન સત્તાધારી બની તે તો જૂના વડા પુરોહિતોની તેમ જ ધાર્મિક આગેવાનો (વડીલો)ની બનેલી હતી, અને એનું સંચાલન વડા પુરોહિત હસ્તક થતું. આમાં સાદુકીમાંથી યહૂદીઓનું વર્ચસ્વ હતું. આમ તો સાન્હેદ્રિન એ જ સુપ્રિમ કોર્ટ હતી, પણ મૃત્યુદંડનો અધિકાર તેઓની પાસે નહોતો. એ અધિકાર તો રોમન ગવર્નરને હસ્તક જ હતો. રોમન ગવર્નર માન્ય રાખે તો જ મૃત્યુદંડનું સાન્હેદ્રિને આપેલું ફરમાન માન્ય બનતું.

બધા જ ફોજદારી ગુનાઓ અંગે, અને ખાસ કરીને મૃત્યુદંડના કેસોમાં યહૂદી કચેરીના કાયદા ઘણા કડક હતા. ઘણા પ્રકારનાં જુદાં જુદાં કારણોસર મૃત્યુદંડ આપી શકાતો. જેમ કે, ચેતવણી છતાં સાબ્બાથભંગ, જાદુ, મૂર્તિપૂજા, જૂઠા પયગંબર હોવું, ખૂન કરવું, હઠીલા અને બંડખોર પુત્ર હોવું, ઈશ્વરનિંદા કરવી, ઇત્યાદિ કારણોસર મૃત્યુદંડ ફરમાવવામાં આવતો.

યહૂદી કાયદામાં ગુનાના પ્રકાર પ્રમાણે ચાર પ્રકારના મૃત્યુદંડ દેવાતા, પથ્થરે મારવું, અગ્નિમાં બાળવું, ફાંસો દેવો અને માથું કાપી નાખવું. હિબ્રૂ કાયદામાં વધસ્તંભનો મૃત્યુદંડ નહોતો. એ તો રોમન સજા હતી.

□

# ૨૦ માનવતા ભર્યા યહૂદી કાયદા

યહૂદી કાયદા પ્રમાણે ઓછામાં ઓછા બે સાક્ષી દ્વારા જ માણસનો ગુનો સાબિત કરવામાં આવતો. જ્યાં સાક્ષી ન હોય, એક જ સાક્ષી હોય, કે બે સાક્ષીઓની સાક્ષી મળતી આવતી ન હોય, એક બીજાની વિરુદ્ધ જતી હોય, ત્યાં ગુનો સાબિત થયો ન ગણાતો. ઈસુની વિરુદ્ધ કોઈની સાક્ષી એકબીજા સાથે મળતી આવતી નહોતી તોયે એમને ગુનેગાર જ ઠરાવ્યા ! (બાઈબલ માર્ક ૧૪ : ૫૯). જૂઠા સાક્ષીને મુખ્ય ગુનેગાર જેવી જ સજા થતી. કોઈ સાક્ષી અથવા અન્ય વ્યક્તિને કેસ કાઢી નાખવા કંઈ કારણ દર્શાવવાનું હોય તો કોઈ પણ ઘડીએ એનું સાંભળવામાં આવતું. આરોપીને પોતાના બચાવ માટે કંઈ મુદ્દો રજૂ કરવાનો હોય તો એ છૂટ તેને મળતી. (ઈંગ્લેન્ડમાં ઈ.સ. ૧૮૯૮ સુધી એ હક્ક નહોતો) ગુનો સાબિત કરવા બે જણાની સાક્ષી પૂરતી મનાતી. આરોપીને નિર્દોષ ઠરાવવા જુબાની એક વખતે આપી હોય તેને પોતાનો મત બદલવા પરવાનગી નહોતી. પણ જેણે ગુનાની સાબિતીમાં જુબાની આપી હોય તેને સજાનો અમલ થાય તે પહેલાં ગમે ત્યારે પોતાનો મત બદલવા અને એ મુજબ જુબાની આપવા છૂટ રહેતી.

નિર્દોષ વ્યક્તિને ગફલતથી મૃત્યુદંડ ન અપાઈ જાય માટે યહૂદી કાયદામાં ખૂબ કાળજી રખાતી. એવી વ્યક્તિને કોર્ટે ન્યાય ચૂકવી દીધો હોય અને ચુકાદો સંભળાવી દીધો હોય તોયે એટલેથી એનો અંત નહોતો આવતો. ચુકાદો સંભળાવ્યા પછી એ જ દિવસે એનો અમલ કરવામાં આવતો, અને શહેરના કોટની બહાર મૃત્યુદંડ દેવાતો.

મૃત્યુની સજા પામેલા ગુનેગારને કચેરીએથી શહેરના કોટની બહાર લઈ જવામાં આવતો ત્યારે એક સંત્રીને હાથમાં રૂમાલ આપીને કચેરીના દ્વારે ઊભો રાખવામાં આવતો. ઘોડે પલાણેલા બીજા એક સંત્રીને રસ્તામાં એવી જગ્યાએ ઊભો રાખવામાં આવતો કે મૃત્યુદંડના સ્થળેથી તે બહુ વેગળો ન હોય, છતાં કચેરીના દ્વારે રૂમાલ પકડી ઊભેલા પેલા સંત્રીને તે બરાબર જોઈ શકે. સૈનિકો ગુનેગારને લઈને વધસ્થાન તરફ જતા હોય ત્યારે આગળ ઢંઢેરો પીટાવનાર ચાલતો હોય અને ગુનેગારનું નામ, તેનો ગુનો અને તેને ફરમાવવામાં આવેલી શિક્ષા પોકારતો હોય. વળી તેની સાથે સાથે એમ પણ પુકારતો હોય કે, "આ ગુનેગારને નિર્દોષ છોડી મૂકવામાં આવે એવું કારણ કે પુરાવો કોઈની જાણમાં હોય તો તે આવે અને બચાવનો રદિયો રજૂ કરે."

કોઈ રીતે આવા સાક્ષી વિષેની જાણ થાય એટલે કચેરીના હુકમથી રૂમાલ પકડીને ઊભેલા સંત્રી રૂમાલ ફરકાવે. એટલે ઘોડા ઉપરનો સંત્રી ગુનેગારને લઈ જતા સરઘસને થોભાવે, અને ગુનેગારને પાછો કચેરીએ લઈ જાય. પેલો સાક્ષી ગુનેગારના બચાવના મુદ્દા રજૂ કરે. એ સાક્ષી કચેરીનો સભ્ય હોય કે ન હોય, અગાઉ સાક્ષી પુરનારો હોય કે ન હોય, છતાં એનું સાંભળવામાં આવતું.

આટલું જ નહિ પણ ખુદ વધસ્થાને લઈ જવાતા ગુનેગારને પોતાને રસ્તામાં જ પોતાના બચાવનો કોઈ મુદ્દો સ્ફૂરી આવે, તો કાયદો જણાવે છે કે, એને પોતાનો બચાવ રજૂ કરવા કચેરીએ પાછો લાવવામાં આવે. ભલે પછી એને ચાર કે પાંચ વખત એમ પાછો લાવવામાં આવ્યો હોય, એટલું જ કે એના બચાવમાં કંઈક તથ્ય હોવું જોઈએ (સાન્હેદ્રિન ૬ :૧)

ઓ મારા પ્રભુ, કેટકેટલા યહૂદી કાયદાની આવી આવી

બચાવની માયાળુ કલમોમાંથી કોઈનોયે લાભ તમને મળ્યો નહિ ? કલંક રહિત ઓ મારા ત્રાતા, તમે તો સદાય નિર્દોષ જ છો એની સાબિતીઓ ક્યાં ક્યાં નથી દેખાતી ! વિશ્વાસઘાતી યહૂદાની વાણીમાં (નિરપરાધીનું મેં લોહી વહેવડાવ્યું છે), મરતા ચોરના મુખ ઉપર (એણે કંઈ ખોટું કર્યું નથી.), રોમન સુબેદારની સાક્ષીમાં ("ખરેખર એ ઈશ્વરપુત્ર હતો."). પિલાતની જાહેરાતમાં "મને એનામાં કંઈ દોષ માલુમ પડતો નથી." પિલાત પત્ની કલોડિયા પ્રોક્યુલાની સ્વપ્નીલ સાક્ષીમાં ("સદાચારી જનને તમે કંઈ કરતા ના, કારણ આજે મને સ્વપ્નમાં તેમને લીધે ઘણું દુઃખ થયું છે."), અને બીજે ક્યાં નહિ ? તોય તમને આ માયાળુ કલમોમાંથી કોઈનોય લાભ મળ્યો નહિ ? રે મારા દશ હજારમાં શિરોમણી સ્વામી, તમે બોલ્યા હોત તો આભલાના ગોટેગોટ ચીરીને આખુંયે આકાશ તમારી સાક્ષીમાં ઊતરી આવ્યું હોત ! તમે બોલ્યા હોત તો ગગનગોખના સઘળા જ સૂર્યો, ચંદ્રો અને તારાઓ તમારા ચરણોએ આવી પડીને એમની - વચન પણ નથી અને શબ્દ પણ નથી, અને જેની વાણી સંભળાતીયે નથી એવી મૂક, પણ અણુભંજનના ધડાકાથીયે અધિક પ્રચંડ એવી સાક્ષી પૂરી દેત. ઓ ખલકના ખાવિંદ, તમે બોલ્યા હોત તો મધસરોવરોનાં નીતર્યાં નીરે ઊમટી આવીને છાલકે છાલકે તમારી સાક્ષી પૂરી હોત. હા, જો તમે બોલ્યા હોત તો હરણાં ને સાબરો, ચકલાં ને કાબરો, હા, વાઘ અને સિંહ બાજ અને રીંછ - સંઘાંએ આવીને કેવી કેવી સાક્ષી પૂરી હોત ! પણ તમે મૂંગા રહ્યા ! ઘેટી કાતરનારની આગળ મૂંગી રહે તેમ તમે છેક મૂંગા રહ્યા ! તમે તો માનવ જાતની પાપ-મુક્તિ માટે બલિદાન બની જવા આવ્યા હતા, એટલે તમે તો મૂંગા જ રહો ને !

પણ ઓ યહૂદીઓના આગેવાનો, ઓ શાસ્ત્રીઓ અને ફરોશીઓ તમનેય એટલું ના સૂઝયું? કાયદાની આવી માયાળુ

કલમોનો લાભ મારા પ્રભુને આપવાનું તમનેય ના સૂઝયું ? હા પણ તમને તો ક્યાંથી સુઝે ? ન્યાયની ચકાસણી કરવાને બદલે ઊલટું એ નિર્દોષ ઈસુને મારી નાખવા માટે તમે યાજકોએ અને આખી ન્યાયસભાએ તેમની વિરુદ્ધ જૂઠી જુબાની શોધી. (બાઈબલ : માથ્થી ૨૬ : ૫૯). કેમ કે મારા પ્રભુએ કહ્યું હતું તેમ, “આ તમારી ઘડી અને અંધકારનું સામર્થ્ય છે” (બાઈબલ : લૂક ૨૨ : ૫૩)

અને ઓ મારા પ્રભુ, ઓ મારા ‘‘દુ:ખી પુરુષ અને દરદના અનુભવી,’’ તમારી દીનાવસ્થામાં તમારો ન્યાય ડૂબી ગયો ! ‘તમારા પર જુલમ ગુજારવામાં આવ્યો તોયે તમે નમ્ર થઈને પોતાનું મોં ઉઘાડયું જ નહિ ! પણ એમ જ તમે ‘‘મારાં દરદ તમારે માથે લીધાં, અને મારાં દુ:ખ તમે વેઠયાં ! રે મારા ત્રીધન્ય સ્વામી, તમારા પાવનકારી ચરણોમાં મારું નત મસ્તક નમાવું છું. વંદન ! મારાં લાખોલાખ વંદન !

□

# ૨૧ ઈસુ ઉપર ઓઢાડેલા આરોપો

ઘણા જૂઠા સાક્ષીઓ ઊભા કરવામાં આવ્યા હતા, અને તેઓએ તરેહ તરેહની જૂઠી જુબાનીઓ રજૂ કરી. એ બધી જુબાનીઓનો સાર આટલો જ હતો : (૧) ઈસુએ મંદિરને પાડી નાખી ત્રણ જ દિવસમાં પોતે ઊભું કરવાનું કહ્યું હતું; (૨) તેમણે પોતે ઈશ્વરપુત્ર હોવાનો એટલે કે ઈશ્વર સમાન હોવાનો દાવો કર્યો હતોઃ (૩) તેમણે લોકોને કૈસરની વિરુદ્ધ ઉશ્કેર્યા હતા.

પહેલો આરોપ ખરો હોય તો ઈસુ જાદુગર છે, અથવા બાલઝબુલની મદદથી આવાં કામ તે કરે છે. એટલે નિયમશાસ્ત્ર પ્રમાણે એવી વ્યક્તિને મારી નાખવી રહી (બાઇબલ : નિર્ગમન ૨૨ : ૧૮, લેવીય ૨૦ : ૨૭). વળી ઈશ્વરના મંદિરને પાડી નાખવાની હલકટ વાત કરવી એ ધર્મનિંદા કહેવાય, ઈશ્વરનિંદા કહેવાય. અને નિયમશાસ્ત્ર પ્રમાણે એવી વ્યક્તિને પથ્થરે મારવી રહી. પણ ઈસુએ તો પોતાના શરીરરૂપી મંદિર વિષે કહ્યું હતું.

ત્રીજો આરોપ માત્ર બનાવટ હતી, અને ગવર્નર પિલાતની તરફદારી મેળવવા માટે જ ઉપજાવી કાઢેલો આરોપ હતો. આ બધી જુબાની અરસપરસ મળતી આવતી નહોતી, એટલે એ જૂઠી ઠરી.

□

# ૨૨ વડા પુરોહિતનો ચુકાદો

પરોઢિયું થવા આવ્યું. હજી સાન્હેદ્રિન ઈસુને દોષિત ઠરાવી શકી નથી. યહૂદી કાયદા પ્રમાણે 'સાબ્બાથ'વાર વિશ્રામનો દિવસ હોઈને સાબ્બાથવારે એટલે શનિવારે અથવા તહેવારના દિવસોએ ન્યાયસભા બેસાડી શકાય નહિ ! એટલે શુક્રવારની સંધ્યા પહેલાં ચુકાદો અને ચુકાદાનો અમલ પતી જવો જોઈએ. પણ અહીં શુક્રવારનું મળસ્કું થઈ ગયું છે. જૂઠા સાક્ષી બહુ ઊભા કર્યા, પણ કોઈની સાક્ષી એકબીજાને મળતી આવતી નથી. (બાઇબલ : માર્ક ૧૪ : ૫૬-૫૯). હવે શું કરવું ? પ્રભાત પહેલાં ચુકાદો અપાઈ જવો જોઈએ, ઈસુને મૃત્યુદંડ ફરમાવવો જોઈએ. પણ ક્યો ગુનો શોધી કાઢવો ? ક્યો દોષ મૂકવો ? એકેય જડતો નથી !

એટલે વડા પુરોહિત કાયાફાસે કાયદાને કોરે મૂકી દીધો. અને ન્યાયાધીશ તરીકે પોતે ભજવવાનો ભાગ છોડીને તે વકીલ બની બેઠો ! કાયાફાસે પોતે ઈસુને પ્રશ્ન પૂછીને ઊલટતપાસ શરૂ કરી !

પણ એ કાયદાશાસ્ત્રથી બિલકુલ વિરુદ્ધ હતું. એમાં સાક્ષીઓની જુબાની મળતી આવતી ન હોય પણ જૂઠી ઠરતી હોય તોપણ ન્યાયાધીશ આરોપીની ઊલટતપાસ કરી શકે જ નહિ. ખરું તો આવા સંજોગોમાં આરોપીને છોડી મૂકવો જોઈએ, અને જૂઠા સાક્ષીઓને યહૂદી કાયદા પ્રમાણે પથ્થરે મારવા જોઈએ. પણ તેમ ન કરતાં અહીં તો ન્યાયાધીશ પોતે જ ઈસુની ઊલટતપાસ કરવા મંડી જાય છે ! આ કેવું અંધેર ! આ કેવો હડહડતો અન્યાય !

યહૂદીઓની કાયદાકચેરીના તમામ નિયમોની વિરુદ્ધ આ થતું હતું. યહૂદી કાયદો તો નાગરિકનો રક્ષક હતો, અને નહિ કે ભક્ષક.

આ નિયમ પ્રમાણે આરોપી પર આરોપ મૂકવાનો અધિકાર સાક્ષીઓનો રહેતો, નહિ કે ન્યાયાધીશનો. કચેરીની જવાબદારી એ રહેતી કે આરોપીના હિતનો તે બચાવ કરે અને જુબાનીઓ પરથી સમતુલ ન્યાય તોળે. પણ અહીં તો 'વાડ જ ચીભડાં ગળવા લાગી' પછી શું કહેવું ?

ઈસુ ગુનેગાર છે એવી કોઈની જુબાની ખરી પડી નહોતી કોઈ પુરાવો મળ્યો ન હતો. એટલે કચેરીની દૃષ્ટિએ ઈસુ હજી નિર્દોષ જ હતા. ત્યારે કાયાફાસ કેવી રીતે ઊલટતપાસ કરી શકે ! ગુનેગારની ઊલટતપાસ હોય પણ જેની સામે તહોમત મૂકાયું જ નથી એવા નિર્દોષની ઊલટતપાસ ન હોય. અને ન્યાયાધીશ પોતે ઊલટતપાસ કરી શકે જ નહિ.

ન્યાયાધીશ કાયાફાસે પ્રશ્ન પણ કેવો પૂછ્યો ? પ્રશ્નનો હકારમાં જવાબ પણ ખતરનાક, અને નકારમાં જવાબ પણ ખતરનાક ! વળી પ્રશ્નનો જવાબ કંઈ જ ન વાળે, મૂંગા રહે તોયે આકરા 'સમ' ને લીધે ઈસુ ગુનેગાર ગણાય. કેવો ત્રી-પાંખાળો સાણસો ! પ્રશ્ન હતોઃ "ઈશ્વરનો પુત્ર જે ખ્રિસ્ત તે જ તું છે કે નહિ, એ અમને કહે (બાઇબલ : માથ્થી ૨૬ : ૬૩, વળી જુઓ માર્ક ૧૪ : ૬૨. લૂક ૨૨ : ૬૭-૭૦). જો જવાબ ન આપે તો ઈસુનું દૈવી સેવાકાર્ય નષ્ટ થાય. જો ના કહે તો ઈસુ પોતાના જ શબ્દોથી જૂઠો પયગંબર ઠરે, અને એવા માટે કાયદામાં મૃત્યુદંડ જ હતો. જો 'હા' કહે તો આ લોકોના ન્યાય મુજબ ઈશ્વર-નિંદા કરી કહેવાય. અને યહૂદી કાયદા પ્રમાણે ઈશ્વરનિંદા માટે મૃત્યુદંડ જ હોય ! કેવા ત્રેવડા સાણસાનો પ્રશ્ન ! ગમે તે જવાબ મળે, પણ બોલનાર દોષિત જ ઠરે !"

પણ યહૂદી કાયદામાં એક કલમ હતી કે કોઈ પણ વ્યક્તિના પોતાના એકલાના જવાબ પર જ એને ગુનેગાર ન ગણવામાં આવે. જ્યાં અન્ય સાક્ષી ન મળતી હોય ત્યાં વ્યક્તિના પોતાના બોલને

ગુનેગારીની સાબિતી તરીકે ન ગણી શકાય. પણ ઈસુએ આ પ્રશ્નના આપેલા જવાબમાં જ ઈસુને દોષિત ઠરાવ્યા ! કાયદો એવી કબૂલાત માન્ય રાખતો નહોતો, છતાં ઈસુને ગુનેગાર ઠરાવ્યા ! અને તોયે ન્યાયાધીશે પોતે ! કાયદા કચેરીની આ કેવી બલિહારી !

અને ઈસુ મૂંગા ન રહે પણ જવાબ વાળે માટે કાયાફાસે ગંભીરમાં ગંભીર સમ દઈને તેમને પ્રશ્ન પૂછયો, જેથી ઈસુએ ઉત્તર વાળવો જ પડે. કાયાફાસે સમ દીધા : "હું તને ચેતનસ્વરૂપ પરમેશ્વરના સમ દઉં છું કે ઈશ્વરનો પુત્ર જે ખ્રિસ્ત તે તું જ છે કે નહિ, એ અમને કહે." કાયાફાસનું કેવું કપટ ! યહૂદીઓના કાનૂનગ્રંથ મિશ્નામાં આમ લખ્યું છે : "જો કોઈ એમ કહે કે સર્વસમર્થના નામમાં હું તને સમ દઉં છું અથવા સૈન્યોના પ્રભુના નામે, કૃપાળુ અને દયાળુના નામે, ખામોશી રાખનારના નામે, અનુકંપાળુના નામે, કે પછી કોઈપણ દૈવી નામ કે ખેતાબને નામે હું તને સમ દઉં છું તો પછી સામી વ્યક્તિએ જવાબ આપવો જ પડે." એ પરથી જ કાયાફાસે ઈસુ પાસેથી જવાબ કઢાવવા માટે આ જાતના આકરા સમ દીધા. કાયાફાસની કેટલી ખંધાઈ ! આવા આકરા સમની સામે કોઈ પણ માણસ મૂંગો રહી શકે નહિ."

ઈસુએ જવાબ વાળ્યો "તમે જ કહો છો. વળી, હું તમને કહું છું કે, હવે પછી તમે માનવપુત્રને સર્વસમર્થ ઈશ્વરને જમણે હાથે બિરાજમાન તથા આકાશનાં વાદળો ઉપર આરૂઢ થઈને આવતો જોશો."

આ જવાબથી કાયાફાસ ખુશ થઈ ગયો. ઈસુના પોતાના જ શબ્દોથી એમને ગુનેગાર ઠરાવી દીધા ! બાઈબલમાં લખ્યું છે :"વડા પુરોહિતે પોતાનાં વસ્ત્ર ફાડીને કહ્યું કે એણે ઈશ્વરનિંદા કરી છે, હવે આપણને બીજા સાક્ષીઓની શી જરૂર છે ? જુઓ તમે એ

ઈશ્વરનિંદા સાંભળી છે. તમે શું ધારો છો ? અને તેઓએ ઉત્તર દીધો કે એ મરણદંડને પાત્ર છે" (બાઈબલ : માથ્થી ૨૬ : ૬૫-૬૬)

નરદમ જૂઠું ઉપજાવી કાઢીને ઈસુને દોષિત જાહેર કર્યા. ન્યાયસભાના મત પણ લેવાયા નહિ. કાયદામાંનો વસ્ત્રો ફાડવાનો વિધિ પણ કાયાફાસે જ પતાવી લીધો. કાયાફાસનો બોલ નીકળ્યો પછી કોની મગદૂર હોય કે એથી ઊલટાં વેણ વદી શકે ! એટલે જ સહુ બોલ્યા : "હા, એ મરણદંડને પાત્ર છે."


યહૂદી કાયદામાં બીજી એક કલમ હતી કે કોઈને પણ ધીમે ધીમે રીબાતા મૃત્યુથી મારવો નહિ. છતાં યહૂદીઓએ પોકાર્યું, "એને વધસ્તંભે જડાવો. વધસ્તંભનું મોત એ રીબાઈ રીબાઈને આવતું મોત હતું. યહૂદી કાયદાની બીજી પણ કલમ હતી કે જેને મૃત્યુદંડ ફરમાવ્યો હોય તેને અગાઉ ફટકા મારવા નહિ (આલ્ફ્રેડ અન્ડરશેઈમ, ધી લાઈફ એન્ડ ટાઈમ્સ ઓફ જીજસ ધ મસાયા, લંડન પીકરીંગ એન્ડ ઈન્જલીસ ૧૯૫૯ પૃ. ૫૬૩) છતાંયે તેઓ ઈસુના મુખ પર થૂંકયા, મુક્કીઓ મારી અને લપડાકો ચોડી."

યહૂદી કાયદાનું ડગલે ને પગલે ખૂન કરવામાં આવ્યું. પણ એકાદ નાના નિયમને ન્યાયસભા ચુસ્ત વળગી રહી. મળસકે કચેરી બરખાસ્ત થઈ. જેથી કાયદાની માગ પ્રમાણે સવારે જ ફરી કચેરી બોલાવી શકાય. કાયદો હતો ને કે એ ને એ જ દિવસે ચુકાદો ના સંભળાવાય ! પણ મળસકું અને સવારની વચ્ચે કેટલોક સમય હોય છે ! એટલા સમયને બીજો દિવસ કહેવાય ખરો ?

કાયદો તો એમ કહેતો હતો, આરોપી દોષિત છે એવું સાબિત થયા પછી એ ને એ જ દિવસે ચુકાદો ન આપવામાં આવે. કચેરી બરખાસ્ત થયા બાદ ન્યાયસભાના સભ્યો બબ્બેની જોડીમાં જાય, ઘેર જઈ નહિ જેવું જમે અગર ઉપવાસ કરે, દ્રાક્ષારસ બિલકુલ ન પીવે, અને આખી રાત બંને જણા જાગતા રહે અને આ કેસની

ચર્ચા ચલાવે એ પછી સવારે આખી ન્યાયસભા (સાન્હેદ્રિન) મળે અને દરેક જણ પોતાનો અભિપ્રાય આપે. સૌથી પ્રથમ નાનો સભ્ય અભિપ્રાય આપે, અને એવા ક્રમમાં બધા અભિપ્રાય આપે જેથી બુઝર્ગોના અભિપ્રાયોનો જુવાનોના અભિપ્રાય પર પ્રભાવ ન પડે. એમ આરોપીને ફરી દોષિત ઠરાવી આખરે ફેંસલો આપે. ઈસુના કેસમાં આ કાયદો પણ નેવે જ મૂકાયો ને !

□



# ૨૩ પિતરનો નકાર

શોકભર્યા હૈયે ઈસુએ શિષ્યોને કહ્યું હતું :"તમે સહુ આજે રાત્રે મારા સંબંધી ઠોકર ખાશો, કારણ લખેલું છે કે, હું ઘેટાંપાળકને મારીશ, ને ટોળાંનાં ઘેટાં વિખેરાઈ જશે" (બાઈબલ : માથ્થી ૨૬: ૩૧). ત્યારે ઉતાવળિયો પિતર કેવું બોલી ઊઠયો હતો કે, "જો કે બધા તમારા સંબંધી ઠોકર ખાય તોપણ હું કદી ઠોકર નહિ ખાઈશ" સામેથી ઈસુએ પિતરને ધીરો પાડતાં ભવિષ્ય કહ્યું હતું "હું તને ખચીત કહું છું કે, આજે રાત્રે મરઘો બે વાર બોલ્યા અગાઉ તું ત્રણ વાર મારો નકાર કરીશ." ચૂપ રહેવાને બદલે પિતર ફરી પાછો બોલી ઊઠયો, "જો કે તમારી સાથે મારે મરવું પડે તોયે હું તમારો નકાર નહિ જ કરીશ."

પણ પછી શું બન્યું ? કાયાફાસના મહેલની દાસી આગળ બે વખત અને ચાકરની આગળ એક વખત એમ ત્રણ વખત પિતરે ઈસુને નકારી કાઢયા. દાસીએ માત્ર કહ્યું કે, "તું પણ ઈસુની સાથે હતો." ત્યારે તે પોતાના શિરે શાપ વહોરવા તથા સમ ખાવા લાગ્યો કે હું તે માણસને ઓળખતો જ નથી ! ઈસુને માટે મરવા તૈયાર થનારો ત્રણ ત્રણ વાર ઈસુને નકારી કાઢે ! એ જ સમયે ભાલદારો ત્યાં આંગણાંમાં થઈને ઈસુને ચોકીપહેરામાં લઈ જતા હતા. જતાં જતાં ઈસુએ પિતરની સામે જોયું. દૃષ્ટિ મળી અને તરત પિતરને ઈસુના શબ્દો યાદ આવ્યા કે "આજે રાત્રે મરઘો બે વાર બોલ્યા અગાઉ તું ત્રણ વાર મારો નકાર કરીશ." એ પછી તો પિતર બહાર જઈને કંઈ રડયો છે ! પોકેપોક મૂકીને રડયો.

ઈસુની એક જ નજર પિતરના હૃદયની આરપાર વીંધવા પૂરતી

હતી. એ નજરમાં શું હતું ? શું ઈસુ એમ કહેવા માગતા હતા : "બસ કે ? જોઈ લીધા તમને ! માત્ર બડાશ જ હાંકતા હતા ને ! ભવિષ્યમાં તમે શું ઘોળવાના ? ના, ઈસુની નજર કડક નહોતી. એમાં ખિન્ન થયેલા પ્રેમનાં આછાં આંસુનું ઝળઝળિયું હતું. એટલું જ નહિ એમાં મૂકવાણીના ઈશારા હતા : "પિતર, હું હજીએ એટલો જ પ્રેમ રાખું છું. હું તને ચાહું છું. મેં તને મારા પ્રેમના વર્તુળની બહાર કાઢયો જ નથી.' વળી એ નજરમાં પિતરને અપાતી બીજી તક પણ હોય એવુંયે લાગતું હતું. પરીક્ષામાં નાપાસ થયેલા પોતાના નાના બાબા તરફ વહાલસોયી માતા જોઈ રહે બરાબર એમ જ 'ના' પિતર, તું ફરી મહેનત કર. ભલે આ વખતે નાપાસ થયો ! યાદ છે ? વ્યભિચારના પાપમાં પકડાયેલી પેલી સ્ત્રીને પ્રભુ ઈસુએ શું કહ્યું હતું ? (બાઈબલ : યોહાન ૮ : ૧-૧૧) ધર્મધુરંધરો આ સ્ત્રીને પથ્થરે મારવા લાવ્યા હતા. સમાજના કાયદો હતો કે એવી પાપમાં પકડાયેલીઓને પથ્થરે મારવી.

પ્રભુ ઈસુની કસોટી કરવા તેઓ આ સ્ત્રીને પ્રભુ ઈસુ પાસે લાવ્યા, અને પૂછયું, કાયદો આમ કહે છે પણ તમે શું કહો છો ? પ્રેમનો પ્રભુ, માફીનો પ્રભુ કહે છે "તમારામાં જે કોઈ પાપ વગરનો હોય તે આ સ્ત્રી પર પહેલો પથ્થર નાખે." એટલે શું બન્યું ? એક પછી એક સૌ કોઈ ચાલ્યા ગયા. પેલી સ્ત્રી તો જમીન પર હજી ઊંધી જ પડી રહી હતી, માથું હાથો વડે ઢાંકી રાખેલું હતું, અને હજીએ એમ જ માનતી હતી કે હમણાં ઘાતકી પથ્થરો ધડાધડ મારા શિર પર પડશે માથું ભાંગી જશે, મોં છુંદાઈ જશે, હાડકાંના ભૂકેભૂકા થઈ જશે. એમ જ એ કાંપતી કાંપતી રાહ જોતી હતી.

એવામાં જ પ્રભુ ઈસુ માયાળુ સ્વરે બોલ્યા, "બહેન, તને કોઈએ દોષિત ઠરાવી શું ?" અને પ્રથમ જ વાર આ સ્ત્રી ઊંચું જુએ છે, અને ભય તથા આશ્ચર્ય સહિત આસપાસ નજર ફેરવે છે.

તે બોલી ઊઠી, "ના, પ્રભુ કોઈએ નહિ." અને આ કેવાં પ્રેમાળ વચનો ! કેવાં માફીનાં વચનો! પ્રભુ ઈસુ બોલ્યા, "હું પણ તને દોષિત ઠરાવતો નથી, જા, હવેથી પાપ કરતી ના." શરમથી ઊંચું જોઈ ન શકનારના પણ વ્રણ પ્રભુ ઈસુની પ્રેમાળ નજર આરપાર જોઈ શકે છે, તેનું હૃદય દુઃખ પારખી શકે છે. અને એને ક્ષમાનાં વેણ સંભળાવે છે. હા નવી તક આપે છે.

પેલા કવિએ કાવ્યમાં લખ્યું છે ને, "લાજથી ઘા ઢાંકે જે દુઃખદાર તુજ પ્રેમદૃષ્ટિ જુએ આરપાર." હા, હે પ્રભુ મેં તમારા કરેલા નકાર મેં કરેલો તમારો ત્યાગ, એ બધા મારા સડેલા જખમો! ઓ પ્રેમના પ્રભુ, કેટલીય વખત મેં તમને હડસેલી દઈને મને પોતાને આગળ ધર્યો છે ! તમારા પ્રભાવને આગળ ધરવાને બદલે કેટલી બધી વખત મેં મારાં જ ગુણગાન ગાયાં છે. મારી જ કીર્તિનાં ગાણાં ગૂંજયાં છે ! આ બધા નકાર ! એ બધા મારા ઘા! શરમને લઈને હું એ મારાં ઘારાં ઢાંકવા મથું છું, પણ ઓ મારા ત્રાતા તમારી પ્રેમદૃષ્ટિ એ બધું આરપાર જુએ છે. તમારી પ્રેમાળ નજર મને જાણે ના કહેતી હોય 'દીકરા, મારો હાથ પકડ, અને ફરી આગળ ચાલ !"

□

# ૨૪ ઈસુ પિલાતની સમક્ષ

સવાર થતાં જ વડા પુરોહિતે તેમ જ વડીલો, શાસ્ત્રીઓ અને આખી ન્યાયસભાએ ઈસુને ફરીથી દોષિત ઠરાવ્યા. પછી તેમને બાંધીને લઈ ગયા અને રોમન ગવર્નર પિલાતની આગળ રજૂ કર્યા. જેમ ભારતમાં બ્રિટિશ સરકાર વતી વાઈસરોય રહેતા, તેમ રોમન સરકાર વતી તેમનો 'ગવર્નર' આખો વિસ્તાર સાચવતો અને સત્તા ચલાવતો. આમ તો પિલાત કાઈસારિયા શહેરમાં રહેતો હતો. પણ અવારનવાર યરુશાલેમમાં આવીને થોડો સમય ગાળતો. કાઈસરિયા યરુશાલેમથી ઉત્તરે ૫૫ માઈલે દરિયાકાંઠે આવ્યું હતું. પાસ્ખાના પર્વને ટાણે લાખો યહૂદી યાત્રાળુઓ યરુશાલેમમાં આવતા. એવે વખતે લોકોમાં હુલ્લડ કે બળવો ફાટી નીકળવા સંભવ ખરો. એટલે તે યરુશાલેમમાં આવ્યો હતો.

પ્રભુ ઈસુએ જાહેર સેવા કરી એ અરસામાં જ પિલાત ગવર્નર તરીકે નીમાયો હતો. એ કડક સ્વભાવનો અને જિદ્દી હતો. યહૂદીઓ પર એણે અનેક રીતે ત્રાસ વરસાવ્યો હતો. તેથી તે અકારો થઈ પડયો હતો. વળી તે લાંચિયો, ભ્રષ્ટ અને ખૂની હતો.

યહૂદીઓ 'એકેશ્વરવાદી' એટલે કે એક જ ઈશ્વરમાં માનનારા હતા. મૂર્તિપૂજાને તેઓ મહાપાપ ગણતા. બાઈબલે તેમને મૂર્તિપૂજાથી દૂર રહેવા શીખવ્યું હતું. એટલે તેઓ મૂર્તિઓની સમીપે પણ જતા નહોતા, અને મૂર્તિઓની નજદીક જવાથી પોતાને અપવિત્ર થયેલા માનતા.

યરુશાલેમમાંના પિલાતના મહેલમાં રોમન દેવદેવીઓની વેદી હતી. તેથી યહૂદી આગેવાનો મહેલની અંદર જઈ ન શકે રખેને

તેઓ પોતે અપવિત્ર થાય અને ખાસ કરીને પાસ્ખાના આ પવિત્ર સપ્તાહમાં. એટલે પિલાતે પોતાનું ન્યાયાસન મહેલની બહાર, કદાચ આંગણામાં મૂકાવ્યું. અને યહૂદી આગેવાનોનું સાંભળવા પોતે એના પર બેઠો. પિલાત આપે તે આખરી ચુકાદો ગણાતો. એની ઉપર અપીલ માત્ર રોમના શહેનશાહને જ થઈ શકે.

દુનિયાની કોઈ પણ કચેરીમાં પૂછાય છે તેમ પિલાતે પહેલો પ્રશ્ન પૂછયો, “એ માણસ પર તમે શું તહોમત મૂકો છો ?” (યોહાન ૧૮ : ૨૯). યહૂદી આગેવાનો ઈસુને મૃત્યુદંડ અપાવવા ઇચ્છતા હતા. પણ વિશ્વવિખ્યાત રોમનતુલા પ્રમાણે શરૂઆતે તો પિલાતે જરાયે મચક ન આપી. ઊલટું તે બોલ્યો, “તમે પોતે એને લઈ જાવ અને તમારા નિયમશાસ્ત્ર પ્રમાણે તેનો ન્યાય કરો” (બાઇબલ: યોહાન ૧૮ : ૩૧. વળી જુઓ પ્રે.કૃ. ૧૮ : ૧૩-૧૭) યહૂદીઓને એવો જવાબ જોઈતો નહોતો, કારણ મૃત્યુદંડ ફરમાવવાની સત્તા તેઓની પાસે નહોતી - ફક્ત રોમન ગવર્નર પાસે જ હતી ! મૃત્યુદંડ સજા તો માત્ર રોમન કચેરી જ ફરમાવી શકે પણ યહૂદીઓએ ઈસુને મારી નાખવાનો નિર્ણય કરી લીધો હતો. જો યહૂદીઓ ઈસુને લઈ જઈને પોતાના કાયદા પ્રમાણે ગુનેગાર ઠરાવી મારી નાખે તો, રોમન કાયદા પ્રમાણે તેઓ ખૂનીઓ ગણાય, કારણ કોઈ માણસને મારી નાખવાની સત્તા તેમના હાથમાં નહોતી. પિલાત તેમની સામે કાયદો લગાડે. પિલાતને એવું જ જોઈતું હતું.

એટલે જ આગેવાનોએ પિલાતની આગળ કેવાં ગલ્લાંતલ્લાં કર્યાં ? અને ઈસુ પરના તહોમત પ્રકાર કેવા બદલતા રહ્યા ! કારણ, એ તહોમતો સાબિત કરવા તેમની પાસે કોઈ પુરાવા કે સાબિતીઓ નહોતાં. ઈસુ પોતાને યહૂદીઓનો રાજા કહેવડાવે છે... અને અમારે તો કૈસર સિવાય કોઈ રાજા નથી. વાહ રે ! રોમની સત્તાને હાડોહાડ ધિક્કારનારા આ યહૂદી આગેવાનો ક્યારે કૈસર પર પ્રેમ

કરનારા બની ગયા ? સામા માણસને દોષિત ઠરાવવા માણસો સિદ્ધાંતોના કેવા કેવા 'પક્ષ-પલટા' કરે છે ! પિલાત એ બધું સમજતો હતો. પક્ષ-પલટા રાજકીય ખાબોચિયાંમાં ઠીક લાગતા હશે. પણ એ અધમ નીતિ છે.

પિલાતના મનમાં એક વાત સ્પષ્ટ થઈ ગઈ હતી કે ઈસુ તદ્દન નિર્દોષ છે. કેટકેટલી વાર તેણે જુદી જુદી રીતે જાહેર પણ કર્યું હતું કે મને એનામાં કંઈ દોષ માલુમ પડતો નથી. એની પત્ની કલોડિયા પ્રોકુલાએ પણ એને કેવી ચેતવણી આપી હતી !

દલીલબાજ યહૂદીઓ આગળ પિલાતનું કાંઈ ચાલ્યું નહિ. પણ ભૂતકાળમાં બનેલા કેટલાક બનાવોને લીધે પિલાત ભીતરમાં યહૂદી આગેવાનોથી ડરતો હતો. અને પોતાની જ વિરુદ્ધ બળવો થાય, અને કૈસરને કાને એ વાત જાય એથી તે ડરતો હતો. એટલે જ એણે ન્યાયને નેવે મૂકયો; યહૂદીઓને ખુશ કર્યા.

□

## ૨૫ ઈસુ હેરોદ સમક્ષ

પર્વને સમયે હેરોદ યરુશાલેમમાં આવ્યો હતો. એ ગાલીલ પ્રાંતનો રાજા હતો; સર્વસત્તાધારી રાજા નહિ, પણ રોમનો તાબેદાર રાજા, એની પાસે ખાસ મોટી સત્તા નહોતી. એ માત્ર રમકડું - રાજા હતો; મોજીલો અને રંગીલો રાજા હતો. પિલાતે ઈસુને હેરોદની પાસે મોકલ્યા. પિલાત અને હેરોદ વચ્ચે તો વેર હતાં. પણ બે પ્રકારના ભેળસેળ આશયે પિલાતે એ પગલું ભર્યું. એક તો હેરોદ ખુશ થશે, અને જૂનાં વેર મટી જશે. અને બીજું, ઈસુને લીધે કદાચ યરુશાલેમમાં બળવો ફાટી નીકળે તો એમાં હેરોદ પણ સંડોવાય, અને કૈસર આગળ પોતે તો નહિ પણ હેરોદ બદનામ થાય. પણ લોંકડાનું માનસ ધરાવતા હેરોદે ઈસુના ઠઠ્ઠા-મશ્કરી કર્યા પછી તેમને પિલાત પાસે પાછા મોકલ્યા. એ દિવસથી પિલાત અને હેરોદ વચ્ચે મૈત્રી થઈ!

એક ઊતરી આવતી માન્યતા છે કે પિલાતની સ્ત્રીએ યહૂદી ધર્મ સ્વીકાર્યો હતો, અને યહૂદેણ બની હતી.

□

## ૨૬

# ફરી પિલાત પાસે

ફરી એક વાર પિલાતે ઈસુની ચકાસણી કરી, અને યહૂદી આગેવાનોને જણાવ્યું કે, "મેં તમારી આગળ તેની તપાસ કર્યા છતાં જે વાતોનું તમે તેના પર તહોમત મૂકો છો તે સંબંધી કંઈ પણ અપરાધ આ માણસમાં મને જણાયો નથી... મરણદંડને યોગ્ય તેણે કંઈ કર્યું નથી" (બાઈબલ : લૂક ૨૩ : ૧૪). ફરી એક વાર પિલાતે સ્પષ્ટ રીતે ઈસુને નિર્દોષ જાહેર કર્યા. કાયદાની વ્યવસ્થા પ્રમાણે હવે ઈસુને છૂટા કરી દેવા જોઈએ. પણ પિલાત નબળો ન્યાયાધીશ હતો. અને નબળો ન્યાયાધીશ હમેશાં ન્યાયની સાથે ચેડાં કરે. પિલાતે કહ્યું "હું તેને કંઈક શિક્ષા કરીને છોડી દઈશ." પિલાત, શાને માટે શિક્ષા ? શા ગુનાને માટે "કંઈક શિક્ષા કરીને !"

પિલાત પોચા નિશ્ચયનો અને ઢીલો છે એવું યહૂદીઓના આગેવાનોએ જોઈ લીધું. આ આગેવાનોએ પૈસા આપીને એકઠાં કરેલાં ભાડૂતી ટોળાં પોકારી ઊઠયાં, "એને વધસ્તંભે જડાવ. વધસ્તંભે જડાવ" ટોળાંના પોકાર અને તોફાનોને લોકશાહી કહેવાય ખરી ? લોકશાહીને નામે ભાત ભાતના અને જાત જાતના નારા લગાવતી ટોળાશાહી કેવી ખતરનાક નીવડે છે !

બાજીગર પિલાતે ફરી બાજી બદલી. લોકોની માગણી પ્રમાણે મૃત્યુદંડના કોઈ એક ગુનેગારને પર્વ પ્રસંગે મુક્તિ આપવામાં આવતી. એક આરોપી ઈસુ, અને બીજો આરોપી હતો 'બારાબ્બાસ.'એનું નામ પણ ઈસુ હતું. 'બારાબ્બાસ' એટલે 'પિતાનો પુત્ર' (બાર અબ્બાસ) થાય. "તમારે સારુ આ બેમાંથી કોને છૂટો કરું ?" એનો જવાબ મળ્યો. "બારાબ્બાસને" આ

પસંદગી કેવી ? લૂંટારો, ખૂની અને શહેરની શાંતિ ખોરવી દેનારો બારાબ્બાસ ! એને છૂટો કરો! અને પરદુઃખ-ભંજનહાર, દયાનો દેવ, નિષ્કલંક, એને વધસ્તંભે જડાવો ! ઉશ્કેરાયેલાં ગાંડાંતુર લોકોનાં ટોળાં અને આ શાંત, અડગ કેદીની વચ્ચે ઢચુપચુ પિલાત આંટાફેરા ખાય છે. આખરે "તો ઈસુ જે ખ્રિસ્તને કહેવાય છે એને હું શું કરું ! " એવા પિલાતના પ્રશ્નનો જોરદાર જવાબ મળ્યો, "એને વધસ્તંભે જડાવ" અને ડૉ. લૂકે એના વૃત્તાંતમાં જેનું માનવ-ઇતિહાસમાં હજારોહજાર વાર પુનરાવર્તન થયાં જ કરે છે, એવી બીના નોંધી કે "તેઓના ઘાંટા આખરે ફાવ્યા." ટોળાંશાહીના ઘાંટા આગળ રોમન સત્તાધિશે શરણાગતિ સ્વીકારી !

લાંબી રિબામણ જેમાં સમાયેલી હોય એવા મૃત્યુદંડની યહૂદી કાયદામાં મના હતી. છતાં યહૂદી ટોળાંએ અને યહૂદીઓના આગેવાનોએ એ કાયદા વિરુદ્ધની માગણી કરી, "એને વધસ્તંભે જડાવ, વધસ્તંભે જડાવ."

□

## ૨૭ વધસ્તંભની સજા

વધસ્તંભની સજા બહુ ભયંકર, ઘાતકી અને લાંબી વેદના ભરી હતી. ગુલામો અને બંડખોરો માટે રોમન સરકાર આ પ્રકારની સજા ફટકારતી. રોમન નાગરિકને એ સજા કદી દેવાતી નહીં. પથ્થરે મારવાની, આગમાં બાળી નાખવાની, ફાંસી દેવાની કે માથું કાપી નાખવાની સજાઓ વધસ્તંભની સજા આગળ બહુ સૌમ્ય ગણાય. વધસ્તંભની સજામાં ગુનેગારને લાકડાના થાંભલે ખીલા મારીને લટકાવી દેવામાં આવતો, અને એ થંભ ઉપર ગુનેગાર બે-ત્રણ દિવસ સુધી જીવતો પીડાયા કરતો, ખીલાની તીવ્ર વેદના ઉઘાડા ઘાઓમાં ઊઠતી, નસો બધી ગરમ ગરમ થઈને તતડી ઊઠતી, તાવથી શરીર ભાંગી જતું, તરસ બેસુમાર લાગતી, અને પાણી તો મળે નહિ ! વિશ્રામ મેળવવા શરીરની સ્થિતિ જરીએ ન બદલી શકાય. જરાકેય હલનચલન ભયંકર વેદના ઉપજાવે. ખીલાના ઘાથી હાથોમાં ઊઠતી તીવ્ર વેદનાને શાંત પાડવા ગુનેગાર પોતાના પગ ઊંચા કરી હાથોમાં ઢીલ મૂકવા જતો, તો પગોમાં ખીલાને લીધે પારાવાર વેદના ઊઠતી. એમ પગને રાહત આપવા જતા હાથોમાં કાળી વેદના ઊઠતી, અને શ્વાસ લેવાની ભારે મૂશ્કેલી પડતી. એકેય સ્થિતિમાં શાંતિ મળતી નહિ. ઉઘાડા ઘા પર લચકાબંધ માખો અને મચ્છરો બણબણ્યા કરે, - ઉડાડી શકાય નહિ.

વધસ્તંભની શિક્ષામાં મોટે ભાગે હાથો અને પગોમાં ખીલા મારી વધના લાકડા સાથે ગુનેગારને જડી દેવામાં આવતો. ઈસુના વધસ્તંભનાં મોટા ભાગનાં ચિત્રોમાં એમની હથેલીઓમાં ખીલા મારેલા દેખાડવામાં આવે છે. પણ ઘણાનું કહેવું છે કે હથેલીઓમાં

ખાસ માંસ કે મોટાં હાડકાં હોતાં નથી, અને અદ્ધર લટકેલા શરીરના સાઠ-સિત્તેર કિલો વજનને કારણે કાણાં પડી ગયેલી હથેળીઓ ફાટી જાય, અને વધસ્તંભેથી હાથ છૂટી જાય, શરીર લબડી પડે. એટલે જ એ ખીલા કાંડામાં માર્યા હશે. કેટલાક કેસોમાં ખીલા નહિ પણ શણના દોરડાંથી કસીને હાથો અને પગો સ્તંભ સાથે જકડી દેવાતા.

ત્રણ ત્રણ દિવસ સુધી એવી કારમી વેદના થતી કે જડાયેલા ગુનેગારો શાપ, ગાળો અને ભયંકર અપશબ્દો ઉચ્ચારતા, બૂમાબૂમ કરતા, જીભ કચડી નાખતા, પોતાના જન્મદિનને શાપ આપતા. કરુણ આક્રંદ સાથે મોતને ઝંખતા, પણ મોત ઝટ આવતું નહિ, વધસ્તંભની આવી ભયંકર વેદનાએ ગ્રીક તેમ જ અંગ્રેજી ભાષાને એક શબ્દ આપ્યો છે. ભયંકરમાં ભયંકર એવી તીવ્ર વેદના માટે ગ્રીક ભાષામાં શબ્દ છે : "ક્રૂસિયાતસ" અને એ પરથી અંગ્રેજીમાં છે "એસ્ક્રૂસિયેટીગ" (excruciating). એ બંને શબ્દો "ક્રૂસ" ઉપરથી બનેલા છે.

ક્રૂસની સજા ઈરાનમાં શરૂ થઈ. ઈરાનીઓના દેવ અહુરમઝદ માટે બધી જમીન પવિત્ર મનાતી હોવાથી ભયંકર ગુનેગારને અદ્ધર ટાંગવામાં આવતો, જેથી ભૂમિ અપવિત્ર ન થાય. ઈરાનથી આ સજા કાર્થેજ ગઈ. અને ત્યાંથી રોમનોની પાસે આવી. ત્યારથી રોમનો એ સજા વાપરતા થયા.

□

# ૨૮ કોરડા વડે મારની શિક્ષા

કોરડાની શિક્ષા કે તે વડેની રીબામણ ઘણી જ કારુણ્યભરી શિક્ષા છે. મોશેના કાયદા મુજબ (કે લેવીય ૧૯:૨૦ મુજબ) તે કાંઈ દંડ ભરવાને સ્થાને ગણાતી નથી. પુનર્નિયમ ૨૫:૨-૩ પ્રમાણે ગુનેગારને સુવાડીને પીઠ ઉપર ફટકા મારવામાં આવતા. પરંતુ આ શિક્ષાને કોરડાની શિક્ષા ગણી ન શકાય. ૨ કોરિંથી ૧૧:૨૪, ૨૫માં આ તફાવત જણાઈ આવે છે. ૧ રાજા ૧૨:૧૧-૧૪માં આ ચાબખાની શિક્ષાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

મંડળીના કાયદાભંગ અથવા રૂઢિભંગ બદલ કે જેને માટે મોશેના કાયદાકાનૂનમાં ચોખ્ખી રીતે દંડ ઠરાવ્યો ના હોય તેને માટે આ ચાબખાની શિક્ષા ઈસ્રાએલીઓમાં પાછલા જમાનામાં દાખલ કરવામાં આવી હતી. ૨ કોરિંથી ૧૧:૨૫ મુજબ શિક્ષા કરવા માટે સોટીનો ઉપયોગ કરવામાં આવતો, પણ ચાબખાની શિક્ષા માટે ત્રણ વાધરીનો ચાબખો બળદના ચામડાની એક, અને ગધેડાના ચામડાની બે વાધરીવાળો ચાબખો, વાપરવામાં આવતો. પુનર્નિયમ ૨૫:૨, ૩ પ્રમાણે મોશેના કાનૂન મુજબ વધારેમાં વધારે ચાલીસ ફટકા મારવાની શિક્ષા હોઈ ૩૯ ફટકા મારવાની હદ રાખી હતી. રખેને ભૂલથી કાયદાનો ભંગ થઈ ૪૦ ઉપરાંત ફટકા મરાઈ જાય! માથ્થી ૧૦:૧૭; ૨૩:૩૪ મુજબ જ્યારે ન્યાયસભામાં ફટકા મારવામાં આવતા તો તે કાર્ય સિપાઈ મારફતે કરવામાં આવતું. પ્રેરિતોના કૃત્ય ૫:૪૦ પ્રમાણે ગુનેગારને સભામાં પણ મારવામાં આવતો.

રૂમી લોકોની કોરડાની શિક્ષા ઘણી જ ઘાતકી અને ત્રાસજનક

ગણવામાં આવે છે. કોરડામાં સીસા, ત્રાંબા કે નાના તીક્ષ્ણ અણીદાર હાડકાંના ટુકડા વાધરીમાં ગૂંથવામાં આવતા. ગુનો કબૂલ કરાવવા માટે કે સાક્ષી પુરવાર કરાવવા માટે રૂમી લોકો કોરડાની શિક્ષા કરતા. ઈસ. ૨૪૮માં અને ૧૨૩માં પોર્શીયન અને સીમ્પ્રોનિયન કાયદાની રૂએ રૂમી નાગરિકને આવી કોરડાની શિક્ષા કરવામાં આવતી નહિ. પરંતુ રૂમી સિવાયના બીજાને મારવામાં આવતા, તેમ જ ગુલામોને તથા શિસ્તભંગ કરનારને કોરડા મારવામાં આવતા. જે ગુનેગારોને વધસ્તંભની શિક્ષા કરવામાં આવતી. તેઓને સાધારણ રીતે પ્રથમ કોરડા મારવામાં આવતા. અને પછી વધસ્તંભે જડવામાં આવતા. ઈસુ ખ્રિસ્તને તેમ જ યરુશાલેમને ઘેરો ઘાલવામાં આવ્યો તે પછી બીજા ઘણા યહૂદીઓને, આ પ્રકારની શિક્ષા કરવામાં આવી હતી.

ગુનેગારને અદૂગડો વાળી, પીઠ પાછળ હાથ રાખી, કોઈ થાંભલે બાંધવામાં આવતો. પછી કમર પર ફટકા મારવામાં આવતા. જે વેદના થતી તે અસહ્ય થઈ પડતી. શરીર ભયંકર રીતે ચીરાઈ જતું. ઈ.સ. ૧૫૫માં ખ્રિસ્તી શહીદોને ફટકા મારી એવી રીતે ચીરી નાખવામાં આવ્યાં હતાં. તેમની નસો તેમ જ અંદરના સ્નાયુઓ અને ઘણી વખત તો આંતરડાં પણ બહાર નીકળી આવતાં.

□

# ૨૯ પ્રભુ ઈસુને મારવામાં આવેલા કોરડા કેવા પ્રકારના હતા ?

માથ્થી ૨૭:૨૬ અને માર્ક ૧૫:૧૫માં જણાવવામાં આવ્યું છે કે, "ઈસુને કોરડા મરાવીને વધસ્તંભે જડાવવા (માર્કમાં : જડવા) સારુ સોંપ્યો." કોરડાની શિક્ષા અતિશય ઘાતકી શિક્ષા હતી. પુનર્નિયમ ૨૫:૨-૩ પ્રમાણે યહૂદી રીત પ્રમાણે ગુનેગારને સુવાડીને એની પીઠ ઉપર ફટકા મારવામાં આવતા. "જો દુષ્ટ માણસ ફટકા યોગ્ય હોય તો એમ થાય કે ન્યાયાધીશ તેને સુવાડીને તેના ગુના પ્રમાણે ગણીને તેને પોતાના દેખતા ફટકા મરાવે. ચાળીસ ફટકા સુધી તે તેને મારે. પણ તે ઉપરાંત નહિ" રખેને ચાળીસ કરતાં વધારે ફટકા મરાઈ જાય, અને કાયદાનો ભંગ થાય, એમ સમજીને સામાન્ય રીતે ઓગણચાળીસ ફટકા મારવામાં આવતા (જુઓ ૨ કોરિંથી ૧૧:૨૪). આ ફટકા ચામડાની વાધરીઓના બનેલા ચાબૂક દ્વારા મારવામાં આવતા. એ વાધરીઓમાં બળદના ચામડાની એક અને ગધેડાના ચામડાની બબ્બે વાધરી લેવામાં આવતી. તેર ફટકા જમણા ખભા તરફ પીઠ ઉપર, બીજા તેર ફટકા ડાબા ખભા તરફ પીઠ ઉપર અને પછી બાકીના તેર ફટકા કમરની આસપાસ મારવામાં આવતા.

પણ રોમન ફટકાની શિક્ષા તો યહૂદી ફટકાની શિક્ષા કરતાં ક્યાંયે અધિક ઘાતકી અને ત્રાસજનક હતી. લાકડાનો ગોળ નાનો કકડો લઈ એની આસપાસ ચામડાની સંખ્યાબંધ વાધરીઓ બાંધવામાં આવતી. પ્રત્યેક વાધરીને છેડે તીક્ષ્ણ અણીદાર હાડકાંના કે પછી સીસા, તાંબા કે લોખંડના કકડા ગૂંથી લેવામાં આવતા.

ફટકાની સંખ્યા નક્કી નહોતી. ન્યાયાધીશ ફરમાવે તેટલા ફટકા મારવામાં આવતા અને ન ઠરાવ્યા હોય ત્યારે સિપાઈઓના મનમાં આવે તેટલા ફટકા મારવામાં આવતા.


આ રોમન ફટકા પીઠ ઉપર પડતા ત્યારે માત્ર ચામડી ઉપર સોળ ઊઠતા એમ નહિ, પણ હાડકાંના કે ધાતુના કકડા ગુનેગારના માંસને વીંધી નાખતા, અને માંસના નાના નાના ટુકડા લઈને બહાર આવતા. આમ, ગુનેગારની પીઠ રહેંસાઈ જતી. બહાર નીકળેલાં માંસ અને લોહીથી તેની પીઠ ખરડાયેલી બની જતી. ગુનેગાર બેસુમાર યાતના પામતો. સામાન્ય માણસ તો થોડાક ફટકામાં મૂર્છા ખાઈ જતો. આવા રોમન ફટકા "અર્ધું મોત" ગણાતા. ગુનો કબૂલ કરાવવા કે સાક્ષી પૂરવાર કરાવવા પણ આ શિક્ષા વપરાતી. ઈ.સ. ૧૨૩માં અને ૨૪૮માં પોર્શિયન અને સીમ્પ્રોનિયમ કાયદાની રૂએ રોમન નાગરિકને આ સજા કરવામાં આવતી નહોતી.

યહૂદી રીતના કોરડાની શિક્ષામાં ગુનેગારને સુવાડીને ફટકા મારવામાં આવતા; જ્યારે રોમન કોરડાની શિક્ષામાં ગુનેગારને નીચો નમાવવામાં આવતો, એના હાથ પીઠ પાછળ રાખીને એને થાંભલે બાંધવામાં આવતો. સામાન્ય રીતે તદ્દન નીચા, ત્રણ ફૂટની ઊંચાઈના થાંભલે ગુનેગારને બાંધવામાં આવતો. પછી ફટકા મારવામાં આવતા. રોમન સૈનિકો પોતે ફટકા મારતા. ફટકાના ઘાથી થતી વેદના અસહ્ય બનતી. શરીર ભયંકર રીતે ચીરાઈ જતું. આવે સમયે ભલભલા ગુનેગારો પણ બૂમાબૂમ કરી મૂકતા, અને પછી બેભાન થઈ જતા.

પ્રભુ ઈસુને જે સ્થળે બાંધીને ફટકા મારેલા તે આજે પણ યરુશાલેમમાં, ખોદી કાઢેલું જોવા મળે છે. પેલો ટૂંકો થાંભલો પણ છે. યહૂદી કાયદામાં એક કલમ હતી કે, જેને મૃત્યુદંડ ફરમાવ્યો

હોય તેને અગાઉ ફટકા મારવા નહિ ('આલ્ફ્રેડ અન્ડરશેઈમ,' ધી લાઈફ એન્ડ ટાઈમ્સ ઓફ જીસસ ધ મસાયા, લંડન પીકરીંગ એન્ડ ઈન્જલીસ, ૧૯૫૯, II, પૃ. ૫૬૩). રોમન રીત જુદી હતી, તેઓ વધસ્તંભે જડતાં પહેલાં ગુનેગારને કોરડાનો માર મારતા.

□



# ૩૦ કોરડાનો માર

ન્યાયનું નાટક ખેલાઈ ગયું ! યહૂદી આગેવાનો ફાવ્યા. પિલાત પોચો પડયો. નબળા પિલાતે યહૂદી આગેવાનોની બળવાન ઈચ્છા આગળ નમતું જોખ્યું. રોમન સૈનિકો ઈસુને લઈ ચાલ્યા. રોમની રીત હતી કે વધસ્તંભે જડતાં પહેલાં ગુનેગારને કોરડાનો માર મારવો. ઈસુને પણ કોરડા મારવા લઈ ગયા.

કોરડાની શિક્ષા ઘણી ઘાતકી શિક્ષા હતી. પુનર્નિયમ ૨૫ : ૨-૩ પ્રમાણે યહૂદી રીત મુજબ ગુનેગારને સુવાડીને પીઠ ઉપર ફટકા મારવામાં આવતા. "જો દુષ્ટ માણસ ફટકા યોગ્ય હોય તો એમ થાય કે ન્યાયાધીશ તેને સુવાડીને તેના ગુના પ્રમાણે ગણીને તેને પોતાના દેખતાં ફટકા મરાવે. ચાળીસ સુધી તે તેને મારે, પણ તે ઉપરાંત નહિ." રખેને ભૂલથી ચાળીસ કરતાં વધારે ફટકા મરાઈ જાય, અને કાયદો ભંગ થાય એમ સમજીને સામાન્ય રીતે ઓગણચાળીસ ફટકા મારવામાં આવતા (બાઈબલ : ૨ કોરિંથી ૧૧ : ૨૪). ચામડાની વાધરીઓનો ચાબૂક બનાવવામાં આવતો, એમાં બળદના ચામડાની એક અને ગધેડાની ચામડાની બે વાધરી લેવામાં આવતી. તેર ફટકા જમણા ખભા તરફ પીઠ ઉપર, બીજા તેર ફટકા ડાબા ખભા તરફ પીઠ ઉપર, અને આખરે બાકીના તેર ફટકા કમરની આસપાસ મારવામાં આવતા.

રોમન ફટકાની શિક્ષા તો ઘણી જ ઘાતકી અને ત્રાસજનક હતી. લાકડાનો ગોળ નાનો કકડો લઈ એની આસપાસ ચામડાની સંખ્યાબંધ વાધરીઓ બાંધવામાં આવતી. પ્રત્યેક વાધરીને છેડે તીક્ષ્ણ અણીદાર હાડકાંના કે પછી સીસા, ત્રાંબા કે લોખંડના કકડા

ગૂંથી લેવામાં આવતા. ફટકાની સંખ્યા નક્કી નહોતી. પીઠ ઉપર ફટકા પડતા ત્યારે માત્ર ચામડી ઉપર સોળ ઊઠતા એમ નહિ, પણ હાડકાંના કે ધાતુના કકડા માંસને વીંધી નાખતા, અને માંસના નાના નાના ટુકડા લઈને બહાર આવતા. ગુનેગારની પીઠ રેંસાઈ જતી, છુંદાઈ જતી. બહાર નીકળેલું માંસ અને લોહી તેની પીઠ ઉપર વેર-વિખેર પથરાતા. ગુનેગાર બેસુમાર યાતના પામતો. સામાન્ય માણસ તો થોડાક ફટકામાં મૂર્છા ખાઈ જતો. આવા રોમન ફટકા અર્ધું મોત ગણાતાં. ગુનો કબૂલ કરાવવા કે સાક્ષી પુરવાર કરાવવા પણ આ શિક્ષા વપરાતી. ઈ.સ. ૧૨૩માં અને ૨૪૮માં પોર્શિયન અને સીન્પ્રોનિયન કાયદાની રૂએ રોમન નાગરિકને આ સજા કરવામાં આવતી નહોતી.

યહૂદી રીતે કોરડાની શિક્ષામાં ગુનેગારને સુવાડીને ફટકા મારવામાં આવતા, જ્યારે રોમન રીતે કોરડાની શિક્ષામાં ગુનેગારને નમાવવામાં આવતો. એના હાથ પીઠ પાછળ રાખી એને થાંભલે બાંધવામાં આવતો. સામાન્ય રીતે તદ્દન નીચા, ત્રણ ફૂટ ઊંચાઈના થાંભલે ગુનેગારો બાંધતા. પછી ફટકા મારવામાં આવતા. રોમન સૈનિક પોતે ફટકા લગાવતા. ફટકાના ઘાથી થતી વેદના અસહ્ય બનતી, શરીર ભયંકર રીતે ચીરાઈ જતું.

સૈનિકોએ ઈસુનાં વસ્ત્રો ઊતારી લીધાં. અને તેમના હાથ થાંભલા સાથે પાછળ બાંધી દીધા. આશરે ચારસો સૈનિકોની ટુકડી ત્યાં ખડી હતી. ઈસુની સાથે ક્રૂસે જડવામાં આવનાર પેલા બે બહારવટિયાને ફટકા મારવામાં આવ્યા ન હતા. ઈસુની ઉઘાડી પીઠ ઉપર ક્રૂર કોરડાનો માર પડયો. પ્રત્યેક કોરડે ઈસુના પગ અને સઘળાં ગાત્રો ધ્રૂજી ઊઠયાં હશે. અને ફટકા ફક્ત પીઠ પર જ નહોતા પડતા; પીઠ પર ઝીંકિલી લાંબી વાઘરીઓ પેલી બાજુ છાતી પર પણ વિચિત્ર અવાજ સાથે ફરી વળતી, અને છાતી પણ વીંધાઈ જતી.

આવે સમયે ભલભલા ગુનેગારો બૂમાબૂમ કરી મૂકતા અને પછી બેભાન બની જતા. આ પારાવાર વેદનામાં ઈસુએ બૂમ પાડી કે નહિ એ તો ખબર નહિ; પણ મૂંગી પ્રાર્થના તો કરી જ હશે. એમના આખા જીવનની રસમ પ્રમાણે એ જ નૈસર્ગિક હતું.

પેલો રોમન સુબેદાર ત્યાં જ ઊભો હતો, અને બધું નિહાળતો હતો. એના મનમાં શું મનોમંથન ચાલી રહ્યું હશે ? એની ફરજ હતી કે ગુનેગાર બેભાન બની જાય, અને એનું ભાન પાછું આવનાર નથી એમ લાગે તો કોરડાની સજા બંધ કરવા હુકમ આપવો. આમ ઈસુને કોરડાની સજા પૂરી થઈ. તેમને થાંભલેથી છોડવામાં આવતાં તે ધરણી પર ઢળી પડયા હશે. આજે પણ યરુશાલેમમાં ખોદી કાઢેલું આ સ્થળ જોવા મળે છે. પેલો ટૂંકો થાંભલો પણ છે. પયગંબરે કેવું ભવિષ્યકથન લખ્યું હતું ! "આપણા અપરાધોને લીધે તે વીંધાયો,આપણાં પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, અને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે" (બાઈબલ : યશાયા ૫૩ : ૫). મારા વહાલા વાચક, તને આ સાજાપણું મળ્યું છે ? તને શાંતિ થઈ છે ?

□

# ૩૧ કાંટાળો તાજ

ઘાતકી ફટકાથી ઈસુ તદ્દન નિર્ગત બની ગયા હતા. શરીરનો એકએક જ્ઞાનતંતુ ચિત્કારી ઊઠયો હતો. નિર્ગતતાને કારણે ઊભા રહેવાતું નહોતું. એવામાં એમને જાંબુરંગી ઝભ્ભો પહેરાવ્યો, સ્ટૂલ ઉપર બેસાડયા, હાથમાં બરુની લાકડી આપી, - રાજછડીને બદલે. યહૂદીઓના રાજા ખરા ને ! પછી લપડાકો, મુખ પર થૂંકવાનું, અને મશ્કરી પર મશ્કરી ચાલ્યાં.

કોઈકે આસપાસથી તીક્ષ્ણ કાંટાની ડાંખળીઓ લાવીને મુગટ ગૂંથી કાઢયો. પછી ઈસુને માથે દબાવ્યો ! ભોંકાયેલા એ કાંટાઓ દ્વારા શિર પર ઠેકઠેકાણે લોહીનાં ટીપાં સરવા લાગ્યાં. માથામાં કાંટા! અરે ઓ દુનિયાની વનકાંટાળીના નિર્દોષ કાંટાઓ, તમને જીવ હોત તો તમારા સરજનહાર અને સ્વામીના શિરમાંથી નીકળી નીકળીને, ભાગી ભાગીને તમે જંગલોમાં સંતાઈ ગયા હોત ! પણ અફસોસ ! તમને જીવ નથી, તમે લાચાર છો. પણ ઓ મારા સ્વામી, કાંટા અને ઝાંખરાં જેવાં હૈયાં અને કાતિલ કાંટાળાં દિલ બીજું શું કરે ? એદનનો શાપ તમે પોતે માથે લીધો ! “તારે લીધે ભૂમિ શાપિત થઈ છે.... ને કાંટા તથા કાંટાળી તારે સારુ ઉગાવશે” (બાઇબલ : ઉત્પતિ ૩ : ૧૭-૧૮). આ શાપ, ઓ મારા રાજા, તમે માથે લીધો ? કાંટાળાં મારા પાપ તમે માથે લીધાં ? અને મને જીવનનો મુગટ પહેરાવો છો ! આવી લાગણીભર્યા હૃદયે જ પેલા ભક્ત કવિએ ગાઈ લીધું :

“સ્ફટિક ફરસબંદી પરે ખ્રિસ્તના ઘાયલ પગ પાસ,
ઉતારીશ તાજ હું તે વારે, નામ તેનું સ્તવીશ ખાસ.”

# ૩૨ "જુઓ આ માણસ !"

તેઓ ઈસુને ફરી પિલાતની પાસે લાવ્યા. પિલાત ઈસુને લોકોની સામે ખડા કરે છે, અને કહે છે, "જુઓ આ માણસ !" એમની પીઠ પર ઠેર ઠેર બહાર નીકળી આવેલું માંસ ચોંટયું છે, માખો બણબણે છે, લોહીનાં ટીપાં બાઝી ગયાં છે, નવું લોહી ઝર્યે જ જાય છે.પસીના અને લોહીથી તેમ જ સૈનિકોના થૂંકથી વદન કેવું ખરાબ રીતે ખરડાયેલું છે ! કાંટાળા તાજને લીધે અને લપડાકોને લીધે વાળનાં જુલ્ફાં કેવાં વેરવિખેર પથરાયાં છે ! કેટલાક તો જામી ગયેલા લોહીને લીધે શિર પર અને વદન પર ચોંટી ગયાં છે.

હાથ હજીએ બાંધેલા જ છે. અપાર વેદનામાં પણ કોઈ પણ પ્રકારના ચિત્કાર વગર કે વેદનાથી થતા હલનચલન વગર ઈસુ શાંત ઊભા છે ! શાંતિનો આ સરદાર ! સ્વર્ગનો સ્વામી, ખલકનો ખાવિંદ, ધરતીનો ધણી, રાજાઓનો રાજા અને પ્રભુઓનો પ્રભુ, ઘવાયેલો-પીડાયેલો દીનહીન "માણસ" બનીને સામે ઊભો છે ! દુઃખી પુરુષ અને દરદનો અનુભવી ! જેને જોઈને મુખ અવળું ફેરવી લેવાય એવો માણસોથી ધિક્કાર પામેલો અને તજાયેલો આ માણસ! પિલાતે લોકોનાં ટોળાંને સંબોધીને કહ્યું, "જુઓ આ માણસ !" તરત જ એક સામટા ઘાંટા પોકારી ઊઠયા, "એને વધસ્તંભે જડાવ, વધસ્તંભે જડાવ."

પિલાતે હાથ ધોઈ* નાખ્યા. પિલાતે જોયું કે મારું કંઈ જ

* હાથ ધોવા એ રોમનોની રીત નહિ, પણ યહૂદીઓની હતી. જુઓ બાઈબલ : પુનર્નિયમ ૨૧ : ૧-૯, ખાસ કરીને ૬ઠી કલમ.

ચાલતું નથી પણ ઊલટી વિશેષ ગરબડ થાય છે ! એટલે તેણે પાણીભર્યું પાત્ર મંગાવીને હાથ ધોઈ નાખ્યા, અને કહ્યું, "એ ધર્મીજનના લોહી સંબંધી હું નિર્દોષ છું, તમે જાણો" (બાઈબલ : માથ્થી ૨૭: ૨૪) પણ એમ જવાબદારીમાંથી છટકી જનાર કોના હાથ પાણીથી ધોઈ દોષમુક્ત કરી શકાય છે ! નિર્દોષના ખૂનની ભાગીદારીમાંથી પાણી વડે મુક્ત થવાતું નથી. પિલાત ઘરમાં ગયો હશે, ત્યારે એની પત્નીએ પૂછયું હશે, "એ નિર્દોષનું શું થયું ?" પિલાતે શો જવાબ આપ્યો હશે ? 'એને વધસ્તંભે જડવા લઈ ગયા. પણ મેં મારા હાથ એમાંથી ધોઈ નાખ્યા છે' પણ એના પોતાના અંતરઅવાજને પિલાત શો જવાબ દઈ શક્યો હશે ? ઓ પિલાત, આજે એ વાતને બે હજાર વર્ષ વીતી ગયાં છે, પણ એ દોષમાંથી તું મુક્ત થયો નથી!

ચાલતી આવતી એક લોકવાયકા છે કે પિલાત હાલ ઊંડા નર્કમાં છે, અને ઘડી ઘડી વાસણમાં પાણી ભરીને હાથ ધો ધો કરે છે, અને જુએ છે, પણ લોહીના ડાઘ એને હાથેથી જતા નથી ઘડી ઘડી એ બેબાકળો બનીને ખાલી અવકાશમાં કરુણ કાકલૂદીથી પૂછે છે, "આ ડાઘ નહિ જાય ? કદીયે નહિ જાય ?" આ લોકવાયકા કાલ્પનિક હશે. પણ એમાં કેટલું બધું સત્ય સમાયેલું છે !

□

33

# કાલવરીનો માર્ગ

સૈનિકોએ લાકડાનો ભારે વધસ્તંભ ઈસુની પીઠ પર ચડાવ્યો. કોરડાના મારથી માંસ બહાર આવ્યું છે, ઘા ઉઘાડા છે, રક્ત ટપકી રહ્યું છે, વેદના પારાવાર છે, અને આ વજનદાર વધસ્તંભ એવી પીઠ પર ચડાવ્યો ?

ઈસુને આખી રાતનો ઉજાગરો છે. રાતે કે અત્યારે બપોર થવા આવ્યા છે ત્યાં સુધી, કોઈએ તેમને કંઈ ખાવાનું કે પીવાનું આપ્યું નથી. અત્યાર સુધી અહીંથી તહીં તેમને લઈ જવામાં આવ્યા છે. શરીર તતડી ઊઠયું છે. શિરમાં પણ શૂળોની વેદના વધી રહી છે. પગમાં જોર રહ્યું નથી, અને લથડિયાં ખાય છે ! કાલવરીની ટેકરીનાં ચઢાણ આવો ભારે વધસ્તંભ લઈ ને કેવી રીતે ચઢાય ! ઈસુ પડે છે, પાછા જેમ તેમ કરીને ઊભા થાય છે. ઢસડતો ભારે વધસ્તંભ ફરી ઊંચકી આગળ વધે છે.

અતિ વજનદાર ક્રૂસ ઊંચકીને ખાડાટેકરાવાળો રસ્તો ચઢવો કઠણ હતો. જે માર્ગ પર ઈસુ ક્રૂસ લઈને ચાલ્યા હતા તેને "વાયા ડોલોરસા" (દુઃખનો માર્ગ) નામ આપવામાં આવ્યું છે. આજે સૈકાંઓથી દુનિયાના દેશેદેશથી ભાવિકો યરુશાલેમ આવે છે, અને 'વાયા ડોલોરસા' (દુઃખનો માર્ગ) તરીકે ઓળખાતા આ આખા રસ્તે પ્રાર્થના કરતા ચાલે છે. ઈસુ પડી ગયા હશે એવાં જુદાં જુદાં ૧૪ સ્થાંનોએ થોભવા અને પ્રાર્થના કરવા સ્થળ આંકયાં છે. શ્રદ્ધાળુઓ એ સ્થળોએ અટકે છે અને પ્રાર્થના કરે છે. ઘણાં ભાવિકો તો પેટે કે ઘૂંટણે પડીને એ રસ્તો કાપે છે,અને એના પથ્થરો ચૂમતા જાય છે. લેખકે પોતે એ રસ્તાના પથ્થરો ચૂમતા યાત્રાળુઓને જોયા છે.

# ૩૪ ખોપરીની ટેકરી પર

યહૂદી કાયદા પ્રમાણે મૃત્યુદંડ શહેરની બહાર અપાતો. ઈસુને અને બીજા બે બહારવટિયાને લઈને આખુંય સરઘસ 'ખોપરીની ટેકરી' પર આવ્યું. એ ટેકરીનો આકાર મનુષ્યની ખોપરી જેવો હોવાથી એ 'ખોપરીની ટેકરી' કહેવાતી. હિબ્રૂ ભાષામાં એને 'ગલ્ગૂથા' અને ગ્રીકમાં 'કાલવરી' કહેતા. આજે પણ ઊગતા સૂર્યના પ્રકાશમાં એ ડુંગર બરાબર મનુષ્યની ખોપરી જેવો જ દેખાય છે. આંખના ગોખલા જેવા બે ખાડામાંના એકને યર્મિયાની ગુફા તરીકે ઓળખવામાં આવે છે. કહે છે કે બાબિલના રાજાએ યહૂદિયાના રાજ્યને હરાવ્યું, યરુશાલેમનું પતન કર્યું અને મંદિરનો કિંમતી સામાન બાબિલમાં લઈ ગયો ત્યારે યિર્મેયા પયંગબરે યરુશાલેમની બહાર આ ગુફામાં બેસીને વિલાપ કર્યો હતો. પાયમાલ નગરીને જોઈ જોઈ એ ચોધાર આંસુએ રડયો હતો. એ રુદનનું જે પુસ્તક તેણે લખ્યું તે જ 'યિર્મેયાના વિલાપ' તરીકે બાઈબલમાં છે.

બીજી એક માન્યતા છે કે આદમની ખોપરી આ સ્થળેથી મળી આવી હતી, એટલે એનું નામ 'ખોપરીની ટેકરી' પડયું. આ વાતમાં ખાસ તથ્ય લાગતું નથી. આ ટેકરી પર હાલ મુસ્લિમ કબ્રસ્તાન આવેલું છે, અને એની તળેટીમાં યરુશાલેમનું અને ઈઝરાયલ દેશનું બસ સ્ટેન્ડ આવેલું છે.

મનુષ્યની ખોપરી 'ખોપરીની ટેકરી' ઉપર પ્રેમના પ્રભુને, દયાના સાગરને વધસ્તંભે ન જડી દે તો બીજું શું કરે ? આજ સુધી મનુષ્યની ખોપરી એમ જ વર્તતી આવી છે ને !

ઈસુને વધસ્તંભે જડવામાં આવ્યા, એ વાત માત્ર બાઈબલમાં જ છે એમ નથી. તે સમયના અન્યધર્મી ઈતિહાસકારોએ પણ ઈસુના ક્રૂસારોહણની નોંધ લીધી છે. તાસીતેસ નામનો રોમન ઈતિહાસકાર ઈ.સ. ૫૬માં જન્મ્યો હતો. તેણે આની નોંધ લીધી છે. ઈ.સ. ૧૦૦માં જન્મેલો યુનાની લેખક લુસિયન આ વાતને ઐતિહાસિક બનાવ ગણે છે. વળી તે જમાનાના સેલ્સસ પણ ઈસુને ક્રૂસ પર મરેલા ગણે છે. ઈ.સ. ૭૦ના યુદ્ધમાં લડેલો યહૂદી ઈતિહાસકાર જોસિફસ પણ આ વાત વિષે વિસ્તારથી લખે છે.

### ૧. એને ખોપરીની ટેકરી કેમ કહે છે ?

ખોપરીની ટેકરી, એ ટેકરીનો આકાર આજુબાજુથી જોવાથી તેની આંખો અને નાકના ગોખલા જેવો ખોપરી જેવો જ ભાગ દેખાય છે. જેથી તેનું નામ ખોપરીની ટેકરી પાડવામાં આવ્યું છે. પાપી માણસની ખોપરી પ્રભુ ઈસુ ખ્રિસ્તને વધસ્તંભે જડવા સિવાય બીજું શું કરે ?

ખોપરીની ટેકરીએ આવ્યા પછી લાકડાનો વધસ્તંભ આડો પાથરવામાં આવ્યો અને તે પર પ્રભુ ઈસુ ખ્રિસ્તને સૂવાડવામાં આવ્યા. પછી બંને હાથોમાં લોખંડના તીક્ષ્ણ ખીલાઓ ઠોકીને જડવામાં આવ્યા, અને પગ ટેકવવાના નાના પાટીયા પર તેમના બન્ને પગ ભેગા કરીને ખીલા ઠોકી દેવામાં આવ્યા. ત્યારબાદ સિપાઈઓએ આખો વધસ્તંભ ઊંચકીને પાસે ખોદેલા ખાડામાં નાખ્યો ત્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્તને ખીલાઓના ઘામાં અને બીજા ઘાઓમાં અને કોરડાના સોળ પર કેવી તીવ્ર વેદના ઊઠી હશે! આગળ આપણે જોયું તેમ ફટકાની વાધરીઓમાં લોખંડની, હાડકાંની કે ધાતુની કરચો મૂકેલી હતી અને તે ફટકા પડે ત્યારે માંસના લોચા લઈને ઊખડે તે સોળ પર વેદના થઈ હશે અને વધસ્તંભે જડેલા ખ્રિસ્તનો વધસ્તંભ ખાડામાં નાખ્યો હશે ત્યારે

કેટલી ભયંકર અને તીવ્ર વેદના થઈ હશે. બરાબર આ વેદના તાજી હશે તેજ સમયે પ્રભુ ઈસુ ખ્રિસ્તે પોતાના મારનારાઓને તેમ જ મશ્કરી કરનારાઓને જોવા હશે અને તેમની તીવ્રતા ચાલુ હશે તે જ સમયે બૂમ પાડી કે "ઓ પિતા, તેઓને માફ કર, કેમ કે તેઓ શું કરી રહયા છે તે તેઓ જાણતા નથી" મૂળ ગ્રીક ભાષામાં તો લખ્યું છે કે તેઓ સતત "ઓ બાપ તેઓને માફ કર, ઓ બાપ તેઓને માફ કર, કેમ કે તેઓ જે કરી રહ્યા છે તે તેઓ જાણતા નથી." તેમ રટણ કરતા રહ્યા હતાં.

## ૨. ઈસુના ક્રૂસારોહણની જગાને "ખોપરીની જગા" કેમ કહે છે ?

યોહાન ૧૯:૧૭માં આમ લખ્યું છે : "પછી તે પોતાનો વધસ્તંભ ઊંચકીને ખોપરીની જગા, જે હિબ્રૂ ભાષામાં ગલગથા કહેવાય છે ત્યાં બહાર ગયો" (વળી જુઓ : માથ્થી ૨૭:૩૩, માર્ક ૧૫:૨૨, લૂક ૨૩:૩૩). લાટીન અને એ પરથી અંગ્રેજીમાં એને 'કાલવરી' પણ કહે છે. (લાટીનમાં 'કાલ્વુસ' કે 'કાલ્વા', જર્મનમાં 'કાહૂલ', ડચમાં 'કાલ' એટલે ખોપરી થાય છે.).

પ્રશ્નનો કોઈ ચોક્કસ જવાબ નથી, પરંતુ ચારેક માન્યતાઓ છે જે નીચે રજૂ કરું છું : (૧) ખોપરીના આકારનો અને દેખાવનો એ ડુંગર છે તેથી; (૨) આદમની ખોપરી અહીંથી મળી આવી હતી તેથી; (૩) આ સ્થળે ગુનેગારોને મારી નાખવામાં આવતા તેથી; (૪) આ સ્થળે ખૂબ ખોપરીઓ જોવામાં આવતી તેથી. આ માન્યતાઓને એક પછી એક જોઈએ.

પહેલી માન્યતામાં કંઈક તથ્ય ખરું. છતાં ૪થી સદીમાં થયેલો એપિફાનિયસ આ મતને નકારી કાઢે છે. અને કહે છે કે એ સ્થળ મુદ્દે ખોપરી જેવું દેખાતું નથી. જ્યારે યરુશાલેમનો સીરીલ જણાવે


છે કે એનો આકાર ખોપરીને મળતો છે. (કેટાકેટીકલ લેકચર્સ ૧૩-૩૯). યરુશાલેમ શહેરમાં અંદર કબરની જે જગા છે - ને ત્યાં મંદિર બાંધેલું છે. - એ સ્થળનો આકાર ખોપરી જેવો નથી. પરંતુ યરુશાલેમના દમસ્ક દરવાજાથી શહેરની બહાર ઈશાન ખૂણે લગભગ અઢીસો ડગલાં દૂર "ગાર્ડન્સ ટુમ્બ" તરીકે ઓળખાતી પ્રભુ ઈસુ ખ્રિસ્તની કબર આવેલી છે તે ડુંગર ખોપરીના જેવો જ દેખાય છે. આંખના બે ગોખલા પણ દેખાય છે. ધોરી માર્ગ પર એ આવેલો છે. આ ડુંગર પર હાલ મુસ્લિમ કબ્રસ્તાન છે. એની તળેટીમાં યરુશાલેમ અને દેશનું બસ સ્ટેશન આવેલું છે. આ કબર ખડકમાંથી ખણી કાઢેલી છે, અને બાઈબલના વૃત્તાંતને બધી રીતે બંધબેસતી આવે છે. પણ પુરાણી મંડળીની ઊતરી આવેલી માન્યતા શહેરની અંદર આવેલી જગાને માન્ય રાખે છે.

બીજી માન્યતા (આદમની ખોપરીવાળી)ને ઓરીગન, આથનેસિયસ, અને એપિફાનિયસ જેવા મંડળીના ધર્મપિતૃઓનો ટેકો મળે છે. છતાં એ વાતમાં ખાસ તથ્ય લાગતું નથી. ત્રીજી અને ચોથી માન્યતા માટે ખાસ કંઈ કહેવાનું નથી.

'ગલગથા' સ્થળના પુરાવા માટે આટલી બાબતો જરૂરી છે : (૧) એ સ્થળ ઈસુના સમયમાં શહેરના દરવાજા બહાર આવેલું હોવું જોઈએ (યોહાન ૧૯:૧૭, ૧૮, હિબ્રૂ ૧૩:૧૨, ૧૩); (૨) છતાં શહેરના કોટની નજદીક હોવું જોઈએ (૧૯:૨૦); (૩) ધોરી માર્ગ પાસે હોવું જોઈએ (માથ્થી ૨૭:૩૯); (૪) એની પાસે બાગ આવેલો હોવો જોઈએ. (યોહાન ૧૯:૪૧).

□

# ૩૫ વધસ્તંભની વાટે (વાયા ડોલોરસા)



વાયા ડોલોરસા માર્ગ

૧. પિલાતે ઈસુને ગુનેગાર ઠરાવ્યા.
૨. પ્રભુ ઈસુને ક્રૂસ આપવામાં આવ્યો.
૩. ક્રૂસના વજનથી પ્રભુ ઈસુ પડી ગયા.
૪. પ્રભુ ઈસુ પોતાનાં માને મળે છે.
૫. કુરેનીનો સિમોન પ્રભુ ઈસુનો ક્રૂસ ઊંચકે છે.
૬. વિરોનિકા પ્રભુ ઈસુનું મુખ લૂછે છે.
૭. બીજી વાર પ્રભુ ઈસુ પડી જાય છે.
૮. પ્રભુ ઈસુ યરુશાલેમની પુત્રીઓને સંબોધે છે.
૯. પ્રભુ ઈસુ ત્રીજી વાર પડી જાય છે.
૧૦. પ્રભુ ઈસુનાં વસ્ત્રો ઉતારી લેવામાં આવે છે.
૧૧. પ્રભુ ઈસુને ક્રૂસે જડે છે.
૧૨. પ્રભુ ઈસુ ક્રૂસ પર મૃત્યુ પામ્યા.
૧૩. પ્રભુ ઈસુને ક્રૂસ પરથી ઉતાર્યા
૧૪. પ્રભુ ઈસુને કબરમાં મૂક્યા.
૧૫. પ્રભુ ઈસુ મૃત્યુમાંથી પાછા ઊઠયા.

દર શુક્રવારે "વધસ્તંભની વાટે" સાંજે ચાર વાગે સરઘસ નીકળે છે. રોમન કેથોલિકો અને બીજા લોકો ઉપરનાં ૧૪ સ્થળોએ ઘૂંટણે પડીને અને ચૂમી લઈને પ્રાર્થના કરે છે.

□

૩૯

# વધસ્તંભે જડયા

વધસ્તંભ પર ઈસુ ખ્રિસ્તને લટકાવવામાં આવ્યા હતા. છેલ્લું ભોજન તેમણે ઉપલી મેડી પર લીધું ત્યારે તેમણે પાણી પીધું હશે અને ત્યાંથી તેઓ ગેથસેમાનેમાં આવ્યા અને પકડાઈ ગયા પછી આખી રાત દરમ્યાન તેમને પાણી પીવાનું મળ્યું નહોતું તેમ જ આરામ પણ બિલકુલ મળ્યો ન હતો. તેમને આખી રાત કાયાફાસની પાસે, પછી સાહેન્દ્રિની વડી અદાલત પાસે છેલ્લે પિલાતની પાસે એમ એમને અહીં તહીં ફેરવવામાં આવ્યા. તેમનો પાણીનો પણ ભાવ કોઈએ પૂછયો ન હતો. સવારમાં આઠેક વાગ્યાના સુમારે સિપાઈઓએ તેમની મશ્કરી કરી કોરડાનો માર માર્યો, માથે કાંટાનો મુગટ મૂકી દીધો. તેમનું શરીર પાણી માટે તરસતું હતું. છતાં કોઈએ પાણી આપ્યું નહિ. નવેક વાગ્યાના સુમારે તેમને વધસ્તંભ ઊંચકીને કાલવરીનાં આકરાં ચઢાણ ચઢાવીને ખોપરીની ટેકરી ઉપર લઈ જવામાં આવ્યા અને ત્યારબાદ તેમને વધસ્તંભે ચઢાવી દેવામાં આવ્યા.

સૈનિકોએ પેલો લાકડાનો ભારે વધસ્તંભ જમીન ઉપર મૂકયો. એ પર ઈસુને સુવાડયા અને હથોડા વડે લોખંડના પાંચ - છ ઈંચ લાંબા ખીલા ઈસુના બંને હાથમાં ઠોકીને થંભે જકડી દીધા. વધસ્તંભ ઉપર નીચલા ભાગમાં પગોને જડવા સારુ એક પાટિયું મૂકેલું હતું. એના પર બંને પગ ભેગા કરીને એમાં એક ખીલો બળપૂર્વક ઠોકી દીધો.

ખાડો અગાઉથી ખોદી રાખ્યો હતો. હવે આખો વધસ્તંભ ઊંચો કરીને ખાડામાં નાખ્યો. ખીલાના તાજા ઘા આવા જોરદાર

આંચકાથી કેવા ખેંચાઈ ઊઠયા હશે ! કેવી પારાવાર વેદના થઈ હશે ? એવા સમયે ભલભલાના મોંમાંથી અપશબ્દો કે વેદનાની તીવ્ર બૂમ સરી પડે. પણ ઈસુ શું બોલ્યા ? બરાબર નીચે પ્રમાણે તેમણે પિતાની પાસે પ્રાર્થ્યું :

"ઓ પિતા, તેઓને માફ કરો, કારણ તેઓ જે કરી રહ્યા છે, તે તેઓ જાણતા - સમજતા નથી" (બાઈબલ : લૂક ૨૩ : ૩૪)

દુઃખ તાજું જ હતું એ વખતે તેઓ આ વાણી વદ્યા. વહી ગયેલાં સૈકામાં ઈસુના પગલે ચાલનારાં અનેકે શહીદીની વેળાએ આજ પ્રાર્થના ઉચ્ચારી છે. સ્તેફન એમાં પહેલો હતો.

પણ માફીનાં આવાં વેણ ન ગણકારતાં આસપાસ ભેગા મળેલા લોકો ઈસુની મશ્કરી કરે છે. અને મહેણાં-ટોણાં મારે છે.



પ્રભુ ઈસુના વધસ્તંભ પર મૂકાયેલું તહોમતનામું

રસ્તે જનારા કહે છે : 'મંદિરને પાડી નાખીને ત્રણ દિવસમાં એને પાછું ઊભું કરનારા, ઓ ડંફાસી, તને પોતાને બચાવ, અને વધસ્તંભ પરથી ઊતરી આવ.' યહૂદીઓના આગેવાનો અને વડા પુરોહિતો પણ પોતાના હોદ્દાનું મહત્ત્વ બાજુએ મૂકીને ક્ષુલ્લક માનવીઓ જેમ બૂમ પાડે છે : તેણે બીજાંઓને બચાવ્યાં, પણ પોતાને બચાવી શકતો નથી. જો તું ઈશ્વરનો ખ્રિસ્ત એટલે તેનો પસંદ કરેલા હોય તો પોતાને બચાવ. જો તું ઈશ્વરપુત્ર હોય તો વધસ્તંભ પરથી ઊતરી આવ, એટલે અમે એ જોઈને વિશ્વાસ કરીએ.

ઓ યહૂદીઓના આગેવાનો, તમે સાચું જ કહ્યું. તેમણે બીજાંને બચાવ્યાં, પણ તે પોતાને બચાવી શકતા નથી. કારણ તે મરવા માટે આ દુનિયામાં આવ્યા હતા. પૃથ્વી પર જન્મનારાં બધાં જનો જીવવા માટે આવે છે. ઈસુને પૂર્વહયાતિ હતી, તેઓ સનાતન ઈશ્વર હતા; તેઓ સનાતન સમયોથી જીવંત હતા, હયાત હતા, આ દુનિયામાં તો તેઓ માત્ર મરવાને આવ્યા હતા. બલિદાન બનવા માટે માનવી દેહધારણ કરીને આવ્યા હતા. પાપી માનવોનાં પાપ માથે લઈ તેમની શિક્ષા પોતે વહોરી લેવા આવ્યા હતા. પોતાના પ્રાણનું પરાર્થ ઉદ્ધારમાં બલિદાન દઈ દેવા આવ્યા હતા. એ હેતુ માટે તો તે આવ્યા હતા. એટલે એ પોતાને કેવી રીતે બચાવે? ઓ આગેવાનો, મજાકમાં પણ તમે સાચું જ કહ્યું !

"જો તું ઈશ્વરપુત્ર હોય તો વધસ્તંભ પરથી ઊતરી આવ," રાનમાં શેતાન એ જ પ્રલોભન લાવ્યો હતો : જો તું ઈશ્વરપુત્ર હોય તો....." ચમત્કારનો માર્ગ! પોતે મરવા આવ્યા હતા એ હેતુમાંથી ચલિત કરવાનું આ પ્રલોભન શેતાન કેટકેટલી વખત ઈસુ પાસે લાવે છે ? ઈસુ ઊતરી આવ્યા હોત તો ? હે વાચક, દુનિયાનો ઉદ્ધાર ન સધાયો હોત. તારી મુક્તિ થઈ શકી ન હોત. મારી મુક્તિનું મૂલ્ય

ચૂકવાયું ન હોત. આપણે પાપના અને શેતાનના ગુલામ જ રહેત. નરક આપણે માટે નિર્માણ રહેત.

પણ ઈસુને કંઈ લોખંડના લાંબા ખીલાઓએ વધસ્તંભ પર જડી રાખ્યા નહોતા. એમણે ધાર્યું હોત તો ખીલા આપોઆપ ચમત્કારિક રીતે નીકળી ગયા હોત, અને પોતે ક્રૂસ ઉપરથી આવી શક્યા હોત. પણ ઈસુ તો બલિદાન બનવા આવ્યા હતા. તમારે અને મારે માટેના તેમના અનહદ પ્રેમે જ તેમને સ્તંભે જકડી રાખ્યા હતા.

રોમન સૈનિકો પણ મશ્કરી કરે જ ને ! તે પોતાનાંની પાસે આવ્યો, પણ તેઓએ તેનો અંગીકાર કર્યો નહિ, પણ થંભે જડીને મશ્કરીઓ કરી. ત્યારે રોમનો, અને તેયે સૈનિકો મશ્કરી કરે એમાં શી નવાઈ ! પણ નવાઈની વાત : સૈનિકોની આ ટુકડીનો શતપતિ સૂબેદાર ગંભીર વદને સૂમસામ ઊભો છે, કંઈ જ બોલતો નથી. તેના મનમાં જરૂરથી કંઈક ઘડભાંગ ચાલે છે !

થંભે જડેલા બે બહારવટિયામાંનો એક બહારવટિયો પણ મશ્કરીમાં જોડાય છે : "જો તું ખ્રિસ્ત હો તો પોતાને તેમ જ અમને પણ બચાવ." કઠોર હૈયું વેદનાના તાપમાં પણ પીગળીને નરમ બન્યું નથી ! સમદુઃખીજનો એકબીજાની સહાનુભૂતિ તાકે છે, ત્યારે આ કેવોક વજ્ર હૈયાળો બહારવટિયો !

ઈસુને બે બહારવટિયા વચ્ચે લટકાવ્યા હતા. યશાયા પયગંબરે નહોતું કહ્યું કે "તે અપરાધીઓ મધ્યે ગણાયો ?" દુષ્ટોએ દુષ્ટાઈથી ઈસુને આપેલી જગા બિલકુલ બરાબર હતી. શું તે પાપીઓ, દાણીઓ, અને માર્ગ ભૂલેલાંના મિત્ર નહોતા ? શું એમણે જ નહોતું કહ્યું કે "માણસનો દીકરો ખોવાયેલું શોધવા અને તારવા આવ્યો છે."

એક બહારવટિયો ઈસુની ઠેકડી ઉડાવે છે. ત્યારે બીજી તરફનો

એને ધમકાવે છે : તું તે જ શિક્ષા ભોગવે છે, તે છતાં શું તું ઈશ્વરથી પણ બીતો નથી ? આપણે તો વાજબી રીતે ભોગવીએ છીએ. પણ એણે કંઈ ખોટું કર્યું નથી. કેવી અજબ સાક્ષી ! કેવો ગુનાનો એકરાર ! "એણે કંઈ ખોટું કર્યું નથી." ઈસુમાં એણે શું શું જોયું હશે ? પછી એ બહારવટિયો પ્રભુ ઈસુ તરફ મોં ફેરવીને બોલ્યો, "હે ઈસુ, જ્યારે તમે તમારા રાજમાં પ્રવેશો ત્યારે મને સંભારજો." બીજા મશ્કરી કરે છે ત્યારે તે તેમને 'પ્રભુ' તરીકે ગણે છે અને એમ જ માને છે.

માગણી કેટલી નાની અને નજીવી ! મને સંભારજો પણ એના બદલામાં ઈસુ તેને કેવું મહામોટું અભયવચન આપે છે !

"હું તને સાચે જ કહું છું કે તું આજે મારી સાથે પારાદૈસમાં હોઈશ." (બાઈબલ : લૂક ૨૩ : ૪૩)

નજીવી માગણી અને પારાદૈસનો કાયમી વસવાટ ! પ્રભુના બધાં વચન એવાં છે. તમે ધારો કે કલ્પો તેથી અધિક ગણાં !

બહારવટાની હૈયાસૂની જિંદગી જેણે સેવી છે એવો આદમી પ્રભુના સાનિધ્યમાં પશ્ચાતાપી બની ગયો ! એના શબ્દોમાં કરેલાં બૂરાં કર્મનો પશ્ચાત્તાપ ભારોભાર ભરેલો છે. એટલે જ એને પ્રભુ ઈસુનું અભય વચન મળે છે. જ્યારે પેલો બીજી તરફનો બહારવટિયો ? નદીના પહાણા જેમ પાણીમાં છતાં ભીતરે કોરો જ રહ્યો.

વધસ્તંભ પરનું પોતાનું દુઃખ ભૂલીને ઈસુ બીજાંની ચિંતા કરે છે. પોતાથી વિહોણી થનાર પોતાની વહાલસોયી માતાની જાળવણી પોતાના યોહાન નામના એક શિષ્યને કરે છે :

"માડી, જો તારો દીકરો."

અને શિષ્યને કહે છે :

"જો, તારી મા" (બાઈબલ : યોહાન ૧૯ : ૨૬, ૨૭)

ઉપરની ત્રણ વાણી અંધકાર પહેલાં ઉચ્ચારવામાં આવી. પછીની ચાર વાણી ઈસુ અંધકારના સમયમાં વધ્યા. પહેલી ત્રણ વાણી માણસોના સંબંધમાં હતી; બાકીની ચાર માણસોને સંબોધાયેલી નહિ, પણ ઈશ્વર સાથેની હતી. આખા દેશ પર અંધકાર છવાઈ ગયો. વાદળ નહોતાં. સૂર્યગ્રહણ પણ નહોતાં. પાસ્ખાનો પૂર્ણ ચંદ્ર એ દિવસે હતો. પૂનમને દિવસે ચંદ્રગ્રહણ કદાચ થાય, પણ એ દિવસે વિજ્ઞાનના નિયમ પ્રમાણે સૂર્યગ્રહણ તો સંભવી જ ન શકે. વળી સામાન્ય સૂર્યગ્રહણના સમય કરતાં આજે તો બાર ગણા સમય સુધી વ્યાપક અંધકાર રહ્યો ! મધ્યાન્હે બાર વાગ્યાથી ત્રણ સુધી સર્વત્ર અંધકાર છવાયેલો રહ્યો. તો આ અંધકાર શાનો, અને ક્યાંથી ? ઈસુના જન્મ વખતે ઈશ્વરનું ગૌરવ પ્રગટયું, અને રાત દિવસ સમાન ઝળાંહળાં બની ગઈ. ઈસુના મૃત્યુ ટાણે ભર બપોરે દિવસ રાતના રૂપમાં ફેરવાઈ ગયો. સૃષ્ટિનો સ્વામી જ્યારે દીનહીન બની પાપીઓના હાથે માર્યો જાય ત્યારે સૂર્ય પોતાનુ મુખ કેમ ન સંતાડે ?

ઈસુએ દુનિયાનાં પાપ માથે લીધાં હતાં (બાઈબલ : ૧ પિતર ૨ : ૨૪, ૨ કોરિંથી ૫ : ૨૧). એટલે પ્રેમાળ પિતાએ ઘડીભર મોં પ્રિય પુત્ર તરફથી ફેરવી લીધું હતું. માણસો ઈશ્વરને વારે વારે ત્યાગે છે, પણ ઈશ્વર કોઈને કદી પણ ત્યાગતા નથી, કોઈનાયે તરફથી મોં ફેરવી લેતા નથી. એથી ઊલટું ઈશ્વરપુત્ર ઈસુએ કદી ઈશ્વરપિતાનો ત્યાગ કર્યો નથી, પણ અહોનિશ તેમની જ સંગત ઝંખી છે, અને તેમની જ ઇચ્છા પૂરી કરવાનું શોધ્યું છે. પણ ઈસુએ દુનિયાનાં તમામ પાપ પોતાને શિરે લીધાં હોવાથી પોતે શ્રાપિત બન્યા ! એટલે જ થોડી ક્ષણો માટે ઈશ્વરપિતા પોતાનું મોં ફેરવી

લે છે. પિતાની સંગત કદી ન ત્યાગનાર આજ્ઞાંકિત પુત્ર આ કેવી રીતે વેઠી શકે ? એટલે તે અરામી ભાષામાં પોકારી ઊઠે છે :

"એલોઈ, એલોઈ, લામા સાબ્બાખથાની ?"

("ઓ મારા ઈશ્વર, મારા ઈશ્વર, તમે મને કેમ તજી દીધો છે ?") (બાઈબલ : માથ્થી ૨૭ : ૪૬, વળી જુઓ ગીતશાસ્ત્ર ૨૨: ૧)

આ કેવી ગૂઢ બૂમ ? માનવી મગજ એમાં સમાયેલી હકીકત અને અર્થ સમજી શકવાનું નથી. બપોરે બે-ત્રણની વચ્ચે ઈસુએ મોટા અવાજથી આ બૂમ પાડી. અંધકાર અત્યારે બહુ વધી ગયો હતો. કષ્ટની પરાકાષ્ટા હતી. ઈસુને જ્યારે વધારેમાં વધારે હૂંફની જરૂર હતી, ત્યારે જ પિતા તેમને ઘડીભર માટે તજી દે છે.

હવે બપોર પછીના ત્રણ વાગવા આવ્યા હતા. ઉજાગરો, વેદના, ભૂખ, ઘાની પીડા, એ બધાંથી શરીર તાવલું બને જ. અને તરસ પણ ભયંકર લાગે. એવામાં ઈસુ બોલે છે :

"મને તરસ લાગી છે" (બાઈબલ : યોહાન ૧૯ : ૨૮)

આ શું ફક્ત પાણી માટેની જ તરસ હશે કે બીજો કોઈ ગૂઢ સંકેત હશે ? જે પોતે જીવનનો ઝરો છે, જે પોતે જીવંત પાણી છે, જેણે સરોવરો અને મહાસાગરો બનાવ્યાં, હા, જે ડુંગરા ફોડીને ઝરણાં વહાવે છે, તે આજે બૂમ પાડે છે : 'મને તરસ લાગી છે.' પ્રભુ તમે ક્યારે તરસ્યા હતા, અને મેં તમને પાણી પાયું હતું (બાઈબલ : માથ્થી ૨૫)

હવે લગભગ ત્રણ વાગવા આવ્યા હતા. એવામાં ઈસુ અતિ ગૂઢ વાણી ઉચ્ચારે છે :

'સંપૂર્ણ થયું.' (બાઈબલ : યોહાન ૧૯ : ૩૦)

શું સંપૂર્ણ થયું ? હા, નિયમને પૂર્ણ કરવા આવેલા ઈસુએ

"મરણ, હા, વધસ્તંભના મરણ સુધી આધીન થઈને" (ફિલિ. ૨:૮) નિયમના પાલનને પૂર્ણ કર્યું. મસીહ સંબંધીની ભવિષ્યવાણીઓ પૂરી થઈ. અને ઘણું બધું પૂર્ણ થયું. પણ સૌથી વિશેષ પ્રભુ ઈસુ માનવીનાં પાપોને માટે અને માનવ-મુક્તિ સાધવાને માટે મુક્તિ-મૂલ્ય તરીકે પોતાની જાતનું બલિદાન દેવાને માટે આવ્યા હતા, એ કાર્ય હવે પૂર્ણ થયું, એ હેતુ પૂર્ણ થયો.

આ દુઃખભરી બૂમ નહોતી. ગ્રીક શબ્દ પરથી સમજાય છે કે પ્રચંડ ઘોષણાભર્યા વિજયડંકાની આ ગર્જના હતી. નવા કરારની અસલ ગ્રીક ભાષામાં આ સ્થળે એક જ શબ્દ વાપરવામાં આવ્યો છે : "તેલેલેસ્તાઈ." એ જમાનામાં રોમન સામ્રાજયમાં ધંધાકીય કે વેપારી કરારનામાંની આખરે આ ગ્રીક શબ્દ વપરાતો : "તેલેલેસ્તાઈ," એટલે કે સંપૂર્ણ બીલો ચૂકવવામાં આવતાં ત્યારે પણ ચૂકવાયેલાં બીલોમાં, સામે ખૂણેથી માંડીને સામા ખૂણા સુધી કર્ણરેખામાં, આ શબ્દ લખાતો :"તેલેલેસ્તાઈ.' એનો ભાવાર્થ થતો કે 'સંપૂર્ણ થયું,' પતી ગયું. 'ચૂકવાઈ ચૂકયું.' 'ખતમ થયું.' એટલે જ આ બૂમ 'તેલેલેસ્તાઈ' એ વિજયઘોષણા હતી કે 'સંપૂર્ણ થયું,' 'ચૂકવાઈ ચૂકયું.'

હવે બપોર પછીના બરાબર ત્રણ થયા. એ સમયે ઈસુએ ઊંચા સાદે પોકાર્યું :

"ઓ પિતા, હું મારો આત્મા તમારા હાથમાં સોંપું છું." (બાઈબલ : લૂક ૨૩ : ૪૬. ગીતશાસ્ત્ર ૩૧:૫)

એમ કહીને તેમણે પ્રાણ છોડયા.

હવે "મારા ઈશ્વર, તમે મને કેમ મૂકી દીધો છે.? એ વિમુખતા જતી રહી છે. એ અંધકાર જતો રહયો છે. હવે પિતાનું મુખ તે જોઈ શકે છે. એમનો આત્મા કોઈ ગૂઢ ભયથી મુક્ત બને છે. હવે તે પોતાનો કિંમતી આત્મા પિતાના હવાલામાં સોંપે છે. મરણ

દ્વારની ચાવી એ જ છે. મૃત્યુબાદ આત્મા કોઈ અજાણ્યા મુલકમાં નહિ,પણ જ્યાં પ્રેમાળ પિતાની વાત્સલ્યભરી હકુમત ચાલે છે ત્યાં જાય છે."

જોન હસને શહીદ તરીકે અગ્નિમાં બાળી નાખવા લઈ જવામાં આવતો હતો ત્યારે તે પ્રાર્થના કરે છે, "હે પ્રભુ ઈસુ, તમે ખંડી લીધેલો મારો આત્મા તમારા હાથમાં સોંપું છું." હવે બપોર પછી ત્રણ વાગ્યા હતા. સાંજે છ વાગ્યાથી યહૂદીઓનો પવિત્ર દિવસ 'સાબ્બાથ' અથવા વિશ્રામવાર બેસતો હતો. અને એ પવિત્ર દિવસે ગુનેગારોનાં શરીરો ક્રૂસ પર ન હોવાં જોઈએ. એટલે અત્યારે જ એમને મારી નાખવા માટે આસપાસના પેલા બે બહારવટિયાના પગ સિપાઈઓએ ભાંગી નાખ્યા. ક્રૂસ પર એક પાટિયું નીચલા ભાગ તરફ ચોડીને તે ઉપર ગુનેગારોના પગ ખીલાથી જડી દેવામાં આવતા. હાથોને ઉપર બંને છેડા તરફ ખીલાથી જડી દીધેલા હોવાને કારણે છાતી બહુ તંગ બનતી, અને શ્વાસ લેવાની તકલીફ પડતી. એટલે ક્રૂસે જડાયેલી વ્યક્તિ પોતાના પગ થોડા ઊંચા કરે એટલે હાથ જરા ઢીલા પડતા, થોડી રાહત મળતી, છાતી તંગ સ્થિતિમાંથી જરા હળવી બનતી, અને કંઈક મોકળાશથી શ્વાસ લઈ શકાતો.

પણ પગ ભાંગવામાં આવતા ત્યારે એ પગ ઊંચા - અદ્ધર કરી શકાતા નહિ, અને છાતી તંગ ને તંગ જ રહેતી, શ્વાસ લેવામાં પારાવાર કષ્ટ થતું. અને આખરે શ્વાસ ન લેવાવાને કારણે માણસ ટૂંક મુદતમાં જ મૃત્યુ પામતો.

આ હેતુને લીધે બંને બહારવટિયાના પગ સિપાઈઓએ ભાંગ્યા. પણ ઈસુના પગ ભાંગવાની જરૂર રહી નહોતી, કારણ તેમણે ક્યારનાયે પોતાના પ્રાણ છોડયા હતા. છતાં, ઈસુ ખરેખર અને સંપૂર્ણપણે મૃત્યુ પામ્યા છે કે નહિ, એ જોવા એક સિપાઈએ ઈસુની કૂખમાં ભાલો માર્યો. એટલે ઘામાંથી લોહી તથા પાણી વહી

નીકળ્યાં. આ પરથી રોમન સુબેદાર અને અન્ય લાગતાવળગતાને ખાતરી થઈ કે ઈસુ સંપૂર્ણપણે મૃત્યુ પામ્યા છે.

મરેલા માણસમાંથી લોહી નીકળે નહિ, કારણ મૃત્યુ નીપજતાં થોડા સમયમાં લોહી થીજી જાય છે, અને રક્તાભિસરણ બંધ પડે છે. મૃત્યુ પછી માત્ર ફિક્કા મેલા પીળા રંગનું પાણી (સીરમ) જ નીકળે.

માણસના હૃદયની આસપાસ કોથળી હોય છે. આ કોથળીને 'પેરીકાદિયમ' કહે છે. (પેરી = આસપાસ; કાર્દિયમ = હૃદય). સામાન્ય રીતે હૃદયના સ્નાયુ ભાગ્યે તૂટે છે કે ફાટે છે. પરંતુ માનવી પર સહનશક્તિની બહારની મનોવેદના આવી પડે, ત્યારે એવા અતિ કષ્ટને લીધે હૃદયના સ્નાયુ તૂટી કે ફાટી જાય છે, અને હૃદયમાંનું લોહી 'પેરીકાર્દિયમ' માં (એટલે કે પેલી કોથળીમાં) જમા થાય છે. આમ કોથળી ફૂલીને તંગ બનવાને કારણે હૃદય પર દબાણ આવતાં એ ધબકારા લઈ શકતું નથી, અને આખરે બંધ પડી જાય છે, અને માણસનું મૃત્યુ નીપજે છે. આવી સ્થિતિને મેડિકલ સાયન્સમાં "એકસ્ટ્રાવાસેશન ઓફ ધી હાર્ટ" કહે છે."

આ પ્રકારના મૃત્યુમાં બંને હાથ ફેંકાઈને ખૂબ પહોળા અને ઊંચા થઈ જાય છે, માણસ મોટી બૂમ પાડી ઊઠે છે, હૃદયની દીવાલ તૂટી પડે છે, 'પેરીકાર્દિયમ' માં હૃદયના લોહીનો જમાવ થાય છે, હૃદય બંધ પડે છે, અને માણસ મરી જાય છે. સામાન્ય માણસ તો અતિશય મનોવેદના અને તીવ્ર કષ્ટમાં મૂર્છિત થઈ જતો હોવાથી ભયંકર ભયની પળમાંથી ઊગરી જાય છે, પણ પ્રભુ ઈસુએ તો મૃત્યુ અને દુઃખનો પૂરેપૂરો પરચો અનુભવ્યો. તે આ પ્રકારના મૃત્યુ દ્વારા મર્યા.

ઈસુ ભાલો વાગવાથી નહોતા મર્યા. જો ભાલાને કારણે એમનું મોત નીપજ્યું હોત તો હૃદયમાંથી તાજા લોહીની ધસમસતી ધાર

વહી નીકળી હોત. ઈસુ તો ભાલાના ઘા પૂર્વે મૃત્યુ પામેલા હતા. ભાલો તો ઈસુના મૃત્યુની ખાતરી કરવા માટે મારવામાં આવ્યો હતો. જો હૃદય ફાટયું નહોત - સહિસલામત હોત, અને ભાલો માત્ર પેરીકાર્ડિયમની કોથળીને જ વાગ્યો હોત, અને હૃદયને નહિ તો સામાન્ય રીતે નહિવત પ્રવાહી આ કોથળીમાંથી વહ્યું હોત અને કોઈને તેની ખબર પણ પડી ન હોત.

હૃદય ફાટવાથી કે તૂટવાથી ઈસુ મૃત્યુ પામ્યા, એનો અર્થ એવો થતો નથી કે ઈસુ હતાશા અને નિરાશાના માર્યા મૃત્યુ પામ્યા. ઈસુ તો વિજેતા હતા. એમની આખરી બૂમ વિજેતાની હતી. પોતે કરવા આવેલા કામને સંપૂર્ણ કર્યું છે. એમનું કાર્ય સંપૂર્ણ થયું છે. પ્રભુ ઈસુએ કહેલું "હું મારો જીવ આપું છું" કે તે હું પાછો લઉં. કોઈ મારી પાસેથી તે લેતો નથી, પણ હું મારી પોતાની મેળે તે આપું છુ." (બાઇબલ : યોહાન ૧૦ : ૧૭,૧૮) આ વાક્યને તેના મૃત્યુના શારીરિક કારણ સાથે સંબંધ નથી. પોતે પોતાનો પ્રાણ બીજાઓની પાપ મુક્તિ માટે આપવા ઈસુ આવ્યા હતા. તેમણે ધાર્યું હોત તો ક્રૂસનું કારમું મોત પોતે ટાળ્યું હોત. પણ તેમણે પોતે જ સ્વૈચ્છિક રીતે અન્ય લોકોના હક્કમાં મૃત્યુને પસંદ કર્યું. એમનું મૃત્યુ સ્વૈચ્છિક બલિદાન હતું.

## ૧. લોહી અને પાણી કેમ નીકળ્યાં ?

પ્રભુ ઈસુની કૂખમાં ભાલો મારવામાં આવ્યો ત્યારે લોહી અને પાણી કેમ નીકળ્યાં ? મરેલા માણસના શરીરમાંથી લોહી નીકળે ?

યોહાન ૧૯:૩૪માં લખ્યું છે : "એક સિપાઈએ ભાલાથી તેની કૂખ વીંધી, એટલે તરત તેમાંથી લોહી તથા પાણી નીકળ્યાં." વૈદકીય વિજ્ઞાન પ્રમાણે, મૃત્યુ પામેલા માનવીમાંથી લોહી નીકળે જ નહિ. માણસ મૃત્યુ પામે ત્યારે એનું લોહી અંદરની નળીઓમાં થીજી જાય છે, અને એવા મૃત માણસને ઘા કરવામાં આવે, તો

થીજી ગયેલા લોહીમાંથી છૂટું પડેલું પાણી (સીરમ) એકલું નીકળી આવે. આ પાણી યા સીરમ ફિક્કા રતૂમડા રંગનું હોય છે.

પ્રભુ ઈસુના શરીરમાંથી, ભાલો વાગતાં, લોહી અને પાણી (સીરમ) નીકળ્યાં. માણસ કોઈ તીવ્ર કે આવેગભર્યા મૃત્યુથી મરણ પામે, અને હૃદય બંધ પડી જાય, ત્યારે એના ડાબા પડખામાં લોહી જમા થાય છે, અને પાણી (સીરમ) લોહીના ઘન પદાર્થો (રાતાકણો, શ્વેતકણો વગેરે)થી છૂટું પડી જાય છે. એટલે ઈસુને ભાલો મારવામાં આવ્યો ત્યારે આ નીતરેલું પાણી (સીરમ) અને ઘન પદાર્થો (ઘટ્ટ બનેલું લોહી) ધસી આવ્યું. પ્રભુ ઈસુ મૃત્યુ પામ્યા એની આ સચોટ સાબિતી હતી. (આ વિષે વધુ જાણવા જુઓ લેખકકૃત "બાઈબલ અભ્યાસ-ભાગ-૧લો, પ્રશ્ન ૧૨મો, પૃ. ૨૬-૨૯)."

**૨. ઈસુ ખ્રિસ્તને ક્રૂસ પર ક્યારે જડવામાં આવ્યા? સવારમાં ૯ વાગે કે બપોરે બારના સુમારે?**

માર્કની ગણતરી યહૂદી ગણતરી પ્રમાણે હતી. યહૂદીઓની ગણતરી પ્રમાણે સાંજના છ વાગ્યાથી બીજો દિવસ શરૂ થતો, અને બીજે દિવસે સાંજે છ વાગે પૂરો થતો. એમ સવારના છ વાગ્યાથી સાંજના છ સુધી દિવસના ૧૨ કલાક થતા. "ત્રીજો કલાક થયો હતો," એટલે સવારના (અથવા દિવસનો) ત્રીજો કલાક થયો હતો, એટલે કે સવારના ૯ વાગ્યા હતા.

યોહાનની સુવાર્તા પ્રમાણે અસલ ગ્રીક ભાષામાં આવું છે : "ત્યારે આશરે છઠ્ઠો કલાક થયો હતો." એ શબ્દોને અભ્યાસકો બે રીતે જુએ છે : (૧) સવારના છ પછીના છ કલાક, એટલે બપોરના બાર. એ થઈ યહૂદી ગણતરી. આ ગણતરીમાં માનનારા ખુલાસો કરે છે કે માર્કની સુવાર્તામાં આપેલો ટાઈમ પિલાત આગળ ઈસુની

તપાસ શરૂ થઈ તે સમયનો છે, જ્યારે યોહાન પ્રમાણે પિલાતે આખરી ચૂકાદો આપ્યો અને ઈસુને વધસ્તંભે જડવા લઈ ગયા ત્યાં સુધી ત્રણ કલાક થયા હશે. તપાસ ત્રીજા કલાકે (સવારના નવ વાગે) શરૂ થઈ, અને ચૂકાદો દેવાયો છઠ્ઠા કલાકે (બપોરના આશરે બાર વાગે)

(૨) પરંતુ યોહાનની સુવાર્તામાં યહૂદી ગણતરી પ્રમાણે નહિ, પણ બધે રોમન ગણતરી પ્રમાણે સમય આપવામાં આવ્યો છે. (જુઓ ૧:૩૯, ૪:૬, ૪:૫૨). રોમનો, હાલની આપણી રીત પ્રમાણે, રાતના બાર પછી નવો દિવસ શરૂ થયેલો ગણતા, તે બીજા દિવસની મધરાત સુધી એ દિવસ ચાલતો એ ગણતરી પ્રમાણે છઠ્ઠો કલાક" સવારના છ વાગ્યાનો સમય થયો. યોહાન "આશરે" શબ્દ વાપરે છે, એટલે કદાચ "છ-સાડા છ"નો સમય થયો હોય. પિલાતે એ સમયે તપાસ શરૂ કરી હશે, અને અઢી, ત્રણ કલાક તપાસ ચાલ્યા પછી સવારના ૯ના સુમારે ઈસુને વધસ્તંભે જડવા સોંપી દીધા હશે.

આ બીજો ખુલાસો વધારે બંધબેસતો છે. કારણ, માર્કની સુવાર્તામાં સવારના ૯ વાગે (દિવસના ત્રીજા કલાકે) પિલાતની તપાસ તો ક્યારનીયે પૂરી થઈ ગઈ છે, અને સવારના ૯ વાગે ઈસુને ક્રૂસે જડયા છે. પહેલો ખુલાસો આ હકીકત સાથે બંધબેસતો થતો નથી. "આશરે છઠ્ઠે કલાકે" અસલ ભાષામાં છે, તેનું ખોટું અર્થઘટન ગુજરાતી તરજુમા (આશરે બપોર)માં થયું છે.

તેમણે પોતે જ સ્વૈચ્છિક રીતે અન્ય લોકોના હકકમાં મૃત્યુને પસંદ કર્યું. એમનું મૃત્યુ સ્વૈચ્છિક બલિદાન હતું.

(ઈસુના મૃત્યુના આ પ્રકારના કારણ માટે વધુ જાણવા ઇચ્છતા હો કે ખાતરી મેળવવી હોય તો વાંચો : (૧) ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ બાઈબલ એન્સાયકલાપેડિયા, ગ્રાન્ડ રેપિડસ, યુએસએ. ૧૯૪૩

(૨) ડૉ. સ્ટુઅર્ટ બર્ગસ્માનો કેલ્વિન ફોરમમાં ૧૯૪૮માં પ્રગટ થયેલો લેખ (૩) સર જેમ્સ સીમ્પસન (કલોરોફોર્મના શોધક)ની પુસ્તિકા; અને બીજા અનેક મેડિકલ ડોકટરોના આ વિષેના અભિપ્રાયો.)

હવે અંધકાર જતો રહ્યો. નમતા સૂર્યનો શીળો પ્રકાશ પથરાઈ રહ્યો. પણ આ શું થયું ? વાદળાં નથી તોય વીજળી ! તોફાન નથી તોય ગર્જના ! અને ધરતીકંપ ! આ શું ? આમ કેમ ? સૃષ્ટિનો સૃજનહાર પાપી જનોને હાથે મરે છે ત્યારે માનવીઓ ભલેને તમાશો જોતાં પણ સૃષ્ટિ પોતાના સ્વામીને આવી સ્થિતિમાં કેમ જોઈ શકે ? ધરણી ધ્રૂજી ઊઠી, ખડકો ફાટી ગયા, સૂરજ પણ શરમિંદો બનીને જાણે કે સંતાઈ ગયો. માત્ર પતિત બનેલું અને કઠણ હૈયાનું માનવી જ એ સ્વામીની મશ્કરીઓ કરતું રહ્યું. અને એમાં તમાશો ભાળ્યો !

## ૩. વધસ્તંભ તો ઈશ્વરના હૃદયમાં સૃજનકાળથી હતો.

જે ઈશ્વરપુત્ર સનાતન હતો, અમર હતો, તે માનવી દેહ ધારણ કરીને આવ્યો અને વધસ્તંભને મોતે મર્યો કેમ ? માણસને પાપમાંથી મુક્તિ આપવા માટે.

ભલે ઈતિહાસમાં આજથી લગભગ બેએક હજાર વર્ષ ઉપર આ વધસ્તંભ ધરતી ઉપર ગોઠવાયો; ઈશ્વરના હૈયામાં તો સૃષ્ટિના મંડાણકાળથી જ એ વધસ્તંભ હતો. માનવની પતિત હાલત ઈશ્વરે અગમદૃષ્ટિ દ્વારા અગાઉથી જોઈ, ત્યારથી જ આ વધસ્તંભનો નિર્ણય ઈશ્વરના સનાતન ઈરાદાઓમાં લેવાઈ ચૂકયો હતો. તેથી જ પ્રભુ ઈસુ વિષેના ઉલ્લેખમાં લખાયું કે "સૃષ્ટિના મંડાણ અગાઉ વધેરાયેલો બલિ" (બાઈબલ : પ્રકટીકરણ ૧૩ : ૮. ૧ પિત્તર ૧ : ૧૯-૨૦).

જેમ ઈસહાકનું બલિદાન દેવા અબ્રાહમે છરો ઊગામ્યો ત્યારે

એ ઈસહાકને ઉગારવા અને એની જગાએ બલિ બની જવા ઝાડીમાં પેલો ઘેટો ક્યારનોયે રખાયો હતો, એમ જ માનવજાત માટે બલિ બની જવા ઈશ્વરના એકમાત્ર બલિરૂપ ઈસુ ખ્રિસ્તને ક્યારનાયે નિર્માણ કરવામાં આવ્યા હતા.

વિશ્વના મંડાણ અગાઉ તેઓ નિર્મિત થઈ ચૂકયા હતા. ઈસવીસનની પહેલી સદીમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પૃથ્વી પર દેહધારી થઈને આવવું એ તો માત્ર ઈશ્વરને પ્રેમાળ હૈયાની સનાતન યોજના મૂર્તિમાન બની. સમયની સંપૂર્ણતાએ સનાતન ઈશ્વરીય શબ્દ - બ્રહ્મ



(ઈશ્વરપુત્ર) માનવજાતનાં પાપોને માટે બલિ બની જવા દેહધારણ કરીને પૃથ્વી પર અવતર્યા.

ઈશ્વરને બાઈબલમાં પ્રેમાળ પિતા તરીકે ઓળખાવ્યા છે. આ પ્રેમાળ પિતા સૃજનકાળથી જ માણસના જીવનમાં પોતાને પ્રેમ અને રહેમથી સંડોવતા આવ્યા છે. વધસ્તંભ ઈશ્વરના એ પ્રેમ અને સંડોવાયાપણાની અપૂર્વ અને ચોક્કસ સાબિતી છે.

જૂના કરારમાં પશુપક્ષીઓનાં બલિદાનો અપાતાં. એ તો માત્ર ઈશ્વરે સૂચવેલી અવેજી વ્યવસ્થા હતી. પશુપક્ષીનાં અર્પણો દ્વારા પાપમુક્તિ થઈ શકતી નથી. એ તો વેવિશાળની વીંટી જેમ માત્ર આવનાર ખરા બલિ પ્રભુ ઈસુની એંધાણી હતાં. કન્યાએ આંગળીએ ચઢાવેલી વેવિશાળની વીંટી તેને યાદ દેવડાવે છે કે તેને વરરાજા મળવાનો છે. એમ જ એ બધાં અર્પણો આવનાર ખરા અર્પણ પ્રભુ ઈસુની યાદ દેવડાવતાં હતાં. ઈશ્વરે પોતે આ વ્યવસ્થા આપીને એ સૂચવેલું કે પોતે માનવજાતની સાથે પોતાને સંડોવે છે.

□

# ૩૭ પ્રભુ ઈસુની વધસ્તંભ પરની સાત વાણીઓ

પહેલી વાણી : "બાપ તેઓને માફ કર" લૂક ૨૩:૩૪

બીજી વાણી : "આજે તું મારી સાથે પારાદૈસમાં હોઈશ." લૂક ૨૩:૨૯ થી ૪૩

ત્રીજી વાણી : "જો તારી મા, જો તારો દીકરો" યોહાન ૧૯:૨૫થી ૨૭

ચોથી વાણી : "ઓ મારા દેવ તેં મને કેમ મૂકી દીધો છે." માથ્થી ૨૭:૪૫-૪૬

પાંચમી વાણી : "મને તરસ લાગી છે." યોહાન ૧૯:૨૮, ૨૯

છઠ્ઠી વાણી : "સંપૂર્ણ થયું" યોહાન ૧૯:૩૦

સાતમી વાણી : "ઓ બાપ, હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું." લૂક ૨૩:૪૬.

## ૧. પ્રભુ ઈસુની વધસ્તંભ પરની પહેલી વાણી :

લૂક ૨૩:૩૪ : "હે બાપ તેઓને માફ કર કેમ કે તેઓ જે કંઈ કરે છે તેઓ જાણતા નથી."

પ્રભુ ઈસુને વધસ્તંભ ઊંચકાવીને કાલવરીની ટેકરી ઉપર લાવ્યા અને જે ખાડો વધસ્તંભ મૂકવા કરેલો તેમાં જોરથી વધસ્તંભ નાખ્યો. તો આ વખતે પ્રભુ ઈસુની શરીરની નસો તતડાવા લાગી અને સખત દુ:ખ સહન કરવું પડયું દુ:ખની એ જ વેળાએ અને આસપાસ લોકો મશ્કરીઓ કરતા હતા તે જ વેળાએ આ વાણી ઉચ્ચારી "હે બાપ તેઓને માફ કર, કેમ કે તેઓ જે કંઈ કરે છે તેઓ જાણતા નથી." પ્રભુ ઈસુની પ્રભુની આગળની આ પ્રાર્થના

તે ઠાલી નહોતી પણ પૂરા હૃદયથી ઉચ્ચારેલી હતી કેમ કે મૂળ નવા કરારમાં ગ્રીકમાં એમ લખાયું છે કે આ પ્રાર્થના તેઓ સતત ગણગણ્યા કરતા હતા એટલે એક વખત નહિ પણ અનેક વખત ઉચ્ચારી હતી. એટલે પ્રભુએ હૃદયપૂર્વક લોકોને માફી આપી.

## ૨. પ્રભુની બીજી વાણી : લૂક ૨૩:૩૯ થી ૪૩

હું તને ખચીત કહું છું કે, આજ તું મારી સાથે પારાદૈસમાં હોઈશ.

૩૯ તેની સાથે ટાંગેલા ગુનેગારોમાંના એકે તેની નિંદા કરીને કહ્યું, શું તું ખ્રિસ્ત નથી ? તું પોતાને તથા અમને બચાવ. ૪૦ પરંતુ બીજાએ ઉત્તર આપતાં તેને ધમકાવીને કહ્યું કે તું તે જ શિક્ષા ભોગવે છે, તે.છતાં શું તું દેવથી પણ બીતો નથી ? ૪૧ આપણે તો વ્યાજબી રીતે (ભોગવીએ છીએ), કેમ કે આપણે આપણા કામનું યોગ્ય ફળ પામીએ છીએ. પણ એણે કંઈપણ ખોટું કર્યું નથી. ૪૨ તેણે કહ્યું કે હે ઈસુ, તું તારા રાજ્યમાં આવે ત્યારે મને સંભારજે, ૪૩ તેણે તેને કહ્યું કે, હું તને ખચીત કહું છું કે આજ તું મારી સાથે પારાદૈસમાં હોઈશ.

પ્રભુ ઈસુને વધસ્તંભે જડયા ત્યારે તેમને ડાબે જમણે બે લૂંટારાઓને પણ આજબાજુ વધસ્તંભે જડવામાં આવ્યા હતા. તેઓ ચોર નહોતા પણ લૂંટારા હતા એટલે કે રાજ્યની સામે લૂંટફાટે પડેલા રાજ્યની વિરુદ્ધના લૂંટારા. એ રીતે તેમણે ઘણી લૂંટ કરી હતી અને ઘણાં ખૂન પણ કર્યાં હતાં. તેઓએ ખાસ કરીને ડાબી તરફના લૂંટારાએ તો પ્રભુનો પક્ષ લીધો હતો. અને ડાબી તરફના લૂંટારાને કહ્યું, ભલા માણસ શરમાતો નથી આપણે બંને તો આપણાં બદકૃત્યનો બદલો (શિક્ષા) પામીએ છીએ જ્યારે વચ્ચેના દેવપુત્રએ તો કોઈ ભૂંડું કાર્ય કર્યું નથી. એણે જે અદ્‌ભુત ચમત્કારિક કાર્યો કર્યાં માંદાંઓને સાજાં કર્યાં, બધાનું ભલું કરતો રહ્યો તેનાં દેશભરમાં કેટલાં બધાં ગુણગાન ગવાય છે અને હમણાં જ પ્રાર્થના કરાવી તે કેવી અજાયબ જેવી પ્રાર્થના

હતી, પોતાના બધા મારનારાઓને માટે પ્રભુની આગળ નમ્ર પ્રાર્થના કરી કે, હે બાપ, તેઓને માફ કર કેમકે તેઓ જે કંઈ કરે છે તેઓ જાણતા નથી, મને તો આ એમની પ્રાર્થના બહુ ગજબની પ્રાર્થના લાગી. આપણા દેશના ધાર્મિક લોકો તેમને ઈશ્વરનો પુત્ર માને છે. અને ખરેખર દેવપુત્ર જ આવી પ્રાર્થના કરી શકે, મને તો લાગ્યું કે જાણે મારા ભૂતકાળનાં પાપો તેણે માફ કરી દીધાં હોય તેમ મને તો લાગ્યું. જમણી તરફના લૂંટારાએ તો પોતાના બદકૃત્યની માફી માગી તેણે ખૂબ પ્રાર્થના કરી અને મોં ડાબી તરફ ફેરવીને ઈસુને સંબોધીને કહે છે કે "પ્રભુ તું તારા રાજયમાં આવે ત્યારે મને યાદ કરજે." એક નાની માગણી પ્રાર્થનાનું કેવું મોટું દાન ઈસુ તેને કરે છે, "આજ તું મારી સાથે પારાદૈસમાં હોઈશ." મરેલા આત્માઓથી સારા અને પાપ માફ થયા હોય તેવા આત્માઓનું રહેઠાણ "અબ્રાહામ પિતાની ગોદ," અને પારાદૈસ એ બીજું ધામ. પ્રભુ ઈસુ મર્યા ત્યારે તેમનો આત્મા પારાદૈસમાં ગયો એમ જ જમણી તરફના લૂંટારાનો આત્મા પણ પારાદૈસમાં ગયો.

પારાદૈસ એટલે સ્વર્ગ ઓળખાય છે અને પારાદૈસમાં આવેલા બધા આત્માઓ સ્વર્ગે જાય છે એમ આ જમણી તરફના લૂંટારાનો આત્મા પણ સ્વર્ગમાં ગયો હશે. યરુશાલેમની ગંદી જેલની કોટડીમાં રહેનારો આત્મા આજે સ્વર્ગમાં ફરતો હશે. જેલમાં અને જેલની આસપાસ ગંદી ગાળો તેણે સાંભળી છે. પણ હવે તે સ્વર્ગમાં દૂતોના સુંદર રાગનાં મધુર ગીતો સાંભળતો હશે. જેલમાં હતો ત્યારે તે ગુનેગાર હતો. અને વધસ્તંભે જડવા માટે તેને કોટડીમાંથી કાઢી લાવવામાં આવ્યો હતો અને સ્તંભે જડી દીધો હતો પણ એ જ બહારવટીઆનો આત્મા શુદ્ધ બનેલો, અને તારણ પામેલો અને સ્વર્ગના સુવર્ણ રસ્તાઓમાં હરખાતો હરખાતો આનંદથી નાચતો હશે, એક નાની પ્રાર્થનાએ તેને માટે કેટલું બધું કર્યું. તમારા માટે

મરી ગયેલા તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તને તમે પ્રાર્થના કરો છો, તો એ તમારી પ્રાર્થના તમારે માટે કેટલો મહિમા ઉત્પન્ન કરશે.

## ૩. વધસ્તંભ પરની ત્રીજી વાણી :

"જો તારી મા, જો તારો દીકરો"

"હવે ઈસુના વધસ્તંભની પાસે તેની મા, તેની માસી, કલોપાસની સ્ત્રી મરિયમ તથા મગ્દાલાની મરિયમ ઊભાં રહેલાં હતાં. તેથી જ્યારે ઈસુએ પોતાની માને ઊભા રહેલાં જોયાં ત્યારે તે પોતાની માને કહે છે, "બાઈ, જો તારો દીકરો. ત્યાર પછી તે તેના શિષ્યને કહે છે, જો તારી મા. તે જ ઘડીએ તે શિષ્ય તેને પોતાને ઘેર તેડી ગયો."

પ્રભુ ઈસુનો પાળક પિતા અથવા મરિયમનો વર યૂસફ તે કદાચ ઘરડો હતો અને પહેલો મરી ગયો હશે. જો યૂસફ હોત તો મરિયમની સોંપણી જ કોઈને કરવી ન પડત.

મરિયમે તો પવિત્ર આત્માથી ગર્ભ ધર્યો હતો. અને તેને ઈસુ દીકરો થયો હતો. મરિયમ એ પાત્ર માટે પસંદ થઈ તે માટે તેના હૃદયમાં મોટો આનંદ અને ઉલ્લાસ હતાં. મરિયમ પોતાના પુત્ર ઈસુને બાઈબલની આ બધી ભવિષ્ય વાણીઓ શીખવતાં હશે. મરિયમ પાણી ભરવા ઘરે જતી હશે, કે બીજા ક્રમે જુદે જુદે સ્થળે તેમની સાથે જતા હશે. ત્યારે મરિયમ આ બધાં ભવિષ્ય કથનો બાળ ઈસુને સમજાવતાં હશે.

મા અને દીકરા વચ્ચે બહુ ગાઢ અને પ્રેમાળ સંબંધ હતો. માએ પોતાના આ પુત્રને ખૂબ લાડકોડથી ઊછેર્યો હતો. મરિયમ જ્યારે પ્રભુ ઈસુને બાળ અર્પણ માટે પ્રભુમંદિરે લઈ ગયાં ત્યારે ઘરડા શિમઓને બાળ ઈસુને પોતાના ખોળામાં લઈને પ્રાર્થના કરી હતી અને પ્રભુનો આભાર માન્યો હતો. અને જગતનો આ તારનાર આવી પહોંચ્યો તે માટે ઈશ્વરનો આભાર માન્યો હશે. અને શિમઓને ભવિષ્ય ભાખ્યું હતું કે મરિયમ તારા જીવને તલવાર

વીંધી નાખશે, લૂક ૨, ૩૫ (એટલે મરિયમે લાડકોડથી ઉછરેલ પોતાના પુત્ર ઈસુને વધસ્તંભ પર મારી નાખવામાં આવશે એમાં મરિયમનો જીવ તલવારથી કપાઈ જશે એ ભવિષ્યકથન હતું.

ઈસુ વધસ્તંભ પર આવું કારમું દુઃખ ભોગવે છે ત્યારે પણ પોતાની માની સંભાળ રાખવાનું વીસરી જતા નથી અને પોતાનાં માની ભાળવણી કરે છે ઈસુ પોતાના પ્રિય શિષ્યને કહે છે કે, જો તારી મા અને પોતાની માને કહે છે કે જો તારો દીકરો' અને તે પછી યોહાન તેને પોતાની સાથે પોતાને ઘેર એફેસસમાં લઈ જાય છે.

યોહાન એફેસસની મંડળીમાં બિશપ તરીકે હતો.

વધસ્તંભ આગળ જ બધા આપણા સંબંધોની બાંધછોડ થાય છે. ઈસુ માત્ર મરિયમનો પુત્ર જ હતો એટલું જ નહિ પણ તે જગતનો તારણહાર હતો. અને તે અત્યારે જગતનાં પાપોને માટે વધસ્તંભ પર બલિદાન બની રહ્યો હતો.

કાના ગામમાં દ્રાક્ષારસ ખૂટતાં એ હકીકત મરિયમની મારફતે ઈસુને કહેવામાં આવી એમ જ હવે આપણી પ્રાર્થનાઓ અને વિનંતીઓ પ્રભુની આગળ માતા મરિયમની મારફતે પહોંચતી નથી. મરિયમની મારફતે વિનંતીઓ પહોંચાડવાનો સમય પૂરો થઈ ગયો છે. આપણે સીધા પિતાની પાસે આપણી વિનંતીઓ પહોંચાડીએ છીએ. મરિયમ મંડળીમાં માનવંત સ્થાન ધરાવે છે. પણ તે મધ્યસ્થ તરીકે અત્યારે સ્થાન ધરાવતી નથી.

માણસોના અંગત સંબંધો પણ ઈસુના વધસ્તંભ આગળ જ હા, આપણા પરસ્પરના સંબંધો અને ઈસુ સાથે સંબંધો નવાં રૂપ લે છે.

**૪. વધસ્તંભ પરથી ઈસુની ચોથી વાણી :**

"ઓ મારા દેવ, મારા દેવ તેં મને કેમ મૂકી દીધો છે."

અને આશરે નવમી હોરાએ ઈસુએ મોટે ઘાંટે બૂમ પાડી, કે

એલી, એલી લામા સાબાથ્થાની, એટલે ઓ મારા દેવ, મારા દેવ, તેં મને કેમ મૂકી દીધો છે. માત્થી ૨૭:૪૫-૪૬

હિબ્રૂ ભાષામાં આ પ્રમાણે શબ્દો છે : એલી એલોઈલામા સાબાથ્થ થાની.

પ્રભુ ઈસુનો પિતા સાથેનો સંબંધ બહુ ગાઢ અને નિકટનો હતો. પ્રભુ ઈસુની સંગત જીવનની હરઘડીએ તે પ્રમાણે કરતા હતા. પણ આ ઘડીએ પિતાનું મુખ એમને દેખાતું લાગતું નથી અને જાણે કે પિતા તેમનાથી દૂર ખસી ગયા છે. પિતા પ્રભુ પાપને સાંખી શકે નહિ પણ અત્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્તે પોતાના માથા પર આખી દુનિયાનાં પાપ લીધાં છે ત્યારે પ્રભુ પિતા એ કેવી રીતે સાંખી શકે! એટલે પિતાએ જાણે મુખ અવળું ફેરવી દીધું છે એમ પ્રભુ ઈસુ ખ્રિસ્તને લાગ્યું. પણ પ્રભુપિતાએ તેને વધસ્તંભે જડવા માટે જગતમાં જ મોકલ્યો હતો. યોહાન ૩:૧૬, અને પિતાએ જ આપણા બધાનાં પાપ તેના શિર પર મૂક્યાં હતાં. યશા. ૫૩:૬ તેના પર આપણ સર્વનાં પાપનો ભાર મૂક્યો છે.

માર્ટિન લ્યૂથર આ વાણી ઉપર મનન કરવા બેઠો, અને તે ગભરાઈને ઊભો થઈ ગયો અને બોલી ઊઠયો, આ તે કેવું ભયંકર કહેવાય કે ઈશ્વર ઈશ્વરને તજી દે. એ જ ઈશ્વરે ઈસુના બાપ્તિસ્માના સમયે પોતે કહ્યું હતું કે આ મારો વહાલો દીકરો છે. માર્ક ૧:૧૧, અને આકાશમાંથી એવી વાણી થઈ કે તું મારો વહાલો દીકરો છે. તારા પર હું પ્રસન્ન છું. માથ્થી ૩:૧૭. અને આકાશમાંથી એવી વાણી થઈ કે, તું મારો વહાલો દીકરો છે તારા પર હું પ્રસન્ન છું. લૂક ૩:૨૨.

અત્યારે પ્રભુ ઈસુ મનમાં ગીતશાસ્ત્ર ૨૨મો અધ્યાય જેને વધસ્તંભનો અધ્યાય કહેવામાં આવે છે, તે મનમાં ગણગણતા હતા. ગીતશાસ્ત્ર ૨૨:૧. "હે મારા દેવ, મારા દેવ, તેં મને કેમ તજી દીધો છે."

ગેથસેમામાં પિતાની ઈચ્છા માન્ય રાખી અને પાપનો પ્યાલો માન્ય રાખી ગટગટાવી ગયા અને અત્યારે પણ વધસ્તંભ પર જગતનાં પાપો માથે રાખી પિતાની ઈચ્છા પૂરી કરે છે. આ અતિ ગૂઢ વાત કોઈ સમજાવી શકે તેમ નથી.

## ૫. વધસ્તંભ પરની પ્રભુ ઈસુની પાંચમી વાણી :

**"મને તરસ લાગી છે."**

"એ પછી ઈસુ હવે સઘળું પૂરું થયું છે એ જાણીને શાસ્ત્રવચન પૂર્ણ થાય માટે એમ કહે છે, "મને તરસ લાગી છે." હવે ત્યાં સરકા (ખાટો દ્રાક્ષારસ)થી ભરેલું એક વાસણ મૂકેલું હતું, માટે તેઓએ એક વાદળી તેમાં બોળીને ઝૂફા પર મૂકીને તેના મોં આગળ ધરી." (યોહાન ૧૯:૨૮-૨૯)

પ્રભુ ઈસુ ખ્રિસ્તને ખરેખર તરસ લાગી જ હશે, કેમ કે આગલી રાત્રે પ્રભુ ભોજન મળ્યું ત્યારે જ પાણી પીધું હશે. ત્યારબાદ તો તેમની ધરપકડ થઈ અને આખી રાત એક અધિકારીથી બીજા અધિકારી પાસે ન્યાય માટે લઈ જવામાં આવ્યા. કોઈએ તેમને પાણી પાયું નહોતું. સવારે તેમને કોરડા મારવામાં આવ્યા. દુઃખ આપવામાં આવ્યું. મશ્કરી કરવામાં આવી. અને પોતાનો વધસ્તંભ ઊંચકીને ચાલ્યા. કોરડાના મારથી આખા શરીર પરથી ચામડી નીકળી ગઈ હતી. ખીલાના વેહથી શરીરની બધી નસો તતડી ગઈ હતી. શરીરમાં તાવ જેવું લાગતું હતું. આવી આકરી વેદનામાં શરીર પાણી માગતું હતું.

તેઓ તો આખી સૃષ્ટિમાં પાણી બનાવનાર હતા. પહાડોમાં ખડકો ફોડીને પાણી કાઢયું હતું. એવા પાણી બનાવનાર અને બીજાને પાણી આપનારને આજે તરસ લાગી હતી. તેઓને સરકો આપવામાં આવતો હતો. આ સરકો તો એક પ્રકારનો દારૂ હતો. પ્રભુએ સરકા

માટે ના પાડી હતી. પ્રભુ ઈસુ બેભાન અવસ્થામાં મરણ પામવા માગતા નહોતા. પણ સભાન અવસ્થામાં મૃત્યુની વેદના સહન કરવા માગતા હતા. તેથી સરકો (દારૂ) પીવાની ના પાડી હતી.

આજે પ્રભુ ઈસુ ખ્રિસ્તને આત્માઓ જીતવાની તરસ છે. શું આપણે તેમની તરસ છીપાવીએ છીએ. જો આપણે આત્માઓ જીતીએ તો તેમના આત્માઓ માટેની તરસ છીપાવીએ છીએ.

## ૬. વધસ્તંભ પરથી પ્રભુ ઈસુની છટ્ટી વાણી :

**"સંપૂર્ણ થયું"**

"માટે ઈસુએ સરકો લીધા પછી કહ્યું કે, "સંપૂર્ણ થયું" અને માથું નમાવીને તેણે પ્રાણ છોડયો. (યોહાન ૧૯:૩૦)

તે જમાનામાં કોઈ દસ્તાવેજ કે ખતનામું પૂરું થાય ત્યારે તેના પર આડા અક્ષરે સંપૂર્ણ થયું એમ ગ્રીક ભાષામાં લખાતું હતું. (ગ્રીક શબ્દો.. ) અહીં પ્રભુ ઈસુ શું સંપૂર્ણ થયું તે કહેવા માગે છે...

૧. શુ પિતાની ઇચ્છા પૂરી થઈ ?

૨. ભવિષ્ય કથનો પૂરાં થયાં.

૩. પ્રભુ ઈસુ જે બલિદાન આપવા આવ્યા હતા. તે બલિદાનનું કાર્ય પૂરું થયું.

૪. સતાવણી કે દુઃખ પૂરાં થયાં.

મને લાગે છે કે માણસોને પાપોમાંથી મુકિત-મૂલ્ય ચુકવવા આવ્યા હતા તે મુકિત-મૂલ્ય ચૂકવણીનું કાર્ય પૂરું થયું. એટલે કોઈપણ માણસે પોતાના પાપમાંથી મુકિત પામવા માટે હવે કાંઈ પણ ચૂકવવાનું રહેતું નથી. જપ, તપ, યાત્રાઓ, દેહ કષ્ટ, દાન, ધર્મ વગેરે તેને તેના આત્મા માટે કશું જ કરવાનું રહેતું નથી. કારણ પ્રભુ ઈસુએ એ સર્વ મૂકિત-મૂલ્ય વધસ્થંભ પર બલિદાન આપીને ચૂકવી દીધું છે. દરેક માણસે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર કેવળ વિશ્વાસ

જ કરવાની જરૂર છે કે તે મારા ઉદ્ધારક છે. એટલે એ તેનું તારણ થાય છે.

પ્રભુ ઈસુએ વધસ્તંભ પર પ્રાણ છોડયો તે પહેલાં તેમણે વાણી ઉચ્ચારી કે સંપૂર્ણ થયું. એ વાણીનો શો અર્થ થાય ? શું સંપૂર્ણ થયું?

યોહાન ૧૯:૩૦માં આ વાણી આપવામાં આવી છે. હા, "નિયમ"ને પૂર્ણ કરવા આવેલા ઈસુએ "મરણ, હા વધસ્તંભના મરણ સુધી આધીન થઈને" (ફિલિપી ૨:૮) નિયમના પાલનને પૂર્ણ કર્યું. વળી મસીહ સંબંધીની ભવિષ્યવાણીઓ પૂરી થઈ. અને બીજું ઘણું બધું પૂર્ણ થયું. પણ સૌથી વિશેષ, પ્રભુ ઈસુ માનવીનાં પાપોને માટે અને માનવમુક્તિ સાધવાને માટે મુક્તિ મૂલ્ય તરીકે પોતાની જાતનું બલિદાન દેવાને માટે આવ્યા હતા, એ કાર્ય હવે પૂર્ણ થયું. એ હેતુ પૂર્ણ થયો.

આ દુઃખભરી બૂમ નહોતી. અંદર આપેલા ગ્રીક શબ્દ પરથી સમજાય છે કે પ્રચંડ ઘોષણાભર્યા વિજયડંકાની આ ગર્જના હતી. નવા કરારની અસલ ગ્રીક ભાષામાં આ સ્થળે એક જ શબ્દ વાપરવામાં આવ્યો છે. "તેતેલેસ્તાઈ" એ જમાનામાં રોમન સામ્રાજ્યમાં ધંધાકીય કે વેપારી કરારનામાંની આખરે આ ગ્રીક શબ્દ વપરાતો "તેતેલેસ્તાઈ" એટલે કે સંપૂર્ણ, બીલો ચૂકવવામાં આવતાં ત્યારે પણ ચૂકવાયેલા બીલોમાં સામે ખૂણેથી માંડી બીજા સામા ખૂણા સુધી કર્ણરેખામાં, આ શબ્દ લખાતોઃ "તેતેલેસ્તાઈ' એનો ભાવાર્થ થતો કે સંપૂર્ણ થયું, પતી ગયું, એટલે જ આ બૂમ 'તેતેલેસ્તાઈ'એ વિજયઘોંષણા હતી કે સંપૂર્ણ થયું. કાર્ય સંપૂર્ણ થયું.

### ૭. પ્રભુ ઈસુની સાતમી વાણી :

**"ઓ બાપ, હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું."** (લૂક ૨૩:૪૬)

"હમણાં લગભગ બપોર થયા હતા, અને ત્યારથી ત્રીજા પહોર લગી (બપોરના ત્રણ વાગ્યા સુધી) સૂર્યનું તેજ ઘેરાઈ જવાથી આખા દેશમાં અંધકાર છવાઈ રહ્યો. વળી, મંદિરનો પડદો વચમાંથી ફાટી ગયો. ઈસુએ મોટી બૂમ પાડીને કહ્યું કે, "ઓ બાપ, હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું." (લૂક ૨૩:૪૪-૪૬)

પ્રભુએ સૃષ્ટિના સર્જન સમયે માણસને બનાવ્યું. પૃથ્વી પરથી માટીનો લોંદો લઈને પ્રભુએ માણસ બનાવ્યું. પોતાના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે માણસ બનાવ્યું. તેમાં જીવનનો શ્વાસ ફૂંક્યો અને સજીવન કર્યું. ત્યારબાદ પ્રભુએ પોતાનો આત્મા તેનામાં મૂક્યો. જેથી માણસ આત્મિક માણસ બન્યો.

માણસનું મરણ થાય છે ત્યારે ઈશ્વરનો આત્મા માણસના ખોળિયામાંથી નીકળીને આત્મા પોતાના સર્જનહાર ઈશ્વરપિતાની પાસે જાય છે. માણસના ખોળિયાને લોકો દાટે છે અથવા બાળી નાખે છે. ખોળિયામાંથી આત્મા નીકળી જાય છે. એટલે માણસ મરણ પામે છે. મરણ પછી સારા માણસના આત્માને રહેવાના સ્થળ આ પ્રમાણે આપ્યાં છે

૧. પારાદૈસ

૨. ઈબ્રાહિમ પિતાની ગોદમાં

અને એ બધા આત્મા ઈશ્વરના હાથમાં છે. ન્યાયકાળે ઈશ્વરની પાસેથી આત્મા પાછો આવશે અને જીવતા થયેલા ખોળિયામાં પ્રવેશશે અને પુનરુત્થાન પછીનું એ મહિમાવંત શરીર બનશે અને તેનો ન્યાય થશે. ઈબ્રાહિમ પિતાની ગોદ, પારાદૈસ અને હાડેસનો સારો ભાગ તે પ્રભુની ગોદ છે. પ્રભુ ઈસુ મરણ વખતે જે આત્મા પિતા પાસેથી મળ્યો હતો તે પિતાને પાછો સોંપે છે. અને આપણે પણ જો સારા ખ્રિસ્તીઓ હોઈએ તો આપણા આત્મા પિતાને સોંપવા જોઈએ.

□

## ૩૮ શું ઈશ્વર વધસ્તંભના મરણ સિવાય એમ ને એમ પાપ માફ ન કરી શકે ? ઈશ્વરે બલિદાન બની મરવાની શી જરૂર ?

ના. ઈશ્વર માણસજાતનાં પાપ એમ ને એમ માફ કરી શકે જ નહિ.


જેમ ભૌતિક દુનિયામાં વ્યવસ્થા અને એનાં નિયમનો અથવા નિયમો છે, તેમ નૈતિક અને આત્મિક દુનિયામાં પણ વ્યવસ્થા અને એનાં નિયમનો (નિયમો) છે. ભૌતિક દુનિયામાં નિયમભંગથી વ્યવસ્થા ખોરવાઈ જઈને નાના કે મોટા પ્રમાણમાં અરાજકતા કે અવ્યવસ્થા ઊભી થાય છે, તેવું જ નૈતિક અને આત્મિક દુનિયામાં પણ બને છે. અને એ બધી વ્યવસ્થાભંગનાં પરિણામો ઊભાં થાય છે.

અગ્નિ માણસજાત માટે ખૂબ લાભદાયી છે. એ દ્વારા ખોરાક પકાવાય છે, યંત્રો ચલાવાય છે. ઠંડીની ઋતુમાં એ દ્વારા ગરમાવો મળે છે. પણ એથી કોઈ માણસ જાણતાં-અજાણતાં અગ્નિને પ્રેમથી(!) ભેટવા જાય તો તે દાઝી જાય કે ભડથું થઈ જાય. કુદરતી કાનૂનનો ભંગ થયો, એટલે ખતરનાક પરિણામ ઊભું થયું ! કોઈ માણસ ઝાડ પર ચડે કે પહાડ પર ચઢે, અને સમતુલા ન જાળવે તો તે પડે અને હાથ પગ ભાંગે. કુદરતી કાનૂનનો ભંગ થયો. ખતરનાક પરિણામ ઊભું થયું !

પ્રભુ અગ્નિનો સ્વભાવ બદલતા નથી. પાપ માફ કરવાનો કોઈ રસ્તો ન હતો. કાં તો પાપી પોતે શિક્ષા ભોગવે, કાં તો તેનો અવેજી ઈસુ ખ્રિસ્ત શિક્ષા ભોગવે છે. શરીરમાં કહોવાયેલું આંતરડું હોય તો તેને કાઢી નાખવું જ પડે. નહિ તો બીજો ભાગ બગાડે. એટલે સમાજમાંથી પણ પાપ દૂર કરવું જ રહ્યું. તો જ સમાજ સારો

રહે. પરંતુ એ દુઃખ ભોગવવા કોઈ તૈયાર ન હોત. તેથી ઈસુએ શિક્ષા ભોગવી.

ઈશ્વર એમને એમ માફ કરી શકે નહિ, તેથી તેમણે માણસને બદલે પોતે સજા ભોગવી તે બલિદાન. વ્યવસ્થામાં ભંગાણ પડયું છે, ભંગાણ સમારવું જોઈએ એટલે એમ ને એમ માફ ના થાય.



ભૌતિક દુનિયાનાં પરિણામ વ્યવસ્થાભંગ કરનારને ભોગવવાં પડે છે. એમ આત્મિક દુનિયામાં પણ પરિણામો - ખતરનાક પરિણામો - ઊભાં થાય છે. એટલે એ વ્યવસ્થાભંગ કરનારે પરિણામ ભોગવવાં જ રહ્યાં. પણ માણસ પાપને કારણે એકઠાં થયેલાં અનિવાર્ય પરિણામોને અથવા કર્મફળને સ્વયં ભોગવીને પોતાના પાપનું પ્રાયશ્ચિત કરવા તદ્દન અસમર્થ છે. કારણ એક જ પાપનાં પરિણામનાં વર્તુળો ફેલાતાં જ જાય છે, ફેલાતાં જાય છે એ વિસ્તર્યે જતાં પરિણામોને કોણ રોકી શકે ?

દાખલો લઈએ : સવાર થઈ. નાસ્તામાં ખારા ખારા ખાખરા ખાતાં ખાતાં પતિ ખીજાયા અને તાડૂકયા. એટલે પત્ની છણકાઈ ઊઠી. કાળો કજિયો થયો. ધૂંધવાયેલા મગજે મિલમાં જતાં પતિ બસ કન્ડકટર સાથે છેડાઈ પડયો. છંછેડાયેલો કન્ડક્ટર પાછળથી બસમાં કોઈ કલાર્ક સાથે બાખડી બેઠો. પેલા કલાર્કે ઓફિસમાં પટાવાળાને ઊધડો લઈ નાખ્યો. પરિણામે પટાવાળો મેનેજરની ઘડી ઘડી ગર્જતી ઘંટડી સામે બબડી ઊઠયો. આથી મેનેજરે એને પાણીચું પરખાવ્યું. પાણીચું પામેલા પટાવાળાએ ઘેર પહોંચતાં જ પત્ની પર પિત્તો ઠાલવ્યો. ખીજમાં પત્નીએ બાળકોને બેચાર લગાવી દીધી. રોષમાં ને રોષમાં રમતાં એ બાળકો પોળનાં અન્ય બાળકો સાથે લડી પડયાં. પછી તો પોળનાં પાંચ-છ પરિવાર વચ્ચે ગાળાગાળી જામી. પછી તો તમે જ ગણો. પાંચ - છ પરિવારનાં પંદર સત્તર માણસો કોની કોની સાથે વઢયાં નહિ હોય ? પરિણામનાં કુંડાળાં તળાવના તરંગો જેમ દૂર ને દૂર ફેલાતાં જ જવાનાં, એમ, નૈતિક અને આત્મિક ભંગાણો વધતાં જ જવાનાં. સવારના નાસ્તાવાળો પેલો પતિ કે પત્ની આ બધાં દૂર દૂર ફેલાતાં પરિણામોને પાછાં બોલાવી કે વાળી શકે ? કજિયાના (કે પાપના) એક બીમાંથી ઊગાડેલાં ઝૂંડે ઝૂંડે વૃક્ષોનું પ્રાયશ્ચિત શકય ખરું ? ના.

પાપ કોઈ એવો માત્ર પરિમિત અપરાધ નથી જેથી એ અપરાધ કરનારો જાતે અલ્પકાળિક શિક્ષા ભોગવી લઈને બધું પાછું સીધું - સમું કરી દે. એનાં પાપોનાં પરિણામો અને અસરો છેક દૂરનાં વિશ્વોના સિમાડાઓ, અને હા, છેક સ્વર્ગ સુધી પહોંચી જાય છે. માણસ પોતાના પાપનું પ્રાયશ્ચિત કરવાને તદ્દન અશક્ત છે એજ સાચું છે.

બાઈબલ શીખવે છે કે ઈશ્વર પ્રેમી અને પવિત્ર પિતા છે. અને તેમણે પ્રેમ તથા પવિત્રાઈના ધોરણે આખું વિશ્વ સૃજયું છે, અને સર્વ માણસો સ્વર્ગીય કુટુંબમાં ભાંડુઓ છે. એટલે જ જેમ કુટુંબમાં એકની ભૂલ બધાંને ખિન્ન કરે છે, અસર પહોંચાડે છે, તેમ આ સ્વર્ગીય કુટુંબમાં એક જણનું પાપ એનું એકલાનું રહેતું નથી, અને એનું પરિણામ એણે એકલાએ જ ભોગવવાનું રહેતું નથી. એકના પાપે આપણ બધાંને કોઈક રીતે દુઃખ ભોગવવું પડે છે, એટલું જ નહિ, પણ એના પાપનું પરિણામ એના અધિકારની બહાર દૂર દૂર અસરો ફેલાવે છે, હા, ભૌતિક વિશ્વની બહાર છેક ઈશ્વર સુધી પહોંચે છે, અને વિશ્વના પિતા તરીકે ઈશ્વરને પણ એથી દુઃખ વેઠવું પડે છે. ખરેખર માણસ પોતાનાં પાપનું પ્રાયશ્ચિત કરવાને બિલકુલ અશક્ત છે.

એટલે જ પાપી માણસના અવેજી બનીને માણસને બદલે નિષ્કલંક ઈશ્વરે પોતાની જાતનું બલિદાન આપ્યું.આત્મિક દુનિયામાં માણસના પાપને કારણે ઊભું થયેલું ભંગાણ, અવ્યવસ્થા અને એનાં પરિણામ કોઈકે સરભર કરવા રહ્યાં; એ બધું એમ ને એમ સરભર ન થાય. એટલે જ ઈશ્વરપુત્ર પોતે આત્મિક દુનિયાનું ભંગાણ વ્યવસ્થા અને એનાં પરિણામ દૂર કરવા છેક મૃત્યુ સુધીનું પરિણામ ભોગવે છે. પાપ અને એનાં પરિણામ એટલાં ખતરનાક છે.

□

# ૩૯ મૃત્યુંજય પ્રભુ ઈસુ ખ્રિસ્ત અને માણસનું નવું જીવન

મૃત્યુને વરેલા પ્રભુ ઈસુને વહાલાંઓએ વધસ્તંભેથી ઊતારીને કબરમાં દફનાવ્યા. પણ સનાતન ઈશ્વરને કબર જકડી રાખી શકે નહિ. પ્રભુ ઈસુ સનાતન ઈશ્વર હતા. પણ માનવજાતને પાપના શાપમાંથી અને પાપના સામર્થ્યમાંથી મુક્તિ પમાડવાના હેતુથી બલિદાન બનવા માનવદેહ ધારણ કર્યો હતો. એ પ્રભુ ઈસુ ત્રીજે દિવસે રવિવારે પ્રભાત ઊગે તે પહેલાં મૃત્યુંજય બનીને પાછા સજીવન બનીને ઊઠયા. ચાળીસ દિવસ પૃથ્વી પર રહ્યા. એ પછી એમનું સ્વર્ગારોહણ થયું. મૃત્યુજંયી નવલા મહિમાવંત માનવદેહ સહિત તેઓ સ્વર્ગે સિધાવ્યા.

પ્રભુ ઈસુએ મૃત્યુમાંથી પુનઃજીવિત બનીને માનવની પાપમુક્તિના મહાકાર્ય ઉપર મહોર-મુદ્રા મારી છે. માનવ-ઉદ્ધારના કાર્ય માટે જેમ દેહધારણ પૂર્વ - આવશ્યક છે, તેમ એ માનવ - ઉદ્ધાર કાર્યના મહિમાવંત ફળરૂપે ઈસુનું પુનરુત્થાન (મૃત્યુમાંથી સજીવન થવું) પણ તેટલું જ આવશ્યક છે. મુક્તિસાધક ક્રૂસ ન હોત તો નિઃશંક પુનરુત્થાન પણ ન હોત. એથી ઊલટું, જો ઈસુ ખ્રિસ્તનું પુનરુત્થાન ન હોત તો ખ્રિસ્તનો ક્રૂસ વ્યર્થ નીવડત. "જો ખ્રિસ્ત ઊઠયો નથી, તો અમારો ઉપદેશ વ્યર્થ છે, અને તમારો વિશ્વાસ પણ વ્યર્થ છે (બાઈબલ : ૧ કોરિંથી ૧૫ : ૧૪). દેહધારણ, મૃત્યુ, અને પુનર્જિવિત થવું એ ત્રણે અવિભાજિત રીતે એકબીજા સાથે સંકળાયેલાં છે. એ ત્રણે મળીને અવિભાજિત એવું ઈશ્વરી ઉદ્ધાર - કાર્ય બને છે."

અને હવે જે કોઈ તેમની ઉપર શ્રદ્ધા લાવે અને તેમણે સિદ્ધ

કરેલી પાપમાફીનો સ્વીકાર કરે તેને પાપમુક્તિ તથા શાશ્વતજીવન તે બક્ષે છે. આમ, ખ્રિસ્ત કેવળ ભૂતકાળની જ ઐતિહાસિક વ્યક્તિ નથી, તે વર્તમાનકાળમાં પણ ખરેખર જીવંત હોઈને હાજર છે. મૃત્યુમાંથી પાછા ઊઠી મૃત્યુજંય બનેલા ખ્રિસ્ત સદાકાળ માટે જીવંત પ્રભુ છે, અને તેમના પર વિશ્વાસ કરનારાંમાં પવિત્રાત્મા દ્વારા નિરંતર નિવાસ કરતા રહે છે. તેમણે પોતાના શિષ્યોને આ અભયવચન આપ્યું છે કે, "જુઓ, જગતના અંત સુધી હું તમારી સાથે છું." (બાઈબલ : માથ્થી ૨૮ : ૨૦)

પ્રભુ ઈસુના ક્રૂસ પરના ઉદ્ધારક મહાકાર્ય દ્વારા શ્રદ્ધાળુને ત્રણે પ્રકારના એટલે કે ત્રિકાળી ઉદ્ધાર કે મુક્તિનો સાક્ષાત્કાર યા અનુભવ થાય છે.

**ઉદ્ધારના ત્રણ પ્રકાર છે :**

૧. નરકની શિક્ષામાંથી મુક્તિ (ભૂતકાળ)

૨. વર્તમાનકાળ : પાપના બળથી, પાપની ટેવમાંથી તે મુક્તિ આપે છે.

૩. ભવિષ્યકાળ : આપણા મૃત્યુકારક શરીરને બદલે આપણને ધન્યવાન શરીર નવું શરીર આપે છે. એ મહિમાવંતું શરીર છે.

### ૧. પાપના દોષ તેમ જ પાપની શિક્ષા યા નરકની શિક્ષામાંથી છૂટકારો :

મનુષ્યને માટે એનાં પરિણામરૂપે ઊભી થયેલી શિક્ષા અને નરકની યાતનાને પ્રભુ ઈસુએ પોતે વધસ્તંભ પર સહી લીધી. અને એમ એ બધામાંથી મનુષ્યને છૂટકારો પમાડયો. પાપનાં ધારાં તેમણે દૂર કરી દીધાં છે. પાપનો દોષ પણ આપણા પરથી દૂર થઈ ગયો. આપણે માટે આ ભૂતકાળની બની ગયેલી વાત છે. તમારાં અને

મારાં પાપ બે હજાર વર્ષ પૂર્વે પ્રભુ ઈસુએ વધસ્તંભ પર દૂર કર્યાં. "એ માટે જેઓ ખ્રિસ્ત ઈસુમાં છે તેઓને હવે દંડાજ્ઞા નથી" (બાઈબલ : રોમન ૮ : ૧). પાપનો દંડ, નરકની શિક્ષા આપણે બદલે ઈસુએ વધસ્તંભ પર ખમી લીધાં. હવે આપણે મુક્ત થયા (બાઈબલ : લૂક ૭ : ૫૦. ૧ કોરિંથી ૧ : ૧૮. ૨ કોરિંથી ૨ : ૧૫. એફેસી ૨ : ૮, યશાયા ૫૩ : ૫).

## ૨. પાપની પકડમાંથી મુક્તિ :

માણસના આત્મા પર પાપની પકડ અને પાપનું બળ જેવાં તેવાં નથી ! પ્રભુ ઈસુ પોતાના મૃત્યુ અને પુનરુત્થાન દ્વારા હવે આપણને નવું જીવન બક્ષે છે. આ નવા જીવનમાં આપણે માટે પાપના બળમાંથી પાપના રાજમાંથી અને પાપની પકડમાંથી મુક્તિ સમાયેલી છે. પ્રભુ ઈસુ તેમણે મોકલેલા પવિત્રાત્મા દ્વારા આપણને દરરોજના જીવનમાં પાપ, પ્રલોભન અને કસોટી પર વિજય પમાડે છે. જંગલી ફળના ઝાડને રસદાર અને મીઠા વૃક્ષ સાથે કલમ કરવાથી નવી જાતનાં મીઠાં અને સરસ ફળ આવે, એમ આપણને ખ્રિસ્તમાં જાણે કે કલમ કરવામાં આવ્યાં છે. આ આપણા માટે દરરોજના નવા સામર્થ્યનો અનુભવ હોઈને એ વર્તમાનની વાત બને છે. આ અનુભવ દરરોજ સતત અનુભવવાનો છે. આપ મેળે જે આપણે કરી શકતા નહોતા તે બધું પ્રભુ ઈસુ ખ્રિસ્તના આત્મા દ્વારા કરી શકીએ છીએ. કેવા આનંદની વાત ! કેવી પરમ મુક્તિ! (બાઈબલ : રોમન ૬ : ૧૪, ૮ : ૨, ૨ કોરિંથી ૩ : ૧૮, ગલાતી ૨ : ૧૯-૨૦. ૨ થેસ્સા. ૨ : ૧૩)

## ૩. પાપભર્યા વાતાવરણમાંથી મુક્તિ અને મહિમાવંત શરીરની પ્રાપ્તિ :

શ્રદ્ધાળુને મૃત્યુ પછી સ્વર્ગમાં વાસ મળશે, જ્યાં પાપ, દોષ,

અપરાધ એવું કંઈ જ નહિ હોય, અને વાતાવરણ પાપ રહિત હશે. પ્રલોભનકારી અને ભમાવનારી શેતાનીય અસરો ત્યાં જરાયે નહિ હોય. બધું જ વાતાવરણ પાવનકારી અને પવિત્ર હશે. ઉદ્ધાર યા મુક્તિનો આ ત્રીજો તબક્કો અથવા ભવિષ્યકાળ છે (બાઈબલ : પ્રકટી ૨૧ : ૨૭).

વળી મુક્તિના આ ત્રીજા તબક્કામાં એટલે કે મૃત્યુ પછી શ્રદ્ધાળુઓને મહિમાવંત શરીર પ્રાપ્ત થશે. યુગને અંતે પાપ અને શાપની અસરો દૂર થવાથી ચૈતન્યમયી તેમ જ રોગ, જરા અને મૃત્યુ રહિત એવું અજરામર, મહિમાવંતું શરીર પ્રાપ્ત થશે. (બાઈબલ : રોમન ૧ : ૧૮-૨૩. ૧ કોરિંથી ૧૫ : ૪૨-૪૪. પ્રકટી. ૨૧ : ૧-૫).

□

# ૪૦ પ્રભુ ઈસુ કાયમ માટે મહિમાવંત માનવદેહમાં સ્વર્ગે રહેશે

ઈશ્વર આત્મા છે. અને ઈશ્વરપુત્ર પણ આત્મા છે. ઈશ્વરપુત્રે માનવીની મુક્તિ માટે સ્થૂળ માનવદેહ ધારણ કર્યો હતો. પુનરુત્થાન દ્વારા મૃત્યુમાંથી સજીવન થતાં તેમના સ્થૂળ માનવદેહનું મહિમાવંત યા ગૌરવવાન માનવદેહમાં રૂપાંતર થયું. અને એ મહિમાવંત શરીરમાં તેઓ સ્વર્ગે બિરાજમાન છે. એ ધારે તો મહિમાવંત માનવ શરીરને પાછું ઊતારી કે ત્યાગી દઈ શકે છે. પણ ના, એ આ મહિમાવંત માનવ શરીરને કાયમ માટે અનંતકાળમાં પણ ધરી રાખશે. જેથી માનવકુળ સાથેનો એમનો ઘનિષ્ઠ સંબંધ સદાય ચાલુ રહે. એટલું જ નહિ પણ પ્રભુ ઈસુ માનવી દેહધારણ કરતી વખતે માનવી સ્વભાવ પણ સ્વીકારી લઈને આપણી સાથે સદાકાળ માટે એક બની ગયા છે. તેમણે પુનરુત્થાનમાં પણ એ જ માનવ સ્વભાવ ધરી રાખ્યો. ઈશ્વરીય સ્વભાવની સાથે હવે સદાકાળને માટે જોડાઈ ગયેલા માનવી સ્વભાવને પ્રભુ ઈસુએ પોતાના સ્વર્ગારોહણ દ્વારા ઈશ્વરના રાજ્યાસન સુધી ઊંચો અને અધિરૂઢ કર્યો છે.

એ પરિસ્થિતિ અનંતકાળ સુધી કાયમી રહેશે. એમ, પ્રભુ ઈસુ કાયમ માટે કોઈ અકળ રીતે - બુદ્ધિથી ન સમજી શકાય એવી રીતે - માનવજાત - ના જીવન સાથે સંડોવાયેલા જ રહેશે.

બાઈબલમાં નિર્ગમન ૨૧ : ૨-૬માં એક ભવ્ય વાત આપી છે. કોઈ શેઠે ગુલામ ખરીદ્યો હોય, તો એ ગુલામ છ વર્ષ સુધી તેની ચાકરી કરે. પણ સાતમે વર્ષે (સાબ્બાથને વર્ષે) તે છૂટો થાય. જો શેઠે એને સ્ત્રી કરી આપી હોય તો એ ગુલામ તો છૂટો થાય પણ પેલી સ્ત્રી અને બાળકો શેઠનાં બની રહે.

પણ જો એ ગુલામ પોતાની પત્ની અને બાળકો પર પ્રેમ રાખતો હોય અને એમને લીધે સાતમે વર્ષે છૂટો થવા ન ઇચ્છતો હોય (પોતાની મુક્તિનો લાભ પ્રેમને કારણે જતો કરવા માગતો હોય), તો એવે વખતે એક ગંભીર વિધિ કરવામાં આવતો. એ ગુલામને ન્યાયધીશોની સમક્ષ લઈ જવામાં આવતો અને દ્વાર કે બારસાખ પાસે તેને ઊભો રાખીને તેનો કાન આરથી વીંધવામાં આવતો. આમ, તે સદાને માટે પોતાની પ્રિય પત્ની અને વહાલાં બાળકોની સાથે શેઠને ત્યાં રહે ! કેવું પ્રેમ અને ભોગનું દૃશ્ય !

એમ જ પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપણે માટેના એમના અનહદ પ્રેમને લીધે કાયમ માટે આપણી સાથે ઘનિષ્ઠ રીતે સંડોવાયેલા જ રહેવાનું પસંદ કર્યું છે. એટલે સ્વર્ગમાં અનંતકાળમાં તે મહિમાવંત માનવ શરીરમાં જ રહેશે. અહા ! આ દિવ્ય પ્રેમ !

જ્યારે જ્યારે પેલા ગુલામની પત્નીની નજર પોતાના પતિના વીંધાયેલા કાનના વેહ પર પડતી હશે ત્યારે ત્યારે તે સ્ત્રી પોતાના પતિના આવા પ્રેમ અને ભોગને ઊભરાતા હૈયે યાદ કરીને ગદ્‌ગદિત બની જતી હશે ! તેનું હૃદય પતિ તરફના પ્રેમથી ઊભરાઈ જતું હશે.

અને એમ જ મારા ધન્ય સ્વામીનાં વીંધાયેલાં અંગોને જોઈ જોઈને આજે અને અનંતકાળમાં પણ હું હરખાતો રહીશ. મારા માટે એમનો કેવો ભવ્ય ત્યાગ ! એમનો કેવો અદ્‌ભુત પ્રેમ ! મને કવિની સાથે ગાવા દો :

જો મારું હોત જગત તમામ,
તો તે પ્રેમ સાટ થાત તુચ્છ અર્પણ;

એવો અજબ ને દિવ્ય પ્રેમ,
માગે મારાં તન,મન ને ધન.

અને એ મારા પરમ પ્રેમમય સ્વામી મને તેમની પોતાની પાસે સદા રહેવાને માટે લઈ જવા સારુ આવવાના છે. હું રાહ જોઉં છું. એમનાં આભાર ગીતો ગાવાને અસમર્થ એવી મારી આ બોબડી જબાન ત્યારે કબરમાં ભલે ચૂપ થઈ જાય.પણ હું તો મહિમાવંત શરીર સાથે તેમની સાથે અનંતકાળમાં વસીશ, અને તેમનાં ગુણગાન - તેમના પ્રેમનાં ગાન, તેમનાં આભાર - ગાન ગાયા જ કરીશ. બસ ગાયા જ કરીશ.

જ્યારે આ બોબડી જબાન કબરમાં છાની થાય;
ત્યારે હું સ્વર્ગે કરીશ ગાન, ને નમીશ તારે પાય.

□

# ૪૧ જુદા જુદા ક્રૂસનું વર્ણન

ખ્રિસ્તી જીવન દર્શાવતાં ઘણાં ચિહ્નો છે, પણ એમાંથી ક્રૂસનું ચિહ્ન સૌથી મહત્ત્વનું છે. જુદી જુદી જાતની લગભગ ૪૦૦ જેટલી ક્રૂસની સંજ્ઞાઓ છે. પરંતુ એમાંથી ફક્ત ૧૮ જાતની સંજ્ઞાઓના ખુલાસા અહીં રજૂ કરું છું.

ક્રૂસ નંબર :

૧. ક્રૂસના આ નિશાનને જૂના કરારનો ક્રૂસ કહેવામાં આવે છે. એ સંબંધી એમ કહેવામાં આવે છે કે હિબ્રૂ લોકો મિસરમાં હતા, ત્યારે ઈઝરાયલનાં ઘરોના બારણે અને બારસાખો પર આ ચિહ્ન પ્રમાણે લોહીનો છંટકાવ કર્યો હતો. અને એમ એ ઘરોમાંથી પ્રથમજનિત બચી ગયા હતાં. (બાઈબલ : નિર્ગમન ૧૨:૧-૩૬). કહે છે કે એ પછી વંશપરંપરા આ ચિહ્ન પ્રમાણે યહૂદી ઘરોનાં બારણાં પર લોહીનો છંટકાવ કરવામાં આવતો.

૨. આને ગ્રીક ક્રૂસ કહેવામાં આવે છે. એના ચારેય હાથા સરખા હોય છે. ગ્રીકો આવે ક્રૂસને કડા પર સીવી લેતા. એને વેદી સામે કે પુલપીટ સામે ચોઢતા, જેથી ઈસુના પાંચ ઘાની યાદ તાજી રહે (બે હાથ, બે પગ અને મધ્યમાં કૂખ) કેટલાક એના ચાર હાથને પૃથ્વીના ચાર ખૂણા સાથે સરખાવે છે. ચારેય ખૂણે સુવાર્તા ફેલાઈ જવી જોઈએ.

૩. અને ૧૧. આ પ્રકારનું ચિહ્ન "લંગરના ક્રૂસ" તરીકે ઓળખાય છે. ઈસુ ખ્રિસ્ત આપણા આત્માનું અચળ દઢ લંગર છે એવું એ સૂચવે છે. વળી એ ખ્રિસ્તી આશાનું પ્રતીક

પણ છે. "તે આશા આપણા આત્માને સારુ લંગર સરખી સ્થિર તથા અચળ અને પડદા પાછળના સ્થાનમાં પેસનારી છે." (હિબ્રૂ ૬:૧૯)

૪. એને "કેલ્ટીક ક્રૂસ" કહેવામાં આવે છે. એની મધ્યમાં એક વર્તુળ આવેલું છે. આ વર્તુળને કોઈ છેડો નથી. એ વર્તુળ સૂચવે છે કે છેડા વગરનું એવું જીવન ક્રૂસ દ્વારા પ્રાપ્ત થાય છે. વર્તુળ અનંતાનું ચિહ્ન છે. ક્રૂસ પર ઈસુએ આપેલા પોતાના બલિદાન દ્વારા જ મુક્તિ છે, અને મુક્તિ અનંતકાળિક છે.
પ્રભુ ઈસુએ ક્રૂસ ઉપર ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કર્યો, તેના ચિહ્ન તરીકે આ ક્રૂસ ઓળખાય છે. એ પ્રેમ અનંત છે એવું દર્શાવવા વર્તુળ મૂક્યું છે. વર્તુળ અનંતાની સંજ્ઞા છે.

૫. એ "યરુશાલેમ" ક્રૂસ તરીકે ઓળખાય છે. એમાં આવેલા પાંચ ક્રૂસ ધર્મયુદ્ધના સમયમાં પાંચ સ્થળોના ધર્મયુદ્ધવીરો લડયા તેની યાદ આપે છે. આ પાંચ સ્થળો આ પ્રમાણે : ગ્રેટ બ્રિટન, ફ્રાન્સ, જર્મની ઈટાલી, અને સ્પેન. ચાર નાના ક્રૂસ પૃથ્વીના ચાર ખૂણા દર્શાવે છે, જ્યાં મિશનેરીઓ ગયા અને સુવાર્તા પ્રગટ કરી.

૬. આ 'કાલવરી ક્રૂસ' તરીકે ઓળખાય છે. લેટીન ક્રૂસને પગથિયાં આપવાથી એ 'કાલવરી ક્રૂસ' બની જાય છે. આ ત્રણ પગથિયાં ઉપરથી નીચેના ક્રમ પ્રમાણે શ્રદ્ધા, આશા અને પ્રેમ દર્શાવે છે. આ પગથિયાંનો અર્થ કેટલાંક જુદી રીતે કરે છે : (૧) નિયમના શાપમાંથી આપણો છૂટકારો (૨) પુનરુત્થાનનું સત્ય (૩) સ્વર્ગીય ગાદી પરથી પ્રભુ ઈસુનું ન્યાયકરણ.

૭. એ 'માલ્ટીઝ ક્રૂસ' તરીકે ઓળખાય છે. એને ચાર હાથ છે,

પણ ખૂણાવાળી આઠ ધાર અથવા કિનાર છે. આ આઠ ખૂણાદાર કિનાર માથ્થી ૫:૩-૧૦માં પ્રભુ ઈસુએ ચીંધેલી આઠ ધન્યતાઓ દર્શાવે છે.

૮. આ ક્રૂસ બીજાને ખાતર અને બીજાને સ્થાને ભોગવેલાં દુ:ખનું પ્રતીક છે. એટલે જ એને 'દુ:ખનો ક્રૂસ' કહેવામાં આવે છે. પ્રભુ ઈસુએ આપણે માટે અને બદલે કેટલું બધું વેઠયું - અને ખાસ કરીને ગેથસેમાનેમાં કેટલું બધું વેઠયું - એ બધું આ પ્રતીક દર્શાવે છે. પ્રભુ ઈસુને કેટલું બધું કષ્ટ થયું હશે કે તે પોકારી ઊઠયા, "ઓ પિતા, જો બની શકે તો આ પ્યાલો મારાથી દૂર કરો. તોપણ મારી ઈચ્છા પ્રમાણે નહિ પણ તમારી ઈચ્છા પ્રમાણે થાઓ."

૯. આને "વિજય અને ફતેહનો ક્રૂસ" કહે છે. ક્રૂસની નીચે વર્તુળ આવેલું છે. પૃથ્વી ઉપર સુવાર્તાનો વિજય થશે એવું એ દર્શાવે છે. માણસોએ સ્થાપેલાં મંડળો અને સંસ્થાઓના બળ ઉપર મંડળીની એકતા અવલંબતી નથી એ તરફ આ પ્રતીક આપણું ધ્યાન દોરે છે. મંડળી એક છે કારણ ઈશ્વરે એવું યોજ્યું છે, અને પૃથ્વી પર સુવાર્તા વિજયવંત નીવડશે, કારણ પ્રભુની એ ઈચ્છા છે.

૧૦. આ ક્રૂસ અને મુગટ ખ્રિસ્તનું મૃત્યુ સૂચવે છે, અને સાથે સાથે, જેઓ તેમની પાછળ વિશ્વાસુપણે ચાલે છે તેમને સ્વર્ગીય બદલો મળશે એવા તેમના વચનનું પણ સૂચન કરે છે.

૧૧. (જુઓ ૩)

૧૨. આને "લાટીન ક્રૂસ" કહે છે. આપણે આ પ્રકારનો ક્રૂસ બધે જોઈએ છીએ. એમ માનવામાં આવે છે કે પ્રભુ ઈસુ આવા આકારના ક્રૂસે જડાયા હતા.

૧૩. એ સંત એન્ડ્રુઝના ક્રૂસ તરીકે ઓળખાય છે. ચાલતી આવેલી માન્યતા છે કે સંત એન્ડ્રુઝ આવા આકારના ક્રૂસ પર જડાયા હતા. પોતાના ત્રાતા પ્રભુ ઈસુ જે આકારના ક્રૂસ પર મર્યા તેવો ક્રૂસ પસંદ ન કરતાં તેમણે આવા ક્રૂસ પર મરવાને માગ્યું. આથી આ ક્રૂસ નમ્રતાની નિશાની ગણાય છે.

૧૪. આને કમળ ક્રૂસ (લોટસ ક્રૂસ) કહે છે. ક્રૂસનું એ ભારતીય પ્રતીક છે. હિંદુને મન કમળ એ ધરતીને સ્પર્શતા દેવ કે દેવીના પગનું પ્રતીક છે. બૌદ્ધને મન કમળ જીવનની હયાતિનો તખ્તો છે. ખ્રિસ્તીને મન કમળ શુદ્ધતા સૂચવે છે. કાદવમાંથી શુદ્ધ સ્વરૂપે કમળ ખીલે છે. નિષ્કલંક ખ્રિસ્ત પાપી પૃથ્વી પર વસ્યા અને ક્રૂસ પર મર્યા. વળી કમળનું ગોળાકાર રૂપ અનંતકાળ સૂચવે છે. કેટલાક એ પરથી એમ પણ અર્થ તારવે છે કે કમળ એ ભારતની આત્મિક શોધ દર્શાવે છે. અને ક્રૂસ એ શોધનો પ્રત્યુત્તર વાળે છે. અથવા શોધેલું પૂરું પાડે છે.

૧૫. ક્રૂસ અને મુગટ (નં. ૧૦ મુજબ) મોત લગી વિશ્વાસુ રહેનારને મળનાર બદલાનાં પ્રતીક છે. અંદર દર્શાવેલી ખજૂરીની ડાળીઓ જેઓ એ મુગટ મેળવનાર અને પહેરનાર છે, તેમની મહિમાવંત સ્થિતિ સૂચવે છે.

૧૬. દુનિયાના ગોળા પર સ્થપાયેલો ક્રૂસ દુનિયામાં ક્રૂસનો થનારો વિજય સૂચવે છે. ક્રૂસ વિજેતા છે. અને દુનિયા એના ચરણોમાં છે. આમ એ સ્વનકાર અને આધિનતાનું પ્રતીક બની રહે છે. એ બંને મળીને દુનિયા પરનો ઈશ્વરનો અજાયબ પ્રેમ સૂચવે છે.


૧૭. એને 'કળી ફૂટેલો ક્રૂસ' કહેવામાં આવે છે. એ ઉપરની ત્રણ કળી ઈશ્વરનું ત્રૈએકપણું સૂચવે છે.

૧૮. લાટીન ક્રૂસ ઉપર મૂકેલો પૃથ્વીનો ગોળો "વિશ્વ પ્રાર્થના દિન"નું પ્રતીક છે. વિશ્વભરના બધા ખ્રિસ્તીઓ લેન્ટના પહેલા શુક્રવારે વિશ્વ પ્રાર્થના દિન ઊજવે છે.



વધસ્તંભ પરથી ઉતારેલ પ્રભુ ઈસુને માતા મરિયમ પોતાના ખોળામાં લે છે

# ૪૨ માણસનો ત્રણ પ્રકારનો સ્વભાવ




"ઈશ્વરનો આત્મા" આવીને "પરમ પવિત્ર સ્થાન"માં વસે છે ત્યારે એ સંપૂર્ણ બને છે. એમ માણસ પણ એના શરીર, પ્રાણ અને આત્મા દ્વારા પૂર્ણ લાગતો હતો, પણ તે અધૂરો છે, એનો આત્મા "નવો જન્મ" (અથવા "ઉપરનો જન્મ" પામ્યો ન હોય તો મૃતપ્રાય તથા દૈહિક સ્વભાવને આધીન રહે છે. પણ જ્યારે પવિત્ર આત્મા આવીને માણસના આત્માનો કબજો લે છે ત્યારે માણસનો

આત્મા જીવંત બને છે, અને માણસ સંપૂર્ણ ગણાય છે. આ પ્રક્રિયાને નવો જન્મ કહે છે. એ પછી માણસ ઈશ્વરના આત્માથી દોરાય છે.

માણસ મૃત્યુ પામે છે ત્યારે તેનો પ્રાણ અને આત્મા શરીરથી છૂટા પડી જાય છે. તેના શરીરને કબરમાં દાટી દેવામાં આવે છે. પણ એનો આત્મા ઈશ્વર પાસે જાય છે અને એ આત્મા શરીર વગરનો નગ્ન હોતો નથી, પણ પ્રેરિત પાઉલ કહે છે તેમ એ આત્માને માનસ અથવા "સુક્ષ્મ" શરીર હોય છે. (ભારતના દર્શનશાસ્ત્રમાં એને "સુક્ષ્મ શરીર" કહ્યું છે. કદાચ, એ શબ્દ પ્રયોગને આપણે અત્રે ઉપયોગમાં લઈ શકીએ. - જયાનંદ)

કદાચ આપણે કેરીના ફળની સાથે સરખાવી શકીએ. કેરી ત્રિએકપણું સૂચવે છે. કેરીને ગર અથવા માવો હોય છે, એને ગોટલો હોય છે, અને મીંજ, અંકુરમીંજ (Kernal) પણ હોય છે, આપણે ગરને માણસના શરીરની સાથે સરખાવીએ, અને ગોટલાને પ્રાણ સાથે સરખાવીએ. અને અંકુરમીંજને આત્માની સાથે સરખાવીએ.

□

# ૪૩ ઈસુએ "આવીને પોતાને ખાલી કર્યો" એટલે શું ?

ફિલિપી ૨:૭માં લખ્યું છે : "પણ તેણે (પ્રભુ ઈસુએ) દાસનું રૂપ ધારણ કરીને, એટલે માણસોના રૂપમાં આવીને પોતાને ખાલી કર્યો," તો "ખાલી કર્યો"એનો અર્થ એવો થાય કે પ્રભુ ઈસુએ માણસ બનીને પોતાનું ઈશ્વરત્વ છોડી દીધું ?

પ્રભુ ઈસુએ પોતાનું ઈશ્વરત્ત્વ કદી છોડયું નથી. માનવદેહ ધારણ કરવાથી તે માણસ બન્યા, અને સાથે સાથે ઈશ્વર પણ રહ્યા. તેમનું માનવત્ત્વ સંપૂર્ણ હતું. તેમ જ તેમનું ઈશ્વરત્ત્વ પણ સંપૂર્ણ હતું.

"ખાલી કર્યો" એનો અર્થ એટલો જ થાય છે કે માનવદેહધારીપણાના સમય દરમિયાન પ્રભુ ઈસુએ પોતાનો મહિમા યા ગૌરવ માનવીદેહમાં ઢાંકીઢબૂરી દીધાં; પોતાનો સ્વર્ગીય મહિમા તેમણે ઊતારી મૂક્યો. એટલે પોતાનો ઐશ્વરી સ્વભાવ ત્યજયો કે ઊતારી મૂક્યો નહોતો, પણ પોતાનો સ્વર્ગીય મહિમા થોડા સમય માટે ઢબૂરી દીધો હતો.

રૂપાંતરના પહાડ ઉપર પ્રભુ ઈસુનું મૂળ રૂપ કે ગૌરવ કંઈક અંશે છતું થાય છે. અને પ્રકટીકરણ ૧:૧૨-૧૮માં પ્રભુ ઈસુનો સ્વર્ગીય મહિમા જેટલે અંશે માનવી ભાષામાં વર્ણવી શકાય તેટલે અંશે વર્ણવેલો બતાવ્યો છે, ક્યાં પ્રકટીકરણનું એ ઈસુનું ગૌરવ ! અને ક્યાં એમના દેહધારીપણાના સમયનું એમનું ઢબૂરી દીધેલું ગૌરવ! તેમણે પોતાનાં એ ગૌરવ અને મહિમા ઊતારી મૂક્યાં હતાં.

ઈશ્વરના કેટલા ગુણો એમના સ્વભાવ સાથે વણાઈ ગયેલા

છે. જેમ કે, એમની પવિત્રતા, ન્યાયીપણું, પ્રેમનો ગુણ, ઈત્યાદિ, કદી એમનાથી અલગ કરી શકાય નહિ. એ એમના મૂળભૂત ગુણો છે. પણ એ સિવાયના એમના કેટલાક ગુણો એમની બનાવેલી સૃષ્ટિને અનુલક્ષીને એમનામાં છે. જેમ કે, એમનું સર્વવ્યાપીપણું, સર્વજ્ઞપણું, સર્વશક્તિમાનપણું, ઈત્યાદિ એમના પ્રાથમિક ગુણો નથી. એ ગુણોના મહિમામાંથી જાણે કે પ્રભુ ઈસુએ પોતાને ખાલી કર્યા.

પ્રભુ ઈસુના ઈશ્વરત્વ વિષેનું આ સચોટ વિધાન છે. બેથલેહેમની ગભાણમાં "સનાતન શબ્દે" (યોહાન ૧:૧, ૧૪) ઈશ્વરત્વનો જરા સરખોયે અંશ ઉતારી મૂક્યો નથી. ઈશ્વર રૂપ બદલી શકે, પણ ઈશ્વર મટી જઈ શકે નહિ.

□

## ૪૪ ઈસુના મૃત્યુનું કારણ

પ્રભુ ઈસુની કૂખમાં ભાલો માર્યો ત્યારે ઘામાંથી લોહી અને પાણી નીકળી આવ્યાં. (યોહાન ૧૯:૩૪) તો મરેલા માણસમાંથી લોહી વહે ખરું ?

ક્રૂસનું મોત અતિ કારમું છે. સામાન્ય રીતે ક્રૂસે જડેલો માણસ બે-ત્રણ ચાર દિવસ સુધી રીબાયા પછી તદ્દન નિર્ગત બનીને મરી જતો, પણ ક્રૂસે જડેલા માણસ બેએક કારણોને લઈને થોડા જ કલાકમાં પણ મરી જતો.

એમાંનું એક કારણ આ છે : જો પગ નીચે ટેકાનું લાકડું ન હોય તો ક્રૂસે જડાયેલો માણસ હાથો, ફેફસાં અને હૃદયની તંગ સ્થિતિને આરામ આપવા પગ ઉપર શરીરનો ભાર ઝીલી શકતો નહિ. અને એમ અદ્ધર અને અદ્ધર રહેવાથી અસ્ફીક્ષિયાને (asphyxia) કારણે, યા ઓર્થોસ્ટેટીક કોલાપ્સ (orthostatic collapse) દ્વારા થોડા જ કલાકમાં મરી જતો. પગ નીચે ટેકાનું લાકડું આપેલું હોય તો, ગુનેગાર કેટલાયે દિવસ ઝઝૂમી શકતો. એમાં માણસ બેભાન બની જાય, અને લોહી શરીરના ઉપરના ભાગો (મગજ, હાથો, વગેરે)માંથી શરીરના નીચલા ભાગોમાં (પેટ, પગ) જમા થાય, રુધિરાભિસરણમાં ભારે ખામી ઊભી થાય. અને એ પરિસ્થિતિ ત્રણ ચાર કલાક ચાલે તો મગજ અને હૃદયમાં લોહી ન પહોંચવાથી માણસ મૃત્યુ પામે. પ્રભુ ઈસુને ક્રૂસે જડયા ત્યારે તેમના પગો નીચે ટેકાનું લાકડું હતું કે નહિ એ કોઈ જગાએ દર્શાવ્યું નથી. ક્રૂસારોહણનાં કેટલાંક ચિત્રોમાં આવું લાકડું ચિતરેલું જોવા મળે છે. અને કેટલાંક ચિત્રોમાં એ નથી હોતું.

બીજું કારણ એના જેવું જ છે. કેટલાક ગુનેગારોના પગ ભાંગવામાં આવતા. ઘૂંટણો પર હથોડા મારીને ઘૂંટણની ઢાંકણી અને હાડકું ભાંગી નાખતા. આથી માણસ પગો ઉપર ઊભો રહી શકતો નહિ. એટલે તે જાણે કે કોથળો બનીને ઢળી પડતો. આથી તો ગંભીર સ્થિતિ સર્જાતી; તે શ્વાસ લઈ શકતો નહિ કે પાછો કાઢી શકતો નહિ. એટલે મગજે, માથે, હૃદયે અને હાથોમાં લોહી પહોંચતું નહિ, પ્રાણવાયુ (ઓક્સીજન) એ બધાંને પહોંચતો નહિ, આથી પ્રથમ મગજ મરી જતું, પછી હૃદય. એમ એકદમ મોત નીપજતું.

નાઝી કોન્સન્સ્ટ્રેશન કેમ્પોમાં કેદીને હાથો બાંધીને દોરડે અદ્ધર (પગને અદ્ધર રાખીને) લટકાવવામાં આવતા. થોડા જ કલાકોમાં માણસો મરી જતા. આ સંબંધીના અખતરા પણ મોડરે (Modder) માણસો (મોડકલ વિદ્યાર્થીઓ) પર કર્યા છે.

સાબ્બાથવારે ગુનેગારોનાં શબ વધસ્તંભો પર ન રહે માટે બંને બહારવાટિયાના પગ ભાંગવામાં આવ્યા. પણ ઈસુ તો ક્યારનાયે મરી ગયા હોવાથી તેમના પગ ભાંગવામાં ન આવ્યા. આમ છતાં તે ખરેખર અને સંપૂર્ણપણે મૃત્યુ પામ્યા છે કે નહિ, એ જોવા એક સિપાઈએ તેમની કૂખમાં ભાલો માર્યો ત્યારે ઘામાંથી લોહી તથા પાણી વહી નીકળ્યાં. આ પરથી રોમન સુબેદાર વગેરેને ખાતરી થઈ કે ઈસુ મૃત્યુ પામ્યા છે.

મરેલા માણસમાંથી લોહી નીકળે નહિ, કારણ, મૃત્યુ નીપજતાં થોડા સમયમાં લોહી નળીઓમાં થીજી જાય છે, અને રૂધિરાભિસરણ બંધ પડે છે. મૃત્યુ પછી માત્ર ફિક્કા નારંગી રંગનું પાણી એટલે કે સીરમ જ નીકળે.

માણસના હૃદયની આસપાસ કોથળી હોય છે.આ કોથળીને 'પેરીકાર્ડિયમ' કહે છે. (પેરી = આસપાસ; કાર્ડિયમ =હૃદય).

સામાન્ય રીતે હૃદયના સ્નાયુ ભાગ્યે તૂટે છે કે ફાટે છે. પરંતુ માનવી પર સહનશક્તિની બહારની મનોવેદના આવી પડે, ત્યારે એવા અતિ કષ્ટને લીધે હૃદયના સ્નાયુ તૂટી કે ફાટી જાય છે, અને હૃદયમાંનું લોહી 'પેરીકાર્દિયમ' માં (એટલે કે પેલી કોથળીમાં) જમા થાય છે. આમ કોથળી ફૂલીને તંગ બનવાને કારણે હૃદય પર દબાણ આવતાં એ ધબકારા લઈ શકતું નથી, અને આખરે બંધ પડી જાય છે, અને માણસનું મૃત્યુ નીપજે છે. આવી સ્થિતિને મેડિકલ સાયન્સમાં "એકસ્ટ્રાવાસેશન ઓફ ધી હાર્ટ" કહે છે."

ભયંકર રીબામણને લઈને હૃદયના સ્નાયુ ફાટયા હશે, અને હૃદયની આસપાસની થેલીમાં લોહી જમા થયું હશે. પણ એ લોહી જમા થવું કયારે શરૂ થયું તે વિષે ખાતરીપૂર્વક કહી શકાય નહિ; કાલવરીને રસ્તે ક્રૂસ ઊંચકીને લઈ જતાં એ બન્યું ? - કે વધસ્તંભ પર બન્યું ? - કે ગેથસેમાને બાગમાં અતિ કષ્ટાતાં તેમનું લોહી પરસેવા જેમ ટપકયું ત્યારે ? ડૉ. મોડરનું માનવું છે કે, ક્રૂસ પર એમ બન્યું.

આ પ્રકારના મૃત્યુમાં બંને હાથ ફેંકાઈને ખૂબ પહોળા અને ઊંચા થઈ જાય છે, માણસ મોટી બૂમ પાડી ઊઠે છે, હૃદયની દીવાલ તૂટી પડે છે, 'પેરીકાર્દિયમ' માં હૃદયના લોહીનો જમાવ થાય છે, હૃદય બંધ પડે છે, અને માણસ મરી જાય છે. સામાન્ય માણસ તો અતિશય મનોવેદના અને તીવ્ર કષ્ટમાં મૂર્છિત થઈ જતો હોવાથી ભયંકર ભયની પળમાંથી ઊગરી જાય છે, પણ પ્રભુ ઈસુએ તો મૃત્યુ અને દુઃખનો પૂરેપૂરો પરચો અનુભવ્યો. તે આ પ્રકારના મૃત્યુ દ્વારા મર્યા.

ઈસુ ભાલો વાગવાથી નહોતા મર્યા. જો ભાલાને કારણે એમનું મોત નીપજ્યું હોત તો હૃદયમાંથી તાજા લોહીની ધસમસતી ધાર વહી નીકળી હોત. ઈસુ તો ભાલાના ઘા પૂર્વે મૃત્યુ પામેલા હતા.

ભાલો તો ઈસુના મૃત્યુની ખાતરી કરવા માટે મારવામાં આવ્યો હતો. જો હૃદય ફાટયું ન હોત - સહિસલામત હોત, અને ભાલો માત્ર પેરીકાર્ડિયમની કોથળીને જ વાગ્યો હોત, અને હૃદયને નહિ તો સામાન્ય રીતે નહિવત પ્રવાહી આ કોથળીમાંથી વહ્યું હોત અને કોઈને તેની ખબર પણ પડી ન હોત.

હૃદય ફાટવાથી કે તૂટવાથી ઈસુ મૃત્યુ પામ્યા, એનો અર્થ એવો થતો નથી કે ઈસુ હતાશા અને નિરાશાના માર્યા મૃત્યુ પામ્યા. ઈસુ તો વિજેતા હતા. એમની આખરી બૂમ વિજેતાની હતી. પોતે કરવા આવેલા કામને સંપૂર્ણ કર્યું છે. એમનું કાર્ય સંપૂર્ણ થયું છે. પ્રભુ ઈસુએ કહેલું "હું મારો જીવ આપું છું કે તે હું પાછો લઉં. કોઈ મારી પાસેથી તે લેતો નથી, પણ હું મારી પોતાની મેળે તે આપું છું. (બાઈબલ : યોહાન ૧૦ : ૧૭,૧૮) આ વાક્યને તેના મૃત્યુના શારીરિક કારણ સાથે સંબંધ નથી. પોતે પોતાનો પ્રાણ બીજાંઓની પાપ મુક્તિ માટે આપવા ઈસુ આવ્યા હતા. તેમણે ધાર્યું હોત તો ક્રૂસનું કારમું મોત પોતે ટાળ્યું હોત. પણ તેમણે પોતે જ સ્વૈચ્છિક રીતે અન્ય લોકોના હક્કમાં મૃત્યુને પસંદ કર્યું. એમનું મૃત્યુ સ્વૈચ્છિક બલિદાન હતું.

(ઈસુના મૃત્યુના આ પ્રકારના કારણ માટે વધુ જાણવા ઇચ્છતા હો કે ખાતરી મેળવવી હોય તો વાંચો : (૧) ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ બાઈબલ એન્સાયકલાપેડિયા, ગ્રાન્ડ રેપિડસ, યુએસએ. ૧૯૪૩ (૨) ડૉ. સ્ટુઅર્ટ બર્ગસ્માનો કેલ્વિન ફોરમમાં ૧૯૪૮માં પ્રગટ થયેલો લેખ (૩) સર જેમ્સ સીમ્પસન (કલોરોફોર્મના શોધક)ની પુસ્તિકા; અને બીજા અનેક મેડીકલ ડોકટરોના આ વિષેનાં લખાણો. વળી જુઓ ગીતશાસ્ત્ર ૬૯:૨૦,૨૧.

□

## ૪૫ 'મૂએલાંનો નહિ પણ જીવતાંનો દેવ' એટલે શું ?

માર્ક ૧૨:૨૬-૨૭માં આમ લખેલું છે. "પણ મૂએલા લોક પાછા ઊઠે છે, તે સંબંધી શું તમે મોશેના પુસ્તકમાંના ઝાડો વિષેના પ્રકરણમાં નથી વાંચ્યું કે, દેવે તેને એમ કહ્યું કે, હું અબ્રાહમનો દેવ તથા ઈસ્હાકનો દેવ તથા યાકૂબનો દેવ છું ? તે મૂએલાંનો દેવ નથી, પણ જીવતાંઓનો દેવ છે.

પ્રભુ ઈસુ સાદુકીઓને એમના પ્રશ્નનો જવાબ આપતાં ઉપરનાં વાક્યો વાપરે છે. યહૂદીઓમાં કેટલાક પંથો હતા, જેમ કે ફરોશીઓ અને સાદુકીઓ. સાદુકીઓ મૂએલાંના પુનરુત્થાનમાં માનતા નહોતા (તેઓ દૂતો, આત્માની અમરતા, મૂએલાનું પુનરુત્થાન વગેરે બાબતોમાં માનતા નહોતા). તેઓ ઈસુની પાસે આવ્યા અને તેમને શબ્દજાળમાં ફસાવવા પેલી સ્ત્રી જે પૃથ્વી પર સાત ભાઈઓની પત્ની બની હતી તેના વિષે પ્રશ્ન કરે છે કે પુનરુત્થાન સમયે તે કોની પત્ની થશે. આ વાત સત્ય હકીકત હશે કે ઉપજાવી કાઢેલી વાત હશે તે વિષે કંઈ લખ્યું નથી. કદાચ ઉપજાવી કાઢેલી વાત હશે.

પ્રભુ ઈસુ તેમને જવાબ આપતાં જૂના કરારના આ શબ્દો ટાંકે છે. યહોવાએ મોશેને બળતા ઝાડવામાં દર્શન દીધું ત્યારે આ શબ્દો યહોવાએ તેને કહ્યા હતા (નિર્ગમન ૩:૧-૬). ઈશ્વર પોતાની ઓળખ આપતાં કહે છે કે, "હું તારા પિતાનો દેવ અબ્રાહમનો દેવ તથા ઈસહાકનો દેવ તથા યાકૂબનો દેવ છું." એનો અર્થ એ થાય કે અબ્રાહમ, ઈસહાક તથા યાકૂબના દેહ બહુ લાંબા સમય પર મૃત્યુ પામ્યા છતાં તેઓ સજીવ છે. મૃત્યુ પારના જીવનમાં તેઓ જીવે

છે. તેમના આત્મા હયાત છે. એટલે જ ઈશ્વર મૂએલાંઓનો નહિ, પણ એ જીવતાંનો ઈશ્વર છે. મૃત્યુને પેલે પાર પણ જીવન છે. અને જેમ તેમના પૃથ્વી પરના જીવનકાળમાં, તેમ તેમની મૃત્યુ પછીની હયાતીમાં ઈશ્વર તેમનો ઈશ્વર છે. જો ઈશ્વરે એમ કહ્યું હોત કે "હું અબ્રાહામનો... દેવ હતો," તો એમ સમજી શકાત કે પુરાણા એક સમયે ઈશ્વર અબ્રાહમ વગેરે હયાત હતા ત્યારે એમનો દેવ હતો, પણ હવે તેઓ કોઈ હયાત નથી.

પણ અહીં વર્તમાનકાળ વાપર્યો છે "હું... દેવ છું" એનો અર્થ એ જ કે અબ્રાહમ, ઈસ્હાક અને યાકૂબ આત્મિક હયાતી ધરાવે છે, અને ફરી એક વાર તેઓનો દેહ પણ પુનરુત્થાન પામશે. જૂના કરારના આ શબ્દો ટાંકીને પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાદુકીઓને એમ જણાવવા માગે છે કે તેઓનો સિદ્ધાંત ખોટો છે, અને મૂએલાંનું પુનરુત્થાન છે. સાદુકીઓ જૂના કરારને ચુસ્ત રીતે માનતા હતા અને ઈસુએ જૂના કરારનું જ વચન લઈને તેમની દલીલ તોડી નાખી.

□

# ૪૬ મૃત્યુ પછી સુવાર્તા સાંભળવાની તક મળે ખરી ?

૧ પીતર ૩:૧૯ તથા ૧ પીતર ૪:૬ ઉપરથી શું એમ સમજવું કે મર્યા પછી સુવાર્તા સાંભળવાની તથા સ્વીકારવાની બીજી તક છે? શું રોમન કેથોલિક મંડળીનો સિદ્ધાંત આ કલમોને આધારે જ સ્થાપિત થયો હશે ?

પ્રથમ તો ઉપર જણાવેલી બંને કલમો ટાંકું છું : ૧ પીતર ૩:૧૯ - "તે (આત્મા)માં પણ તેણે (મૃત્યુ પામેલા ખ્રિસ્તના આત્માએ) જઈને બંદીખાનામાં (શેઓલમાં અથવા હાડેસમાં) પડેલા આત્માઓને ઉપદેશ કર્યો." એ જ પ્રમાણે ૧ પીતર ૪:૬ જોઈએ : "કેમ કે મૂએલાંને પણ સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી કે જેથી દેહમાં રહેનાર માણસોના જેવો ન્યાય થયા પછી તેઓ દેવના જેવા આત્મામાં જીવે." હવે ૧ પીતર ૩:૧૯ વિષે બાઈબલ અભ્યાસ ભાગ ૧લો, પ્રશ્ન ૩૦, પૃ. ૬૩-૬૪માં સમજાવવામાં આવ્યું છે. એ વિષે ફરી અહીં વિસ્તારથી નથી લખતો. શેઓલ (હિબ્રૂ શબ્દ) અથવા હાડેસ (ગ્રીક શબ્દ) એ સ્થળ છે જ્યાં મરેલાંના આત્મા જાય છે. એ સ્થળના બે ભાગ છે, અને વચ્ચે મોટી ખાઈ છે. અબ્રાહમ, યોસેફ, મોશે, અને પ્રભુના એવા ખ્રિસ્તીઓના આત્મા "અબ્રાહમ પિતાની ગોદમાં, અથવા પારાદૈસમાં જાય છે, અને બાકીના ભૂંડા લોકોના આત્માઓ બીજા ભાગમાં પીડા ભોગવતા રહે છે. શેઓલ (હાડેસ) પુનરુત્થાન સુધીની હંગામી (ટેમ્પરરી, કામચલાઉ) વ્યવસ્થા છે. પ્રભુ ઈસુના આત્માએ ત્યાં જઈને તેઓને "ઉપદેશ" (સુવાર્તા) કર્યો નહોતો. ગુજરાતી તરજુમો બરાબર નથી. પ્રભુ ઈસુના આત્માએ તો શેઓલના "અબ્રાહમ

પિતાની ગોદમાં" કે "પારાદૈસ"માં જઈને તેમને જાહેરાત કરી, એ વિભાગમાં વિશ્વાસ કરનાર લોકોના આત્માઓ રાખવામાં આવ્યા. તેઓના આત્માઓ માટે ઈશ્વરના ખરા હલવાનનું રક્ત મુક્તિ મૂલ્ય તરીકે આપવામાં આવે એટલે મુક્ત થાય, એની તેઓ રાહ જોતા હતા. પ્રભુ ઈસુનો આત્મા ત્યાં જઈને તેઓને જાહેરાત કરે છે : "મેં તમારા મુક્તિમૂલ્ય તરીકે ક્રૂસ પર મારું રક્ત વહેવડાવ્યું છે, અને મારુ શરીર ભાંગ્યું છે." એ પછી પોતાના પુનરુત્થાન પછી પ્રભુ ઈસુ આ વિભાગના સર્વ સંતોના પારાદૈસને ઉપર સ્વર્ગધામે લઈ ગયા. એફેસી ૪:૮-૯. ના, પ્રભુ ઈસુએ શેઓલમાં 'ઉપદેશ' નથી કર્યો, સુવાર્તા નથી સંભળાવી.

હવે બીજી કલમ જોઈએ : ૧ પીતર ૪:૬ - "કેમ કે મૂએલાંને પણ સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી" એનો અર્થ એમ નથી થતો કે અમુક લોકો મરી ગયા એ પછી એમને સુવાર્તા સંભળાવવામાં આવી. એ કલમનો અર્થ માત્ર એટલો જ થાય છે કે આ અમુક લોકો જે હાલ મરી ગયેલા છે તેમને, તેઓ જ્યારે જીવતા હતા ત્યારે તેમને સુવાર્તા સંભળાવવામાં આવી હતી. કલમનો બીજો ભાગ ઉપલા ભાગને જરા વધુ સ્પષ્ટ કરે છે. 'ન્યૂ ઈન્ટરનેશનલ આવૃત્તિ' આ કલમને વધારે સ્પષ્ટ કરે છે : "For this is the reason the gospel was preached even to those who are now dead." "ત્યારે તેઓને સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી, જેઓ હાલમાં મૃત્યુ પામ્યા છે."

સિદ્ધાંત નક્કી કરવા માટે એકલદોકલ કલમનો આશરો ન લેવો, પણ બાઈબલનો મોટો ભાગ, અથવા અન્ય કલમો શું શીખવે છે, તે જોઈ તારવીને પછી પેલી શંકાસ્પદ લાગતી કલમનો સાચો અર્થ શોધવો.

□

# ૪૭ વધસ્તંભ પર પગ ભાંગવાનું કારણ શું ?

વધસ્તંભ પર લટકાવેલા બે ચોરના પગ ભાંગવામાં આવ્યા તેનું શું કારણ ?

પ્રથમ તો એક વાત સ્પષ્ટ કરી દઉં કે ઈસુની આસપાસ જડાયેલા બે જણ 'ચોર' નહિ, પણ 'બહારવટિયા' હતા. પરદેશી રોમન સત્તાની સામે અવારનવાર માથું ઊંચકનારા અને પરદેશી સત્તા સામે બહારવટે ચઢતા એવા આ બહારવટિયા હતા. તેઓ તોફાનો ઉશ્કેરતા, અને મારામારી પણ કરતા.

યોહાન ૧૯:૩૧-૩૨માં જણાવવામાં આવ્યું છે તેમ, સાબ્બાથ દિવસે શબો વધસ્તંભે લટકેલાં ન રહેવાં જોઈએ. પુનર્નિયમ ૨૧:૨૩ પ્રમાણે શબ રાતભર લટકેલું રહે તો દેશ અશુદ્ધ થાય. વળી આવતી કાલનો દિવસ સાબ્બાથ વાર હતો. અને આ સાબ્બાથ તો પાસ્ખા પર્વનો એટલે મહાપર્વનો દિવસ હતો. તેમ જ યહૂદી કાળમાન પ્રમાણે સાંજે છ વાગ્યાથી બીજો દિવસ બેસતો હતો, એટલે આ સાંજે છ વાગ્યાથી પાસ્ખાના મહાપર્વનો સાબ્બાથ બેસનાર હતો. એટલે તેમનાં શબો રાતે કે સાબ્બાથે ક્રૂસ પર લટકેલાં ન રહે એ માટે એમના પગ ભાંગવાનું યહૂદીઓએ (એટલે કે યહૂદી આગેવાનોએ) પિલાત સામે માગ્યું.

સામાન્ય રીતે કોઈ માણસના માત્ર પગ ભાંગવાથી ત્રણ ચાર કલાકમાં મોત નથી આવતું. અકસ્માતમાં પગ કપાઈ જતાં એટલું જલદી મોત નથી આવતું પણ ક્રૂસે જડાયેલા માણસના પગ ભાંગવાથી તે એકદમ મરી જાય છે. એની પાછળ કારણ છે. ક્રૂસે જડવાની રીત સાથે એ કારણને સંબંધ છે.

ક્રૂસ પર પગ નીચે ટેકા માટે એક પાટિયું રાખવામાં આવતું. એ પાટિયા પર ખીલા વડે બંને પગ જડી દેવામાં આવતા. કોઈવાર પાટિયા વગર પણ ક્રૂસના ઊભા લાકડા પર પગ જડી દેવાતા. ક્રૂસના આડા લાકડે બંને હાથો ખૂબ પહોળા કરીને ખીલા દ્વારા અદ્ધર જડી દેવામાં આવતા. આમ, હાથો ખૂબ ખેંચાયેલા રહેવાથી છાતીની પાંસળીઓ ઉપર તરફ ખેંચાયેલી રહેતી. તંગ છાતીને કારણે શ્વાસ લેવામાં ખૂબ તકલીફ ઊભી થતી; પરાણે શ્વાસ લેવાતો. એટલે ક્રૂસ પર જડાયેલો માણસ પારાવાર બેચેની અનુભવતો.

હાથ તેમ જ છાતી ઢીલાં થાય તો શ્વાસ લેવામાં રાહત મળે, એ હેતુથી ગુનેગાર માણસ પગ બને તેટલાં ઊંચો કરતો. એમ હાથ અને છાતી ઢીલાં પડતાં શ્વાસ લેવામાં કંઈક રાહત મળતી. પણ ઊંચા થયેલા પગોમાં ખીલાને કારણે કપરી વેદના ઊભી થતી. એટલે ગુનેગાર પગ નીચા કરતો. એટલે પાછી શ્વાસ લેવામાં તકલીફ થતી. ગુનેગાર આમ વારાફરતી હાથ અને પગોની હાલત બદલતો રહેતો.

પણ પગો વજનદાર હથોડા વડે ભાંગી નાખવામાં આવે, એટલે લબડી પડેલા પગોને ઊંચા કરી શકાય જ નહિ. એને લીધે હાથો તેમ જ છાતી સતત તણાટ અનુભવ્યા કરતાં, અને શ્વાસ મહામહેનતે પારાવાર વેદના સાથે જ લઈ શકાતો, અને એકાદ કલાક કરતાંયે ઓછા સમયમાં, શ્વાસ ન લેવાવાને કારણે, ગુનેગાર મરણ-શરણ થતો. આમ, પેલા બે બહારવટિયાના પગો ભાંગવામાં આવ્યા, એટલે સાંજના સાડાચાર કે પાંચ પહેલાં તેઓ મરી ગયા હશે અને પછી તેમના શબ ઉતારી લીધાં હશે.

□

# ૪૮ ભાવસીંગની શિક્ષા હોસ્ટેલ સુપ્રિન્ટેન્ડેન્ટે વેઠી

હું નડિયાદ પ્રાયમરી સ્કૂલમાં ભણતો હતો. ત્યારે ગોધરા બાજુનો ભાવસીંગ નામનો એક છોકરો, બોયઝ હોસ્ટેલમાં રહીને ભણતો હતો. ભાવસીંગ ઘણી ચોરીઓ અને ઘણા ગુનાઓ કરતો હતો. હાઉસફાધર અને હોસ્ટેલ સુપ્રિન્ટેન્ડેન્ટ તેને કહી કહીને થાક્યા હતા. અને શિક્ષા પણ ઘણી કરી હતી. પણ ભાવસીંગનામાં કંઈ જ સુધારો થયો નહોતો. એને ચેતવણી આપવામાં આવી હતી કે, હવે જો તે ગુનો કરશે તો, તેને ભારે સજા કરવામાં આવશે.

એવામાં એણે એક મોટી ચોરી કરી, અને તે પકડાઈ ગયો. હવે તેને શિક્ષા કરવાની હતી. એટલે હાઉસફાધરે, બધા જ વિદ્યાર્થીઓને જમવાના વરંડામાં એકઠા કર્યા. અને થોડીવારમાં હોસ્ટેલ સુપ્રિ. રેવ. એલ.જી. ટેમ્પ્લીન અમેરિકન મિશનેરી વરંડામાં આવ્યા. તેમના હાથમાં નેતરની ત્રણ સેરોની ગૂંથેલી લાકડી હતી. તે લઈને તેઓ આવ્યા હતા. ભાવસીંગને હાજર કરવામાં આવ્યો. અને ડાબી બાજુ ઊભો રાખવામાં આવ્યો. અને હોસ્ટેલ સુપ્રિ. સાહેબે તેને કહ્યું કે, ભાવસીંગ ભાઈ, તમને બહુ ચેતવણી આપ્યા પછી પણ તમે અત્યારે ગુનો કર્યો, માટે સજા ભોગવવા તૈયાર થાવ. આ નેતરની સોટીથી તમારા હાથમાં અને બરડા ઉપર સો ફટકાની સજા કરવામાં આવશે. તમને સો ફટકા મારવામાં આવશે. તેના માટે તૈયાર રહો.

પછીથી ભાવસીંગને બોલાવવામાં આવ્યો. ભાવસીંગ ઘણો બીતો હતો. અમે બધા પણ વિચારતા હતા કે, હમણાં ભાવસીંગનું આવી બનશે. ટેમ્પલીન સાહેબે ભાવસીંગને બન્ને હાથ લાંબા અને

ખુલ્લા કરવા કહ્યું. ને નેતરની સોટીનો એક સખત ફટકો તેના ડાબા હાથમાં લગાવી દેવામાં આવ્યો. તેનો હાથ લાલચોળ થઈ ગયો. ભાવસીંગની આંખોમાંથી આંસુ ટપકી પડયા. તે રડવા લાગ્યો.

પછીથી ભીવસીંગને તેનો જમણો હાથ સાહેબે લંબાવવાનું કહ્યું. અને સાહેબે સોટી ઊંચી કરીને ભાવસીંગના જમણા હાથમાં મૂકી દીધી. અને તેને કહ્યું કે, "મારા ખ્રિસ્તીપણાની અસર તમારા ઉપર નથી થઈ, તેથી હું ખૂબ દુઃખી છું. એટલે તમારી બાકીની શિક્ષા ૯૯ ફટકા તમે મને મારો. તમે મને શિક્ષા કરો. તે શિક્ષા તમારે બદલે હું ખમીશ. આ સોટી મેં તમારા હાથમાં મૂકી છે. તમે મને મારો, મને શિક્ષા કરો."

તેમ કહીને ટેમ્પલીન સાહેબે તેમના બન્ને હાથ ભાવસીંગ આગળ લાંબા કર્યા. અને ભાવસીંગે બહુ જોરથી સોટીનો એક ફટકો સાહેબના હાથમાં માર્યો. સાહેબનો હાથ બેવડો વળી ગયો. અને લાલચોળ થઈ ગયો. ટેમ્પલીન સાહેબે પોતાની પીઠ ભાવસીંગ આગળ ધરી. અને ભાવસીંગે બહુ જોરથી સોટીનો એક ભયંકર ફટકો સાહેબના બરડામાં માર્યો. એની વેદનાથી સાહેબે બૂમ પાડી, અને છોકરાઓએ પણ "ઓ બાપરે" એવી બૂમ પાડી. કેમ કે ફટકો બહુ ભયંકર હતો. સાહેબ નમી પડયા. ભાવસીંગ રડી પડયો અને ધ્રૂજતાં ધ્રૂજતાં સાહેબના પગમાં પડી ગયો અને માફી માગવા લાગ્યો કે, "સાહેબ મને માફ કરી દો, તમે કહેશો તેવો હું બની રહીશ. મેં તમને જે ફટકા માર્યા, તેની હું માફી માગું છું. મને માફ કરી દો."

ટેમ્પલીન સાહેબે ભાવસીંગને ઊભો કર્યો, અને તેને ભેટી પડયા અને કહ્યું કે, "ભાવસીંગ, હું તારા ઉપર પ્રેમ કરું છું. તને માફ કરું છું. હવે તું ગુના કરીશ નહીં, હું તને માફી આપું છું. અને ભાવસીંગ બોલ્યો કે ઓ સાહેબ, "તમારો ગજબનો પ્રેમ

ગજબનો પ્રેમ" એમ બુમો પાડતો પોતાની રૂમ તરફ નાસવા લાગ્યો. ટેમ્પલીન સાહેબે જોરથી કહ્યું કે, હજી તમારી શિક્ષા મારે ખમવાની બાકી છે. તો તમે મને મારતા જાવ, મારતા જાવ. પણ ભાવસીંગ રડતો રડતો તેની રૂમ તરફ નાઠો. હું પણ તેની પાછળ પાછળ નાઠો. હું તેની રૂમમાં ગયો. અને મેં જોયું તો ભાવસીંગ તેના ખાટલામાં હાથમાં માથું ઝાલીને રડતો હતો. ને કહેતો હતો કે, કેવો પ્રેમ ! કેવો પ્રેમ ! એટલે મેં તેનું મોં ઊંચું કરીને, ભાવસીંગને કહ્યું કે, ભાવસીંગ, તમને યાદ નહીં હોય, પણ પ્રભુ ઈસુ ખ્રિસ્તે તમારાં, મારાં, લોકનાં પાપોને માટે વધસ્તંભ ઉપર પોતાનું બલિદાન આપ્યું. આપણાં બધાનાં પાપોને માટે તેમને વધસ્તંભ પર જડી દેવામાં આવ્યા. આપણાં પાપોને માટે, તેમના માથે કાંટાનો મુગટ મૂકવામાં આવ્યો. અને આપણાં પાપોને માટે લાંબા લાંબા લોખંડના ખીલા, હાથપગમાં જડી દેવામાં આવ્યા."

ત્યારે ભાવસીંગ બોલ્યો કે, "જયાનંદભાઈ, તમે તો મારાથી ઘણા નાના છો. છતાં પણ તમે મારું હૃદય તોડી નાખ્યું. હું ઘણો જ પસ્તાઉં છું." મેં કહ્યું, "તમારી વાત સાચી. પણ તમે તમારું જીવન પ્રભુને સોંપી દો. તમે તમારા જીવનની સોંપણી પ્રભુ ઈસુ ખ્રિસ્તને કરો." અને ભાવસીંગે તરત જ કહ્યું કે, "હે પ્રભુ, હું આજથી તમારો છું. તમને હું સોંપાઈ જાઉં છું. મને તમારો દીકરો બનાવો. આજથી મારો આત્મા તથા મારું જીવન હું તમને સોંપું છું. પ્રભુ તમે મારા જીવનનો સ્વીકાર કરજો. મને માફ કરજો." અને રડી રડીને પ્રાર્થના કરી કે, "પ્રભુ મારો સ્વીકાર કરો. હું તમને સોંપાઉં છું. મને તમારો બનાવો."

પછીથી ભાવસીંગે મને કહ્યું કે તમે નાના છો, હું તમારાથી મોટો છું. ખરેખર તમે આજે મારી આંખ ઉઘાડી દીધી છે. તમે મારા માટે પ્રાર્થના કરશો. અને તમે મને કદી ભૂલશો નહિ. મેં

તેમને કહ્યું કે, હું નિત્ય તમારા માટે પ્રાર્થના કરીશ. અને મેં તેમના માટે રાત્રે, તેમના હકમાં પ્રાર્થના કરી હતી. આ પ્રસંગ પછી ફક્ત એક જ વાર મારી મુલાકાત, ભાવસીંગ સાથે થઈ હતી. ખરેખર તેમનું નામ જીવનના પુસ્તકમાં લખાયું હશે. તેનો મને આજે ખૂબ ખૂબ આનંદ છે.

□



## ૪૯ ખાલી કબરનો ચુકાદો

૧. **કોર્ટનાં પાત્રો :**

એડ = એડવોકેટ = વકીલ

ખ્રિસ્તીઓના વકીલ = થાદીતસ

યહૂદીઓના વકીલ = ગમાલીએલ

જજ = સર કાયાફાસ

દાવિદ = સેક્રેટરી

લેવિક્સ = કેસ માંડનાર

ક્લોડિયસ = સિપાઈઓના સુબેદાર



**જજ સર કાયાફાસ**

## ૨. આરોપનામું

સન્માનીય જજ સાહેબ
સર કાયાફાસ,
યરુશાલેમની હાઈકોર્ટ,
યરુશાલેમ.

સન્માનીય સાહેબજી :

આપ નામદારને અરજ કરવાની કે, ઈસુ ખ્રિસ્તને હાકેમ પિલાતની હકૂમતમાં વધસ્તંભે જડવામાં આવ્યા હતા અને તેમને ખોપરીની ટેકરી પાસે આવેલી ખાલી કબરમાં દફનાવવામાં આવ્યા હતા. તે કબર આરિમથાઈના યોસેફની હતી. તેણે તે ઈસુને દફનાવવા આપી હતી.

હવે નવો નીકળેલો ખ્રિસ્તી નામનો પંથ તેઓ ઈસુ ખ્રિસ્તના અનુયાયીઓ છે. તેઓ બધે ફરીને કહે છે કે, ઈસુ ખ્રિસ્ત કબરમાંથી જીવંત થઈને ઊઠયા હતા, તેથી કબર ખાલી છે. આમ કહીને તેઓ અમારા જૂથના લોકોમાંથા માણસોને ભોળવાને લઈ જઈને તેમનો પંથ મોટો કરે છે. અમારું માનવું છે કે, ઈસુના શિષ્યો શબ ચોરી ગયા. બીજા કેટલાકનું માનવું છે કે, વિરોધીઓ શબ ચોરી ગયા હતા.

વળી અઠવાડિયાના પહેલા દિવસે શબને સુગંધી લગાડવા ગયેલી સ્ત્રીઓ માગ્દાલાની મરિયમ, બીજી મરિયમ અને સાલોમીએ મૃત્યુમાંથી ઉત્થાન પામેલા ઈસુને વાડીમાં જોયા હતા.

તેમ જ પિતર, અને યોહાને ખાલી કબરમાં મલમલી વીંટાઓ જોઈને માન્યું હતું કે, ઈસુ ઊઠયા છે. તેમ જ એમ્મૌસ જનારા બે શિષ્યો કહે છે કે, તેઓ એમ્મૌસ જતા હતા, ત્યારે ઈસુ માર્ગમાં અમારી સાથે થયા હતા અને એમ્મૌસમાં અમારા ઘરમાં અમે જમવા

બેઠા, ત્યારે તેમને ઓળખ્યા કે તે ઈસુ છે. અમે પાછા યરુશાલેમ ગયા અને શિષ્યોને આ વાત કહી હતી.

ઉપલી મેડી પર એક વખતે ૧૦ અને બીજી વખતે ૧૧ શિષ્યોને ઈસુએ દર્શન આપ્યું હતું. વળી ગાલીલ સમુદ્રને કાંઠે પિતર અને અન્ય શિષ્યો માછલાં પકડતા હતા, ત્યારે ઈસુએ તેમને દર્શન આપ્યું અને તેમની સાથે નાસ્તો પણ લીધો.

વળી પાઉલ પ્રેરિત દમસ્ક જતો હતો, ત્યારે મૃત્યુમાંથી જીવંત થયેલા ઈસુએ દમસ્કના રસ્તા પર તેને દર્શન આપ્યું હતું અને તેને પોતાની સેવા સોંપી હતી. આ ઉપરાંત ગાલીલના પહાડ પર તેમ જ બેથાની પાસેના પહાડ પર પણ ઉત્થાન પામેલા ઈસુ શિષ્યોને દેખાયા હતા.

આપ નામદાર બંને પક્ષના સાક્ષીઓને તપાસી ચુકાદો આપશો કે, કબર કેમ ખાલી છે ? અને ઈસુ મૃત્યુમાંથી ઊઠયા છે અને આ વાતો સંબંધી ચુકાદો આપવા વિનંતી છે.

**લેવિક્સ**
યહૂદી સાન્હેદ્રિન વતી
કેસ માંડનાર

## ૩. પ્રભુ ઈસુનું જીવનવૃત્તાંત

**ગમાલીએલ :** મિ. લોર્ડ આ કેસમાં ઘણાંને થતું હશે કે આ પ્રભુ ઈસુ ખ્રિસ્ત કોણ છે ? અને કેવી વ્યક્તિ હતી કે જેની ખાલી કબર વિષે ચુકાદા માટે કોર્ટ કેસ થાય. તો આપ નામદારની મંજૂરીથી પ્રભુ ઈસુ ખ્રિસ્તનું ટૂંક જીવનચારિત્ર કોર્ટના પ્રત્યેક સભ્યની ફાઈલ માટે આપું છું. તેમનું જીવનવૃત્તાંત બાઈબલના નવા કરાર વિભાગમાં માથ્થી, માર્ક, લૂક, યોહાન ચારે સુવાર્તામાં આપવામાં આવ્યું છે. તેમાંથી વાંચી શકાય.

આ વૃત્તાંત તેમાંથી તૈયાર કરવામાં આવ્યું છે.

પ્રભુ ઈસુ માની તરફથી તેમ જ તેમના પાલક પિતા યોસેફ તરફથી દાવિદ રાજાના વંશના - કુળના હતા. તેઓ મરિયમ કુમારીના પેટે પવિત્ર આત્માથી ગર્ભે રહ્યા હતા. અને બેથલેહેમની ગંદી - ગોબરી ગભાણમાં તેમનો જન્મ થયો હતો. તેમના જીવનનો ઘણો ખરો સમય નાઝરેથમાં પસાર થયો હતો. તેમના વિષે બધાનું માનવું એવું હતું કે, તે યહૂદીઓના આવનાર મસીહા હતા. તેઓ નાનપણથી અતિ ધાર્મિક હતા.

તેઓ ત્રીસ વર્ષના થયા ત્યારે યોહાન બાપ્તિસ્ત દ્વારા બાપ્તિસ્મા લઈને જાહેર સેવામાં જોડાયા. તેઓનો શરૂઆતનો સંદેશો હતો કે, આકાશનું રાજ્ય પાસે આવ્યું છે, માટે પસ્તાવો કરો. તેમણે પસંદ કરેલા શિષ્યો પણ એ જ સંદેશો ફેલાવતા હતા.

તેઓ નિયમશાસ્ત્રના આત્મિક અર્થો ઘટાવતા હતા. અને તે ઉપરાંત યહૂદીઓના આગેવાનો સાદુકીઓ અને ફરોશીઓના ઢોંગી વલણ અને તેમના બાહ્યક્રિયાકાંડો સામે તેમને ઉઘાડા પાડતા હતા. અને તેમને ઢોંગીઓ તરીકે ગણાવતા હતા. આમ તેમની અને યહૂદીઓના ધાર્મિક આગેવાનો વચ્ચે વૈમનસ્ય વધતું જતું હતું. પ્રભુ ઈસુ માંદાંઓને સાજાં કરતા અને મરી ગયેલાંને જીવતાં કરતા હતા વગેરે ચમત્કારો કરતા હતા. તેથી ઈસુની ખ્યાતિ વધતી જતી હતી.

આથી યહૂદી આગેવાનોએ તેમને મારી નાખવાનો મનસૂબો કર્યો હતો. આ માટે તેઓ લાગ શોધતા હતા. પ્રભુ ઈસુના જ યહૂદા નામના એક શિષ્યે વિશ્વાસઘાત કર્યો અને ધાર્મિક આગેવાનોને નિશાની આપી કે, પાસ્ખાપર્વની રાત્રે ગેથસેમાને બાગમાં ઈસુ ને તેમનું મંડળ પ્રાર્થના કરવા ગયા હશે. તેમાંથી હું જેને ચુંબન કરું, તે જ ઈસુ ખ્રિસ્ત છે. એમ સમજીને તેમને પકડી લેજો. યહૂદાએ તેના બદલામાં ત્રીસ રૂપિયા લીધા હતા.

ઠરાવેલી રાત્રે યહૂદી ધર્મગુરુઓ મોટું ટોળું લઈને ફાનસ તથા મશાલો લઈને ગેથસેમાને બાગમાં આવ્યા હતા અને યહૂદાના નિશાન પ્રમાણે તેઓએ પ્રભુ ઈસુને પકડી લીધા. યહૂદી આગેવાનો જાહેર જનતાથી બીતા હતા. તેથી તેમને જાહેરમાં નહિ, પણ આ રીતે પકડયા.

તેઓ તેમને રાતોરાત પ્રમુખ યાજકના મહેલમાં લઈ ગયા. કાયદો કહે છે કે, કોઈ પણ ન્યાયસભા રાત્રે બોલાવાય નહિ, પણ યહૂદીઓની વડી અદાલત-સાન્હેદ્રિન તાબડતોબ રાત્રે બોલાવવામાં આવી. પ્રભુ ઈસુ પર તેઓ દોષારોપણ કરતા હતા કે પોતાને દેવ-પુત્ર ગણાવતા હતા અને બીજું કે, તેમણે એવું કહ્યું હતું કે, આ મંદિરને પાડી નાખો તેને હું ત્રણ દિવસમાં ઊભું કરીશ. આ તો પ્રભુ ઈસુ પોતાના શરીર વિષે બોલ્યા હતા કે, મને મારી નાખશો, તો હું ત્રીજે દિવસે પાછો ઊઠીશ. આવા પાયા વગરના દોષો તેમના પર મૂકવામાં આવ્યા અને નિયમશાસ્ત્રનો એક કાયદો છે, કોર્ટ પણ બે માણસની જુબાની દ્વારા જ માણસને દોષિત ઠરાવી શકે. આવી કોઈ સાક્ષીઓ મળી નહિ. તેમ છતાં તેમને મરણદંડને યોગ્ય ઠરાવવામાં આવ્યા.

મરણદંડની સજા તેમના હાથમાં નહોતી. પણ રોમન હાકેમ પિલાતના હાથમાં હતી. તેઓ તો વહેલી સવારે પ્રેતોરિયામાં એટલે પિલાતના દરબારમાં ઈસુને વહેલી સવારે લઈ ગયા. પિલાત હાકેમે ઈસુને ઘણી બાબતો વિષે પ્રશ્નો પૂછયા અને તેણે જાહેર કર્યું કે, મને

તેનામાં કંઈ પણ ગુનો માલમ પડયો નથી. અને મરણદંડને યોગ્ય તેણે કાંઇ કર્યું નથી. નિયમ પ્રમાણે પર્વને દિવસે એક કેદીને છોડી મૂકવામાં આવતો હતો. તેથી પિલાતે યહૂદીઓને પૂછયું કે, તમારે સારુ, હું કોને છોડી મૂકું ? જેલમાં બારાબાસ નામનો લૂંટારો છે. તેને, કે આ ઈસુને ? લોકોએ બૂમો પાડીને કહ્યું કે, અમારે માટે બારાબાસને છોડી મૂકો. (બારાબાસ તો લૂંટારો હતો, અને તેણે ઘણાં ખૂનો કર્યાં હતાં.)

પિલાતે પૂછયું કે, તો આ ઈસુને હું શું કરું ? આગેવાનોએ જાહેર જનતાને પૈસા આપીને ઉશ્કેર્યા હતા એટલે બધા સામટા પોકારી ઊઠયા કે એને વધસ્તંભે જડાવો, એને વધસ્તંભે જડાવો. કારણ કે તે રાજ્યને ખંડણી આપવાની મના કરે છે અને કહે છે કે, હું રાજા છું અમારે તો રોમન કાઈસાર જ રાજા છે. જો તમે તેને છોડી મૂકશો તો તમે કાઇસારના મિત્ર નથી. અને રાજ્યની વિરુધ્ધની વ્યક્તિને ઉત્તેજન આપો છો.

પિલાતે પૂછયું કે, તો આ ઈસુને હું શું કરું ? આગેવાનોએ જાહેર જનતાને પૈસા આપીને ઉશ્કેર્યાં હતા એટલે બધા સામટા પોકારી ઊઠયા કે એને વધસ્તંભે જડાવો, એને વધસ્તંભે જડાવો. કારણ કે તે રાજ્યને ખંડણી આપવાની મના કરે છે અને કહે છે કે, હું રાજા છું. અમારે તો રોમન કાઈસાર જ રાજા છે. જો તમે તેને છોડી મૂકશો તો તમે કાઇસારના મિત્ર નથી. અને રાજ્યની વિરુધ્ધની વ્યક્તિને ઉત્તેજન આપો છો.

પિલાત અને યહૂદીઓ વચ્ચે ઘણા સમયથી ગજગ્રાહ ચાલતો હતો. એટલે તેણે વિચાર કર્યો કે તેને થોડી ઘણી શિક્ષા કરીને છોડી મૂકું. કારણ કે ઈસુમાં તેને કાંઈ દોષ મળતો ન હતો. ફરી તેણે યહૂદી આગેવાનોને પૂછયું કે, હું આ ઈસુને છોડી મૂકવા માગું છું. પણ યહૂદીઓ અને જનતાએ પોકાર્યું કે, તેને વધસ્તંભે જડાવો, વધસ્તંભે જડાવો. એટલે તેઓના ઘાંટા આખરે ફાવ્યા, (માથ્થી ૨૭:૨૪) પિલાતે પાણી મંગાવીને પોતાના હાથ ધોઇ નાખ્યા અને કહ્યું કે તેના

લોહી સંબંધી હું નિર્દોષ છું. ત્યારે યહૂદી આગેવાનોએ પોકાર્યું કે, તેનું લોહી અમારે માથે અને અમારાં સંતાનોને માથે. તેઓના ઘાંટા આખરે ફાવ્યા. પિલાતે ઈસુને યહૂદી આગેવાનોના હાથમાં સોંપી દીધા. તમારે જે કરવું હોય તે કરો.

તેઓ ઈસુને સિપાઈઓ અને ટોળાની વચ્ચે લઈ ગયા અને રાજા તરીકે તેની ઠઠ્ઠા મશ્કરી કરી. તેના મોં પર થૂંક્યા, અને લપડાકો મારી માથે કાંટાનો મુગટ મૂક્યો. પછી તેઓએ ઈસુને રોમન ફટકાનો માર મારવાનો હુકમ આપ્યો. આ કોરડા એ ભયંકર શિક્ષા હતી. ચામડાની વાધરીઓમાં લોખંડની અને હાડકાંની કરચો ગૂંથવામાં આવી હોય અને ફટકા ગુનેગારના શરીરની પીઠ પર મારવામાં આવે, ત્યારે કોરડા ફરી વળીને તેની પીઠ અને પેટ પર વાગતા અને ત્યાંથી માંસના કટકા પેલી કરચો દ્વારા નીકળતા હતા. અને લોહી પણ પુષ્કળ નીકળતું હતું. કેટલીક વાર તો ફટકાઓ સહેતાં જ માણસ મરી જતો હતો. આ પછી તેઓએ ઈસુની આવી લોહી ઝરતી પીઠ પર તેમને લાકડાનો ભારે વધસ્તંભ ઊંચકાવ્યો અને તેમને વધસ્તંભે જડવા માટે ગોલગથા કે ખોપરીની ટેકરી પર લઈ ગયા.

તેઓએ વધસ્તંભને નીચે ઢાળીને તેના પર ઈસુને સુવાડયા અને લોખંડના તીક્ષ્ણ ખીલાઓ તેમના હાથમાં ઠોકીને તેમને વધસ્તંભે જડી દીધા અને તેમના બંને પગોમાં પણ ખીલા ઠોકીને વધસ્તંભે જડી દીધા અને પછી વધસ્તંભ ઊંચો કરીને તેને ખાડામાં નાખ્યો.

તે જ ઘડી એ દુઃખની પરાકાષ્ટા હતી. ત્યારે ઈસુએ વધસ્તંભ પરથી બૂમ પાડી કે, "ઓ બાપ, તેઓને માફ કરો, કારણ કે તેઓ જે કરે છે. તે તેઓ જાણતા નથી." આ બૂમ તેમણે વારંવાર ઉચ્ચારી હતી.

બપોરે ૧૨ થી ૩ વાગ્યા સુધી આખા દેશમાં અંધકાર રહ્યો હતો અને સાંજના ત્રણના સુમારે ઈસુએ બૂમ પાડી કે, "ઓ મારા બાપ, હું તમારા હાથમાં મારો આત્મા સોંપું છું."

દરમિયાન આરિમથાઈનો યોસેફ લાશ ઉતારી લઈને દાટવા

માટેની પરવાનગી માગવા ગયો. પિલાત અચંબો પામ્યો કે એટલામાં તે મરી ગયો. સિપાઇઓની ટુકડીના સરદારે ભાલો લઈને ઈસુની કૂખમાં માર્યો. ભાલો ઠેઠ હૃદયની આસપાસ જે કોથળી હોય છે તેમાં વાગ્યો અને તેમાંથી લોહી અને પાણી નીકળ્યાં. ઘણાં વર્ષોના અનુભવી સરદારે કહ્યું કે તે મરી ગયો છે અને તેણે કહ્યું, કે તે ખરેખર ઈશ્વરપુત્ર હતો.

પછી તેઓ લાશ ઉતારીને લઈ ગયા અને કાલવારીની ટેકરીની પાસે જ યરુશાલેમથી દમસ્ક જતા રસ્તાની બાજુએ આરિમથાઈના યોસેફની નવી કબર આવેલી હતી. તે તેણે પોતાને માટે જ ખોદાવી હતી. પછી તેઓએ લાશ ઉતારીને યહૂદીઓની દાટવાની રીત પ્રમાણે આરિમથાઈમનો યોસેફ અને નિકોદેમસ જે સો શેર જેટલું બોળ અને અગરનું મિશ્રણ લાવ્યો હતો અને મલમલની સિન્દોન પટ્ટીઓ લાવ્યો હતો. તે વીંટાઓ (પટ્ટીઓ) સુગંધી મિશ્રણ લગાડીને ઈસુના હાથો તથા પગો પર વીંટયા અને એ વીંટાઓ મિશ્રણ સાથે શરીરની આસપાસ વીંટયા. પછી તેઓએ શબ ઊંચકીને યોસેફની કબરમાં મૂકયું અને કબરના મોં પર મોટો વજનદાર પથ્થર ગબડાવ્યો. આ પથ્થર નીકમાં સરકાવવો સહેલો હતો. પણ સામી દિશામાં ઊંચો ચઢાવવો તે બહુ કઠણ કામ હતું. એને માટે ઓછામાં ઓછા વીસ માણસો જોઈએ.

આ બન્યું ત્યારે માગ્દાલાની મરિયમ તેમ જ ગાલીલથી આવેલી બીજી સ્ત્રીઓ આ બધું જોતી હતી. એ પછી જે બન્યું તે આપણી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું છે.

ઈસુએ પોતાના મૃત્યુ અને ઉત્થાન સંબંધી આ પ્રમાણે આગાહી કરી હતી.

**પ્રભુ ઈસુએ પોતાના મૃત્યુ અને પુનરુત્થાનની કરેલી આગાહીઓ**

ત્યારથી માંડીને ઈસુ પોતાના શિષ્યોને જણાવવા લાગ્યો કે, હું

યરુશાલેમમાં જાઉં, ને વડીલો તથા મુખ્ય યાજકો તથા શાસ્ત્રીઓને હાથે ઘણું વેઠું, ને માર્યો જાઉં, ને ત્રીજે દહાડે પાછો ઊઠું, એ જરૂરનું છે. માથ્થી ૧૬:૨૧; માર્ક ૮:૩૧; લૂક ૯:૨૨- ૨૭.

અને તેઓ પહાડ પરથી ઊતરતા હતા, ત્યારે ઈસુએ તેઓને એવી આજ્ઞા કરી કે, માણસનો દીકરો મૂએલાંમાંથી પાછો ઊઠે ત્યાં સુધી આ જે તમે દીઠું તે કોઈને કહેતા ના. માથ્થી ૧૭:૯, માર્ક ૯:૯; લૂક ૯:૨૨.

અને તેઓ ગાલીલમાં રહેતા હતા ત્યારે ઈસુએ તેઓને કહ્યું કે, માણસનો દીકરો માણસોના હાથમાં સોંપાશે; અને તેઓ તેને મારી નાખશે, ને ત્રીજે દહાડે તે પાછો ઊઠશે. માથ્થી ૧૭:૨૨, ૨૩; માર્ક ૯:૩૦-૩૨; લૂક ૯:૪૩-૪૫.

ઈસુએ બાર શિષ્યોને એકાંતમાં લઈ જઈને તેઓને કહ્યું કે, જુઓ, આપણે યરુશાલેમ જઈએ છીએ, ને માણસનો દીકરો મુખ્ય યાજકોને તથા શાસ્ત્રીઓને સ્વાધીન કરાશે, ને તેઓ તેના પર મરણદંડ ઠરાવશે અને ઠઠ્ઠા મશ્કરી કરવાને તથા કોરડા મારવાને તથા વધસ્તંભે જડવાને તેઓ તેને વિદેશીઓને સોંપી દેશે; અને ત્રીજે દહાડે પાછો ઉઠાડાશે. માથ્થી ૨૦:૧૭-૧૯; માર્ક ૧૦:૩૨-૩૪; લૂક ૧૮:૩૧-૩૪.

વિરોધીઓએ પ્રભુ ઈસુ પર તહોમત મૂક્યું હતું કે, તેઓ વધસ્તંભ પર મરી ગયા નહોતા. કેમ કે તેમણે પ્રાણાયામ કરીને શ્વાસ રૂંધી રાખ્યો હતો.

આ વાત જૂઠી અને કાલ્પનિક છે. પ્રભુ ઈસુ તો દુનિયાના લોકોનાં પાપના મુક્તિમૂલ્ય તરીકે બલિદાન બનવા આવ્યા હતા. સનાતન ઈશ્વર મરી શકે નહિ તેથી મરવા માટે પ્રભુ ઈસુએ બેથલેહેમમાં માનવદેહ ધારણ કર્યો હતો. યહોવાએ તેમના પર આપણા સર્વનાં પાપનો બોજ મૂક્યો હતો. યશાયા ૫૩:૬.

પાઉલ પ્રેરિત રોમનોને પત્રનો ખુલાસો લાગતાં એમ લખાવે છે કે, "તું ચોરી કરનાર ચોર બન એમ જ વ્યભિચારીનાં પાપ માથે લઈને જાણે કે તેં જ વ્યભિચાર કર્યો છે તેવો તું બન. એવી રીતે દુનિયાનાં પાપો તું માથા પર લે અને તે બધાંને માટે બલિદાન તરીકે શિક્ષા ઊઠાવ."

ઈસુએ સભાન અવસ્થામાં આ બલિદાન દેવાનું પોતે નક્કી કર્યું હતું. એટલે વધસ્તંભ પર જ્યારે તેમને પિત્ત ભેળવેલો સરકો આપ્યો ત્યારે તેમણે તે પીવા ના પાડી અને ન લીધો. આ સરકા મારફતે મગજ તંદ્રામાં પડે તેથી પ્રભુ ઈસુ સભાન અવસ્થામાં દુઃખ ભોગવવા માગતા હતા અને બલિદાન બનવા માગતા હતા. એ જ પ્રમાણે તેમણે વધસ્તંભ પર પ્રાણાયામ કરીને શ્વાસ રૂંધી રાખ્યો નહોતો. આ પ્રાણાયામ અને શ્વાસ રૂંધવાની વાત તે તો કાદિયાનના ગુલામ મહંમદ નબીએ ઉપજાવી કાઢી છે. એટલે તેઓનું કહેવું છે કે ઈસુ વધસ્તંભ પર મરણ



યરુશાલેમથી દમસ્ક જવાના રસ્તા પર આવેલી ગાર્ડન ટુમ્બ

પામ્યા નહોતા અને કબરમાં ઉતાર્યા ત્યારે તેમનામાં જીવ હતો અને રાત્રે તેમના શિષ્યો આવીને શબ ચોરી ગયા અને દવા સારવાર કરીને તથા ઈસુએ પોતે બનાવેલો મલમ લગાવીને તેઓને સાજા કર્યા. આ બધી કાલ્પનિક કથા ગુલામ મહંમદ નબીએ ગોઠવી કાઢી છે. પરંતુ આપણે જાણીએ છીએ કે ઈસુ ખ્રિસ્ત તો વધસ્તંભ પર મરણ પામ્યા હતા અને પોતાનો આત્મા બાપના હાથમાં સોંપ્યો હતો. અને સરદારે પણ ભાલો મારીને જાહેર કર્યું હતું કે ઈસુ મરી ગયા છે.

ઈસુએ સભાન અવસ્થામાં પોતાનું બલિદાન દેવાનું પોતે નક્કી કર્યું હતું અને જેમ પિત્ત ભેળવેલો સિરકો તેમણે ના પીધો અને પ્રાણાયામ કરીને શ્વાસ રૂંધી રાખ્યો નહોતો. પણ ઈસુ પૂરેપૂરા સભાન રહીને બધું દુ:ખ વેઠવા માગતા હતા. એટલે જ તેમણે પ્રાણાયામ કર્યો નહોતો.

## ૪. ચોકીદારો અને શિષ્યોની તપાસ

**કોર્ટના સેક્રેટરી, કોર્ટના સેક્રેટરી દાવિદ :** નામદાર જજ માનનીય કાયાફાસ કોર્ટમાં હાજર થઈ ગયા છે. નામદાર જજ સાહેબ કાયાફાસજી : હવે આપણે ખાલી કબરનો ચુકાદો એ કેસ હાથમાં લઈએ. રોમન પાર્ટીના એડવૉકેટ ગમાલીએલ અને ક્રિશ્ચિયન પાર્ટીના એડવૉકેટ શ્રી. થાદ્દીતસ તેમ જ પંદર ચોકીદારો અને તેમના સૂબેદાર શ્રી. ક્લૉડિયસ તેઓને હાજર કરો.

**જજ સાહેબ :** સૂબેદાર ક્લૉડિયસ અને તમારી સોળ ચોકીદારોની ટુકડીએ કબરની રક્ષા બરાબર કરી હતી ? કબરના મોં પર વજનદાર પથ્થર મૂકવામાં આવ્યો હતો અને તેના પર રોમન સરકારની સીલ મારી હતી. પણ કબર તો ખાલી છે. તો તમે ચોકી કેવી કરી ! તે સંબંધીની વિગત રજૂ કરો.

**સૂબેદાર ક્લૉડિયસ :** મિ. લોર્ડ ! અમે બધા કબરની ચોકી કરી રહ્યા હતા. હવે અઠવાડિયાના પહેલા દિવસે એટલે કે રવિવારે પોહ

ફાટવાના સમયે એકાએક ધરતીકંપ થયો. અમે સતેજ બની ગયા. અમે જોયું તો કબર અને કબર પરના પથ્થર વચ્ચેની તિરાડમાંથી અદ્દ્ભુત પ્રકાશનું કિરણ બહાર આવતું હતું અને એ પ્રકાશ મોટો થતો ગયો અને એ પ્રકાશ કબરની બહાર નીકળી ગયો.

અમે ઈસુને યરુશાલેમના રસ્તા પર એક વખત જોયો હતો અને બહાર નીકળી ગયેલા પ્રકાશનો પાછલો ભાગ ઈસુની પીઠના ભાગ જેવો દેખાતો હતો. એકદમ પ્રકાશ અલોપ થઈ ગયો. એવામાં ફરી પ્રકાશ એકદમ ઝબક્યો અને બે આકાશી દૂતો નીચે ઊતર્યા તેમાંના એકે કબરના મોં પરના પથ્થરને ઊંચકીને દૂર હડસેલી દીધો. અમે જોયું તો, કબર તો બિલકુલ ખાલી દેખાતી હતી.

**જજ સાહેબ :** તો સૂબેદાર ક્લૉડિયસ "તમે અને તમારી ટુકડીએ પછી શું કર્યું ?"

**સૂબેદાર ક્લૉડિયસ :** મિ. લોર્ડ ! "અમે શહેરમાં ગયા અને યહૂદીઓના આગેવાનોને મળ્યા અને જે બધું બનેલું અમે જોયું તે તેમને જણાવ્યું. તેઓ દંગ થઈ ગયા અને અમને કહ્યું કે, આવું બધું લોકોને કહેતા નહીં. તમારે તો આટલું જ કહેવું કે અમે ઊંઘતા હતા ત્યારે ઈસુના શિષ્યો આવીને શબને ચોરીને લઈ ગયા. તેટલું જ જણાવવાનું મિ. લોર્ડ ! અમે ઊંઘતા હતા એમ કહીએ એટલે અમે સરકારના મોટા ગુનેગાર બનીએ છીએ અને અમારા જાન જોખમમાં મૂકાઈ જાય. એટલે અમે આનાકાની કરતા હતા પણ યહૂદીઓના આગેવાનોએ અમને પ્રત્યેકને મોટી રકમ આપી અને અમને તાકીદ કરી કે અમારે માત્ર એટલું જ કહેવું કે ઈસુના શિષ્યો આવીને શબ ચોરી ગયા."

**જજ કાયાફાસ :** યહૂદી પાર્ટીના એડવૉકેટ શ્રી. ગમાલીએલ શું એમ જ બન્યું હતું ?

**એડવૉકેટ ગમાલીએલ :** યસ મિ. લોર્ડ ! મેં પાર્ટીના સોળ સભ્યોને પૂછી જોયું છે અને તપાસ કરી છે અને મારી જાણ પ્રમાણે તેઓએ જુબાની આપી તેમ જ બધું બન્યું છે.

**નામદાર જજ સાહેબ :** ક્રિશ્ચિયનોના એડવૉકેટ થાદ્દીતસ તમે તમારા સાક્ષીઓને એટલે કે પ્રભુ ઈસુ ખ્રિસ્તના શક્ય તેટલા શિષ્યોને હાજર કરો.

**એડવૉકેટ થાદ્દીતસ :** મિ. લોર્ડ ! રાબ્બી ઈસુના શિષ્યોને બધાને હાજર કર્યા છે. પિતરને, યોહાનને, થોમાને બધાને હાજર કર્યા છે.

**નામદાર જજ સાહેબ કાયાફાસ :** મિ. પિતર, મિ. યોહાન તમારી ઉપર તહોમત મૂકવામાં આવ્યું છે કે તમે ઈસુના શિષ્યો રાતે શબને ચોરી લઈ ગયા છો. તો તે આરોપ વિશે તમારે શું કહેવું છે ?


**પિતર :** મિ. લોર્ડ ! આ વિધાન તદ્દન જૂઠું છે. અને ઔપચારિકતાભર્યું છે. સૂબેદારે કહ્યું કે અમે ઊંઘી ગયા હતા ત્યારે શિષ્યો આવીને શબ ચોરી ગયા તો ઊંઘતા માણસોને કેવી રીતે ખબર પડે કે શિષ્યો આવીને શબ ચોરી ગયા. મિ. લોર્ડ ! અમે બધા યહૂદીઓની બીક અને ધાકને લીધે બીતાં બીતાં બહાર નીકળતા હતા અને દિવસનો મોટો ભાગ ઉપલી મેડીમાં બારણાં બંધ કરીને સંતાતા રહેતા. અને ડરી ગયેલા શિષ્યો આવી શબ ચોરી કરવાની હિંમત કેવી રીતે કરી શકીએ ! અમારી તો હિંમત ચાલે જ નહીં ! તે ઉપરાંત અમે શુક્રવાર, શનિવારની રાત્રીઓએ યરુશાલેમમાં હતા જ નહીં. પણ બેથાનીયામાં મરિયમ, મારથા અને લાજરસના ઘરમાં સંતાઈ ગયા હતા.

**એડવૉકેટ થાદ્દીતસ :** મિ. લોર્ડ ! શિષ્ય પિતરે જે કહ્યું તે તદ્દન સાચું છે. તેઓ બધા યહૂદીઓના ધાકથી બીતા ફરતા હતા. પિતર જેવો શિષ્ય એક દાસીથી ડરી જઈને ઈસુનો નકાર કરે અને બીજા શિષ્યો વધસ્તંભ આગળથી નાસી ગયા હતા. એ બધા શબ ચોરવાની હિંમત કેવી રીતે કરી શકે ?


**યોહાન :** મિ. લોર્ડ! સોળ-સોળ સિપાઈઓનો કબર પર ચોકી પહેરો હોય અને કબર પર મોટો પથ્થર મૂકેલો હોય અને કબર પર મહોર મારવામાં આવી હોય એટલું જ નહીં પણ પાસ્ખાનો પૂર્ણ ચંદ્ર પુષ્કળ ચાંદની ફેલાવતો હતો. એવા અજવાળામાં ઓળખાઈ જવાની બીક લાગતી હોય અને પકડાઈ જવાની પણ બીક લાગતી હોય તો શબ ચોરી જવાનો વિચાર પણ અમે કેવી રીતે કરી શકીએ? આ તદ્દન જૂઠો આરોપ અમારા પર મૂકવામાં આવ્યો છે.

**એડવૉકેટ થાદીતસ :** મિ. લોર્ડ! "યોહાને જે કહ્યું તે તદ્દન સાચી હકીકત છે. ગભરુ શિષ્યો શબ ચોરી કરવાનું સાહસ કરી શકે નહીં. કબરના પથ્થરને ખસેડવા માટે વીસ માણસ ઓછામાં ઓછા જોઈએ એ અમે ક્યાંથી લાવીએ અને સોળ-સોળ ચોકીદારની સામેથી અજવાળામાં શબ ચોરવું એ શિષ્યો પર વેર વાળવા માટે ઉપજાવી નાખેલું તરકટ છે."

સોળ સોળ ચોકીદારો હતા તો તેમને કેવી રીતે ખબર પડી કે શિષ્યો શબ ચોરી ગયા ? પરંતુ હું ભાર દઈને કહું છું કે ઊંઘતા ચોકીદારોની સાક્ષી કેવી રીતે માની શકાય ? કબર ખાલી છે એનો અર્થ એવો નથી થતો કે શિષ્યો શબ ચોરી ગયા. પણ પ્રભુ ઈસુ પોતે કહેતા હતા તેમ તેઓ મૃત્યુંજય બની કબરમાંથી નીકળી ગયા.



**પ્રભુ ઈસુને ભાલો માર્યો**



પ્રભુ ઈસુને ભાલો માર્યો

## ૫. કબરે ગયેલી સ્ત્રીઓની તપાસ

**જજ સાહેબ કાયાફાસ :** ખાલી કબરના કેસના આરોપનામામાં એમ આપવામાં આવેલું છે કે ઈસુપંથની કેટલીક સ્ત્રીઓ કબરે ગઈ હતી. સેક્રેટરી, તેઓને હાજર કરો. માગ્દાલાની મરિયમ, બીજી એક મરિયમ અને સાલોમી વગેરેને હાજર કરો.

**સેક્રેટરી દાવિદ :** મિ. લોર્ડ ! તે બહેનોને હાજર કરવામાં આવી છે.

**જજ સાહેબ :** મરિયમ, આરોપનામામાં જણાવવામાં આવ્યું છે કે તમે કેટલીક બહેનો ઈસુના શબને અર્ચન કરવાને માટે સુગંધી દ્રવ્યો લઈને રવિવારે સવારે કબરે ગઈ હતી. આરોપનામામાં એવું નોંધવામાં આવ્યું છે કે તમે ખોટી કબરે ગઈ હતી. અને મળસ્કાના અંધકારમાં તમે વિહ્વળ બનેલી હોવાને કારણે તથા સ્મૃતિભ્રમને લીધે ખોટી કબરે જઈ ચઢી હતી. સંજોગોવસાત્ તે કબર ખાલી હતી. ત્યાં દૂત બેઠો હતો અને તેણે તમારી ભૂલ થઈ છે તે જાણીને સુધાર્યું. તેણે કહ્યું કે તમે જેને શોધો છો તેને જ્યાં સુવાડવામાં આવ્યો હતો તે કબર તો આ રહી. (માથ્થી ૨૮:૫-૬).

**એડવૉકેટ થાદીતસ :** મિ. લોર્ડ ! કેસ બગાડી નાખવાને માટે કીરસોપ્પે લેક નામના ખ્રિસ્ત વિરોધી લેખકે પોતાના પુસ્તકમાં આવો ખોટો મત પ્રવર્તાવ્યો છે.

**એડવૉકેટ થાદીતસ :** મિ. લોર્ડ ! લેખક કીરસોપ્પે આ જૂઠાણું અથવા જૂઠો મત પ્રવર્તાવ્યો છે. પણ સત્ય હકીકત તો બહેનો જ કહી શકશે.

**માગ્દાલાની મરિયમ :** મિ. લોર્ડ ! શુક્રવારની સાંજે ઈસુના શબને મલમલની પટ્ટીઓ દ્વારા તેમના હાથો ને પગોમાં બોળ અને અગરુની સુગંધીઓ ભરીને દફનાવવામાં આવેલા તે બધું જ અમે

જાતે જોયેલું અમે બરાબર જોયું હતું કે ખોપરી અથવા કાલવારીની ટેકરીની નજદીક દમસ્ક જવાના રસ્તા પાસે આ કબર આવેલી હતી. તે અમને બરાબર યાદ હતું.

અમે બધાં બહેનો રવિવારે મળસકે એ જ કબરે જઈને ઊભાં રહ્યાં. અમે કબર ભૂલ્યાં નહોતાં. અને પાસે બેઠેલા દૂતે અમને કહ્યું હતું કે, "તમે જેને શોધો છો, તે અહીં નથી. એને જ્યાં સુવાડયો હતો તે કબર આ રહી. ઈસુ અહીં નથી પણ તે ઊઠયા છે અને ગાલીલમાં ગયા છે." (માથ્થી ૨૮:૫, ૬)

**સાલોમી :** મિ. લોર્ડ, અમે બધી સહિયરો ઉપલી મેડીમાં જ્યાં શિષ્યો બધા એકઠા થયા હતા ત્યાં અમે બધી સ્ત્રીઓ ગઈ હતી અને ત્યાં રાબ્બી ઈસુ ખ્રિસ્તને જોયા હતા. તેમના બંને હાથો અને પગોમાં અમે ખીલાના વેહ જોયા.

**એડ. થાદ્દીતસ :** મિ. લોર્ડ, કેસ ડહોળી નાખવાને માટે અને ખ્રિસ્તીઓની વિરુદ્ધ જાય તે માટે ખ્રિસ્ત વિરોધી લેખક કીરસોપ્પે આવું જૂઠું લખાણ ઊભું કર્યું છે. મિ.. લોર્ડ, દૂતે તો આ બહેનોને એમ કહ્યું હતું કે, આ જ ખાલી કબરમાં ઈસુને સુવાડયા હતા, પણ તે પુનરુત્થાન પામીને ઊઠયા છે અને હવે ગાલીલમાં ગયા છે.

**જજ સાહેબ કાયાફાસ :** મળસકું હતું ને પૂર્ણ પ્રકાશ થયો ન હતો, તેથી સાલોમી તેમ જ માગ્દાલાની મરિયમને ઈસુનો આભાસ થયો હતો તો આ આભાસ વિશે તમારે શું કહેવું છે.

**માગદાલાની મરિયમ :** મિ. લોર્ડ અમોને કોઈ આભાસ દેખાયો નથી પણ સાચે જ અમે અમારા રાબ્બી ઈસુ ખ્રિસ્તને જ ખરેખર જોયા હતા. હું નમી નમીને કબરમાં ડોકીયાં કરતી હતી અને રુદન કરતી હતી અને જ્યાં ઈસુનું શબ મૂકવામાં આવ્યું હતું ત્યાં મેં બે દૂતને બેઠેલા જોયા. તેઓએ મને પૂછયું, "બાઇ, તું કેમ રડે છે ?" મેં કહ્યું, "તેઓ મારા પ્રભુને લઈ ગયા છે, અને તેઓએ

તેમને ક્યાં મૂક્યા છે તે હું જાણતી નથી. માટે હું રડું છું." એવામાં મારી પાછળ ઊભેલી વ્યક્તિએ મને પૂછયું, "બાઇ, તું કેમ રડે છે? તું કોને શોધે છે ? તેઓને મેં માળી ધાર્યા અને કહ્યું, "સાહેબ, જો તમે ઈસુને અહીંથી ઊઠાવી લીધા હોય તો તમે તેમને ક્યાં મૂક્યા છે તે મને કહો એટલે હું તેમને લઈ જઇશ." એવામાં તે વ્યક્તિએ કહ્યું "મરિયમ" આ તો ઈસુનો પરિચિત રણકો હતો. મારામાંથી સાત અશુધ્ધ આત્મા કાઢયા, ત્યારે ઈસુએ મને બોલાવી, તે જ રણકો. મેં તરત ઈસુને ઓળખ્યા અને હું બોલી ઊઠી રાબ્બોની ! (ગુરુજી) ઉત્થાન પામેલા ઈસુને ઓળખ્યા, અને મને ખૂબ આનંદ થયો."

## ૬. ઈસુના શિષ્યોની તપાસ :

**જજ સાહેબ કાયાફાસ :** કેસના લખાણમાં લખવામાં આવ્યું છે કે પિતર અને યોહાન કબરે આવ્યા હતા, તેઓને હાજર કરો.

**પિતર :** મિ. લોર્ડ, હું અને મારા સાથીદાર યોહાન અમે ઝડપભેર ચાલતા ઈસુની કબરે આવી પહોંચ્યા હતા. યોહાન પહેલો આવ્યો હતો પણ તે હજી કબરમાં પેઠો નહોતો. પણ હું ઈસુની કબરમાં પેઠો તો હું આભો બની ગયો. ત્યાં ઈસુનું શબ તો નહોતું પણ જે મલમલી પટ્ટામાં તેમના શરીરની આસપાસ બોળ અને અગરુના મિશ્રણ ભરવામાં આવ્યાં હતાં. તે મિશ્રણને લઈને તે પટ્ટા અરસપરસ ચોંટી ગયા અને માણસનો આકાર પડયો હોય તેવા તે પડેલા હતા તે પરથી મને લાગ્યું કે, જેમ સાપ કાંચળી ઉતારીને એમાંથી નીકળી જાય અને કાંચળી પડી રહે તેમ પ્રભુ ઈસુ પટ્ટાઓમાંથી નીકળી ગયા હતા અને તેમના આકારરૂપે માત્ર વીંટળાયેલા પટ્ટા જ પડયા હતા. અને ચોંટેલા પટ્ટાઓનો મનુષ્ય આકાર દેખાતો હતો અને ઈસુ ખ્રિસ્ત તેમાંથી બહાર નીકળી ગયા હતા. ઉપરાંત, માથે બાંધેલો રૂમાલ પણ પટ્ટાઓથી અલગ માથા

તરફના ભાગે વાળેલો પડયો હતો. આ પરથી મને સંપૂર્ણ ખાતરી થઈ ચૂકી કે અમારા રાબ્બી ઈસુજી પટ્ટાઓમાંથી નીકળી ગયા છે તેમ જ પુનર્જિવિત થયેલા પ્રભુ ઈસુ કબરની બહાર નીકળી ગયા છે અને કબર ખાલી પડી છે.

**યોહાન :** મિ. લોર્ડ હું કબરમાં પેઠો હતો મને મારા સાથીદાર પિતરની જેમ જ મને મહા ખાતરી થઈ ચૂકી કે અમારા રાબ્બી ઈસુ ખ્રિસ્ત પુનર્જિવિત થઈને પટ્ટાઓની બહાર તેમ જ કબરની બહાર નીકળી ગયા છે. મલમલી પટ્ટાઓ બોળ અને અગરૂના મિશ્રણ દ્વારા ચોંટી ગયેલા મનુષ્ય આકારમાં પડી રહ્યા હતા. અને કોશેટામાંથી પતંગિયું નીકળી જાય તેમ પ્રભુ ઈસુ બહાર નીકળી ગયા હતા આથી ઈસુની કબર ખાલી છે અને અમારા ગુરુજી ઊઠયા છે તેથી હર્ષથી અમે ત્યાં નાચવા તથા કૂદવા લાગ્યા. અમે ઘરે જઈને બીજા શિષ્યો અને લોકોને ખ્રિસ્ત ઊઠયા છે તે વિષે જણાવ્યું. એ દિવસે સાંજે અમે બધા જ ઈસુના શિષ્યો ઉપલી મેડી પર બારણાં બંધ કરીને અને અંદરથી આગળા ચઢાવીને યહૂદીઓના ભયથી સંતાઈને બેઠા હતા.

અને બારણું ખોલ્યા વગર પ્રભુ ઈસુ અમારી મધ્યે આવીને ઊભા રહ્યા અને અમને તેમણે 'શાલોમ' કહીને સલામી આપી. અમે હર્ષથી નાચી ઊઠયા. કેમ કે તેમના કહ્યા પ્રમાણે તેઓ મૃત્યુમાંથી પાછા ઊઠયા હતા અને સજીવન થયા હતા. ઈસુના નામને ધન્ય હો.

**નામદાર જજ સાહેબ :** આરોપનામામાં આગળ એમ લખેલું છે કે એમ્મૌસ જનારા બે જણને ઈસુનાં દર્શન થયાં હતાં. તેઓને હાજર કરો અને તેઓ જુબાની રજૂ કરે.

**કલીયોપાસ :** મિ. લોર્ડ, રવિવારની સાંજે હું અને મારો મિત્ર અમે યરુશાલેમથી ગામ એમ્મૌસ જતા હતા. એમ્મૌસ યરુશાલેમથી

બે ગાઉ એટલે કે અઢી એક માઈલ જેટલું દૂર છે. રસ્તામાં અમે બન્ને જણા ઈસુના પકડાવા તથા મૃત્યુ સંબંધી વાતો કરતા હતા. એવામાં એકાએક ઈસુ જેવી દેખાતી કોઈ વ્યક્તિ માર્ગમાં અમારી સાથે થઈ અને વાતમાં સામેલ થઈ. અમે એમ્મૌસ પહોંચીને ઘરમાં જતા હતા ત્યારે અમે તે અજાણી વ્યક્તિને અમારી સાથે જમવાનું આમંત્રણ આપ્યું. અમે જમવા બેઠા ત્યારે રોટલી ભાંગતા ઊંચા હાથ કરીને તેમણે ઈશ્વરનો આભાર માન્યો. આ રોટલી ભાંગવાની અને હાથ ઊંચા કરી ઈશ્વરનો આશીર્વાદ માગવાની રીત બીલકુલ પ્રભુ ઈસુની રીત જેવી બરાબર હતી.

વળી તેમના ઊંચા કરેલા બંને હાથોમાં ખીલાના વેહ પણ અમે જોયા તેથી અમને ખાતરી થઈ કે યરુશાલેમ અમે સાંભળેલી વાત કે ઈસુ ખરેખર મૃત્યુમાંથી ઊઠયા છે તે સાચી લાગી. અમે ખૂબ હરખાયા અને જમવામાં વખત ગાળવા કરતાં તરત જ પાછા ઊઠયા અને બીજા શિષ્યોને ખબર આપવા યરુશાલેમ જવા નીકળ્યા.

**કલીઓપાસ :** અમે યરુશાલેમ જઈ ઉપલી મેડીએ પહોંચ્યા ત્યારે ઉપલી મેડીમાં શિષ્યો ભેગા મળ્યા હતા. અમે પ્રભુ ઈસુ ખ્રિસ્તને સજીવન થયેલા અમારી સગી આંખે જોયા અને તેઓ ખુશ થયા. અમે બધા હરખથી એકબીજાને ભેટયા અને ઈસુના નામની જય પોકારી.

**જજ સાહેબ કાયાફાસ :** આક્ષેપપત્રમાં સંત પાઉલનું નામ પણ લખવામાં આવ્યું છે. તેને પ્રભુ ઈસુનાં દર્શન થયાં હતાં તો હવે સંત પાઉલને જુબાની માટે હાજર કરો.

**જજ સાહેબ કાયાફાસ :** ભાઈ પાઉલ, મારી પાસે આવેલ આક્ષેપનામામાં તમારું નામ રજૂ કરવામાં આવ્યું છે કે તમને પ્રભુ ઈસુ ખ્રિસ્તનું દર્શન થયું હતું, તો તમારી સાક્ષી આપશો.

**સંત પાઉલ :** મારી ઓળખાણ આપતાં હું કહીશ : તોપણ

દેહ પર ભરોસો રાખવાનું મારે પણ કારણ છે. જો બીજો કોઈ ધારે કે તેને દેહ પર ભરોસો રાખવાનું (કારણ) છે તો તેના કરતાં મને વિશેષ છે. આઠમે દહાડે સુન્નત પામેલો ઈસ્રાએલના સંતાનનો, બિન્યામીનના કુળનો, હેબ્રીઓનો હેબ્રી, નિયમશાસ્ત્ર સંબંધી ફરોશી. (ધર્મના) આવેશ સંબંધી મંડળીને સતાવનાર નિયમશાસ્ત્રના ન્યાયપણા સંબંધી નિર્દોષ. પણ જે વાનાં મને લાભકારક હતાં તે મેં ખ્રિસ્તને લીધે હાનિકારક ગણ્યાં. હું તો પહેલાં એવું જ ધારતો હતો કે ઈસુ નાઝારીના નામની વિરુધ્ધ મારે ઘણું કરવું જોઈએ અને મેં યરુશાલેમમાં તેમ કર્યું પણ ખરું. મુખ્ય યાજકો પાસેથી સત્તા મેળવીને સંતોમાંના ઘણાને મેં બંદીખાનામાં નંખાવ્યા, અને તેઓને મારી નાખવામાં આવતા હતા ત્યારે મેં તેઓની વિરુધ્ધમાં મત આપ્યો. મેં સર્વ સભાસ્થાનોમાં ઘણીવાર તેઓને શિક્ષા કરીને તેઓની પાસે દુર્ભાષણ કરાવવાનો પ્રયત્ન કર્યો અને તેઓ પર અત્યંત ક્રોધાયમાન થઈને પર રાજ્યનાં શહેરો સુધી પણ મેં તેઓને સતાવ્યા.

એ જ કામને માટે મુખ્ય યાજકો પાસેથી સત્તા તથા પરવાનો મેળવીને હું દમસ્ક જતો હતો તેવામાં, હે રાજા, મધ્યાહ્ને માર્ગમાં સૂરજના તેજ કરતાં પ્રકાશિત એવો આકાશથી આવેલો પ્રકાશ મેં મારી સાથે ચાલનારાઓની આસપાસ જોયો ત્યારે અમે બધા ભોંય પર પડી ગયા, પછી એક વાણી મેં સાંભળી તેણે હિબ્રૂ ભાષામાં મને કહ્યું, કે શાઉલ, શાઉલ તું મને કેમ સતાવે છે ? આરને લાત મારવી તને કઠણ છે, ત્યારે મેં કહ્યું કે પ્રભુ, તું કોણ છે ? પ્રભુએ એટલે કે ઈસુએ મને કહ્યું કે, હું ઈસુ છું જેને તું સતાવે છે.

**એડવોકેટ ગમાલીએલ :** મિ. લોર્ડ, મિસ્ટર પાઉલ અમારામાંનો છે. તેણે કહ્યું તેમ તે યહૂદી છે.

**એડવોકેટ થાદીતસ :** મિ. લોર્ડ, તે ખ્રિસ્તી થયેલો અને

અમારા પક્ષનો છે અને ઉત્થાન પામેલા પ્રભુ ઈસુ ખ્રિસ્તે દમસ્કના રસ્તા પર તેને દર્શન આપ્યું ત્યારથી તે તેમની સેવા કરી રહ્યો છે અને હું ખાતરીપૂર્વક માનું છું કે ઈસુ મૃત્યુંજય બનીને કબરમાંથી નીકળી આવ્યા છે અને ખાલી કબર તેની સાક્ષી છે.

**એડવોકેટ ગમાલીએલ :** મિ. લોર્ડ, ભારતના પાકિસ્તાનની ઉત્તરે કાદીયાન ગામ છે. ત્યાંના રહીશ મીરઝા ગુલામમહંમદ તેમણે એવો જૂઠો મત ફેલાવ્યો હતો કે આવનાર ઈસુ ખ્રિસ્ત હું પોતે છું. તેમણે દાવો કર્યો હતો કે જો ઈસુ ખ્રિસ્ત કુદરતી મરણ પામ્યા હોય તો જ મારો પોતાનો દાવો સાચો ઠરે. આથી તેમણે આવી કાલ્પનિક યોજના ઘડી કાઢી અને ફેલાવી પણ ખરી. ગુલામ મહંમદે ફેલાવ્યું છે કે ઈસુએ વધસ્તંભ પર યોગ બળે શ્વાસ રૂંધી રાખ્યો એટલે ઈસુ વધસ્તંભ પર મરી ગયા ન હતા પણ તેમને એવા ને એવા મૂર્છાવસ્થામાં કે યોગાસનમાં મરણ પામ્યા વગરના, વધસ્તંભેથી ઉતારીને કબરમાં મૂકી દેવામાં આવ્યા હતા. જો તેઓ વધસ્તંભ પર મરણ પામ્યા ન હતા અને કબરમાં એમને એમ મૂકી દેવામાં આવ્યા હતા તો કબરમાંથી જીવતા ઊઠવાની વાત ફોક થાય છે.

**એડવોકેટ થાદીતસ :** મિ. લોર્ડ, ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ પર યોગ બળે પ્રાણ રૂંધી રાખ્યો હતો અને તેઓ વધસ્તંભ પર મરી ગયા ન હતા એ વાત બિલકુલ જૂઠી છે. ઈસુ ખ્રિસ્ત માણસોનાં પાપોને માટે બલિદાન બનવા આવ્યા હતા તો તે સભાન અવસ્થામાં પૂર્ણપણે તે શિક્ષા ભોગવવા ઈચ્છતા હતા અને પૂર્ણ બલિદાન થવા માગતા હતા.

મિ. લોર્ડ, જ્યારે ઈસુને તરસ લાગી હતી એમ તેમણે કહ્યું ત્યારે તેમને પિત્ત ભેળવેલો સરકો આપવામાં આવ્યો હતો. પણ તેમણે પીધો ન હતો, કારણ કે સરકો લીધાથી માણસનું દુઃખ ઓછું થઈ જાય અને થોડોક અભાન થઈને દુઃખ પામતો નથી.

પણ ઈસુ વધસ્તંભનું દુઃખ પૂરેપૂરી રીતે ખમવા માગતા હતા તેથી તેમણે સરકો લીધો નહિ. એ જ રીતે પાપીઓ માટે પૂરેપૂરું બલિદાન બને તેથી તે પ્રાણાયામ કે પ્રાણ રૂંધી રાખવા જેવું કશું કરે નહિ. બીજું કે વધસ્તંભ પર તેમને મૂર્છા આવી ન હતી અને ઈસુ પૂર્ણપણે સભાન અવસ્થામાં મરણ પામ્યા તો મૂર્છા કે યોગ બળની વાત એ માત્ર મીરઝાંની કલ્પના જ છે.

મિ. લોર્ડ, મીરઝાં પોતાની વાતને આગળ લંબાવતાં કહે છે કે મરણ પામ્યા વગર ઈસુને કબરમાં મૂકવામાં આવ્યા હતા, રાત્રે શિષ્યો આવીને તેમના શબને ચોરી ગયા. કબરનો ભારે પથ્થર ઈસુએ પોતે અંદરથી ધક્કો મારીને ઉઘાડયો હતો.

મિ. લોર્ડ, મીરઝાં આગળ ચલાવે છે કે શિષ્યોએ ઈસુએ બનાવેલો મલમ ઈસુને લગાડીને વાપરીને સાજા કર્યા. એ પછી ઈસુ માતા મરિયમને તથા શિષ્ય થોમાને લઈને યરુશાલેમથી કાશ્મીરમાં આવ્યા. કાશ્મીરમાં તેઓ એકસો બાર વર્ષ લગી જીવ્યા, લગ્ન કર્યું તેમને સંતાનો થયાં. એમાંનાં કેટલાંક આજ સુધી હયાત છે.

મિ. લોર્ડ, આ વાત ટૂંકાવું છું કે ઈસુ કુદરતી રીતે મરણ પામ્યા અને હાલ કાશ્મીરમાં રોઝાબેલ વિસ્તારમાં ઈસુની કબર આવેલી છે. આ બધી મીરઝાંની જૂઠી અને ઉપજાવી કાઢેલી વાતો છે. ઈસુ કાશ્મીરમાં આવ્યા જ નથી.

**એડવોકેટ થાદીતસ :** મિ. લોર્ડ, મીરઝાં ગુલામ મહંમદની વાત માત્ર કાલ્પનિક અને જૂઠી છે. ઈસુ ખ્રિસ્ત વધસ્તંભ પર સભાન અવસ્થામાં માણસોને માટેનું બલિદાન બની ગયા. તેમણે પ્રાણ રોકી રાખ્યા ન હતા કે તેમને મૂર્છા આવી ન હતી. વધસ્તંભ પર તેઓ મૃત્યુ પામ્યા અને કબરમાં દાટવામાં આવ્યા. શિષ્યો શબ ચોરી ગયા

એ વાત અગાઉ આપણે નકારી કાઢી છે. મેં એના બધા ઝીણવટભર્યા રદિયા આપ્યા છે.

ઈસુએ અંદરથી ધક્કો મારીને ભારે પથ્થર ધકેલી દીધો. જે પથ્થર ખસેડવા માટે વીસ માણસો જોઈએ એવા પથ્થરને ઈસુ હડસેલી કાઢે એ ગળે ઊતરે એવી વાત નથી.

મરી ગયેલા ઈસુને કબરમાં મૂકવામાં આવ્યા અને આપણે જોઈ ગયા તેમ તેઓ કબરમાંથી મૃત્યુંજય થઈ બહાર આવ્યા અને ખાલી કબર તેની સાક્ષી છે.

મીરઝાં ગુલામની ઉપજાવેલી કાઢેલી વાર્તા હડહડતી જૂઠી છે.

**યહૂદીઓનો એડવોકેટ ગમાલીએલ :** મિ. લોર્ડ, આ પ્રસંગે તૂરીનના કફન વિષે ઉલ્લેખ કરવો જરૂરી છે. ઈટાલીના તૂરીનમાં એક કફન સૈકાંથી સાચવી રાખવામાં આવ્યું છે. ઈસુ ખ્રિસ્તને એ કફનમાં કબરમાં સુવડાવ્યા હતા અને કોઈ અજાયબ રીતે ઈસુના શરીરની આખી છબી એ કફનમાં ઊતરેલી બતાવી છે.

એ કફનને અવારનવાર જાહેરમાં ખુલ્લું મૂકવામાં આવે છે અને વિજ્ઞાનીઓ અને જાણકારો તે વિષે અભિપ્રાયો આપે છે.

હમણાં તાજેતરમાં વૈજ્ઞાનિકોએ જાહેર પ્રદર્શન કરાવ્યું હતું અને વૈજ્ઞાનિકોએ એવું જાહેર કર્યું કે કફન ઉપર ઈસુના લોહીના કાળા કાળા ડાઘા છે તે લોહી ઈસુ વધસ્તંભ પર હતા ત્યારનું નીકળેલું લોહી છે. પણ કફન પર પીળાશ પડતા ફિક્કા લોહીના જે ડાઘા છે તે લોહી તો ઈસુ વધસ્તંભ પર હતા ત્યારનું નથી પણ ત્યાર પછી વધસ્તંભ પરથી ઉતારી લીધા પછી કફનમાં વીંટાળ્યા ત્યાર પછી નીકળેલું લોહી છે. મરી ગયેલા માણસને લોહી નીકળે નહિ તે પરથી કહેવા માગે છે કે, ઈસુ વધસ્તંભ પર મરી ગયા ન હતા.

એનો અર્થ એવો થયો કે મરેલા માણસને લોહી નીકળે નહિ એટલે ઈસુ ખ્રિસ્ત વધસ્તંભ પર મરી ગયા નહોતા કારણ કે પાછળથી લોહી નીકળ્યું એટલે કે ઈસુ ખ્રિસ્ત વધસ્તંભ પર મરી ગયા નહોતા. ફિફ્થ ગોસ્પલના લેખકે એ લખ્યું.

**એડ. થાદ્દીતસ :** મિ. લોર્ડ, તૂરીનનું કફન એ ઈસુ ખ્રિસ્તનું જ કફન છે એમ આપણે માની શકતા નથી. યોહાન (યોહાન ૧૯:૪૦)માં આપવામાં આવ્યું છે કે યહૂદીઓની દાટવાની રીત પ્રમાણે તેઓએ ઈસુનું મુડદું લઈને તેને સુગંધી દ્રવ્યો લગાડીને શણના લૂગડામાં લપેટ્યું. તેમને કોઈ કફનમાં વીંટાળ્યા નહોતા. નીકોદેમસ સો શેરનું બોળ અને અગરનું મિશ્રણ લાવ્યો હતો તે મલમલની પટીઓ દ્વારા ઈસુના હાથોએ ને પગોએ બાંધવામાં આવ્યા હતા. અને પટીઓમાંથી આખું શરીર પણ બાંધ્યું હતું અને આપણે જોયું તેમ ખાલી કબરમાં યોહાન ને પિતરે એ મલમલી વીંટાઓ પડેલા જોયા હતા. ઈસુ પર ચાદર ઓઢાડવામાં આવી નહોતી. તૂરીનનું કફન એ ઈસુ ખ્રિસ્તનું કફન છે જ નહિ. ઈસુ વધસ્તંભ પર મરણ પામ્યા ત્યાર પછી ઈસુને મલમલી વીંટાઓ લગાડીને કબરમાં સૂવાડયા હતા અને અઠવાડિયાના પહેલા દિવસે તેઓ કબરમાંથી બહાર નીકળી આવ્યા હતા અને ખાલી કબર તેની નિશાની છે.

**કોર્ટની મારફતે :** આપણે ઈસુના બધા જ શિષ્યોની તપાસ કરી, બધા જ શિષ્યોના ઘેર બેથાનિયામાં, સર્વત્ર તપાસ કરી તો કોઈ જગ્યાએથી ઈસુનું સંતાડેલું શબ મળ્યું નથી. આમ, ઈસુનું શબ કોઈ સ્થળે સંતાડેલું નથી અને કબર પણ ખાલી છે, અને ઉપરની સાક્ષીઓ પરથી માલુમ પડયું છે કે, ઈસુ કબરમાંથી ખરેખર મૃત્યુંજય બનીને ઊઠી ગયા છે અને કબર ખાલી છે. મલમલી વીંટાઓ માટે ગ્રીક ભાષામાં સિન્દોન શબ્દ વાપરવામાં આવ્યો છે. તેનો અર્થ એ થાય છે કે, હિન્દ કે ભારતમાંથી આવેલું મલમલ.

## ૭. યોસેફ અને નીકોદેમસની જુબાની :

**જજ સાહેબ :** આરિમથાઈનો યોસેફ અને નીકોદેમસને હાજર કરો. તેમની જુબાની લેવાની રહેશે. આરિમથાઈના યોસેફ, શું આ કબર તમારી પોતાની હતી ? તમે ઈસુને તેમાં શા માટે સુવાડયા ?

**આરિમથાઈનો યોસેફ :** મિ. લોર્ડ, યહૂદીઓમાંના ઘણા બધા લોકો પોતાને માટે અગાઉથી કબર તૈયાર રાખતા હતા તેવી જ રીતે મેં આ મારી કબર અગાઉથી પથ્થરમાં ખોદી કઢાવી હતી અને ઈસુ ખ્રિસ્ત મારા હતા અને હું તેમનો છૂપો શિષ્ય હતો. કાલવરીની ટેકરી પાસે દમસ્કના રસ્તા આગળ આ કબર આવેલી હતી. આગળ સાબ્બાથ હોવાને લીધે સમય ઓછો હતો અને કબર પાસે જ હતી એટલે પિલાતની પાસેથી પરવાનગી મેળવ્યા પછી તરત જ અમે ઈસુને સુગંધીઓ લગાડયા પછી અમે તેમના શબને મારી કબરમાં મૂક્યું હતું.

**જજ સાહેબ :** ઈસુના શરીરને તમે કેવી રીતે સુગંધીઓ ભરી હતી ?

**યોસેફ :** ઈસુના શબને અમે વધસ્તંભ પરથી ઉતારીને મલમલી વીંટાઓમાં વીંટાળ્યું હતું. એ પછી મિ. લોર્ડ, મારા મિત્ર નીકોદેમસે સો રતલ જેટલું બોળ અગરનું મિશ્રણ આણ્યું હતું તે લઈને મેં તથા મારા મિત્ર નીકોદેમસે ઈસુના



ચુકાદો આપનાર જજ

હાથો અને પગોએ એ મલમલી પટ્ટીઓ બોળ અને સુગંધી દ્રવ્યો લગાડીને વીંટયા હતા. હાથો અને પગોને એ મલમલી પટ્ટીઓ વીંટી હતી. માથા પર મલમલનો રૂમાલ બાંધ્યો એ પછી અમે ઈસુના શબને પેલી મારી કબરમાં સુવાડયું હતું.

**માગદાલાની મરિયમ :** મિ. લોર્ડ, આ સુગંધી દ્રવ્ય ઈસુના શબને લગાડવામાં આવ્યું તે બધી ક્રિયા અમે બધી બહેનોએ નજરોનજર જોઈ હતી અને તેમને કબરમાં સુવાડયા તે પણ અમે નજરોનજર જોયું હતું.

## ૮. ખાલી કબર સંબંધીના જજનો ચુકાદો નીચે પ્રમાણે છે

### ◆ જજ ચુકાદો વાંચે છે.

આપણે કોર્ટમાં સાક્ષીઓ તરીકે કબરની ચોકી કરનારા, પંદર સિપાઈઓએ અને તેમના સુબેદારે સાક્ષી આપી કે,

અમે કબરને જાપ્તો રાખીને બેઠા હતા, અને ઊંઘતા હતા એવામાં જ જોરથી ધરતીકંપ થયો અને અમે જાગીને જોયું તો કબર અને પથ્થર વચ્ચેની ફાટમાંથી અજબ પ્રકાશનું કિરણ બહાર આવતું હતું અને એ કિરણ વધારે ઝબકારવાળું બની આખો જ પ્રકાશ બહાર નીકળી ગયો અને તે પ્રકાશ આઘો નીકળી ગયો, ત્યારે અમે તેનો પાછલો ભાગ જોયો અને યરુશાલેમમાં જોયેલી ઈસુની પીઠ જેવો જ તે ભાગ હતો અને થોડી વાર પછી ફરી ધરતીકંપ થયો, અને પ્રકાશ પ્રકાશ થઈ રહ્યો અને બે આકાશી દૂતો ઊતરી આવ્યા. તેમાંના એકે કબરનો વજનદાર પથ્થર ઊંચકીને આઘો ફેંકી દીધો અને તે ત્યાં જઈને બેઠો અને બીજો દૂત ઓશીકે બેઠો.

ચોકીદારોને મેં પૂછયું કે, તે પછી તમે શું કર્યું ? તેઓએ જવાબ આપ્યો કે, અમે શહેરમાં વહેલા વહેલા ગયા અને યહૂદીઓના આગેવાનોને મળીને બનેલી અને જોયેલી બધી જ

બીના તેઓને કહી સંભળાવી. આ યહૂદી આગેવાનોએ અમને શીખવ્યું કે, તમારે આ પ્રમાણે કહેવું છે કે, અમે રાતે ઊંઘતા હતા ત્યારે તેના શિષ્યો આવીને ઈસુનું શબ ચોરી ગયા. અને અમે કહીએ તો અમારા જાન જોખમમાં આવે, તેથી આગેવાનોએ અમને કહ્યું કે, અમે તમારા જાન બચાવી લઈશું. તેઓએ અમને છારવવા માટે બધાંને નાણાં પણ આપ્યાં.

આ પરથી સ્પષ્ટ દેખાય છે કે, ઈસુ જાતે ઊઠયા અને કબરની બહાર નીકળી ગયા અને કબર ખાલી પડી. આ વાતને ટેકો આપતી વાતો પણ બીજા બધા સાક્ષીઓએ કરી. ખોટી કબરે બહેનો ગઈ હતી, તે પણ જૂઠી કાલ્પનિક વાતો છે. અને કેટલીક બહેનોને આભાસ દેખાયો એવો દોષ મૂકવામાં આવ્યો, તે પણ ખોટો ઠર્યો.

વળી પિતર તથા યોહાને કબરમાં જોયું ત્યારે મલમલી વીંટાઓ સુગંધી દ્રવ્યોથી ચોંટી ગયેલા, કબરમાં મનુષ્યના આકારમાં પડેલા જોયા અને માથાનો રૂમાલ પણ એક તરફ વીંટેલો પડયો હતો. તેઓએ કહ્યું કે, સાપ કાંચળીમાંથી નીકળી જાય તેની જેમ મલમલી વીંટાઓ મનુષ્ય આકારમાં પડયા હતા અને ઈસુ તેમાંથી નીકળીને કબરની બહાર નીકળી ગયા હતા.

એમ્મૌસ જનારાઓને તેમનાં દર્શન થયાં, રોટલી ભાંગતાં તેમણે ઈસુના વેહ જોઈને અને તેમની પ્રાર્થના કરવાની રીતે જોઈને ઈસુને ઓળખ્યા હતા. તેઓ પાછા યરુશાલેમ આવ્યા, ત્યારે ઉપલી મેડીમાં તેમણે અને બધા શિષ્યોએ ફરી ઈસુને જોયા. પછીના દિવસે થોમા શિષ્ય પણ ઉપલી મેડીમાં શિષ્યો સાથે હતો, ત્યારે ઈસુના વેહોમાં આંગળી મૂકીને ઈસુને ઓળખ્યા કે, પુનરુત્થાન પામેલા ઈસુ તે જ છે.

તે અગાઉ માગ્દાલાની મરિયમ, અને તેની સાથેની સ્ત્રીઓની સાક્ષી પણ આવી ગઈ. તેમણે ઈસુને જોયા હતા. મરિયમે તો ઈસુના

પગ પકડયા હતા, અને ઈસુએ તેને 'મરિયમ' કહીને બોલાવી ત્યારે તેણે અવાજ પરથી તેમને ઓળખ્યા કે તે ઈસુ ગુરુ જ છે. તે પછીથી થોડા શિષ્યોને સમુદ્ર કિનારે ઈસુએ દર્શન દીધું તેથી તેમને ખાતરી થઈ કે, તે પુનરુત્થાન પામેલા ઈસુ જ છે.

વળી, છેલ્લે પાઉલની સાક્ષી છે કે દમસ્કના રસ્તા પર તેમને પુનરુત્થાન પામેલા ઈસુનું દર્શન થયું અને તેમણે તેની સાથે વાત પણ કરી.

આ બધા જ પુરાવા દ્વારા આપણે જાણી શકીએ છીએ કે, પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતાની ભાખેલી અગમવાણીઓ જેમ કબરમાંથી ઊઠી ગયા અને બહાર નીકળી ગયા, અને કબર ખાલી પડી.

વળી શિષ્યોએ શબ ચોર્યું છે કે વિરોધીઓએ શબ ચોર્યું છે, એ આપણે જોઈ ગયા કે આરોપો બિનપાયાદાર છે. તેઓ શબ ચોરી શકે એવી કોઈ શક્યતા જ નહોતી. પિતર જેવો શિષ્ય દાસીથી ડરી જઈને ઈસુનો નકાર કર્યો અને યહૂદીઓના ભયથી તેઓ ડરતા ફરતા હતા. વળી કબરનો જાપ્તો રાખવા ૧૬ ચોકીદારો હતા અને પાસ્ખાપર્વના પૂર્ણ ચંદ્રની ચાંદની પૂર્ણ અજવાળું પાથરી રહી હતી અને કબર પરનો મોટો વજનદાર પથ્થર હટાવવા માટે ઓછામાં ઓછા વીસ જેટલા માણસો જોઈએ અને શબ ચોરવું એ બહુ ચૂપકીદીથી કરવું પડે. એટલે શિષ્યો માટે અને વિરોધીઓ માટે શબ ચોરવાની વાત અશક્ય બની જતી હતી અને શિષ્યો તો શનિવારની રાતે બેથાનીયામાં સંતાઈ રહ્યા હતા. તેથી શિષ્યોએ શબ ચોર્યું નથી.

આ બધા મુદ્દાઓ પરથી સ્પષ્ટ સાબિત થાય છે કે, ઈસુ ખ્રિસ્ત મૃત્યુંજય બનીને કબરમાંથી બહાર નીકળી આવ્યા છે, તેથી કબર ખાલી છે, આ મારો ચુકાદો છે.

**ગમાલીએલ :** મિ. લોર્ડ, મારે મારા સાથી વકીલ થાદ્દીતસને

આટલું પૂછવું છે, જગતના ઈતિહાસમાં આપણે કદીએ કોઈ માણસને મરણ પામેલો અને પાછો સજીવન થઈને ઊઠેલો કદી સાંભળ્યો નથી તો ઈસુ ખ્રિસ્ત મૃત્યુ પામ્યા અને કબરમાં દટાયા અને કબરમાંથી જીવતા થઈને બહાર નીકળી આવ્યા એ કેમ માની શકાય.

**થાદીતસ :** મિ. લોર્ડ, મારા સાથી એડવોકેટ ગમાલીએલને મારે જવાબ આપવાનો કે, "જો આપણે ઈસુ ખ્રિસ્તના સમયમાં જીવતા હોત તો તેમણે નાઈન નગરની વિધવાના એકના એક દીકરાનું મરણ થયું હતું. અને ઠાઠડી ગામને દરવાજે આવી હતી અને ઈસુ ત્યાં થઈને જતા હતા. ઈસુએ ઠાઠડી ઊંચકનારાને થોભી જવા અને ઠાઠડી નીચે ઊતારવા કહ્યું અને ઈસુએ મૃત યુવાનનો હાથ પકડીને તેને કહ્યું કે ઊઠ, અને જુવાન બેઠો થયો. ઈસુએ વિધવાને કહ્યું કે બાઈ, લે તારો દીકરો, મા તો હર્ષનાં આંસુ પાડવા લાગી અને ઈસુને ચરણે પડીને આભાર માનવા લાગી, વળી ઈસુએ યાઐરસની દીકરી મરણ પામેલી હતી. તેને ઘેર જઈને તેનો હાથ પકડીને ઊઠાડી ને જીવતી કરી અને ઈસુએ માબાપને કહ્યું કે તેને ખોરાક આપો."

આ ઉપરાંત ઈસુના જમાનામાં આપણે જીવતા હોત તો તેમણે બેથાનીયાના મરિયમ, માર્થાના એકના એક ભાઈને લાજરસને ચાર દિવસથી મરેલો અને કબરમાં મૂકેલો હતો તેને ઈસુએ જીવતો કર્યો હતો. તે આપણે સાંભળ્યું હોત.

ઈસુ તો તે કુટુંબના મિત્ર હતા અને લાજરસ માંદો થયો તેની ખબર તેમને મળી હતી પણ તે જઈ શક્યા નહિ. ઈસુ બેથાનીયા ગયા ત્યારે તો લાજરસને મરી ગયે ચાર દિવસ થઈ ગયા હતા. ઈસુ કબરે જઈ રહ્યા હતા ત્યારે બહેન મરિયમે કહ્યું કે, ગુરુજી, તેને મરી ગયાને ચાર દિવસ થઈ ગયા છે અને કબરમાં તે કદાચ ગંધાતો હશે. પણ ઈસુ તો કબરે ગયા અને કબર આગળ જઈને ઈસુએ બૂમ પાડી કે "લાજરસ બહાર આવ" અને મલમલી

પટાઓમાં વીંટાળેલો લાજરસ બહાર આવ્યો. ઈસુએ કહ્યું કે તેનાં બંધન છોડી નાખો. લાજરસ જીવતો થઈને બહાર આવીને પ્રભુ ઈસુના પગોમાં પડયો અને આભાર માનવા લાગ્યો અને આંસુ સારતાં બહેનોને ભેટયો. આ આપણે ઈસુના સમયમાં (ઈસુનો જન્મ ઈ.સ. પૂ. ૪ અને મૃત્યુ ઈ.સ. ૨૮) જીવતા હોત તો આ બધા સજીવન થયેલાંની વાતો વિષે આપણે સાંભળ્યું હોત.

આપણે ઈસુના સમયમાં જીવતાં હતાં મેં તો નાઈનની વિધવાના દીકરા અને લાજરસના મૃત્યુમાંથી સજીવન થયા વિષે સાંભળ્યું અને હું તો સત્ય હકીકતની તપાસ કરવા માટે યરુશાલેમથી બેથાનીઆ આવ્યો હતો અને બધી વાતો સાંભળીને બહુ અજાયબ થયો હતો. હું લાજરસને મળીને ભેટયો પણ હતો.

**જજ સાહેબ :** આ મેં પણ વાત સાંભળી હતી અને હું પણ જાત તપાસ કરવાને માટે યરુશાલેમથી બેથાનીઆ ગયો હતો અને થોડા દિવસ પછી થયેલા જમણમાં આમંત્રણ મળવાથી હું પણ હાજર હતો અને જમણમાં પ્રભુ ઈસુને તથા લાજરસને તેમ જ બીજા કેટલાક યહૂદી સગાંવહાલાંઓને બેઠેલાં જોયાં હતાં.

**ગમાલીએલ :** મિ. લોર્ડ, મેં પણ લાજરસની વાત વિષે સાંભળ્યું હતું. હું બહુ નવાઈ પામ્યો હતો.

**થાદ્દીતસ :** મિ. લોર્ડ, પ્રભુ ઈસુનો જન્મ ઈ.સ. પૂર્વે ચારમાં થયો હતો અને તેમના તેત્રીસ વર્ષના જીવનના પાછલા સમયમાં આ લાજરસનો બનાવ બન્યો હતો.

**થાદ્દીતસ :** ઈસુ તો ઈશ્વર હતા અને જીવનના સ્વામી હતા. ઉત્પત્તિ કાળે માટીમાંથી આદમનું પૂતળું બનાવી તેમાં જીવનનો શ્વાસ ફૂંકનાર અને આદમને સજીવન બનાવનાર ઈસુ ખ્રિસ્ત જ હતા. (સરખાવો યોહાન ૧:૧ થી ૩) ઈસુએ પોતે જ કહ્યું હતું કે, "હું રસ્તો, સત્ય તથા જીવન છું." યોહાન ૧૪:૬.

મિ. લોર્ડ, જે જીવનનો સ્વામી અને જીવનો બક્ષનાર છે તેને મૃત્યુ પોતાના કબજામાં કેવી રીતે રાખી શકે. એ તો ઈશ્વર હતા. એટલે જ તેઓ મૃત્યુંજય બનીને કબરની બહાર નીકળી આવ્યા એટલે જ કબર ખાલી છે.

યોહાન ૧૪:૬ કલમમાં આપણે વાંચીએ છીએ. વળી ઈસુ ખ્રિસ્ત તેને કહે છે "હું સત્ય, રસ્તો તથા જીવન" આમ તે જીવનનો આપનાર પ્રભુ હતો."

ઈશ્વર વિષેની વાતો ચર્ચા વિચારણા તથા તર્કબુધ્ધિથી સમજાવી શકાતી નથી. તો મારો ચુકાદો છે કે ઈસુ ખ્રિસ્ત ઈશ્વર હતા અને તે મૃત્યુમાંથી બહાર નીકળી આવ્યા હોઈ શકે તેથી તેમની કબર ખાલી છે.

મિ. લોર્ડ, જે જીવનનો સ્વામી અને જીવનનો બક્ષનાર છે તેને મૃત્યુ પોતાના કબજામાં કેવી રીતે રાખી શકે, એ ઈશ્વર હતા. એટલે જ તેઓ મૃત્યુંજય બનીને કબરની બહાર નીકળી આવ્યા એટલે જ કબર ખાલી છે.

**થાદ્દીતસ :** મિ. લોર્ડ, શિષ્યો તેમાંયે પિતર જેવો આગેવાન એક દાસી અને ચાકરથી બી ગયો હતો. યહૂદીઓથી બીતા ફરતા હતા. એવા શિષ્યો ઓચિંતા એકદમ બહાદુર અને નિર્ભય બની જાય કે યહૂદીઓના આગેવાનોની આગળ છડેચોક જઈને તેઓને કહેતા હતા કે, આ ઈસુને તમે મારી નાખ્યો. તો આવા શિષ્યો હિંમતવાન બની જાય એની પાછળ તો કોઈ મોટો બનાવ બની ગયો હોવો જોઈએ.

અને એમ જ વળી આજ સુધી શનિવારને સાબ્બાથવાર વિશ્રામવાર તરીકે પાળવામાં આવતો હતો. પણ હવે કેટલાક સમયથી કોઈ કમિટી કે કોન્ફરન્સમાં ચર્ચા કે ઠરાવ કર્યા વિના અઠવાડિયાનો પહેલો દિવસ એટલે રવિવાર પ્રભુવાર બની જાય અને રવિવાર

વિશ્રામવાર તરીકે પાળવામાં આવે, તો એની પાછળ પણ મોટું પરિવર્તન લાવનાર જબરજસ્ત બનાવ બની ગયો હોવો જોઈએ.

મારું માનવું છે કે, મોટો અને પરિવર્તન લાવનાર બનાવ તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત મૃત્યુંજય બનીને પુનરુત્થાન પામ્યા અને એમની કબર ખાલી આજ સુધી છે, એ જ આ પરિણામ લાવનાર મોટો બનાવ કહેવાય. કબર ખાલી છે. તે બતાવે છે કે ઈસુ પુનરુત્થાન પામીને ઊઠયા છે. આ બધું સાંભળીને ચુકાદો આપ્યો તેમ તે ખરો છે કે ઈસુ ખ્રિસ્ત મૃત્યુંજય બનીને કબરમાંથી બહાર નીકળી આવ્યા, અને કબર ખાલી છે.

આ જ પ્રભુ ઈસુ આપણને લેવા માટે પાછા આવનાર છે.



પ્રભુ ઈસુનું પુનરાગમન

# ૪૯ ઈ.સ. ૨૦૦૦થી ઈ.સ. ૨૧૨૪ સુધી ઈસ્ટરની તારીખો

ઈસ્ટરની તારીખો સંબંધી લોકો મને પૂછ્યા કરતા હતા. હું તે તારીખો મેળવવા ઘણા પ્રયત્નો કરતો હતો, પણ મેળવી શક્યો નહિ. મેં શિકાગોમાં વસતા મારા મિત્ર રેવ. જે.બી. સીંગસાહેબ પર પત્ર લખીને શિકાગોના મુડી સાયન્સ ઈન્સ્ટિટયૂટમાંથી મેળવવા વિનંતી કરી.

તેઓશ્રીએ ખૂબ જ તસ્દી લઈને ઈસ્ટરની તારીખો મને મેળવી આપી, તેથી અત્રે તેઓશ્રીનો આભાર માનું છું.

**ઈ.સ. ૨૦૦૦ થી ૨૧૨૪ સુધીની ઈસ્ટરની તારીખો**

| વર્ષ | તારીખ | વર્ષ | તારીખ |
|---|---|---|---|
| ૨૦૦૦ | ૨૩/૪ | ૨૦૧૩ | ૩૧/૩ |
| ૨૦૦૧ | ૧૫/૪ | ૨૦૧૪ | ૨૦/૪ |
| ૨૦૦૨ | ૩૧/૩ | ૨૦૧૫ | ૫/૪ |
| ૨૦૦૩ | ૨૦/૪ | ૨૦૧૬ | ૨૭/૩ |
| ૨૦૦૪ | ૧૧/૪ | ૨૦૧૭ | ૧૬/૪ |
| ૨૦૦૫ | ૨૭/૩ | ૨૦૧૮ | ૪/૧ |
| ૨૦૦૬ | ૧૬/૪ | ૨૦૧૯ | ૨૧/૪ |
| ૨૦૦૭ | ૮/૪ | ૨૦૨૦ | ૧૨/૪ |
| ૨૦૦૮ | ૨૩/૩ | ૨૦૨૧ | ૪/૪ |
| ૨૦૦૯ | ૧૨/૪ | ૨૦૨૨ | ૧૭/૪ |
| ૨૦૧૦ | ૪/૪ | ૨૦૨૩ | ૯/૪ |
| ૨૦૧૧ | ૨૪/૪ | ૨૦૨૪ | ૩૧/૩ |
| ૨૦૧૨ | ૮/૪ | ૨૦૨૫ | ૨૦/૪ |

| | | | |
|---|---|---|---|
| ૨૦૨૬ | ૫/૪ | ૨૦૫૩ | ૬/૪ |
| ૨૦૨૭ | ૨૮/૩ | ૨૦૫૪ | ૨૯/૩ |
| ૨૦૨૮ | ૧૬/૪ | ૨૦૫૫ | ૧૮/૪ |
| ૨૦૨૯ | ૧/૪ | ૨૦૫૬ | ૨/૪ |
| ૨૦૩૦ | ૨૧/૪ | ૨૦૫૭ | ૨૨/૪ |
| ૨૦૩૧ | ૧૩/૪ | ૨૦૫૮ | ૧૪/૪ |
| ૨૦૩૨ | ૨૮/૩ | ૨૦૫૯ | ૩૦/૩ |
| ૨૦૩૩ | ૧૭/૪ | ૨૦૬૦ | ૧૮/૪ |
| ૨૦૩૪ | ૯/૪ | ૨૦૬૧ | ૧૦/૪ |
| ૨૦૩૫ | ૨૫/૩ | ૨૦૬૨ | ૨૬/૩ |
| ૨૦૩૬ | ૧૩/૪ | ૨૦૬૩ | ૧૫/૪ |
| ૨૦૩૭ | ૫/૪ | ૨૦૬૪ | ૬/૪ |
| ૨૦૩૮ | ૨૫/૪ | ૨૦૬૫ | ૨૯/૩ |
| ૨૦૩૯ | ૧૦/૪ | ૨૦૬૬ | ૧૧/૪ |
| ૨૦૪૦ | ૧/૪ | ૨૦૬૭ | ૩/૪ |
| ૨૦૪૧ | ૨૧/૪ | ૨૦૬૮ | ૨૨/૪ |
| ૨૦૪૨ | ૬/૪ | ૨૦૬૯ | ૧૪/૪ |
| ૨૦૪૩ | ૨૯/૩ | ૨૦૭૦ | ૩૦/૩ |
| ૨૦૪૪ | ૧૭/૪ | ૨૦૭૧ | ૧૯/૪ |
| ૨૦૪૫ | ૯/૪ | ૨૦૭૨ | ૧૦/૪ |
| ૨૦૪૬ | ૨૫/૩ | ૨૦૭૩ | ૨૬/૩ |
| ૨૦૪૭ | ૧૪/૪ | ૨૦૭૪ | ૧૫/૪ |
| ૨૦૪૮ | ૫/૪ | ૨૦૭૫ | ૭/૪ |
| ૨૦૪૯ | ૧૮/૪ | ૨૦૭૬ | ૧૯/૪ |
| ૨૦૫૦ | ૧૦/૪ | ૨૦૭૭ | ૧૧/૪ |
| ૨૦૫૧ | ૨/૪ | ૨૦૭૮ | ૩/૪ |
| ૨૦૫૨ | ૨૧/૪ | ૨૦૭૯ | ૨૩/૪ |

| | | | |
|---|---|---|---|
| ૨૦૮૦ | ૭/૪ | ૨૧૦૩ | ૨૫/૩ |
| ૨૦૮૧ | ૩૦/૩ | ૨૧૦૪ | ૧૩/૪ |
| ૨૦૮૨ | ૧૯/૪ | ૨૧૦૫ | ૫/૪ |
| ૨૦૮૩ | ૪/૪ | ૨૧૦૬ | ૧૮/૪ |
| ૨૦૮૪ | ૨૬/૩ | ૨૧૦૭ | ૧૦/૪ |
| ૨૦૮૫ | ૧૫/૪ | ૨૧૦૮ | ૧/૪ |
| ૨૦૮૬ | ૩૧/૩ | ૨૧૦૯ | ૨૧/૪ |
| ૨૦૮૭ | ૨૦/૪ | ૨૧૧૦ | ૬/૪ |
| ૨૦૮૮ | ૧૧/૪ | ૨૧૧૧ | ૨૯/૩ |
| ૨૦૮૯ | ૩/૪ | ૨૧૧૨ | ૧૭/૪ |
| ૨૦૯૦ | ૧૬/૪ | ૨૧૧૩ | ૨/૪ |
| ૨૦૯૧ | ૮/૪ | ૨૧૧૪ | ૨૨/૪ |
| ૨૦૯૨ | ૩૦/૩ | ૨૧૧૫ | ૧૪/૪ |
| ૨૦૯૩ | ૧૨/૪ | ૨૧૧૬ | ૨૯/૩ |
| ૨૦૯૪ | ૪/૪ | ૨૧૧૭ | ૧૮/૪ |
| ૨૦૯૫ | ૨૪/૪ | ૨૧૧૮ | ૧૦/૪ |
| ૨૦૯૬ | ૧૫/૪ | ૨૧૧૯ | ૨૬/૩ |
| ૨૦૯૭ | ૩૧/૩ | ૨૧૨૦ | ૧૪/૪ |
| ૨૦૯૮ | ૨૦/૪ | ૨૧૨૧ | ૬/૪ |
| ૨૦૯૯ | ૧૨/૪ | ૨૧૨૨ | ૨૯/૩ |
| ૨૧૦૦ | ૨૮/૩ | ૨૧૨૩ | ૧૧/૪ |
| ૨૧૦૧ | ૧૭/૪ | ૨૧૨૪ | ૨/૪ |
| ૨૧૦૨ | ૯/૪ | | |

# ૫૧ ઝાડની ડાળે ડાળે ફરફરતી સફેદ રીબનો

સને ૧૯૫૦ના મે માસના બીજા રવિવારે સવારે હું નડિયાદથી આણંદ સાઈકલ પર ગયો હતો. તે સમયે આઈ.પી. મિશનના પાળક સાહેબ રેવ. પાઉલભાઈ જી. માસ્ટર મંડળીમાં ધર્મસેવક તરીકે સેવા આપતા હતા.

મારે રવિવારની ભક્તિસભામાં સંદેશો આપવાનો હતા. મેં તે સમયે મારા સંદેશામાં નીચેની વાર્તા કહી હતી. તે ખૂબ અસરકારક બની રહી હતી

ખાનદાન કુટુંબના એક ક્રોધી જુવાને એક દિવસે ગુસ્સાના આવેશમાં તેની સાથે ભણનાર છોકરીનું ખૂન કરી નાખ્યું. તેના પર કેસ ચલાવવામાં આવ્યો, અને તેને ત્રણ વર્ષ જેલની સજા ફટકારવામાં આવી. તેનાં માબાપ દુ:ખી દુ:ખી થઈ ગયાં. તેને જેલમાં સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યો.

જેલનું કપરું જીવન જીવતાં અને જેલની સજા ભોગવતાં તે ખૂબ જ અફસોસ કરવા લાગ્યો. ત્રણ વર્ષ ક્યારે પૂરાં થશે ? દિવસો કેમે કર્યા પસાર થતા ન હતા. તેનાં માતપિતાના ઘેર તેને ભાવતાં ભોજન મળતાં. અહીં જેલનો ખોરાક તેને ભાવતો ન હતો. પોતે આવેશમાં આવી કરેલા અવિચારી કૃત્યને લીધે તેને ખૂબ જ પસ્તાવો થતો હતો. હૃદયથી પોતાના કૃત્યને લીધે તેને ખૂબ પસ્તાવો થયો.

વિચારમાં અને વિમાસણમાં દિવસો વીતવા લાગ્યા. દિવસો એક પછી એક પૂરા થવા લાગ્યા અને આખરે તેનાં ત્રણ વર્ષ પૂરાં થવા આવ્યાં. "પણ મેં પોતે કરેલા બદકૃત્યને લીધે મારાં માબાપ

અને સમાજ મને પાછો સ્વીકારશે શું ?" એ પ્રશ્ન તેને સતાવતો હતો.

આખરે તેણે પોતાની માતાને એક પત્ર લખ્યો કે, હવે મારી સજા પૂરી થવા આવી છે, અને મેં મારા બદકામનો પસ્તાવો કર્યો છે. પણ તમે મને માફ કરશો કે કેમ ! હું જેલમાંથી છૂટીને ટ્રેનમાં બેસીને નીકળીશ. તમે મને માફ કર્યું હોય તો આપણા ગામના સ્ટેશનના પાટિયા સામે આંબાનું ઝાડ છે. તે ઝાડની એક ડાળી પર સફેદ રીબન બાંધજો. તે જોવાથી મને ખાતરી થશે કે તમે મને માફી આપી છે. રીબન જોઈશ તો હું ગાડીમાંથી ઊતરી જઈશ, નહિ તો આગળ જતો રહીશ.

આખરે જેલમાંથી છૂટવાનો દિવસ આવ્યો. અને તે છૂટયો. અનેક વિચારો તેના મગજમાં ઘુમરાવા લગ્યા. સ્ટેશને જઈને તે ગાડીમાં ચઢી બેઠો. અનેક વિચારોએ તેને અસ્વસ્થ કરી દીધો. તેના હ્રદયમાં આનંદને બદલે અનેક પ્રકારની લાગણીઓ ઊભરાતી હતી.

એક પછી એક સ્ટેશન પાર થવા લાગ્યા. તેની વિહ્વળતાને લીધે બાજુમાં બેઠેલા વડીલે તેની ચિંતાનું કારણ પૂછતાં તેણે બધી વિગત જણાવી. વડીલે તેને સાંત્વના આપતાં કહ્યું, "ભાઈ, હું આંબાના ઝાડ પર રીબન જોઈને તને જણાવીશ. ચિંતા કરીશ નહિ."

એમ કરતાં કરતાં તેનું ગામ નજીક આવવા લાગ્યું. ગાડી સ્ટેશન તરફ આગળ વધી રહી હતી. જુવાન બે હાથ વચ્ચે માથું નાખી બેઠો હતો. વડીલે આનંદથી પોકાર્યું, "જુવાન મિત્ર, આંબાની ડાળીએ એક જ રીબન નથી, પણ અહોહો, બધી જ ડાળખીઓ પર સફેદ રીબન ફરકતી દેખાય છે."

અને એ જુવાન ખૂબ જ આનંદથી કૂદીને ઊભો થઈ ગયો, અને મોટાં ડગ ભરતો સ્ટેશનથી ઘર તરફ જવા વિદાય થઈ ગયો!

# પ્રભુ ઈસુનો ઊભરાતો પ્રેમ

પ્રભુ, તારો પ્રેમ શો છલકે જાય !
લાગું હું લળી લળી પાય રે.........ટેક

૧ આભની અટારીથી ઊતરી તું આવ્યો,
અવનિને આરે છેક;
બલિદાન બનવા બૂરી બૂરાઈનાં
થંભે ચઢયો તું નેક રે

૨ કાજળ કાળાં કામો કર્યાં મેં,
શિર પર લીધાં તે;
અગણ અપરાધો અમે રે આચર્યા,
થંભે ઉટાવ્યા તેં જ રે

૩ કાંટાળો તાજ શિર પર તેં લીધો,
પીઠ પર કોરડાનો માર;
હાથે પાયે તેં ખીલા જો ખાધા,
ભાલો ભોંક્યો હૈયા પાર રે

૪ પ્રીતિનાં પૂરો ઊમટયાં જો થંભે,
લોહવા પૃથ્વીનાં પાપ;
શાંતિ-સરિત શી સ્વર્ગેથી ઊતરી !
શામવા સૃષ્ટિના શાપ રે

૫ મનનાં મંદિરિયાં મેલાં છે મારાં,
શુદ્ધ કરો, ઓ તાત;
ઉરને આસનિયે આપ આરૂઢો,
ધન્ય કરો, ઓ નાથ રે

**રચયિતા : જયાનંદ આઈ. ચૌહાન**

# સંત ફ્રાન્સીસની પ્રાર્થના

ઓ મારા પ્રભુ ઈસુ ખ્રિસ્ત, મૃત્યુ મને વરે તે પહેલાં બે કૃપાદાન મને બક્ષો એવી વિનંતી કરું છું. પ્રથમ તો તમારી કપરામાં કપરી વેદનાના સમયે જે દુઃખો તમે સહ્યાં તે બધાં, શક્ય તેટલી હદે, મારા પ્રિય પ્રભુ, હું મારા જીવનકાળ દરમિયાન મારા આત્મા અને શરીરમાં અનુભવું. અને બીજું, અમ પાપીઓને માટે એ બધી વેદના વેઠવાને જે અજબ પ્રેમે, ઓ ઈશ્વરપુત્ર, તમને પ્રજ્વલિત કર્યા એ પ્રેમ શક્ય તેટલી હદે, હું મારા હૃદયમાં અનુભવું.


(કહેવાય છે કે સંત ફ્રાન્સીસના પાછલા જીવનમાં તેમના હાથો અને પગોમાં ખીલાના વેહની છાપ ઊઠી હતી)

# સંત પાઉલનો અનુભવ


"આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ સિવાય હું બીજા કશામાં અભિમાન કરું એવું ન થાઓ. તેથી કરીને મારા સંબંધી જગત વધસ્તંભે જડાયેલું છે, અને જગત સબંધી હું.. હવેથી કોઈ મને તસ્દી ન આપે, કેમ કે મારા શરીર પર પ્રભુ ઈસુનાં ચિહ્નોની છાપ મારેલી છે."

(બાઈબલ : ગલાતી ૬:૧૪, ૧૭)

## જુદા જુદા ક્રૂસના ચિત્રો




ચિત્ર નં. ૧




ચિત્ર નં. ૨




ચિત્ર નં. ૩




ચિત્ર નં. ૪




ચિત્ર નં. ૫




ચિત્ર નં. ૬



ચિત્ર નં. ૭




ચિત્ર નં. ૮




ચિત્ર નં. ૯


## જુદા જુદા ક્રૂસના ચિત્રો




ચિત્ર નં. ૧૦




ચિત્ર નં. ૧૧




ચિત્ર નં. ૧૨




ચિત્ર નં. ૧૩




ચિત્ર નં. ૧૪



ચિત્ર નં. ૧૫



ચિત્ર નં. ૧૬



ચિત્ર નં. ૧૭



ચિત્ર નં. ૧૮

# ઈસુ ખ્રિસ્તનો વધસ્તંભ પરનો સમય

પ્રભુ ઈસુની વધસ્તંભ પરની સાત વાણી.
વિરોધીઓના બૂમબરાડા.
ક્રુસારોહણ પહેલાના અને પછીના પ્રસંગો.

ઈસુ પોતાની માને કહે છે, બાઈ, જો તારો દીકરો; ત્યાર પછી તે શિષ્યને કહે છે કે જો તારી મા ! યોહાન ૧૯:૨૬-૨૭

ઈસુએ તેને કહ્યું કે.... ''આજ તું મારી સાથે પારાદૈસમાં હોઈશ.'' લુક ૨૩:૪૩

પરંતુ બીજાએ ઉત્તર આપતાં તેને ધમકાવીને કહ્યું કે... ''હે ઈસુ, તું તારા રાજ્યમાં આવે ત્યારે મને સંભારજે.'' લુક ૨૩:૪૦-૪૨

તેની સાથે ટાંગેલા ગુનેગારોમાંના એકે તેની નિંદા કરીને કહ્યું, જો તું ખ્રિસ્ત છે તો તું પોતાને બચાવ તથા અમને બચાવ. લુક ૨૩:૩૯


સિપાઈઓએ પણ તેના ઠઠ્ઠા કર્યા, અને કહ્યું કે, જો તું યહુદીઓનો રાજા છે, તો તું પોતાને બચાવ. લુક ૨૩:૩૬-૩૭

એજ પ્રમાણે મુખ્ય યાજકોએ તેના ઠઠ્ઠા કરીને કહ્યું કે, તેણે બીજાઓને બચાવ્યા, પણ તે પોતાને બચાવી શકતો નથી. માર્ક ૧૫:૩૧

અને પાસે થઈને જનારાઓએ તેની મશ્કરી કરતાં કહ્યું કે, જો તું દેવનો દીકરો હોય તો વધસ્તંભ પરથી ઉતરી આવ. માત્થી ૨૭:૩૯-૪૦


ઈસુએ મોટે ઘાંટે બૂમ પાડી કે, ઓ મારા દેવ, મારા દેવ તેં મને કેમ મૂકી દીધો છે ? માત્થી ૨૭:૪૬.

મને તરસ લાગી છે. યોહાન ૧૯:૨૮





સિપાઈઓએ તેના વસ્ત્ર ચિઠ્ઠીઓ નાખીને તેઓએ માંહોમાંહે વહેંચી લીધાં. માર્ક ૧૫:૨૪
ઈસુએ કહ્યું, હે બાપ તેઓને માફ કર, કેમકે તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી. લુક ૨૩:૨૪
દિવસના ત્રીજા કલાકે તેઓએ તેને વધસ્તંભે જડયો. માર્ક ૧૫:૨૫

''સંપૂર્ણ થયું.'' યોહાન ૧૯:૩૦.
ઓ બાપ, હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું. લુક ૨૩:૪૬.




## ક્રૂસારોહણ પહેલાનાં બનાવો




### જુઓ રૂપરેખા નકશો

૧. છેલ્લું ભોજન.
- લુક ૨૨:૧૪.

૨. ગેથસેમાને - માથ્થી ૨૬:૩૬.

૩. ધરપકડ
- યોહાન ૧૮:૧૨.

૪. કાયાફાસના ઘરમાં.

૫. પિલાત આગળ
- માર્ક ૧૫:૧.

૬. હેરોદ પાસે મોકલ્યા.
- લુક ૨૩:૬-૧૦.

૭. ફરીથી પિલાત પાસે
- લુક ૨૩:૧૧.

૮. સજા ફરમાવામાં આવી
- લુક ૨૩:૨૩-૨૪.

૯. વધસ્તંભે જડવામાં આવ્યા.
- લુક ૨૩:૩૩.

## મૃત્યુ પછી તરત બનેલા બનાવો

➤ ધરતી કાંપી અને મંદિરના પડદાના ઉપરથી તળે સુધી બે ભાગ થઈ ગયા. માથ્થી ૨૭:૫૧.

➤ કબરો ઉઘડી ગઈ. માથ્થી ૨૭:૫૨.

➤ સૂબેદારની કબૂલાત. માથ્થી ૨૭:૫૪.

➤ લોકસમૂદાયને મળેલી ખાત્રી. લુક ૨૩:૪૮.

➤ વધસ્તંભ પર જડાયેલા ચોરોના પગ ભાંગવામાં આવ્યા. યોહાન ૧૯:૩૧-૩૨.

➤ સિપાઈએ ભાલાથી ઈસુની કૂંખ વીંધી. યોહાન ૧૯:૩૪.


➤ ઈસુના શબને કબરમાં મૂક્યું. યોહાન ૧૯:૩૮-૪૨.

➤ કબરને સીલ કરી, અને જાપતો રાખ્યો. માથ્થી ૨૭:૬૬.



VADHASTHAMBHNI VAATE

BY : REV. DR. JAYANAND CHAUHAN



Published by:
GUJARAT TRACT AND BOOK SOCIETY
Sahitya Sewa Sadan, Ellisbridge,
Ahmedabad - 380 006. INDIA Ph. 6445281

Designed & Printed by : JENSON COMPUTERS, MANINAGAR (E), AHMEDABAD-380 008. PH. 2162441